# અનુભવવાણી સૂરિરામની

ભાગ-૧

: સંપાદક :

પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પ્રકાશન નં-૧૨

# અનુભવવાણી સૂરિરામની

## ભાગ-૧

સંપાદક

પૂજ્ય પન્યાસપ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિ.

પ્રકાશક

**પદાર્થ-દર્શન ટ્રસ્ટ**

આશ્રમ રોડ - અમદાવાદ.

પુસ્તક-૧૨ મું
અનુભવવાણી સૂરિરામની ભાગ-૧

વીર સં. ૨૫૨૨
સને ૧૯૯૬

સંવત ૨૦૫૨
મહા સુદી-૧

કિંમત
રૂા. ૩૮-૦૦

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

ટાઈપ સેટીંગ
**ભવાની ગ્રાફિકસ**
(મનોજ ઠક્કર)
બી/૬, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, દિપાલી
ટોકીઝની પાછળ, આશ્રમરોડ,
અમદાવાદ-૯ - ફોન : ૪૬૭૯૨૧

મુદ્રક
**નીલકંઠ ઑફસેટ**
નવા વાડજ, અમદાવાદ-૧૩

## સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમ તારક, સૂચિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્ય જ્ઞાતા પન્યાસપ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય.

# પ્રકાશકીય

ધર્મની વાતો સારી કે સાચી હશે પણ તેની લાંબી લાંબી વાતો વાંચવા કે સાંભળવા અમારી પાસે સમય ક્યાં છે ? આવો સૂર જ્યારે ચારે તરફથી સંભળાય છે ત્યારે કહેવું છે કે ન્યાયાધીશ પાસે પોતાના કેસને મજબૂત કરવા લાંબી દલીલો કરતા વકીલ- પોતાના રોગની કથની લંબાણપૂર્વક ડૉકટર પાસે રજુ કરતા દર્દી - પોતાના માલની ખપત માટે ગ્રાહક સાથે કલાકો સુધી મથામણ કરતા વેપારી–રમાને રાજી રાખવા, તેની મરજી મુજબનો સમય ફાળવી સહેલગાહે નીકળી પડતા મહાનુભાવો, કલબોમાં કલાકોનો સમય વિતાવતા વૈભવશાળીઓ, સીનેમા-નાટક કે સમારંભોમાં ગમે તેટલો સમય બગડે તેની પરવા નહિ કરનાર ભાગ્યશાળીઓ, ટી.વી. જોવામાં પોતાનો અમૂલ્ય સમય ખરચી નાંખતા જરાપણ ખચકાટ ન અનુભવનારને કેવળ ધર્મને માટે જ સમય નથી કેવી અવદશા છે આપણી ! પરંતુ આ સૂરને સારી રીતે જાણવા છતાં સ્વકલ્યાણ સાથે પરના કલ્યાણ ને જ વરેલા એવા મહાપુરૂષો જરાય હતાશ બનતા નથી પણ જીવોને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ તરફ વાળવા પ્રયત્નશીલ જ રહે છે.

એવા મહાપુરૂષોની પાટ પરંપરાને શોભાવનાર - સદ્ધર્મ સંરક્ષક -દિક્ષાના દાનવીર - વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામંચદ્રસૂરિશ્વરજી મહારાજા**એ લોકોના હિતને લક્ષમાં રાખીને પોતાના વ્યાખ્યાનોમાં જુદે જુદે સ્થળે અને જુદે જુદે સમયે શાસ્ત્રની ગહન વાતોને પણ સરળ ભાષા સાથે ટુંકાણમાં રજુ કરેલ તે વાતોને એકત્રિત કરી, શુદ્ધ ધર્મનો જીવોને ખ્યાલ આવે અને એવો ધર્મ પામવા પ્રયત્નશીલ બને એ હેતુએ તેમનાજ વિનેય

શિષ્યરત્ન પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી નરવાહન વિજયજી મહારાજ સાહેબે શકય એ રીતે અકારાદિ મુજબ ગોઠવણી કરી પુસ્તક રૂપે પ્રકાશીત કરવા અમને મોકલાવેલ જે વાંચ્યા પછી એમ લાગ્યું કે ભૂતકાળને ભૂલી - વર્તમાનને વ્યવસ્થિત બનાવી ભવિષ્યને ભાગ્યશાળી બનાવવા માટેનું આ અણમોલ રત્ન હાથ લાગ્યું છે. આવા અદ્ભૂત શિક્ષાગ્રંથને વાંચી - વિચારી યથાશક્તિ જીવનને ધર્મમય બનાવવાના હેતુએ સૌ આને શાંતચિત્તે વાંચશે એ ધારણાએ અમે "અનુભવવાણી સૂરિરામની" એ શિર્ષક હેઠળ આ પુસ્તક આપ સૌના હસ્તકમળમાં અર્પિત કરતાં અનેરો આનંદ અનુભવીએ છીએ

આ પુસ્તક ૨ ભાગમાં પ્રકાશીત થશે તેનો આ પહેલો ભાગ છે જેના પ્રકાશનનો લાભ શ્રીમતી સુશીલાબેન શશીકાંતભાઈ ઝવેરીએ લીધેલ છે તે બદલ અમો તેઓને ધન્યાવાદ આપીએ છીએ - આભાર માનીએ છીએ.

પુસ્તકનું મેટર વ્યવસ્થિત કરીને આપવા છતાં દષ્ટિ દોષ કે અન્ય કોઈ કારણોસર ભૂલ થવા પામી હોય તો તે બદલ "ક્ષમા" માગીએ છીએ.

એજ લી.

**પદાર્થ દર્શન ટ્રસ્ટના**

**ટ્રસ્ટીઓ**

## આર્થિક સહયોગ

સુશીલાબેન શશીકાંતભાઈ ઝવેરી કે જેઓ સુરત નિવાસી ધર્મનિષ્ઠ કલાવતીબેન રતનચંદ પરિવારના સંસારી સુપુત્રી થાય છે તેઓએ સ્વ. શશીકાંતભાઈ સુગનચંદ ઝવેરીના સમાધિપૂર્વક સ્વર્ગવાસની અનુમોદનાર્થે તેમના આત્મશ્રેયાર્થે આ પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.

શ્રી મહારાષ્ટ્ર ભુવન
જૈન જ્ઞાન ખાતા માંથી
સાદર સમર્પણ. પાલિતાણા.

## : પ્રાપ્તિ સ્થાનો :

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં.- ૪૦૨૩૩૭

**અશ્વિનભાઈ એસ શાહ**
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં.- ૨૧૪૪૩૧૪

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ
મયાભાઈની બારી પાસે
ડી.-વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૦૧
ટે. નં.-૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે.નં.-૩૭૫૩૮૪૮

**સુનીલભાઈ કે. શાહ**
૧૦૩, વિમલવિલા, પહેલે માળે
દીપા કોમ્પલેક્ષ,
અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯

અનુભવવાણી
સૂરિરામની

ભાગ-૧

# અનુભવવાણી સૂરિરામની

## ભાગ-૧

અકરણીય વસ્તુનો અકરણીય તરીકે ભાસ ન થાય, ત્યાં સુધી ધર્મક્રિયા છાર ઉપર લીંપણ જેવી છે. અકરણીયને કરણીય માનીએ, કરણીયને અકરણીય માનીએ, છતાં અમને યોગ્ય કહો એ જાતિની આજે તકરાર છે. કરણીયને કરણીય અને અકરણીયને અકરણીય માનવું, એ જૈનશાસનને પામનારનો પહેલો ગુણ છે.

♦♦♦

અકૃત્રિમપણે સૌમ્ય સ્વભાવને ધરનારો આત્મા પ્રાયઃ પાપકર્મમાં પ્રવૃત્તિ કરનારો હોતો નથી. એવો આત્મા, શાસ્ત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે-સુખસેવનીય હોય છે. એવા આત્માના સેવકોને ત્રાસ હોતો નથી, પણ એવા આત્માનું વર્તન જ એવું હોય છે, કે જે સેવકોને પણ આનન્દનું કારણ બને છે. પ્રકૃતિથી સૌમ્ય સ્વભાવવાળો આત્મા માત્ર સુખસેવનીય હોય છે એમ નથી : તે આત્મા બીજાઓને માટે પ્રશમનું કારણ પણ બને છે.

♦♦♦

અગ્નિથી બચવાનો, પાણીથી બચવાનો વિચાર સૌને છે. એક પાપથી બચવાનો વિચાર કોઈને નથી કહું, કે પાપથી બચવાનો વિચાર વિરલ જીવોને હોય છે એમ કહું ? મોટે ભાગે જીવોને બીજા બધા બહારના જ ભયોથી બચવાનો વિચાર હોય છે, પણ પાપથી બચવાનો વિચાર હોતો નથી. તમને તો પાપથી બચવાનો વિચાર હશે ને ? સંસારરૂપી દાવાનળથી બચવાને માટે, સાધુપણુ એ સુન્દરમાં સુન્દર ભૂમિ છે, પણ પાપથી બચવાને માટે અને પૂર્વના પાપના ક્ષય માટે એ ભૂમિએ આવવાનો વિચાર પણ કેટલાકને ?

♦♦♦

અણુ જેવડું દુષ્કૃત પણ મેરૂ જેવડું બની શકે છે. જીવમાં વિવેકગુણ પ્રકટયો હોય નહિ અને હિંસાદિક પાપોનો જીવમાં જો તીવ્ર રસ હોય, તો એ જીવ પોતાના અણુ જેવડા દુષ્કૃતનેય મેરૂ જેવડું બનાવી દે, તો એ પણ શકય

છે. દુષ્કૃતને આચરતા પહેલાં, દુષ્કૃતને આચરવાના રસથી આનન્દ અનુભવે; અને, દુષ્કૃતને આચર્યા પછીથી પણ, એને આચરી શકયાનો આનન્દ અનુભવ્યા કરીને એની વારંવાર અનુમોદના કર્યા કરે, તો પરિણામ એવું જ આવે ને ?

♦♦♦

અતિ ક્રોધીને શિખામણ ન દેવી અને અતિ માનમાં ચઢેલાને મનાવવા ન જવું, એજ ઘણીવાર હિતકર બને છે.

♦♦♦

અતિ ક્રોધ, અતિ માન, અતિ માયા ને અતિ લોભમાં ભયંકર ઝેર છે, એ આત્માને નઠોર બનાવી દે છે.

♦♦♦

અતિ ક્રોધી, અતિ માની, અતિ માયાવી કે અતિ લોભી, એ શિખામણને લાયક નથી એને પોતાને માલુમ પડતું નથી કે-' હું ભૂલ કરૂં છું,

♦♦♦

અતિ વિષયાસક્ત આત્માઓની મૈત્રી તો કદી કરવી જ નહિ, પણ કદાચ સંસર્ગ કરવો પડે તો પણ ચેતતા રહેવું.

♦♦♦

અક્રિય બનવું છે માટે કર્મ કાઢવાની ક્રિયા પણ ન કરવી એમ માને તેનો સંસાર જાય નહિ : કારણ કે-એવી માન્યતાવાળાને અક્રિય દશા પ્રાપ્ત થતી જ નથી.

♦♦♦

અજીવના યોગથી જીવને મુક્ત બનાવવા માટેના અનન્ત ઉપકારી અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વર પરમાત્માએ દર્શાવેલા ઉપાયોનું, એજ ઈચ્છાપૂર્વકનું જે યથાસ્થિત આવવું એજ સમ્યક્ચારિત્ર છે.

♦♦♦

અણુ જેવડા પણ સકૃતને અગર તો દુષ્કૃતને જો મેરૂ જેવડું બનાવી દેવું હોય, તો તે માટે શું જોઈએ ? રસ દ્વારા, આનન્દ દ્વારા અને અનુમોદન દ્વારા, અણુ જેવડા સુકૃતને અગર તો અણુ જેવડા દુષ્કૃતને પણ જીવ મેરૂ જેવડું બનાવી દઈ શકે છે.

♦♦♦

અણુ જેવડા સુકૃતને પણ મેરૂ જેવડું બનાવી દઈ શકાય છે. સુકૃતના આનન્દનો અને સુકૃતની આનન્દપૂર્ણ અનુમોદનાનો એમાં મુખ્ય હિસ્સો છે.

તમારે પણ જો તમારી સુપાત્રદાન આદિ સંબંધી ધર્મક્રિયાઓને પરમ ફલવતી બનાવવી હોય, તો એ માટે તમારે આ જ માર્ગને અપનાવવાની જરૂર છે.

♦♦♦

અતિ ક્રોધી કે અતિ માનીમાં એ દુર્ગણ છે કે-સાચું જોવા દે નહિ અને હિતશિક્ષા કે શિખામણ લાગવા દે નહિ.

♦♦♦

અત્યાર સુધીમાં જેટલો કાળ સંસારની મહેનતમાં ગયો છે, એટલો કાળ મોક્ષ સાધવાની મહેનતમાં જવાનો નથી. મોક્ષની લત લાગી જાય, તો મહેનતેય ઘટી જાય, અને મહેનત કરવાનો કાળેય ઘટી જાય, છતાં પણ મોક્ષ મળે જ. અને મોક્ષ મળે એટલે દુઃખ ગયા વિના રહે નહિ અને સાચું સુખ સાંપડયા વિના રહે નહિ ! ♦♦♦

અત્યારે તો શાસ્ત્રથી વિપરિતપણે ચાલનારાઓ પણ-' અમે શાસ્ત્રને અનુસરનારા છીએ'-એમ કહીને શાસ્ત્રની પંક્તિઓ ઉંધારૂપમાં ગોઠવી, શ્રી જિનેશ્વરદેવના સુંદરમાં સુંદર શાસનની અહેવાલના કરી રહ્યા છે.

♦♦♦

અત્યારની આપણી હાલત કેવી છે ? કયાંકથી આપણે અહીં આવ્યા, અહીં આપણે સદા રહેવાના નહિ અને અહીંથી કયાંક જવાના જરૂર. આ રીતિએ આપણું ભ્રમણ હજુ તો ચાલ્યા જ કરે છે. આ વાત તમારા અન્તઃકરણમાં એવી ઘુમવી જોઈએ કે-હૃદયમાં સ્વારી કરી જાય. એના યોગે, રહેવાનો મોહ પણ ઘટવા માંડે અને જવાનો ડર પણ ઘટવા માંડે. આજે તો તમને મોહ ઘણો છે ને ? શું શું મેળવવાની મહેનતમાં, આશામાં અને ઝંખનામાં પડયા છો ? રહેવાને માટે સારા સારા બંગલા જોઈએ, ભોગવવાને માટે સારી સારી સામગ્રી જોઈએ અને પાછી શું શું બનવાની ઈચ્છા છે ? કહો ને કે-જો બનાય તો છેક પ્રાઈમ મીનીસ્ટર-વડા પ્રધાન બની જવાની પણ ઈચ્છા છે. એટલું પણ પૂરતું લાગતું નથી. ફેર આ જોઈએ, ફેર આ જોઈએ, એમ થયા જ કરે છે. આવી ઝંખનામાં પડયા છો, એ સૂચવે છે કે-મોહના પક્કા ગુલામ છો ! આવી દશામાં તો નાનું ઘર છોડવાનો સમય આવી લાગે ત્યારે મહીં સન્નિપાત જેવું થાય. મરતાંય એજ થયા કરે કે-આનું શું ને તેનું શુ ? એથી મરણ બગડે અને છોકરાઓ ઉપર ખોટા સંસ્કારો પડે. ગમે તેમ

કરવું પણ પૈસા લાવવા, બંગલા બંધાવવા, ખૂબ ખાવું-પીવું અને મોજમજાહ કરવી, પછી મરતાં રોતે રોતે મરવું-એવા કુસંસ્કારો જ પડે ને ? એના યોગે તમારી પરંપરાની પણ સત્યાનાશી થઈ જાય, તો તેમાં નવાઈ પામવા જેવું છે ?

♦♦♦

અધમ માર્ગે ચઢી ગયેલા એવા પણ યોગ્ય આત્માઓની આ વિશ્વમાં જેમ બલિહારી છે, તેમ ઉત્તમ માર્ગે ચાલવાનો દાવો કરનારા એવા પણ અયોગ્ય આત્માઓથી જગતને ત્રાસ છે.

♦♦♦

અધિકારી કોને કહેવાય ? જે અર્થી હોય, સમર્થ હોય અને જેનો શાસ્ત્રે નિષેધ ન કર્યો હોય. જેનામાં અર્થિપણું હોય, એ અનુકૂળ સંયોગ મળતાં જેટલો આરાધાય તેટલો ધર્મ જરૂર આરાધી લેવા મથે. ધર્મના અધિકારી બનવાને માટે જેમ અર્થિપણું જરૂરી છે, તેમ સમર્થપણું પણ જરૂરી છે. અર્થી હોય. છતાં સમર્થ ન હોય, તો એ ધર્મનો અધિકારી નથી. સામર્થ્યના અભાવે ધર્મ થવો મુશ્કેલ છે. જેણે ધર્મ કરવો હોય, તેણે સમર્થ પણ બનવું જોઈએ.

♦♦♦

અધિકાર પ્રાપ્ત કર્યા વિના, અધિકારિપણાના વિધાનને ઈરાદાપૂર્વક અવગણીને, મુક્તિમાર્ગનો ઉપદેશ દેવાને તૈયાર થનારાઓ જ્યાં પોતે જ વિરાધના કરે છે, ત્યાં બીજાઓને એ શું આરાધક બનાવી શકવાના હતા ? અનધિકારિઓની એવી વિરાધક પણ પ્રવૃત્તિથી કોઈને લાભ ન જ થાય એવા નિયમ નથી. અભવ્યોના ઉપદેશથી પણ ભવ્ય આત્માઓ કલ્યાણના સાધક બની જાય છે, પણ એથી એનું વિધાન ન થઈ શકે.

♦♦♦

અનધિકારિઓ, જે પ્રવૃત્તિઓ દ્વારા અધિકારી આત્માઓ સુન્દર પ્રકારનું શ્રેય સાધી શકે, તે જાતિની પ્રવૃત્તિઓ દ્વારા પણ સ્વ-પરના હિતને હણનારા બની જાય છે.

♦♦♦

અનાદિકાલીન અને અનન્તકાલીન એવો આત્મા,અનાદિકાળથી દેહના બંધનમાં પડેલો છે, એ બંધન રૂપ દેહનો પ્રકાર વારે વારે બદલાયા કરે છે. એક દેહનો ત્યાગ એ મરણ છે. અને અન્ય દેહ સાથે એનો એ જ આત્મા

જન્મ પામે છે.

♦♦♦

અણગમતા માણસમાં પણ સ્વાર્થ હોય તો તેને સાચવી લેવો પડે, નિભાવી લેવો પડે, પણ મનમાં શું થાય ? માણસને એવા સ્વાર્થ ઉપર પણ તિરસ્કાર આવે છે. 'સ્વાર્થ છે માટે મારે આવાનું મોઢું ઉઘડાવવું પડે છે ને ?'- એમ થાય છે; અને 'એવા સ્વાર્થની ગરજ જ ન રહે એવી સ્થિતિ આવે તો સારૂં.'-એમ પણ થાય છે. તેમ, પાપ કરવું પડે ત્યાર જૈનને કર્મ ઉપર પણ ગુસ્સો આવે, કેમ કે-પાપથી વિરામ પામવામાં અંતરાય કોણ કરે છે ? તેવા પ્રકાર ના કર્મોદય ! પાપમાં પ્રેરે છે કોણ ? તેવા પ્રકારનો કર્મોદય! તમે કર્મના પ્રેર્યા જ પાપ કરો છો કે પાપ મજેનું લાગે છે માટે પાપ કરો છો? પાપથી છૂટવાનું મન હોય, તો પાપાચરણ કરવા છતાંય હૈયું એનાથી નોખું રહી શકે. એમાં અવિરતિના ઉદયથી જનિત રાગ ને રસ આવે, તો પણ એ ખરાબ છે, એનાં કારક કર્મ ખરાબ છે, એમ થયા જ કરે. એથી, પાપનો બંધ જોરદાર પડે નહિ અને ધર્મની ભાવનાદિકથી લાભ પણ થાય.

♦♦♦

અનાદિકાલીન કર્મબન્ધના સમ્બન્ધના પ્રતાપે જીવ શરીરની સાથે સમ્બન્ધવાળો બનીને, દુઃખને અનુભવે છે અને અનાદિ વનસ્પતિમાં અનન્ત પુદ્ગલ-પરાવર્તો પર્યન્ત જન્મ-મરણ કર્યા કરે છે. અનન્ત પુદ્ગલ-પરાવર્તો પર્યન્ત આ રીતિએ પરિભ્રમણ કરતાં કરતાં, જીવની ભવિતવ્યતા જો અનુકૂળ હોય છે, તો તે જીવ તેમાંથી નીકળે છે અને બાદરપણાને પામે છે. બાદરપણામાં પણ જીવ ઘણો ઘણો કાળ પરિભ્રમણ કરે છે. બાદરપણામાંથી નીકળીને જીવ ત્રસપણું પણ ઘણી જ મુશીબતે પામે છે. ત્રસપણામાં પણ વિકલેન્દ્રિયપણામાં ભટકતા જીવને, જો લઘુકર્મિતા થાય છે, તો જ તે પંચેન્દ્રિયપણાને પામે છે. પંચેન્દ્રિય થવા જોગી લઘુકર્મિતાને પામેલો આત્મા જ પંચેન્દ્રિયપણાને પામે છે. અહીં સુધી આવવામાં મુખ્યત્વે ભવિતવ્યતા અને લઘુકર્મિતાએ કામ બજાવ્યું; પણ હવે વિશિષ્ટ પુણ્યકર્મની પણ આવશ્યકતા ઉભી થાય છે.

♦♦♦

અનાદિકાળથી આત્માને વળગેલા પૌદ્ગલિક સંયોગોને દૂર કરવાની

યથોચિત મહેનત કરવી, એજ મુક્તિ પામવાનો માર્ગ છે.

♦♦♦

અનાદિ વનસ્પતિમાંથી નીકળવું, એ જ પ્રથમ ઘણું મુશ્કેલ છે. પોતપોતાની ભવિતવ્યતાના વશથી જ આત્માઓ અનાદિ વનસ્પતિમાંથી નીકળી શકે છે. વળી એ આત્માઓમાં એવા પણ અનંતાનંત આત્માઓ છે, કે જેઓ હજુ એમાંથી નીકળ્યા પણ નથી અને કદી નીકળવાના પણ નથી. એ જીવોની અપેક્ષાએ તમારી ભવિતવ્યતા ઘણી સુન્દર છે, એ વાત નિર્વિવાદ છે.

♦♦♦

અનાદિ સસારમાં શરીર-સંબંધી અને મન-સંબંધી દુઃખોનો અનુભવ કરતો તેમજ કામભોગના સુખોથી તૃપ્તિને નહિ પામતો આ આત્મા ઘણી જ મુશીબતે મનુષ્યજન્મને અને બોધિને પામ્યો છે, તો હવે જેવી રીતિએ એ, બહુ દુઃખોથી ભરેલા આ સંસારમાં ન ભટકે તેવી રીતિનો પ્રયત્ન કરવો જોઈએ.

♦♦♦

અનાચારી કદાચ સુખી દેખાતો હોય, તે છતાં પણ વસ્તુતઃ તે દુઃખી છેઃ અને, સદાચારી કદાચ દુઃખી દેખાતો હોય, તો પણ વસ્તુત : તે સુખી છે.

♦♦♦

અનીતિથી મેળવેલા પૈસા ઘરમાં બધા ઘાલે, પણ આરોપ આવે ત્યારે કડી તો પોતાને જ પહેરવી પડે.

♦♦♦

અનૂકૂળતાના આનંદમાં અજ્ઞાન આત્માઓ એવા લુબ્ધ બને છે કે-એ આનંદમાં પૂર્વે ભોગવાએલી પ્રતિકૂળતાઓને ભૂલી જવાય છે. જેમ પ્રસુતિની પીડા.

♦♦♦

અનુકૂળતાના અર્થિપણાના યોગે, પોતાને ડાહ્યા અને કાયદાબાજ ગણાવતા માણસો પણ, કારમા અનર્થો મચાવી રહ્યા છે.

♦♦♦

અનુકૂળતા જોઈએ એનાથી પ્રાયઃધર્મ થાય નહિ અને કરે તો મેલો. એ વસ્તુતઃ ધર્મ પ્રત્યેનો પ્રેમ પણ નથી. પ્રભુના આગમને જાણનારો આ બધું ન જાણે એમ નહિ. ન જાણે તોં એ આગમનો રસીયો નથી.

◆◆◆

અનુભવીની સલાહ માનવાની હોય પણ અનુકરણ કરવાનું ન હોય. ગણધરદેવોએ પણ શ્રી તિર્થેકરદેવોનું અનુકરણ નથી કર્યુ પણ આજ્ઞા જ સ્વીકારી છે.

◆◆◆

અનુકૂળતાનું અર્થિપણું અને પ્રતિકૂળતાનું વૈરિપણું ન હોય તો જ રાગ-દ્વેષનો પરિહાર કરવાપૂર્વક ખાનપાન વાપરી શકાય ને ? સાધુ-સાધ્વીની નજર શરીર તરફ નહિ પણ સંયમ તરફ હોય અને શરીર તરફ નજર જાય તોય તે સંયમ તરફની નજરને લીધે જાય. આ વગર, ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને જીવનમાં સુન્દર પ્રકારે જીવી શકાય શી રીતિએ ?

◆◆◆

અનુકંપાદાન એ સુપાત્ર દાનની મહત્તાને વધારનાર છે. એથી કાંઈ એની કીંમત સુપાત્ર દાન કરતાં અધિક નથી થઈ જતી, કિન્તુ સુપાત્ર દાનની પુષ્ટિ કરવાનુ સાધન અનુંકપાદાન છે.

◆◆◆

અનુકમ્પાથી ભરેલા હૃદયવાળા ધર્માત્માઓ, અનેક આત્માઓને ધર્મની સન્મુખ કરનારા થવા સાથે અનેકને ધર્મના પ્રશંસક બનાવી દે છે.

◆◆◆

અનુકંપા, નિર્વેદ, સંવેગ અને ઉપશમની શુદ્ધતાનો આધાર આસ્તિકય ઉપર છે. મિથ્યાત્વરૂપ મલ ક્ષયોપશમાદિને પામ્યા વિના વાસ્તવિક રીતિએ શુદ્ધ ગુણોની પ્રાપ્તિ થઈ શકતી નથી.

◆◆◆

અનેક ઉત્તમોત્તમ દ્રષ્ટાંતોથી ભરેલા સાહિત્યમાંથી પણ પાપપોષક પ્રવૃત્તિ કાઢવાની ધૃષ્ટતા કરનારા, ખરે જ, પોતાના આત્માનું અહિત કરવા સાથે જગતના જીવોની પણ કતલ કરવાનું કારખાનું ખોલનારા છે : અને એથી જ શ્રી જૈનશાસનમા એવાઓને 'अदिट्ठ-कल्लाणकरा'

તરીકે ઓળખાવાયા છે.

◆◆◆

અમુક પ્રસંગોમાં, બનાવને યાદ કરીને હિતશિક્ષા દેવા કરતાં, ગંભીરતા જાળવી ગુન્હો કરનાર તરફ મીઠાશભર્યું વર્તન રાખવું, એ જ સામા આત્મા ઉપર ઉપકાર કરવાનો સુન્દરમાં સુન્દર ઉપાય હોય છે. ગંભીરતા કેવળ વાણીની જ નહિ, પણ વર્તનનીય જાળવતાં અવડવી જોઈએ. વર્તનમાં જો ઉપેક્ષા અગર દુર્ભાવ જણાય, તોય સામા આત્મા ઉપર તેટલી સુન્દર અસર ન નીપજે. તમે બનેલી વાતને બિલકુલ સંભારો નહિ, કોઈનેય કહો નહિ અને વર્તન પૂર્વના જેવું જ મીઠાશભર્યું રાખો, તો કારમી અયોગ્યતાથી પીડાતા આત્માઓ સિવાય બીજાઓ ઉપર સારી અસર ન થાય એ શકય નથી. કોઈકેય યોગ્યતા ધરાવનાર માણસને તો એ જ જાતિનો વિચાર આવે-કે' આને મેં મારી નાંખવાનો પ્રપંચમય પ્રયત્ન કર્યો-એ વાત આ સારી રીતિએ જાણે છે, છતાં કોઈ ને એ કહેતો નથી અને મને પણ આ ઠપકો આપતો નથી તેમ જ મારા તરફ પૂર્વના જેવો જ ભાવભર્યો વર્તાવ રાખે છે, એ આની કેટલી બધી ઉત્તમતા છે ?' અને ઉત્તમ આત્મા માટેનો આવો વિચાર દોષિતમાં પણ ઉત્તમતા પ્રગટાવે, એ સહજ છે. પૂર્વે ભયંકરમાં ભયંકર દોષ કરનારો આત્મા પણ, એ વિચારના યોગે, સામાન્ય કોટિના પણ દોષથી વિમુખ બની જાય. પ્રશાન્ત આત્મા આવી આવી રીતિએ જ અન્યોને માટે પ્રશમનું કારણ બની શકે છે.

◆◆◆

અન્યૂન અંગોપાંગોવાળો, સુન્દર એવી પાંચ ઈન્દ્રિયોને પામેલો અને શોભન સંહનનવાળો આત્મા જો ધર્મને પામી જાય, તો ઉત્તમ કોટિનો આરાધક અને ઉત્તમ કોટિનો પ્રભાવક પણ બની શકે.'-આ વાત સૂચવે છે કે-અંગોપાંગ, ઈન્દ્રિયો અને સંહનન સમ્બન્ધી અન્યૂનતા, સુન્દરતા અને શોભનપણું પામ્યાની સાથી સાર્થકતા ધર્મની પ્રાપ્તિને જ અવલંબેલી છે. આ વસ્તુઓ એવી છે કે-એનો સુન્દરમાં સુન્દર ઉપયોગ પણ થઈ શકે અને ભયંકરમાં ભયંકર દુરુપયોગ પણ થઈ શકે. એનો સદુપયોગ તારે, ને દુરુપયોગ મારે. સદુપયોગ અનેક આત્માઓના કલ્યાણનું કારણ બને અને દુરુપયોગ અને આત્માઓના અકલ્યાણનું કારણ બને.

◆◆◆

અનન્ત ઉપકારી પરમ પુરૂષોએ અને એ પરમ પુરૂષોની આજ્ઞાને જીવનમાં જીવવાને મથવા સાથે સીધી કે આડકતરી રીતિએ પરિચયમાં આવતા માનવ જીવોને પણ એ પરમ પુરૂષોની આજ્ઞા પ્રત્યે આકર્ષવાને મથતા મહાપુરૂષોએ, માનવજન્મની કિંમત એટલી બધી મોટી આંકી છે કે, માનવજન્મને પામેલા જીવોના ધ્યાનમાં જો એ વાત આવી જાય, ધ્યાનમાં આવેલી એ વાત જો એમના અંતરપટ ઉપર અંકાઈ જાય અને અંતરપટ ઉપર અંકાયેલી એ વાત જોરદાર બનીને જો માનવના જીવનના આચરણમાં ઉતારવા પામે, તો એ માનવ આત્મા પોતાના બહિરાત્મ-જીવનને તરછોડીને અને તજીને અન્તરાત્મ-જીવનને જીવવા માંડે અને અન્તરાત્મ-જીવનને જીવતે જીવતે એ માનવ-આત્મા પરમાત્મ-જીવનને નિકટનું બનાવી દે. પછી તો એને પરમાત્મ-જીવનને પામવાને માટે થોડાક માનવજન્મ બસ થઈ જાય છે અને પરમાત્મ-જીવનને પામીને એ આત્મા શાશ્વત કાળને માટે સંપૂર્ણપણે દુઃખરહિત એવા આત્મ-સુખનો ભોક્તા બની જાય છે. એ આત્મા માત્ર પોતે જ પરમ સુખને ભોગવનારો બને છે એવું નથી. એ આત્મા કોઈ પણ જીવના દુઃખમાં નિમિત્ત માત્ર બનતાં પણ બચી જાય છે. એ સુખી ખરો, પણ એના કારણે કોઈ પણ જીવને દુઃખનો સંભવ સરખોય નહિ અને એ આત્મા દ્વારા જે કોઈ જીવો પ્રેરણા મેળવી શકે, એ આત્માને પ્રાપ્ત થયેલી અવસ્થાનું જે કોઈ જીવો ચિન્તન કરી શકે, તે જીવોને પણ એ આત્માની એ અવસ્થા, પરમ સુખની એ પરમ અવસ્થાને પામવાની પ્રેરણા આપ્યા વિના રહે નહિ.

◆◆◆

અનંત દર્શન અને અનંત ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે, એમ માનીને કેટલાકો સાધન ધર્મની અવગણના કરે છે, તેઓ વીતરાગના શાસનને પામ્યાજ નથી.

◆◆◆

અનન્ત ઉપકારિઓએ ફરમાવેલી મનુષ્યભવની દુર્લભતાને સમજનારાઓ, વિશિષ્ટ ક્ષેત્રાદિને પણ દુર્લભ તરીકે સહજમાં સમજી શકે તેમ છે. દુર્લભ એવો પણ મનુષ્યભવ અનાર્ય દેશમાં મળે, આર્ય દેશમાં પણ અનાર્ય જાતિ અને અનાર્ય કુળમાં મળે, તો એ મનુષ્યભવ સાધક નીવડવાને બદલે પ્રાયઃ બાધક નીવડે છે. એવા અધમ દેશ, અધમ જાતિ અને અધમ

કુળમાં તો કોઈક ભાગ્યવાનને જ સુંદર સામગ્રી મળી જાયઃ તે પછીથી પણ તે મળેલી ઉત્તમ સામગ્રીને તે સાર્થક કરી શકે તો કરી શકે : અન્યથા તો, દુર્લભ પણ મનુષ્યભવ તેઓ માટે આત્માના અહિતમાં જ સહાયક થાય અને પુનઃ કારમા સંસારની મુસાફરી કારમી રીતિએ વધે. આર્ય દેશમાં, આર્ય જાતિમાં અને આર્ય કુળમાં મનુષ્યપણું પામવા છતાં પણ, જો પાંચેય ઈંદ્રિયોની સંપૂર્ણતા ન મળે, આયુષ્ય અલ્પ મળે, રોગમય શરીર મળે અને કારમી જડતા મળે, તો પણ આર્ય દેશાદિમાં મળેલા મનુષ્યપણા દ્વારા શું સધાય ? કબૂલ જ કરવું પડશે કે-આર્ય દેશ, આર્ય જાતિ અને આર્ય કુળ મળવા છતાં પણ જો ઈંદ્રિયોની ખામી, અલ્પ આયુષ્ય, આરોગ્યનો અભાવ અને કારમી અજ્ઞાનતા મળે, તો આ દુર્લભ એવોય મનુષ્યભવ મળ્યો, તે પણ બહુલતયા ન મળ્યા જેવો જ થઈ જાય. માનો કે-આર્ય દેશ, આર્ય જાતિ અને આર્ય કુળ સાથે પાંચેય ઈંદ્રિયોની પૂર્ણતા, દીર્ઘ આયુષ્ય, આરોગ્ય અને બુદ્ધિ પણ મળી, છતાંય એ સઘળીય વસ્તુઓનો સદુપયોગ કરાવનારા સદ્‌ગુરૂનો યોગ જો ન થાય અને સદ્‌ગુરૂઓનો યોગ થઈ જવા છતાં પણ ધર્મશ્રવણની રૂચિજો જાગૃત ન થાય, તો પ્રાયઃ આર્ય દેશાદિ પ્રાપ્ત થયેલી બધીય વસ્તુઓનો ધાર્યો સદુપયોગ તો નથી થતો, પણ કારમો દુરૂપયોગેય થાય છે. આથી સમજી શકાશે કે-એકલા મનુષ્યભવથી જ કામ પૂર્ણ થતું નથી, પણ સાથે બીજાુંય ઘણું ઘણું જોઈએ છીએઃ અને એ બધુંય મનુષ્યભવની માફક જ દશ દશ દષ્ટાન્તોથી દુર્લભ છે.

◆◆◆

અનંત શક્તિના ધણી આત્મદેવ ઉપર જડના સમૂહે કેવી રીતિનો હલ્લો કરી આત્મદેવની જ્ઞાનાદિ અનુપમ ઋદ્ધિસિદ્ધિની કેવી કારમી ખાનાખરાબી કરી છે, એ સમજવા માટે શ્રી જિનશાસનના કર્મસાહિત્યની ઉપાસના અતિશય જરૂરી છે. એની ઉપાસનાથી પુદ્‌ગલરસિકતાને ભાગે જ છૂટકો છે.

◆◆◆

અનન્તજ્ઞાનિઓએ જે કાંઈ કહ્યું છે તે સર્વ યથાતથ્ય જ છે એવો વિશ્વાસ કેળવવો જોઈએ અને તે સાથે અનન્તજ્ઞાનિઓના કથનને જાણવા-સમજવાનો તેમજ આચરણમાં ઉતારવાનો પણ શકય પ્રયત્ન કરવો જોઈએ.

◆◆◆

અનંતજ્ઞાનીઓએ જેટલાં અનુષ્ઠાનો કહ્યાં છે તે કોઈપણ કાળે એવાં નથી કે જે કાળે એ ન થઈ શકે એવાં હોય, કારણ કે શક્તિ મુજબની આરાધના જ્ઞાનીઓ બતાવે છે.

◆◆◆

અન્યૂન અંગોપાંગો, સુન્દર ઈન્દ્રિયો કે શોભન સંહનન પામવા માત્રથી રાચવા જેવું નથી. એ વસ્તુઓની પ્રાપ્તિ આનન્દજનક તો ત્યારે જ ગણાય, કે જ્યારે પાપથી નિવૃત બનાય અને ધર્મને સેવાય. પાપીઓને માટે તો એ સામગ્રી પાપને જ વધારનારી નીવડે. આ કારણે, અન્યૂન અંગોપાંગાદિને પામેલા આત્માઓએ ધર્મની આરાધનામાં જ ઉદ્યમશીલ બનવું જોઈએ.

◆◆◆

અન્યની સાચી પણ ખ્યાતિને સાંભળવાનું ધૈર્ય, માની આત્માઓમાં હોઈ શકતું નથી : અને એથી સારા-સારા ગણાતા આત્માઓ પણ, નહિ જેવી વાતમાં પોતાનું ભયંકર અહિત કરી નાખનારા બને છે.

◆◆◆

અન્ય પુરૂષ અન્યની સ્ત્રીને ઉપાડી જાય, પતિ પત્ની ખાતર ઉપકારી માતાપિતાને વિસરી જાય અને ઉમ્મરલાયક પુત્ર અને પુત્રવધૂની શોધમાં માતાપિતા રખડે : આ બધું મોહરાજાનું એક કારમુ નાટક નહિ તો બીજું છે પણ શું ?

◆◆◆

અનંત કર્મોના સમૂહને એક ક્ષણવારમાં ક્ષીણ કરી નાખે, તેવા મનુષ્યપણાને પામવા છતાં પણ જેઓ પાપકર્મોની આચરણા કરે છે, તેઓ પાપાત્માઓ છે.

◆◆◆

અનંત કર્મોનો ક્ષય સાધવા માટે સાધન રૂપ એવા પણ મનુષ્યપણાને પામીને જે મનુષ્યો અર્થકામની ઉપાસનામાં પડીને પાપકર્મોની આચરણાઓ કર્યા કરે છે, તે મનુષ્યો પાપાત્માઓ છે.

◆◆◆

અનંતા તિર્થંકરો થઈ ગયા તોયે સંસારના રસીયાઓએ સંસાર ન છોડયો તેમ આખીએ દુનિયા ઉંધી થઈ જાય તો પણ સંયમના રસીયા સંયમ

કેમ છોડે ? અજ્ઞાન પણ સંસારીઓ પોતાના વિચારમાં મક્કમ રહે તો સંયમનેજ જગતમાં એક સારભૂત સમજનાર અને માનનાર પોતાના વિચારમાં મક્કમ કેમ ન રહે ?

◆◆◆

અનંત ઉપકારીઓએ જ્ઞાનદાનનું સ્વરૂપ વર્ણવતાં ફરમાવ્યું છે કે- 'ધર્મથી અનભિજ્ઞ આત્માઓને વાચના અને દેશના આદિ દ્વારા જ્ઞાનના સાધનોનું દાન દેવું તેનું નામ જ્ઞાનદાન.'

◆◆◆

અનન્તઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ જગતના સર્વ પદાર્થોના સ્વરૂપને દર્શાવ્યું છે ખરૂં, પણ ઉન્માર્ગનું ઉન્મૂલન કર્યું છે અને મોક્ષમાર્ગનું પ્રતિપાદન કર્યું છે.

◆◆◆

અનંત ઉપકારિઓના વિધાન પ્રત્યે સાચો સદ્ભાવ અને એને આરાધવાનો અપૂર્વ ઉત્સાહ તે જ આત્માઓમાં પ્રગટે છે, કે જે આત્માઓની ભવસ્થિતિ પરિપકવ થઈ હોય : એવા આત્માઓ કદાચ અશક્તિ આદિના યોગે એ વિધાનની યથાસ્થિત આરાધના ન કરી શકે, તો પણ એની આરાધના માટેની ભાવના અખંડિતપણે, એવા આત્માઓના અંતરમાં નિરંતર ઉદભવ્યા જ કરે છે અને યથાસ્થિત આરાધના ન થઈ શકે તેનો પશ્ચાત્તાપ પણ સતત્ રહ્યા જ કરે છે.

◆◆◆

અનંત ઉપકારી પરમ વીતરાગ શ્રી જિનેશ્વરદેવોનું મુનિપણું પામ્યા પછી પણ યથેચ્છચારિતા, દીનતા અને પુદ્ગલાનંદિપણું બન્યું રહે, એ આત્માની અધોગતિ સૂચવનારી વસ્તુ છે !

◆◆◆

અનંતકાલે મળેલી માનવજીંદગીને ન ગુમાવવી હોય તો મક્કમ બનો. આત્માનો નાશ કરે એવી વસ્તુ પાછળ પાગલ બની આગમને ન છંછેડો. આગમને છંછેડતાં અનંતકાલ સુધી દુર્ગતિમાં રખડશો, જે માત્રા શરીરને ત્રાંબા જેવું કરે તેજ માત્રા વિધિથી ન ખવાય અને પથ્ય ન પળાય તો એથી શરીરમાં કીડા પડે, અને પછી એનો ઉપાય નહિ, સડી સડીને મરવાનું.

◆◆◆

અનન્ત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું પરમ તારક શાસન, સ્વભાવે તારનારૂં હોવા છતાં પણ, અયોગ્ય આત્માઓ, એની નિકટની ગણાય તેવી સ્થિતિને પામેલા હો તો પણ, વિરાધના કરવા દ્વારા સંસારસાગરમાં ખૂબ જ રૂલવાની તૈયારી કરી દે છે. વિષયના રસમાં, કષાયના રસમાં અને લોકહેરીમાં મગ્ન બની ગયેલા આત્માઓ માટે, ભગવાનની આજ્ઞાની વિરાધના સુશકય બની જાય છે અને એથી એ આત્માઓ ભગવાનના શાસનના નામે વાત કરીને પણ ભગવાનના શાસનની વિરાધના કરતાં ડૂબી જાય છે.

◆◆◆

અનંતજ્ઞાનીઓએ અનંતજ્ઞાનદ્વારાએ આખા સંસારને જોયો અને એક જ કહ્યું કે આ સંસાર દુ:ખમય છે, દુ:ખફલક છે અને દુ:ખાનુબંધી છે.

◆◆◆

અનંતજ્ઞાનીઓની આજ્ઞાના જાણનારને, સ્વેચ્છાચારિતા રૂચતી જ નથી, નહિ તો સમર્થ જ્ઞાનીઓ પણ તેમની સામે હાથ જોડીને કેમ ઉભા રહેતે ?

◆◆◆

અનંતજ્ઞાનિઓની આજ્ઞા મુજબ રત્નત્રયીની આરાધના કરવા દ્વારા જે આત્માઓએ પોતાના આત્માની સાથે અનાદિકાળથી વળગેલા કર્મમળને સર્વથા દૂર કર્યો અને જે આત્માઓ શ્રી સિદ્ધિગતિને પામ્યા, તે શ્રી સિદ્ધ ભગવન્તો પણ બીજે નંબરે પ્રશંસાપાત્ર છે.

◆◆◆

અનંત જ્ઞાનીઓ કહે છે કે-જે તમારે રોતે રોતે મૂકવું પડે તેમજ છે તેને જ અમારે હસ્તે હસ્તે મૂકાવવું છે.

◆◆◆

અનંતજ્ઞાનીઓએ કહેલા ધર્મને પોતાની ઈચ્છા મુજબ ચલાવવા માંગે છે એ ધર્મને કલંકીત કરે છે, અને ધર્મને અધર્મની કોટિમાં મૂકે છે.

◆◆◆

અનન્તજ્ઞાનિઓએ જે કાંઈ કહ્યું છે તે સર્વ યથાતથ્ય જ છે એવો વિશ્વાસ કેળવવો જોઈએ અને તે સાથે અનન્તજ્ઞાનિઓના કથનને જાણવા-સમજવાનો તેમજ આચરણમાં ઉતારવાનો પણ શકય પ્રયત્ન કરવો જોઈએ.

◆◆◆

અનંત જ્ઞાનીઓ તરફથી પ્રકાશિત થયેલી ચીજને સાચા તરિકે સ્વીકારનાર દર્શન છે. ઈતર દર્શનના પંડિતો જૈન શાસ્ત્રો ન વાંચે એમ નહિ, વાંચીને એનો ભાવ પણ કાઢે, પણ એના ઉપર શ્રદ્ધા કેમ નથી કરી શકતા? કહેવું પઢશે કે-એકજ. દર્શનના અભાવે.

♦♦♦

અનંતજ્ઞાનીઓની સઘળી આજ્ઞાને અનુસરવું એ બધાને માટે શકય નથી એથી શાસ્ત્રે કહ્યું છે કે આજ્ઞાનું પાલન યથાશક્તિ કરવાનું છે પણ એથી ઉંધે માર્ગે ચાલવાની તો સ્પષ્ટ મના કરી છે. જેમકે દાન કરવાની બાબતમાં શક્તિ મુજબ કહ્યું પણ કોઈનું ઝુંટવવાની વાતમાં સ્પષ્ટ નિષેધ કર્યો એમ સર્વત્ર સમજવાનું છે.

♦♦♦

અભ્યાસ માટે ઉદ્યમ જોઈએ અને અમલ માટે વીર્યોલ્લાસ જોઈએ.

♦♦♦

અનન્તજ્ઞાનિઓએ ફરમાવ્યું છે કે-સંસારના પ્રાણીમાત્રે પોતાના આત્માને તારવાની જરૂર છે. જેઓએ પોતાના આત્માને સમ્પૂર્ણપણે તાર્યો છે, એને તરવાની જરૂર નથી; કારણ કે-એ ડૂબવાના કારણથી પર છે. પરન્તુ જેઓએ પોતાના આત્માને તાર્યો નથી, તેઓએ તો પોતાના આત્માને તારવાની ખાસ જરૂર છે, કારણ કે-જ્યાં સુધી આત્મા સંપૂર્ણપણે તરી ન જાય ત્યાં સુધી એના દુઃખનો સર્વથા અન્તેય આવવાનો નથી અને ત્યાં સુધી એને સાચા સુખની સમ્પૂર્ણ પ્રાપ્તિ પણ થવાની નથી.

♦♦♦

અનંત જ્ઞાનીઓની આજ્ઞાનું પાલન કરવા માટે જતા દિકરાને રોકનારો બાપ અનંતજ્ઞાનીઓની એ આજ્ઞાના પાલનથી થતું કલ્યાણ ફરી કરી આપવાની બાપ ગેરંટી કરી આપે છે ? વ્યવહાર પણ ના પાડે છે. પચાસ રૂપિયાનો પગાર આપનાર શેઠનો હુકમ પાળવા માટે, જે બાપની તે પગાર આપવા માટે તાકાત નથી તે બાપ ના પાડતો નથી, પણ પાળવી જોઈએ એમ કહે છે.

♦♦♦

અનંતજ્ઞાનિઓએ ફરમાવેલી આ વાત જો બરાબર સમજાય, તો

આજે જે પોતાની જાતને ધર્મના અર્થી મનાવનારાઓમાંના કેટલાકો ધર્મપ્રાપ્તિ માટે લાયકાત ધરનારા ગુણોથી બેદરકાર રહે છે, એ કદી પણ બને નહિ. એ વાતો કરનારા પણ જ્યારે કારમી ક્ષુદ્રતા આદિને ધરનારા હોય છે, ત્યારે તેઓના મુખમાં ધર્મની વાત પણ શોભતી નથી. અક્ષુદ્રતા આદિ ગુણોના જાણે વૈરી જ હોય, તે રીતિએ વર્તનારા આત્માઓ, ધર્મરત્નની પ્રાપ્તિને માટે નાલાયક છે, એમ માનવામાં અને કહેવામાં જરાય અતિશયોક્તિ નથી જ. ચિંતામણિ જેવી વસ્તુઓની કિંમત પણ ધર્મરત્નની સમક્ષ કાણી કોડી જેટલી પણ નથી, તેવા સર્વશ્રેષ્ઠ ધર્મરત્ન માટે લાયકાત ન જોઈએ એ વાત બને જ શી રીતિએ ? અને, લાયકાત ગુણોથી જ આવે છે, એ વાત માનવામાં કોનાથી વિરોધ થઈ શકે તેમ છે ?

◆◆◆

અપ્રશસ્ત કષાયો રોકાયા વિના અને પ્રશસ્ત કષાયો થયા વિના સર્વથા કષાયોનો અભાવ કદી થવાનો નથી, એ વાત સોએ સો ટકા સાચી છે.

◆◆◆

અપવાદો બાદ કરતાં સારી દુનિયા અજ્ઞાનમાં ડૂબી ગયેલી છે. પ્રાયઃ દરેકને અમૂક જાતિનો મોહ વળગેલો છે. એથી પોતાનો આત્મા કયી રીતે ઠગાય છે અને પોતે પોતાના આત્માના વેરી કયી રીતે થાય છે, એ જગત્ જાણતું નથી.

◆◆◆

અભિગ્રહોના યોગે તપની ભાવના તીવ્ર બને છે. અભિગ્રહ એ થતી ઈચ્છાઓને રોકે છે અથવા ઈચ્છા થયા પછી એને અંકુશમાં લાવે છે.

◆◆◆

અભ્યાસના વિષયને પુષ્ટ કરતું સઘળું સાહિત્ય વાંચવામાં લાભ જ છે. ધારેલો વિષય ખૂબ મજ્જિત થાય અને પ્રતિક્ષણ ચેતન સાથેનો જડસંયોગ શિથિલ બનતો જાય, એ વસ્તુ તરફ અભ્યાસકે ખૂબ જ લક્ષ્ય રાખવું શ્રેયસ્કર છે.

◆◆◆

અભ્યાસ-ગ્રન્થોની ગાથાઓને એવી રીતિએ કંઠસ્થ અને અભ્યસ્ત બનાવવી જોઈએ, કે જેથી ગાથાના સ્મરણ સાથે તેનો ભાવ હૃદયસ્થ થવા

સાથે સુંદર રીતિએ બહાર મૂકી શકાય, એ રીતિએ સ્ફુરાયમાન થયા કરવો જોઈએ. આમ થશે તો આત્મા અન્ય સઘળી ચિંતાઓથી પર રહી કલ્યાણસાધનામાં એકતાન થઈ શકશે.

♦♦♦

અભવ્ય આત્માઓ પણ કેટલીક વાર અનેક આત્માઓના તારક બને છે, પણ તેમાં અભવ્ય આત્માઓની મહત્તા નથી : કારણ કે-અન્તરમાં શ્રદ્ધા નહિ હોવા છતાં પણ તેઓ જે કાંઇ માર્ગાનુસારી વચનો બોલે છે તેનો અને તેને શ્રવણ કરનાર ભવ્યાત્માઓની યોગ્યતાનો જ એ પ્રતાપ છે.

♦♦♦

અમારામાં બુદ્ધિ છે તો અમારા માથે શાસ્ત્રનો કે ગીતાર્થનો અંકુશ શું કામ ?'-એમ માનનારા જ્ઞાની નથી પણ અજ્ઞાની છે. ઉપકારીઓ તો ફરમાવે છે કે-'તું ગમે તેટલો જ્ઞાની હોય તો પણ અનંત જ્ઞાનીની આજ્ઞાનો અંકુશ તો જોઈએ.'

♦♦♦

'અમારાથી અમારી ઈચ્છા મુજબ નજ વર્તાય' એ વાત જૈન માત્રે ગોખી રાખવી જોઈએ.

♦♦♦

અમૂક સાંભળવાની શક્તિ કેમ નથી ? એ જ કારણ છે કે-આંતરિક દુશ્મનોએ ઘર કર્યું છે. જ્યારે એ વધી રહ્યા હોય, ત્યારે પીઠ થાબડવી, એ ભયંકર નાશને માટે નિવડે છે.

♦♦♦

અમુક વસ્તુને માટે જ સદાચાર જરૂરી છે-એમ નહિ, પણ બધી જ ઉત્તમ વસ્તુઓ માટે સદાચાર જરૂરી છે, એવી એની વ્યાપકતા છે. કોઈ પણ ઉત્તમ કાર્યમાં સદાચાર આવશ્યક છે. જ્ઞાનિઓએ હરેક ઉત્તમ વસ્તુમાં સદાચારને યોજ્યો છે.

♦♦♦

'અમારે અહીંથી જવાનું છે. અહીં અમે ગમે તેટલું સુખ મેળવ્યું હોય ને સાચવી-સંભાળીને રાખ્યું હોય, પણ તે આગળ કામ આવવાનું નથી અને આગળ અમારે સુખ તો જોઈએ જ છે.'-આવું તો તમારા મનમાં છે જ ને ?

'એ માટે અમે આ બધી ધર્મક્રિયાઓ કરીએ છીએ અને એથી અમારી દુર્ગતિ નહિ જ થાય-એવી અમારી ખાતરી છે.'-એમ તમે માનો છો ને ? પણ આવી ખાતરી કોણ રાખી શકે? જેના હૈયામાં ધર્મરૂચિ હોય તે ! ઘરે કે પેઢીએ, જ્યાં જાય ત્યાં બધે અને જે કામ કરતો હોય તે દરેક કામમાં જેનું હૈયું ધર્મવાસિત હોય, વિવેકયુક્ત હોય, તે આવી ખાતરી રાખી શકે ! એ પાપાચરણ કરે એ બને, તેમ છતાં પણ એ નિર્દમ્ભપણે કહી શકે કે-નિરૂપાયે પાપ કરૂં છું, પણ પાપ કરતાંય હૈયાને હું 'આ પાપ કરવા જેવું છે.'-એવા અધર્મવાળું બનવા દેતો નથી ! આવા હૈયાવાળો ખાતરીથી કહી શકે કે-મારી દુર્ગતિ નહિ થાય; પણ એવી દશા આવતાં પહેલાં આયુષ્યનો બંધ ન પડયો હોય તો ! થોડી પણ ધર્મક્રિયા કરનારો અને સર્વ સમયને માટે ધર્મક્રિયા નથી થઈ શકતી તેનું દુઃખ અનુભવનારો, એની દુર્ગતિ થતી જ નથી. ધર્મક્રિયા થોડી પણ ન કરી શકતો હોય, છતાં પણ હૈયે જો ધર્મ હોય તો દુર્ગતિ થાય નહિ ! એવાની પણ દુર્ગતિ ન થાય, તો તમે તો આટલી ધર્મક્રિયા કરો છો, એટલે તમારી દુર્ગતિ તો થાય જ શાની ? પણ તમારે એટલી ખાતરી આપવી પડે કે અમારૂં હૈયું ધર્મથી રંગાયેલું છે ! અધર્મને આચરીએ છીએ ત્યારે પણ હૈયાને અધર્મથી લેપાવા દેતા નથી. નહિ કરવા લાયક કામો પણ અમે સંયોગવશાત્ કરીએ છીએ ખરા, પણ એવી સ્થિતિમાંથી કયારે છૂટાય, એમ અમને થયા જ કરે છે !'

◆◆◆

અમે (સાધુઓ) પણ કાંઈ દુઃખી થવા નીકળ્યા નથી. વાહનમાં બેસવું નહિ, પગે ચાલવું, વિગેરે સુખને માટે છે-દુઃખને માટે નહિ. અત્યારે જે કાંઈ સહીએ છીએ, તે દુઃખને માટે સહતા નથી પણ શાશ્વત સુખને માટે જ સહીએ છીએ.

◆◆◆

અમે મુખ્યત્વે ઉપદેશમાં માનનારા છીએ. ઉપદેશથી શકય તેટલું સારૂં કરાવવું, એ અમારૂ પ્રધાન લક્ષ્ય છે. પણ અત્યારના સંયોગોમાં ઉપદેશ દેવો કોને? રાજસત્તાના સ્થાને બેઠેલાઓને સાધુની ગરજ નથી. સાધુઓ શું કહે છે અને શા માટે કહે છે, તે સાંભળવાની તાલાવેલી નથી. માની લો કે-કેટલાંક કારણોને લઈને એ સાંભળવાને આવી શકે તેમ ન હોય, પણ એમને

સાંભળવાની ઈચ્છા હોય તો એમને ઘરે જઈનેય સંભળાવતાં, અમને શરમ કે સંકોચ આવે તેમ નથી; પરન્તુ અમે જો એમને ઘેર જઈને સંભળાવવા માગીએ, તોય તે બરાબર નહિ સાંભળે- એવું અમને લાગે છે.

♦♦♦

અમે અમારી ઈચ્છા મુજબ ચાલી શકીએ છીએ અને વર્તિ શકીએ છીએ એવો ફાંકો રાખવો એ એક પ્રકારની મૂર્ખતા છે.

♦♦♦

'અમે આટઆટલી ધર્મક્રિયાઓ કરીએ છીએ, એટલે અમે તો દુર્ગતિમાં નહિ જ જવાના.'-એવી તમારી ખાતરી છે ? તેમ જે ધર્મ કરો છો, તે એટલી રૂચિપૂર્વક કરો છો ? જ્યાં સુધી ધર્મ થઈ શકે, ત્યાં સુધી તો તમે ધર્મ જ કરો ને ? ઘરે ગયા વિના ચાલે તેમ નથી, માટે ઘરે જાઓ છો ને? કરવા લાયક-સેવવા લાયક તો ધર્મ જ, એવું જ તમારા મનમાં ખરૂં ને ? એટલે ઘેર જાવ, પણ ત્યાં તમને 'ગૃહવાસ સારો છે.'-એમ તો લાગે નહિ ને? ધર્મક્રિયા થોડો સમય થાય, પણ ધર્મની રૂચિ તો બધે રહે ને ? અહી તમે ધર્મક્રિયાઓ કરતા હો, પણ હૈયામાં ધર્મરૂચિ ન હોય તો ઘરે ભયંકર પણ વિચાર આવી જાય, એવું બને ને ? અને મનમાં એવા વિચારો ચાલતા હોય, એવા વખતે આયુષ્યનો બંધ પડી જાય, એવું પણ બને ને ? એવું કાંઈક થઈ જાય, તો પછી તમારી સદ્‌ગતિમાં જવાની ખાતરી, એક વાર તો ધૂળમાં મળી જાય ને ? કારણ કે-આયુષ્યનો બંધ તો જીવનમાં એક જ વાર પડે છે!

♦♦♦

અયોગ્ય આત્માને ઉપાલંભ દેવાથી સ્વપર ઉભય આત્માનો નાશ થાય છે અને યોગ્ય આત્માને ઉપાલંભ દેવાથી સ્વપરની ઉન્નતિ થાય છે.

♦♦♦

અયોગ્યના ઉપદેશથી પણ યોગ્યને લાભ થઈ જાય એ અસંભવિત વસ્તુ નહિ હોવા છતાં પણ, ઉપદેશ-દાનની પ્રવૃત્તિ યોગ્ય આત્માઓએ જ આચરવી જોઈએ, એવું જ પ્રતિપાદન કરી શકાય. એથી વિપરીત પ્રતિપાદન કરનારાઓ વિરાધક બને છે અને સ્વપરના હિત-સાધક નહિ, પણ સ્વપરના હિત-ઘાતક બને છે, એમ કહેવું એ જરા પણ વધારે પડતું નથી.

♦♦♦

અયોગ્ય માણસ માટે અમૂક મીઠું બોલે છે એમ માલુમ પડે ત્યારે તમારે માની લેવું કે એ ખુશામતીઓ છે અને સારા માણસ માટે કડવું બોલે ત્યારે માનવું કે એ દ્વેષી છે. સમાન્ય માણસ માટે મધ્યસ્થપણે બોલાય. ભાષાના વેદીએ મીઠી, કડવી, અને મધ્યસ્થ, બધી ભાષાનો પ્રયોગ કરવો જોઈએ. ઉપકાર કરવાની ભાવના સાચી આવે ત્યારે જ આ પ્રકારની ભાષા આવડી શકે છે.

◆◆◆

અયોગ્ય માર્ગે ગયેલ આશ્રિતને જેણે શીખામણ ન આપી તેણે જરૂર દયા નથી કરી, પણ એનું અહિત કર્યું કહેવાય.

◆◆◆

અયોગ્યને સારી વસ્તુ દેવી, એનો અર્થ તો એ જ છે કે- સારી વસ્તુની ઈરાદાપૂર્વક અવગણના કરાવવી અને એ દ્વારા અયોગ્યના પણ કારમા અહિતમાં કારણ રૂપ બનવું. ઉપકારના સ્વરૂપને સમજનારાઓ અને-'શ્રી જિનાજ્ઞાથી જ ધર્મ પ્રતિબદ્ધ છે.'-એમ માનનારાઓ આ વસ્તુને સમજી શકે છે અને સ્વીકારી શકે છે, પણ 'આજ્ઞામાં ધર્મ.'-એ વાતનો ઇનકાર કરનારાઓ તો આ અને બીજી પણ ઉપકારી મહાપુરુષોએ ફરમાવેલી વાતોમાં સ્વચ્છન્દી જ બની જાય છે.

◆◆◆

અરે, જે જીવો મોક્ષના આશયને પણ પામ્યા હોય અને સમ્યગદર્શનાદિ રત્નત્રયીનેય પામ્યા હોય, એવા જીવો પણ કોઈ નિમિત્તવશ ભારે કર્મનો ઝપાટો લાગી જતાં, પોતાના મેરૂ જેવડાય સુકૃતને અણુ જેવડુંય બનાવી દેનારા બને છે. મહા મુનિઓમાંના પણ કોઇ કોઇએ નિયાણું કર્યું અને તેઓ પોતાના સંયમના ફલને હારી ગયા, એ જાણો છો કે નહિ ?

◆◆◆

શ્રી અરિહન્તનો આત્મા અરિહંત બન્યો એ પ્રતાપ શ્રી અરિહન્તના શાસનનો. શ્રી સિદ્ધાત્માસિદ્ધિપદને પામી શકયા એ પ્રતાપેય શ્રી અરિહન્તના શાસનનો અને લાયક જીવો આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ બની શકયા એ પ્રતાપેય શ્રી અરિહન્તના શાસનનો ! એ બધા શ્રી અરિહન્તના શાસનને સમર્પિત થયા માટે જ એ કક્ષાએ પહોંચી શકયા. એ શાસન જેની પાસે નહિ

તે આચાર્યાદિ કહેવાતા હોય તો પણ એ નામના આચાર્યાદિ ! એ જો શ્રી અરિહન્તના શાસનના વિરોધી તો કસાઈથીય ભૂંડા ! ધડથી માથું અલગ કરનારો કસાઈ એવાથી સારો, કેમ કે-એ કરી કરીને એક જન્મનું એક માથું અલગ કરી શકે જ્યારે આત્માને શાસનથી અલગ કરે તે એનાથી બહુ ભૂંડો! કેમ કે- કેટલાય ભવો પર્યન્તનું જીવનું અકલ્યાણ થઈ જવા પામે !

◆◆◆

શ્રી અરિહન્તનો મત સાગર સમાન છે. કેવો છે એ સાગર ? તો કે-ગંભીરતાથી અતિ શોભિત એવો એ સાગર છે. સાગર તે કહેવાય, કે જે એવા ઊંડા પાણીથી ભરેલો હોય કે જેથી એનું તળિયું દેખાય નહિ. શ્રી અરિહન્ત ભગવાનનો મત પણ એવો ગમ્ભીર છે કે-એનો પાર પામવો એ સહેલું નથી. વિરલ આત્માઓ જ એના પારને પામી શકે. શ્રી અરિહન્તનો મત જેમ જેમ જાણતા જવાય તેમ તેમ તેમાં વધુ ને વધુ ઊંડાણ છે એમ લાગ્યા કરે. અને જે શ્રી અરિહન્તના મતને બરાબર જાણતો જાય, તે પણ ક્રમે કરીને વધુને વધુ ગમ્ભીર બનતો થાય. શ્રી અરિહન્તના મત રૂપી આ સાગરમાં શીલ્રત્નો ભરેલા છે. સાગરના પેટાળમાં જેમ રત્નો હોય છે, તેમ શ્રી અરિહન્તના મત રૂપી સાગરમાં પણ શીલ સંબધી રત્નો રહેલાં છે. એ રત્નોમાં ઉંચામાં ઉંચી કોટીનાં રત્ન કયાં ? ભગવાને કહેલો જે સાધુ ધર્મ, તે સાધુધર્મના જે વિવિધ પ્રકારો છે, એ ઉત્તમમાં ઉત્તમ કોટિનાં રત્નોમાં ગણાય. સાધુધર્મ એ ઉંચામાં ઉંચી કોટિનું શીલ છે. તે ધર્મને પામવાની શક્તિના અભાવે, એ ધર્મને પામવાને માટે જે વિવિધ પ્રકારે શ્રાવકધર્મ પળાય, તે શ્રાવકધર્મના જે પ્રકારો, તે પણ રત્નો સમાન છે. એ રત્નને પામેલા ક્રમે કરીને સાધુધર્મ રૂપી રત્ન મેળવવાના. સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં સહાયક બની શકે એવા જે ગુણો, એ પણ શીલરત્નોમાં ગણાય. સંતો આ શીલરત્નોને ગ્રહણ કરે છે. આ શીલરત્નોને જે જે સંતો પામ્યા, તે તે સન્તો સુખી થઈ ગયા અને આ શીલરત્નોને જે જે સંતો પામશે તે તે સંતો સુખી થવાના, કારણ કે-આ શીલરત્નોને પામેલા સન્તો સુખી જ થાય છે.

◆◆◆

શ્રી અરિહન્તદેવે તારક તીર્થની સ્થાપના કરી અને જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી આ તારકે નિયમિતપણે ભવ્ય જીવોને શાસનના રસિક બનાવવાનું

કાર્ય કર્યા જ કર્યું. એમ કરતે કરતે એ નિર્વાણ પામ્યા. આથી, આ તારકનું ચ્યવન એ પણ કલ્યાણક, આ તારકનો જન્મ એ પણ કલ્યાણક, આ તારકનું દીક્ષાગ્રહણ એ પણ કલ્યાણક, આ તારકનું પોતાના કેવલજ્ઞાનનું પ્રગટીકરણ એ પણ કલ્યાણક અને આ તારકનું નિર્વાણ એ પણ કલ્યાણક.

◆◆◆

શ્રી અરિહન્તને, શ્રી સિદ્ધ ભગવન્તોને અને શ્રી અરિહન્તના શાસનને વિષે રત મુનિઓને શરણ તરીકે સ્વીકારીને પણ કરવાનું શું ? એમના શરણે રહીને શ્રી અરિહન્તના શાસનને શરણે રહેવાનું ! શ્રી અરિહન્તના શાસનને શરણે રહ્યા વિના નથી તો કોઈ શ્રી અરિહન્ત બની શકયું, નથી તો કોઈ સિદ્ધિપદને પામી શકયું અને નથી તો કોઇ આચાર્ય, ઉપાધ્યાય કે મુનિ બની શકયું.

◆◆◆

અર્થકામનું અર્થીપણું એ મુક્તિના અર્થીપણા માટે અજીર્ણ તુલ્ય છે. એ અજીર્ણની હયાતિમાં મુક્તિની રૂચિ જાગતી જ નથી.

◆◆◆

અર્થકામના અર્થીપણાનો ત્યાગ અનેમોક્ષના અર્થીપણાનો સ્વીકાર એનું જ નામ શ્રી જૈનશાસનની પ્રાપ્તિ છે.

◆◆◆

અર્થ અને કામની આસક્તિનો એ પ્રભાવ જ છે કે-એના ઉપાસક આત્માઓ, બીજા પણ આત્માઓને આફતમાં મૂકયા જ કરે છે.

◆◆◆

અર્થ અને કામમાં રક્ત,-પણ હુંશીયારી અને પોલીસીથી દુનિયામાં ડાહ્યા ગણાતાઓને, આ શાસ્ત્રે અજ્ઞાની, મદોન્મત્ત અને મોહથી છાટકા બનેલા કહ્યા છે. સંસારરસિકના હજારો વર્ષોનાં તપને કાયકષ્ટ કહી શકીએ, એવાના ઘોર તપને ફુટી કોડિની કીમતનાં કહી શકાય,'ગાંડો-ઘેલો પણ તારો મુનિ હારીને ઘેર ન આવે'-એમ શ્રી સિદ્ધસેન દિવાકરે ભગવાનની સ્તુતિ કરતાં

કહ્યું છે. 'જ્યાં હોય ત્યાં હું વિજય પામીને આવું છું, એનું કારણ એક જ કે-તું સાથે છે !' પણ જે દિવસે દર્શન ગયું તે દિવસે મોતીનું પાણી ઉતરી ગયું સમજવું. દર્શન વિના ગમે તેટલા જ્ઞાન અને ચારિત્રને ફુટી કોડિ કરતાં પણ કમ કહેવા હોય તો કહી શકાય એમ છે.

♦♦♦

અર્થકામની ઈચ્છા એ સળગતી અગ્નિની જ્વાળા છે, એમાં ભોગ સામગ્રી રૂપ ઘી હોમવાથી એ શાંત થવાની નથી; એને શાંત કરવી હોય તો વૈરાગ્ય જળનો છંટકાવ એજ એક, એકનો એક ઉપાય છે.

♦♦♦

અર્થકામની વાસનામાં એવો દુર્ગણ છે કે-એ નશો જેને પાવામાં આવે છે, અર્થકામમાં સુખ છે એવું જેને સમજાવી દેવામાં આવે છે તેઓને ત્યાગની વાતો ગમતી નથી, ત્યાગનો ઉપદેશ પછી તેઓને રૂચતો નથી અને ત્યાગના મહોત્સવ, વીતરાગની પૂજા, એના અનુયાયીની ભક્તિ એ વિગેરે ઉપર એમને પ્રીતિ જાગી શકતી નથી.

♦♦♦

અર્થકામની પ્રવૃત્તિમાં ઉદ્યમ ફળે અને ન પણ ફળે; પુણ્ય હોય તો કદાચ ફળે પણ ફુટે તો અવશ્ય !

♦♦♦

અર્થકામનો પૂજારી અર્થકામની સેવા-રક્ષા અને પ્રાપ્તિમાં જે પાપપરંપરા સેવે છે એને જો એકાંતમાં વિચારે તો એનો અંતરાત્મા કબૂલ કર્યા વિના નહિ રહે, કે પાપના પરિણામે અવશ્ય નરકગતિ જ છે.

♦♦♦

અર્થકામના પૂજારીઓને અર્થકામની સેવામાં કેટલું દુઃખ રહ્યું છે તે સાંભળવા અને સમજવા જેવું હૈયે હોતું નથી.

♦♦♦

અર્થકામનો રસિયો જીવનની છેલ્લી ક્ષણ સુધી ઉદ્યમ કરે છે, પણ ભાગ્ય ઉપર આધાર રાખીને બેસી રહેતો નથી : તો મનુષ્યભવ પામીને ભાવરત્નોની પ્રાપ્તિ માટેનો કેટલો ઉદ્યમ કરો છો ?

◆◆◆

અર્થકામ સુખનાં સાધન નથી, એ છાતીમાં લખાઈ જશે ત્યારે જ શ્રી જિનેશ્વરદેવે કહેલા ધર્મ ઉપર સાચો પ્રેમ જાગશે.

◆◆◆

અર્વાચીન યુગમાં જેનુ યોગ્ય પાલન થતુ નથી છતાં થવું જોઈએ એવી કેટલીક ક્રિયાઓ અને વિધિઓનું પરમપૂજ્ય આચાર્યશ્રી કેટલું સુંદર સમર્થન કરી શકે છે ? એ બાબતમાં વિરોધ કરનારાઓની લઘુતા ગ્રંથિ અને વિકૃત દષ્ટિ (અંગે તેઓ) પ્રત્યે મહારાજશ્રીને સહેજ પણ અણગમો નથી પણ સદાયનો પ્રેમ છે.

◆◆◆

અવસરે અને તેને યોગ્ય દશામાં પ્રશસ્ત કષાય વિના ધર્મીએ ધર્મી તરીકે જીવવું હોય તો એ લાયક નથી.

◆◆◆

અવસરે કડવામાં કડવા શબ્દોમાં શીખામણ આપે તો પણ એને સ્વીકારવાની બુદ્ધિથી સાથી, સહાયક અને સોબતી અંગીકાર થવા જોઈએ.

◆◆◆

અવગુણને ટાળવા હોય, ગુણોને પામવા હોય, ગુણોને પામીને ખીલવવા હોય અનેબીજા આત્માઓ પણ ગુણોને પામે-એમ કરવું હોય, તો પ્રશંસાને યોગ્યની જ પ્રશંસા કરવાનો નિયમ ગ્રહણ કરવો જોઈએ : અને, એ માટે સાંભળવા યોગ્યને સાંભળવા પ્રત્યે આવેલી બેદરકારીને દેશવટો દઈ દેવો જોઈએ.

◆◆◆

અવિધિ થઈ જાય એટલા માત્રથી આજ્ઞાસિદ્ધ ધર્મનું ધર્મત્વ ઉડી જતું નથી. પરન્તુ આજ્ઞા પ્રત્યે વિરાધનાભાવ આવી જાય તો નુકશાન થાય ! વિધિના પાલન તરફ દરકાર ન હોય તો અવિધિ જડ ઘાલી જાય ! અવિધિને નિભાવી લેવાય, પણ ઈચ્છા તો અવિધિને ટાળવાની જ હોવી જોઈએ.

◆◆◆

અસત્ય એ પાપ છે એવું માનીને સત્ય બોલનારા એ પ્રશંસાપાત્ર છે, પણ સાચું બોલીને પાપ કરીએ છીએ માટે શું વાધો છે ?, એમ કહેનારાની કદી પણ પ્રશંસા નહિ કરતા.

◆◆◆

અસદ્‌ગ્રહ, એ એટલી ભૂંડી વસ્તુ છે કે-શ્રી ઉપાધ્યાયજી મહારાજને એક જગ્યાએ કહેવું પડયું કે-અસદ્‌ગ્રહને આધીન થયેલા માણસને ઉપદેશ દેવો એ કુતરીના શરીર પર કસ્તુરીનો લેપ કરવા જેવું છે.

◆◆◆

અસમાધિના સ્વરૂપનું અને સમાધિના સ્વરૂપનું તથા તે બન્નેનાં કારણોનું સાચું ભાન થયું એ મુશ્કેલ છે, પણ કલ્યાણકામી આત્માઓ એ ભાન મેળવવાની ઉપેક્ષા કરી શકે જ નહિ.

◆◆◆

અમૂલ્ય માનવજીવન રૂપ ચિંતામણિરત્નને પ્રમાદમાં પડી ગુમાવી દેવા જેવી કારમી મૂર્ખાઈ કરતાં અવશ્ય અટકી જવું જોઈએ.

◆◆◆

અશુભનો ઉદય આવે તો સારા જ્ઞાનિની પણ મતિ ફરી જાય છે, તો અત્યારના સમયમાં અશુભના ઉદયથી પડે, એમાં કશું જ આશ્ચર્ય નથી અને તેથી દીક્ષાને કશું જ કલંક લાગી શકતું નથી.

◆◆◆

અશુભનો ઉદય આવતાં, ગઈ કાલનો સુખી આજે ભયંકર દુઃખી બની જાય છે અને શુભનો ઉદય આવતાં ગઈ કાલનો દુઃખી આજે સુખી બની જાય છે : એટલે જ્યાંસુધી આત્મા સાથે કર્મ લાગેલાં છે, ત્યાંસુધી સંસારના એ સુખ-દુઃખની પરંપરા ચાલુ જ રહેવાની છે.

◆◆◆

અશુભોદયના યોગે આવેલી આપત્તિના સમયે અજ્ઞાન આત્માઓ તો કોઈ કાકાને તો કોઈ બાપાને, કોઈ મામાને તો કો મામીને અને કોઈ પતિને તો કોઈ સ્નેહિને, એમ કોઈના ને કોઈના-કે જે સઘળા ય કર્મસત્તાને આધીન થઈ ને જ પરતન્ત્ર રીતિએ જીવન ગુજારી રહેલ છે, તેઓના જ શરણની ઈચ્છા રાખ્યા કરે છે : કારણ કે -કર્મરાજાની અને એમાંય મોહરાજાની

ખૂબી જ એવી છે ! પણ પ્રભુધર્મને પામેલાઓ તો એક ધર્મના જ શરણે રહી, પરિણામે કર્મની જડને જ નાબૂદ કરે છે.

◆◆◆

અશુભના ઉદયે આવી પડતી આફતો એ બધી ઈચ્છા વિના જ આવે છે. માંદા પડો છો કે માદા પડવા ઈચ્છો છો ? દુનિયામાં માણસો મરે છે કે મરવાને ઈચ્છે છે ?

◆◆◆

અશરણ દશાથી બચવા માટે શરણરૂપ કોઈ પણ હોય, તો તે એક ધર્મ જ છે, પણ એ ધર્મ ખરે જ અનુપમ છે અને એ જ કારણે મોક્ષગમન માટે યોગ્ય આત્માઓથી જ સુગ્રાહ્ય છે.

◆◆◆

અહીંથી તમે બહાર નીકળો અને કોઇ પૂછે કે-'તમારા સાધુ શું કહેતા હતા ?' તો તમે શું કહો ? એવું જે કોઇ પૂછે, તેને તમે કહી શકો છો કે-' આજે અમે એવું શીખી આવ્યા કે-જો અમે એ રીતિએ વર્તીએ તો અમારી દુર્ગતિ કદી પણ થાય નહિ, સદ્‌ગતિ જરૂર થાય અને પરિણામે અમને મોક્ષ પણ મળે !' એ પૂછશે કે-' એવું તે કયું શિક્ષણ તમને મળ્યું ?' તો કહેજો કે' અધર્મનો સવર્થા ત્યાગ ન થઈ શકે તોય હૈયે ધર્મ તો જરૂર રાખવો ને ધર્મને જ કરવાના મનોરથો સેવ્યા કરવા !'

◆◆◆

અહીંથી જવાની ઈચ્છા તો કોઇની પણ નહિ જ ને ? અહીં ફાવટ આવી છે એટલે અહીંથી જવાની ઈચ્છા નથી, જવું પડવાનું-એ નક્કી છે ને? તમે ને અમે, ગમે તેટલી ઈચ્છા કરીએ તોય, અહીં કાયમને માટે રહી શકીએ-એ બને ખરૂં ? નહિ જ.

◆◆◆

અહીં તમે જન્મ્યા તે પહેલાં તમારી શી સ્થિતિ હતી ? અને જ્યારે પણ તમે અહીં મૃત્યુને પામશો ત્યાર પછી તમારી સ્થિતિ કેવી થશે ? આ બે બાબતોનો તમે તમારા જીવનમાં કેટલો વિચાર કર્યો છે ? તમે એમ તો માનતા નથી ને કે, અહીં તમે જન્મ્યા તે પહેલાં કયાંય તમારૂં અસ્તિત્વ જ નહિ હતું ? અને અહીં તમે મૃત્યુ પામશો એ પછી પણ તમારૂં અસ્તિત્વ

ક્યાંય હશે જ નહિ ? જ્ઞાનિઓ ફરમાવે છે કે- પ્રત્યેક આત્મા નિત્ય છે, પ્રત્યેક આત્મા સદાજીવી છે. એટલે અહીં જન્મતાં પહેલાં પણ તમારૂં અસ્તિત્વ હતું જ, અને અહીંથી મર્યા પછી પણ તમારૂં અસ્તિત્વ કદી પણ સર્વથા મીટી જવાનું નથી.

♦♦♦

અહીં જીવતાં, ભવિષ્યના-આ જન્મની પછીના જીવન તરફ નજર રહે છે ખરી ? અહીંનું જીવન એ જીવનને બગાડે નહિ, એની કાળજી રહે છે ખરી ?

♦♦♦

અહીંયાં કોઈ પણ આત્મા મતિ મુજબ ચાલતા નથી. સંયમ લેવા જતા શ્રી જિનેશ્વરદેવોને પણ વૃદ્ધો આશિષ આપતાં કહે છે કે-'શ્રી જિનેશ્વર દેવોએ ઉપદેશેલા અકુટિલ માર્ગે તું પણ ચાલજે.

♦♦♦

અહીંયા આદિ મોક્ષસાધક સાધનોનો કેવળ સંસારની સાધનામાં જ ઉપયોગ કરનારા અને એમ કરવું એ વ્યાજબી છે, એમ ઉપદેશનારા મિથ્યા માર્ગના પ્રચારક હોઈ ઘોર મિથ્યાદ્રષ્ટિ છે

♦♦♦

અહીંથી મરીને પછી જવાનું ક્યાં ? કર્મ લઇ જાય ત્યાં ! જવાનું આપણે ને લઈ જાય કર્મ ! આ કેવી પરાધીનતા ?

♦♦♦

અહીં હું શા માટે આવ્યો છું, અહીં હું શું જાણવાને આવ્યો છું, તેનું જેને બરાબર જ્ઞાન હોય તેજ જાણકાર શ્રોતા કહેવાય તેમ અહીં શા માટે આવ્યા છો ? કહો કે-સંસારથી છૂટવાના અને મોક્ષને પામવાના ઉપાય સમજવા! તમને એટલી સમજ તો ખરી ને કે-" સંસારને તજીને બેઠેલા અને એક માત્ર ભગવાને કહેલા મોક્ષમાર્ગની આરાધના માટે ઉદ્યત બનેલા સાધુ 'આપણે સંસારથી કેમ છૂટી શકીએ? અને, ધર્મને પામીને આપણે ધર્મને કેવી કેવી રીતિએ સેવીએ કે જેથી આપણે મોક્ષ પામી શકીએ ?'- એ જ વાત આપણને સમજાવે !"? આટલી સમજ લઈને તમે આવ્યા હો અને તમને મારી વાતમાં મોક્ષના માર્ગને બદલે સંસારનો માર્ગ પોષાતો લાગે. મોક્ષની

ઈચ્છાને બદલે સંસારના સુખની ઈચ્છા પોષાતી લાગે, તોય તમે એ વાતમાં પણ 'હા' પાડી દો ? બરાબર છે એમ સમજાય એમ માથું હલાવો ? સાચો શ્રોતા એમ માથું હલાવે નહિ. સાચો શ્રોતા તો જ્યાં સુધી સમજાય નહિ ત્યાંસુધી થાંભલાની જેમ સ્થિર રહે અને પૂછયા કરે કે-'તો પછી ભગવાને સંસારનો માર્ગ નહિ બતાવતાં મોક્ષનો માર્ગ કેમ બતાવ્યો ?'

◆◆◆

અહીં હું તમારી પાસે મોક્ષનો વિચાર કરાવવા માંગું છું અને તમે તો હજુ સારી ગતિમાં જાવું છે-એટલોય વિચાર કર્યો નથી, એમ કહો છો ! બધાની સ્થિતિ આવી નહિ હોય. 'આપણે અહીં કાયમને માટે નથી રહી શકવાના; આપણે અહીંથી જવું તો પડશે જ; અહીંથી મરીને બીજે કયાંક ઉત્પન્ન પણ થવું જ પડશે;

જીવને ઉત્પત્તિનાં ગતિ રૂપ સ્થાનો ચાર છે; મારે પણ એ ચારમાંથી કોઈ એક ગતિમાં જવાનું છે !'-આટલું જેને ખ્યાલમાં હોય, તેને 'મારે ખરાબ ગતિમાં જથી જાવું અને સારી ગતિમાં જાવું છે.'- એમ તો થાય ને ? અહીંથી જવાનું છે અને જઈને કયાંક પણ ઉત્પન્ન થવાનું છે, એમ જાણવા છતાંય, નિશ્ચિન્ત કોણ હોય? જઈને પણ સારા સ્થાને જવાનું હોય, તો પછી ચિન્તા કરવાનું કારણ શું ? જો કે- એનેય એમ તો થાય કે-'ભલે સારૂં સ્થાન મળવાનું હોય, પણ એ સ્થાનનેય છોડી જવાનું છે; આવી હંમેશની રખડપટ્ટી નહિ જોઈએ !' એને તો મોક્ષની જ ઈચ્છા થયા કરે અને મોક્ષની સાધના ઝટ થાય એવા સ્થાનને એ શોધ્યા કરે. એનો પ્રયત્ન એ માટેય હોય. જેમ કમાવાનો અને ખાવાનો તથા ભોગવવા આદિનો વિચાર રોજ આવે છે ને ? તેમ, અહીંથી મારે જવાનું છે, એવો વિચાર પણ રોજ આવે છે ?

◆◆◆

અહિંસા શબ્દનો પ્રયોગ કરવો અને અહિંસાને તેના સાચા સ્વરૂપમાં માનવી, એમાં પણ ભેદ છે. સાચો અહિંસક દુન્યવી કોઈ પણ પદાર્થનો લોલુપ હોતો નથી. સાચી અહિંસાનું પરિપૂર્ણ પાલન દુન્યવી પદાર્થોનો રાગી કરી શકતો જ નથી. સાચો અહિંસાધર્મ આત્માને આત્માથી પર એવી વસ્તુઓને મેળવવા માટે પાગલ બનાવી દેતો નથી. એટલે અહિંસાના નામે હિંસાના હિમાયતી ન બની જવાય, તેની પણ આજે ખાસ

કાળજી રાખવા જેવી છે.

♦♦♦

અહંકાર જેમ આત્મ-નાશક અવગુણ છે, તેમ વ્યવહારમાં પણ હિતઘાતક છે. દરેકે પોતાનાથી વધુ સામગ્રીસંપન્નનો વિચાર કરી અહંકારથી બચવા પ્રયત્ન કરવો જોઈએ. અહંકારમાં અંધ બનેલા સમ્રાટોએ સામ્રાજ્યો ગુમાવ્યાં, વહેપારીઓએ પેઢીઓ ગુમાવી અનેકેટલાય માણસો ભૂખ્યા-તરસ્યા રઝળી રઝળીને આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં મરી ગયા.

♦♦♦

અહંકારનો ત્યાગ કરીને અને ગુણનો રાગી થઈને જે મહાભાગ શાસ્ત્રને અને શાસ્ત્રના પ્રણેતાઓને શ્રદ્ધાપૂર્વક માને છે, તેની ધર્મક્રિયા શ્રેષ્ઠ છે અને જેને શાસ્ત્ર પ્રત્યે અનાદર છે તેના શ્રદ્ધાદિક ગુણો પણ પ્રશંસાપાત્ર નથી.

♦♦♦

અજ્ઞાનતાથી કરેલું પાપ જેમ આત્માને હેરાન કરે છે, તેમ અજ્ઞાનતાથી કરેલું પુણ્ય પણ આત્માને લાભ કરે છે. અજ્ઞાનતાથી ખાધેલું ઝેર જેમ મારે છે, તેમ અજ્ઞાનતાથી ખાધેલું મિષ્ટાન્ન મીઠું મ્હોં કરે છે અને પુષ્ટિ પણ કરે છે.

♦♦♦

અજ્ઞાન દુનિયાને વિષયો સારા લાગતા હોય, તો પણ જ્ઞાની દુનિયાને વિષયો ખરાબ છે, એ કહેવાનો અધિકાર છે અને એ અધિકારનું જ્ઞાનીઓ પુરેપુરૂં પાલન કરે છે.

♦♦♦

અજ્ઞાનને દૂર કરવા અને દૂર ન થાય ત્યાં સુધી તેના યોગે અનીચ્છાએ પણ થઈ જતી અહિતકારી પ્રવૃત્તિઓથી બચવા કલ્યાણના અર્થિઓએ, પોતાની સ્વેચ્છાચારિતા તજવી જોઈએ અને જ્ઞાનિઓની નિશ્રામાં રહેવું જોઈએ.

♦♦♦

અજ્ઞાન અવસ્થામાં પણ બંધાયેલાં પાપો આત્માને છોડી દેતાં નથી.

♦♦♦

અજ્ઞાન આત્માઓ દંભી અને સ્વાર્થિઓના પાશમાં સપડાવાથી ગમે તેવા પાપને પણ ધર્મ માની લે છે અને ધર્મના નામે અનેક જાતિનાં

નિર્ગુણ કાર્યો કરવાનું પણ આરંભે છે.

◆◆◆

અજ્ઞાન ન હોત, તો કોઈ પણ આત્મા દુઃખના કારણ રૂપ સુખમાં મુંઝાત જ નહિ. આફતને જાણ્યા પછી આફતને લેવા કોઈ જ ઇચ્છતું નથી, પણ અજ્ઞાન આફતને સમજવા દે તો ને ? આથી અજ્ઞાન એ જ ખરી આફત છે.

◆◆◆

'અજ્ઞાની હોવા છતાં જેઓ પોતાની જાતને જ્ઞાની માનતાં શીખે છે' તેઓનાથી કોઈપણ દિવસ સારી પ્રવૃત્તિ થવી શકય જ નથી કિન્તુ અનર્થ જ થવા સંભવ છે.

◆◆◆

અજ્ઞાન લોકોનો સ્વભાવ છે કે-જેવો સમય એવી વાત કરે. ઘડી પહેલાં નિન્દા કરે અને ઘડી પછી પ્રશંસા કરે. એને તો જેવી હવા એવી વાત. જે એવા અજ્ઞાન લોકોની ટીકાની પરવા રાખે અનેતેમાં ડહાપણ સમજે એને લોકોત્તર શાસનની કિંમત નથી. લોકોત્તર શાસનને પામેલો, પોતે કોઈની કુથલી કરે નહિ. અને દ્વેષી કે દુર્જન ટીકા કરે કે અજ્ઞાન લોક અજ્ઞાનથી ગમે તેમ બોલે, એ ડરે ધર્મને તજે પણ નહિ.

◆◆◆

અંકુશ વિનાનો ડાહ્યો પણ હાથી ગાંડો કયારે થાય એ કહેવાય નહિ અને એક અંકુશ હોય તો ગાંડા પણ હાથીને ભર બજારમાંથી લઈ જઈ શકાય છે.

◆◆◆

અજ્ઞાન લોકોના ભયથી મુંઝાયેલા, અજ્ઞાન લોકોને ખુશ કરી પોતાની આબરૂ સાચવવાની નેમવાળા, થોડા હાજિયાઓમાં આનંદ મેળવનારા, લોકહેરીમાં પડેલા ધર્મને શી રીતિએ દીપાવી શકે ? ધર્મને સાચવતાં સેંકડો અજ્ઞાનોની ગાળો ખાવી પડે તો પણ, ધર્મમાં જ સ્થિર રહેવું અને શિષ્ટ ધર્માર્થીજનોને સન્માર્ગમાં સ્થિર રહેવાનું સમજાવવું, તે તો જ બને કે-જો લોકહેરીનો ત્યાગ કર્યો હોય.

◆◆◆

અજ્ઞાનના દોષ કરતાંય ભયંકર પ્રવૃત્તિઓનો દોષ વધારે છે. કોઈ પણ કાળ એવો આવ્યો નથી કે-જે કાળમાં ઘણા જ્ઞાની હોય અને થોડા અજ્ઞાની હોય. બાળકો જે ધર્મ કરે છે તે જ્ઞાનના યોગે નહિ, પણ સંસ્કારોના યોગે ! ગામડીઆઓ કેટલા અજ્ઞાન છે ? છતાં એમને નવકાર વિના તો ચાલે જ નહિ. કાંઈ બને નહિ તોપણ સાધુ આવે તો હાથ તો જોડવા જ, અજ્ઞાન તો ઘણું છે, છતાં જાણે કે-રાતે ન ખવાય પાણી ગળેલું જ પીવાય, પાંચતીથિ લીલોત્રી ન ખવાય : કોઈ કહેવા જાય તો કહે કે-મારા બાપ જ નહોતા ખાતા : દાદી મા તો ખાતાં જ નહિ ! જ્યારે આજના ભણેલા ગણાતા માસ્તરોને બોલાવો તો જીવવિચાર આવડે અને ખાય છે કયારે ? તો રાત્રે પણ ! અજ્ઞાની પણ જે ધર્મક્રિયા કરી શકવાના, તે આ ભણેલા નાસ્તિકો નહિ કરવાના, છ કર્મગ્રંથ અને કમ્મપયડી ટીકા સહીત ભણી ગયા તોપણ કહેશે કે-' કોણ દેખ્યું કે આ સત્ય ? આથી જ શાસ્ત્રે એકલા અક્ષર જ્ઞાનને સમ્યગ્જ્ઞાન નથી કહ્યું.

◆◆◆

અંતરાત્મ-દશાથી ઉલ્ટી દશા પોતાના આત્માની ન થઈ જાય, એ વાતનો મુમુક્ષ આત્માએ હર હંમેશ ખ્યાલ રાખવો જોઈએ.

◆◆◆

અંત સુધી પણ વિષયવાસનાની વૃત્તિ ઉપર અંકુશ લાવવો નહિ અને આખું માનવજીવન વિષયવિલાસમાં ગુમાવવું, એના જેવી અધમ મનોવૃત્તિ બીજી એક પણ નથી.

◆◆◆

અન્તિમ મરણને નિકટમાં લાવવાનો પ્રયત્ન, એનું નામ મુક્તિમાર્ગની આરાધના.

◆◆◆

આ આર્યદેશમાં ઉત્પન્ન થયેલાઓને સદાચારની ઉત્તમત્તા સમજાવવી પડે, સદાચાર જરૂરી છે એમ કહેવું પડે, સદાચારનો પણ સારો ખ્યાલ આ આર્યદેશને પામેલાને ન હોય, એનો અર્થ એ કે-આર્યદેશ મળ્યો ખરો, પણ એની પ્રાપ્તિના યોગે આત્મા ઉપર જે અસર થવી જોઈતી હતી તે થવા પામી નહિ.

◆◆◆

આ આર્ય દેશમાં, સઘળાય તત્ત્વજ્ઞાનિઓએ, મનુષ્યજીવનની એટલી મોટી મહત્તા સ્વીકારી છે કે-એમને જે કાંઈ કહેવું હતું, તે મોટે ભાગે તેમણે પહેલાં મનુષ્યજીવનની મહત્તાને વર્ણવીને તે પછીથી જ કહ્યું છે અથવા તો મનુષ્યજીવનની મહત્તાને લક્ષમાં રાખીને જ કહ્યું છે. મનુષ્યજીવનની આટલી મોટી મહત્તા આંકવાનું વાસ્તવિક કારણ એ છે કે- આત્માનો પરમાત્મા બનવાનો જે આદર્શ છે, તે આ મનુષ્યજીવન સિવાય બીજા જીવનથી સિદ્ધ થઈ શકે તેવો નથી.

◆◆◆

આ આગમ પણ જો સંયમની નિર્મલતાને માટે ન ભણાય, સંયમને ખીલવવાને માટે ન ભણાય, સંયમની પ્રચારણા આદિને માટે ન ભણાય અને કેવળ માનપાનાદિને માટે જ ભણાય, તો કદાચ તેવા પ્રકારનો પુણ્યનો યોગ હોય તો માનપાનાદિ મળી રહે,પણ એ માનપાનાદિનો ભોગવટો અન્તે ફુટી નીકળ્યા વિના ન રહે. એવાઓના આત્માને માટે તો આગમજ્ઞાન પણ હિતકર નિવડવાને બદલે હાનિકારક નિવડે : કારણ કે-તે જેમ જેમ ભણતો જાય, તેમ તેમ તેનો ઘમંડ વધતો જાય. તેનાથી કોઈ ભૂલ થઈ જાય, તેને તે ભૂલ, ભૂલ તરીકે દેખાઈ જાય, તોય તે પોતાની ભૂલને સુધારે તો નહિ, પણ પોતાના આગમ જ્ઞાનનો દુરૂપયોગ કરવા દ્વારા પણ ભદ્રિક જનતાને મુંઝવે. જ્યાં વિપરીત હેતુ આવ્યો, એટલે ગમે તેવો જ્ઞાની પણ પડતીના માર્ગે પડયો સમજો ! દુનિયામાં કદાચ એની ચઢતી થતી દેખાય, તો પણ એ વસ્તુતઃ ચઢતીને રસ્તે નથી, પણ પડતીને રસ્તે છે.

◆◆◆

આ એમ કહે છે કે-' બધાને પરલોકની ચિંતા હોય છે.' પણ એ ભ્રમણા છે. આપણને એમ લાગે કે-'પરલોકની ચિંતા જરૂર બધાને હોવી જોઈએ.'-પણ બધામાં પરલોકની ચિંતા છે, એ માન્યતા તદ્દન ભૂલભરેલી જ છે ?

◆◆◆

આકૃતિ  હૃદયમાં રહેલા ભાવોને પ્રકટ કરે છે.

◆◆◆

આખી દુનિયાની સામે આ શાસન છે. જગતે જેને દેવ તરિકે પૂજ્યા,

અને ગુરૂ તરીકે જેને સ્વીકાર્યા, તેને આ શ્રી વીતરાગશાસનના રસિકોએ કુદેવ કુગુરૂ કહી દીધા કે નહિ ? અને એમ કહેવા સાથે એમ પણ સાફ સાફ કહી દીધું કે-'સુદેવ તેજ કહેવાય કે જે વીતરાગ હોય અને જિનાજ્ઞાવર્તિ મહાવ્રતધારી હોય તેજ સુગુરૂ કહેવાય.

♦♦♦

આખા જગત્‌ને ધર્મ પમાડી દઈએ એ વાત ઉત્તમ છે, પણ આખું જગત ધર્મી નહિ જ બને : સંખ્યાતા કેવળજ્ઞાની મહર્ષિઓ પણ આખા જગત્‌ને ધર્મ ન પમાડી શકે.

♦♦♦

આ ગુણ બહુ મજેનો છે. કયો ? ભૂંડું કરનારાનું પણ ભૂંડું કરવું નહિ કે તેનું ભૂંડું ઈચ્છવું ય નહિ. સૌનું ભલું ઇચ્છી, બને તેટલું ભલુ કરવાનો પ્રયત્ન કરવો. જેનામાં આ ગુણ આવી જાય, એ આત્માને આપત્તિના પ્રસંગે પણ અશાન્તિ ન થાય. મુંઝવણ એ આત્માથી દૂર રહે. ગમે તેવા કપરા પ્રસંગોમાં પણ એ આત્મા સમાધી જાળવી શકે. અશાન્તિ અને મુંઝવણ ટાળવી હોય તેમજ સમાધિને પ્રાપ્ત કરી તેને અખંડપણે ટકાવવી હોય, તો આ ગુણ કેળવવો એ ખૂબ જ જરૂરી છે. આ ગુણ વિના સમાધિમય જીવનની અને સમાધિમય મરણની પ્રાપ્તિ શકય નથી.

♦♦♦

આગળની વાત જ જુદી હતી. ખરી શિક્ષણસંસ્થાઓ તો ઉત્તમ કુલો પોતે જ હતાં. ખરી ને પહેલી શિક્ષિકા જ માતા. ચોપડીઓ ન ભણાવે એમ નહિ, પણ બધું ભણતર સારા રૂપે પરિણમે-એવું શિક્ષણ પહેલેથી જ અપાતું. ખરૂં શિક્ષણઆપતાં અથવા તો બચ્ચાંને કેમ કેળવવાં, તે તો માને જ આવડે ને ? પરલોકનું જ્ઞાન આપવું, પરલોકને સુધારવાને માટે કેવા બનવું જોઇએ-એના સંસ્કારો આપવા, એ વગેરે તો મુખ્યત્વે માતા અને પછી પિતા આદિ વડિલો જ કરે ને ?

♦♦♦

આ ગુણ જેનામાં હોય, તેને દેવ-ગુરૂની પૂજા કરવાનું મન થતાં, પોતાની સામગ્રીથી જ દેવ-ગુરૂની પૂજા કરવાનું મન થાય. દેવ-ગુરૂની પૂજામાં, પોતાની શક્તિથી ઓછી સામગ્રી રાખવી એને ગમે નહિ. દેવ-ગુરૂની પૂજામાં

સારી સારી સામગ્રી મેળવવાનું મન થાય. પોતે જે જે સારી સામગ્રીને મેળવી શકે તેમ હોય, તે સામગ્રી પોતે મેળવી લે; પછી એમ સાંભળે કે કલકત્તામાં અમુક ચીજ સારી મળે છે અને તે મંગાવવી શક્ય હોય તો તે પણ મંગાવી લે; આટલાથીય મનને સંતોષ ન થાય, ત્યારે હાથમાં ફુલ લઈને વિચારે કે- આ નંદનવનનું ફુલ છે. એમ નંદનવનના ફુલની કલ્પના કરીને, પ્રભુને ચઢાવે. આવો વિચાર કરનારને, સારા ધ્યાનમાં લીન બનવાનો સંભવ ખરો ને ? એમાં, ધ્યાને ચઢી જાય તો કદાચ કેવલજ્ઞાન પણ પ્રગટાવી શકે ને ? માનસિક પૂજાની મહત્તા આથી જ છે. પણ, મૂળમાં સંવિભાગવિધાયિપણું જ ન હોય, ત્યાં શું થાય ? જેમ મીઠા વિનાનું ભોજન ફીક્કું લાગે, તેમ સંવિભાગ કરવાની જોગવાઈ કરવા જોગું જેનું હૈયું નથી, તેની સારી પણ ક્રિયા, ફીક્કી બની જાય. તમે જમવા બેઠા હો અને પાસે કોઈ બહારનો જમનાર ન હોય, તો એ જમવું ફીક્કું લાગે ખરૂં ? માટે જ દાનવિંશિકામાં દાનની મહત્તા ગાઈ અને એ દ્વારા સૂચવ્યું.

◆◆◆

આજની માતા આવું કરે ? ભણેલી હોય, પણ નાસ્તિક હોય તે શા સંસ્કાર આપે ? એ તો ઈશ્વરને હમ્બગ કહે. 'ઈશ્વર છે કયાં ?'- એમ કહે. તમારાં મા ને બાપ કયાં, તે તમે કોના કહેવાથી માન્યું ? માએ કહ્યું કે-'હું તારી મા અને આ તારા બાપ.' માટે તમે માની લીધું કે-'આ મારી મા અને આ મારા બાપા છે !' આમ આપણે જો મા-બાપની કહેલી વાતને માની લઈએ, તો મહાપુરૂષોની વાતને માનવામાં વાંધો શો ? આજે તો મહાપુરૂષો, કે જેઓ કેવળ ઉપકારબુદ્ધિથી મહા પરિશ્રમે શાસ્ત્ર રચી ગયા, તેમની વાતમાં પહેલાથી જ શંકા ! કહેશે કે-' શી ખબર ?' એ વાતને સમજવાનો પ્રયત્ન કરે નહિ અને વગર સમજ્યે એ વાતને ખોટી કરી દેતાં અચકાય નહિ. હવે તો ભણતરની ચોપડીઓમાંથી ઈશ્વરનું નામ કાઢી નાંખવાની જ યોજના આવી રહી છે. કહેનારા કહે છે કે-' ઈશ્વરનું નામ જ માણસને ગાંડો બનાવે છે' ઈશ્વરમાં નહિ માનનારા દેશોને પણ જ્યારે આપત્તિકાળ આવે છે ત્યારે ઈશ્વરને યાદ કરવો પડે છે અને ઈશ્વરને માનનાર દેશમાંથી ઈશ્વરનું નામ ભૂલાઈ જાય, એવી પેરવીઓ થાય છે ! હીટલર અને મુસોલીની જેવા પણ, જ્યારે યુદ્ધનો રંગ બદલાઈ ગયો હતો અને કોણ જીતશે-તે કળી શકાત

નહોતું, ત્યારે લગભગ એવું બોલ્યા હતા કે-ઈશ્વર જેના પક્ષમાં હશે, તે જીતશે. એ કાંઇ આસ્તિકો હતા ? ઈશ્વરમાં માનનારા હતા ? આમ નાસ્તિકોને પણ જ્યારે ઈશ્વર જેવું કોઈક છે-એમ માનવું પડયું, ત્યારે તમે તો એવા ભાગ્યશાલી છો કે-તમને ઈશ્વરનું નામ માતાના પેટમાં આવ્યા ત્યારથી સાંભળવાને મળ્યું છે. પરમાત્મા કોને મનાય અને કોને નહિ, તે વાત જુદી છે; પણ 'પરમાત્મા છે.'- એવું તમે કયારથી જાણો છો ? ગર્ભમાંય બાળકને સંભળાય છે ને સંસ્કારો પડે છે. તમે જો તમારાં છોકરાંઓને, એ ગર્ભમાં આવે ત્યારથી, સારા સંસ્કારો પાડવા માંડો, તો છોકરાંઓ પ્રાયઃ સારાં જ પાકે.

◆◆◆

આચાર ને ઉચ્ચાર જેના શુદ્ધ હોય એને માનવામાં વાંધો નથી, પણ એ સાચા છે કે દાંભિક છે એની પરીક્ષા માટે પ્રશસ્ત અપ્રશસ્ત કષાય એજ એક સાધન છે.

◆◆◆

શ્રી આચાર્યભગવન્તોની નિશ્રામાં રહીને શ્રી જિનેશ્વરદેવોનાં વચનોને જાણી, હૃદયમાં પચાવી, રત્નત્રયીના આરાધનપૂર્વક જે આત્માઓ રત્નત્રયીના જ્ઞાનનું દાન દેનારા છે, તે શ્રી પાઠકભગવન્તો પણ ચોથે નંબરે પ્રશંસાપાત્ર છે.

◆◆◆

આચાર્યશ્રી અપાર પ્રેમ, ઔદાર્ય અને સહિષ્ણુતાપૂર્વક, કળે કળે વ્યવહારૂ રીતે ધર્મનો મર્મ સરળ ભાષામાં સમજાવે:-

"પાપ પૂરેપરૂં છોડી શકાતું નથી, પણ એ છોડી શકીએ તો સારૂં એમ તમને લાગે છે ને? - ધર્મનું આચરણ ન થાય યા ઓછું થાય, છતાં તે કરવા યોગ્ય છે એની તો તમને ખાત્રી છે ને ? ચાલો કરો આજથી નિર્ણય! આપી દઉ દીક્ષા ?"

અને આ બધું સમજાવવાનાં આચાર્યશ્રીનાં ઉદાહરણો રોજીંદી સીધી સાદી નજર આગળની નિત્ય અનુભવની આપણે ન કલ્પી હોય એવી નાની બાબતોનાં હોય છે. છતાં તેને એવી સીફતથી તર્કશાસ્ત્રની ખૂબી સાથે રજૂ કરવામાં આવે કે આચાર્યશ્રીએ ઘટાવેલો તેનો અર્થ હજાર વાર જોયા છતાં

આપણને ભાગ્યે જ સુઝયો હોય.

♦♦♦

આજે અહિંસા, સત્ય, સંયમ કે તપ પણ તે જ સાચાં મનાય છે, કે જે આજની દુનિયા માગે છે તેની જ સાધનામાં ઉપયોગી થતાં હોય !

♦♦♦

આજે અજ્ઞાનિઓ તરફથી એમ પણ કહેવાય છે કે-'જો તમારી વાત સાચી હોય અને યુક્તિપૂર્વક સિદ્ધથાય તેવી હોય, તો દુનિયામાં કોણ એવો બેવકૂફ છે કે- એવી પણ વાતને કબૂલ ન કરે ?' આવાઓને કહેવું જોઈએ કે-'દુનિયામાં એવા સેંકડો બેવકૂફો હતા, છે અને હશે, કે જેઓ સુયુક્તિઓ સાથે સત્ય સંવાદ પૂર્વક કહેવાએલી વાતને પણ ન કબૂલે : એટલું જ નહિ પણ પોતાનો પરાભવ થાય એવી એવી કલ્પના માત્રથી વૈર ધારણ કરે !

♦♦♦

આજે અધિકાર પ્રતિ ઉપેક્ષા વધતી જાય છે અને એ ઉપેક્ષાને માર્ગની ઉત્તમત્તાને નામે યોગ્ય મનાવવાનો નિકૃષ્ટ પ્રયત્ન થાય છે; પરન્તુ ચીજ ગમે તેટલી સારી હોય, તો પણ તે યોગ્યને લાભ કરે છે અને અયોગ્યને હાનિ કરે છે. એ વાતને દુનિયાના પણ સઘળા જ વ્યવહારોમાં સ્વીકારવામાં આવે છે.

♦♦♦

આજે આવાસની યાચના બાબતમાં પણ કેટલેક સ્થળે એવું નહિ ઈચ્છવા યોગ્ય વર્તન થઈ રહ્યું છે, કે જે અવિવેકને સૂચવે છે અને કેટલીક વાર સાધુ-સાધ્વીનો અવિવેક સામાના ધર્મભાવને વૃદ્ધિ પમાડવાને સ્થાને જ સામાના ધર્મભાવને હાનિ પહોંચાડનારો નીવડે છે. આ તો સૂચન માત્ર છે. આનું વિવેચન ન હોય. સાનમાં સમજી જાય એવાં સાધુ-સાધ્વીને વધુ કહેવાની જરૂર શાની જણાય ?

♦♦♦

આજે ઈચ્છા મુજબ ચાલવું એને મનાયું છે કે-અમારી ઈન્દ્રિઓ જે ઈચ્છે-માગે તે મેળવવું અને ભોગવવું. ઈન્દ્રિયોની ઈચ્છાને આધીન રહેવામાં સ્વતંત્રતા માનનાર એજ મહાપરતંત્ર છે.

♦♦♦

આજે એક એવો પ્રશ્ન ઉપજાવી કાઢયો છે કે- શાસ્ત્રકારો પુરૂષો થયા માટે એમણે સ્ત્રીઓની નિંદા કીધી છે. શાસ્ત્રકારોએ જે વસ્તુસ્થિતિ હતી તે વર્ણવી, તેને આ લોકોએ ઉંધી રીતે ઘટાવી, પણ એમને ખબર નથી કે- અમારાં શાસ્ત્રો પુરૂષે પણ કહ્યાં નથી અને સ્ત્રીએ પણ કહ્યાં નથી, પણ ત્રણે વેદરહિત જે તીર્થંકરદેવો, તેમણે કહેલાં છે.

♦♦♦

આ જીવનમાં જો શ્રી જિનાજ્ઞાની આરાધનાથી વંચિત રહેવાય, તો જીવતર એળે જાય અને સંસાર વધે.

♦♦♦

આ જીવો પાસે પૈસાનું નસીબ છે, પણ પૈસાના સદુપયોગનું જે નસીબ જોઈએ તે નસીબ નથી ! સુખી માણસોની સ્નાત્રપૂજાની સામગ્રી તો એવી હોય કે-એ સામગ્રીને જોતે જોતે પણ યોગ્ય જીવને સમક્તિ થઈ જાય. સિંહાસન, ચામર, પંખો, અરિસો, ફુલના ટાટ, કેશરના વાટકા, કળશ એ વગેરે સામગ્રી સુખીને ત્યાં એવી હોય કે-એની આગળ રાજસભા રદ લાગે.

♦♦♦

આજે કેટલાક એવા ભોળા માણસો છે કે-દુર્જનો તરફથી સત્પુરૂષો ઉપર થતા ખોટા આક્ષેપોથી તેઓ ગભરાઈ જાય છે, પણ તેઓ દુર્જનોના સ્વભાવને જો સમજે તો એમ બને નહિ. દુર્જનો પોતાની દુર્જનપ્રવૃત્તિને ટકાવી રાખવાને માટે, સજ્જનો ઉપર અનેક પ્રકારનાં હીચકારાં આક્રમણો કરતાં શરમાતા નથી. તેઓની પાસે નથી હોતું ચારિત્રનું બળ કે નથી હોતું સુયુક્તિઓનું કૌવત, એટલે તેઓ પ્રાયઃ સત્પુરૂષો ઉપર ખોટાં દોષારોપણો કરવામાં જ પોતાની શક્તિ ખર્ચે છે.

♦♦♦

આ જગત્‌માં આપણો કોઈ વૈરી જ નથી. આત્મા જ આત્માનો વૈરી છે. બીજાને વૈરી માનવો એ જ બેવકુફી છે. હજુ પણ આત્માને આત્માનો વૈરી બનતાં ન અટકાવ્યો તો દુઃખ બેઠું જ છે. સુખ જોઈતું હોય, તો એ આત્માને કાબૂમાં લ્યો.

♦♦♦

આ જગત્‌માં સુખી થવાનું કોઈ સાધન હોય, તો તે શ્રી જિનેશ્વરદેવોનું શાસન છે.

♦♦♦

આજે ઘણાઓમાં પરનિન્દાની કુટેવ એટલી બધી વધી ગઈ છે કે-નિન્દા વગરનો જો દિવસ જાય, તો તે વાંઝીયો દિવસ ગણાય. પારકી નિન્દા કર્યા વિના ચેન પડે નહિ. સ્વાર્થ આદિ કારણે કોઈની પ્રશંસા પણ કરે, તો ય તેમાં ભેગાભેગી કોઈકની નિન્દા કરી લે.

◆◆◆

આજે ઘણા તો ઈર્ષ્યાથી દુ:ખી થાય છે. જ્યાં સુધી અધિક-ઓછાપણું રહેવાનું અને તે સાથે મમત્વ રહેવાનું, ત્યાં સુધી ઈર્ષ્યા પણ જીવતી ને જાગતી રહેવાની ! ઈર્ષ્યા આવી ત્યાં બળીને રાખ થવાનું.

◆◆◆

આજે ઘણાઓને વાસ્તવિક શાન્તિ કોને કહેવાય, તેની પણ જોઈતી ગમ નથી શાંતિ એવી હોવી જોઈએ, કે જેના યોગે આત્મા વર્તમાનમાં પણ સુખ પામી શકે અને અન્તે પણ સુખ પામી શકે.

◆◆◆

આજે તો કહે છે કે-'પૈસા કમાવા હોય તો બધું કરવું પડે. સાચાને ખોટું ને ખોટાને સાચું ઠરાવી જાણીએ નહિ, તો કોણ અમને આટલી મોટી ફી આપે ?' તમે જરાક વધારે કહો, તો એ કહે કે-' એવા વેવલા થાવમા ! તમે.

◆◆◆

આજે તો જુઠ્ઠાને સત્યવાદી કહેવરાવવું છે. શાખ વગર શાહ કહેવરાવવું છે. એક પણ ઉત્તમ કામ કર્યા વિના શેઠ કહેવરાવવું છે. બુદ્ધિનો છાંટો નહિ અને વિદ્વાન મનાવરાવવું છે. આવાઓનો તે શી રીતિએ ઉદ્ધાર થાય ?

◆◆◆

આજે તો ઠેર ઠેર મોટા-નાના વચ્ચે હક્કની મારામારી ચાલી રહી છે. સૌ સામા પાસેથી ભલાઈની આશા રાખે છે, પણ પોતાને ભલાઈ આચરવી નથી.

◆◆◆

આજે તો શાંતિના પ્રયત્નો પણ એવી જાતિના થઈ રહ્યા છે કે-શાંતિના નામે જ વિશ્વમાં એવી અશાંતિ પ્રવર્તાવે, કે જેના પરિણામે જનતા

પોતાનું આત્મભાન જ વિસરી જાય !

♦♦♦

આજે તો શ્રાવકકુલની પ્રાપ્તિની સાર્થકતા પણ બીજી જ વસ્તુઓની પ્રાપ્તિમાં કેટલાકોએ માની લીધી છે : અન્યથા, જ્યાં કેવલ ત્યાગનાં જ વહેણ વહેવાં જોઈએ અને જ્યાં આવીને શ્રાવકો કેવલ ત્યાગ સરીતામાં ઝીલવા ઈચ્છે, ત્યાંથી અર્થ-કામના ઉપદેશ સાંભળવાની એક સ્ફુરણા સરખીય કેમ થાય અને આવી વાટોએ બેસીને ત્યાગમાર્ગને બદલે એનો નાશક એવો અર્થ-કામનો ઉપદેશ પણ કેમ અપાય?

♦♦♦

આજે તો નામનાને માટે સારા ગણાતા આત્માઓ પણ તુચ્છ પ્રયત્નોમાં પડે છે, એટલું જ નહિ પણ નામનાના લોભે પોતાના પદનો અને એ પદની મર્યાદાનો ખ્યાલ પણ ભૂલી જાય છે.

♦♦♦

આજે તો વળી કેટલાકો મનની મજબૂતાઈના નામે પ્રતિજ્ઞા કરવાનો જ વિરોધ કરે છે, પણ પ્રતિજ્ઞા ચંચળ એવા મનને સંયમમાં મૂકે છે. સંયોગો બદલાતાં, મનોવૃત્તિને બદલાતી અગર શિથિલ બનતી અટકાવવાનું કાંર્ય પ્રતિજ્ઞા કરે છે. જેણે સુયોગ્ય રીતિએ પ્રતિજ્ઞા કરી છે અને પ્રતિજ્ઞાપાલન તરફ જેનું લક્ષ્ય છે, એવા આત્માને માટે મનને નિર્બલ બનાવનારી તર્કો નિષ્ફલ પ્રાયઃ નીવડે છે.

♦♦♦

આજે તો સારૂં કમાનારનીય ફરિયાદ છે કે-'આ કાળમાં પૂરૂં થાતું નથી.' એવાને કહેવું પડે કે-'તું એ જો કે- તારાથી અડધું કમાનાર કેમ જીવતા હશે ! એ બધાનું પેટ નાનું છે ને તારૂં પેટ મોટું છે ? પેટ મોટું નથી; કદાચ નાનુંય હશે ! છતાં તને જો બે હજારમાં પણ નથી ચાલતું, તો પછી બસો કમાનારનું કેમ ચાલે છે ?'

♦♦♦

આજે તો મહાપુરૂષો, કે જેઓ કેવળ ઉપકારબુદ્ધિથી મહાપરિશ્રમે શાસ્ત્ર રચી ગયા, તેમની વાતમાં પહેલેથી જ શંકા. કહેશે કે-'શી ખબર ?' એ વાતને સમજવાનો પ્રયત્ન કરે નહિ અને વગર સમજ્યે એ વાતને ખોટી

કહી દેતાં અચકાય નહિ.

◆◆◆

આ જીવને દુઃખ અનન્તી વાર વેઠવું પડયું છે. દુઃખ વેઠવું પડયું અને ડહાપણ આવ્યું નહિ, એટલે દુઃખથી છૂટાયું નથી. જેમને એમ થતું હોય કે-'કષ્ટ તો કેમ વેઠાય ? દુઃખ તો કેમ ભોગવાય ?' તેમણે કર્મ બાંધતાં અટકી જવું જોઈએ અને તે સાથે અભ્યાસ કરી કરીને પણ કષ્ટ વેઠવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવું જોઈએ; કારણ કે-જેટલાં કર્મ બાંધ્યાં છે, તેમાં એવાં પણ કર્મો હોય કે જે કર્મો આપણને કષ્ટ આપ્યા વિના જાય નહિ ! આપણે ગમે તેવી કર્મનિર્જરા સાધીએ, તો પણ એવાં કર્મોના ઉદયે આવતાં કષ્ટો તો વેઠવાં જ પડે. અને, કષ્ટથી ગભરાનારા કર્મની નિર્જરા સાધી શકે ? કર્મની નિર્જરા સાધવાની ભાવનાવાળાએ તો, ગમે તેવાં કારમાં પણ કષ્ટો વેઠી શકાય અને એ વખતે દુર્ધ્યાન આવો નહિ, એવું સામર્થ્ય કેળવવું જોઈએ. એ માટે આત્માને પણ કેળવવો જોઈએ અને શરીરને પણ કેળવવું જોઈએ. શરીર ઉપર કષ્ટ આવે તો વેઠવાનું કોને ? એકલા શરીરને જ ? શરીર આમ તો જડ છે. કષ્ટનું વેદન તો આત્માને જ થાય છે. કષ્ટથી શરીરને જે થવી હોય તે હાનિ થાય, પણ આત્મા સ્વસ્થ ન હોય તો શું થાય ? જાય કર્મ થોડું અને બંધાય કર્મ ઘણું ! એટલે, કષ્ટ પણ સમજપૂર્વક વેઠવું જોઈએ. નહિતર તો, કષ્ટ વેઠે ને પાપ ઉપાર્જે, એવું પણ ઘણું બને છે.

◆◆◆

આજે કેટલાક કહે છે કે-'શી ખાતરી કે અહીં કરેલા પાપનું ફળ ભોગવવું પડશે ?' પણ તેની સામે કહેવું પડે છે કે-' તમારા નહિ માનવાથી જે વસ્તુ છે તે વસ્તુ મટી જવાની નથી.' નરક કે સ્વર્ગ ન માનવાથી જો એ નાશ પામીજતાં હોય, તો તો આપણે એમ કહેનારાઓનો ઉપકાર માનીએ, પણ તેમ તો બનતું જ નથી.

◆◆◆

આજે કેટલાકોને ફીચરના નંબર કાઢી દેનારા, રૂખ બતાવનારા વેષધારિઓ ગમે છે : કારણ કે-એમને ધર્મગુરૂ નથી જોઈતા પણ સંસારગુરૂ જોઈએ છે. જૈનમુનિઓ ધર્મગુરૂ હોય પણ સંસારગુરૂ ન હોય.

◆◆◆

આજના કેટલાક ધર્મવિરોધિઓ તો પ્રાયઃ અસાધ્ય વ્યાધિવાળા દર્દિઓના જેવા છે : એટલે તેઓને સુધારવાનો પ્રયત્ન કરવા કરતાં, ભદ્રિક ધર્માર્થી આત્માઓને એવાઓના કુસંગથી બચાવી લેવાનો અને પ્રભુમાર્ગમાં સુસ્થિર બનાવવાનો પ્રથમ પ્રયત્ન કરવો, એ વધુ કલ્યાણકર છે.

◆◆◆

આજે કહેવાય છે કે-ધનિકનો પાડોશ સારો નહિ કેમ કે એને જરાક વાંધો પડે કે-આપણને દાઢમાં ઘાલે અને આપણે ગરીબ એટલે એને પહોંચી શકીએ નહિ ! ધનિકને ખુમારી હોય છે કે-મારી સામે કોઇ ગરીબ ચૂં કે ચાં કેમ કરી શકે. એવી ખુમારી નહિ કે-જ્યાં હું વસું ત્યાં તો કોઇ દુઃખી નહિ જ હોવો જોઇએ !

◆◆◆

આજના કોઇ શક્તિસંપન્ન પાસે ધર્મરક્ષા માટે કોઈ કાંઈ કહેવા જાય, તો તે જનાર પુણ્યાત્મા શું સાંભળીને આવે, એ કહેશો ? હિતકર કાર્યની ભલામણ કરવા આવનારને-'અમને ફુરસદ નથી અથવા અમે ધર્મઘેલી વાર્તા કરવા માટે કે આવી આવી નિરર્થક પંચાતો કરવા માટે નવરા નથી.'- આ પ્રમાણે કહેવું, એ શ્રીમંતાઈ કે મોટાઇ નથી, પણનરી કંગાલીયતથી ભરેલી શુદ્રતા જ છે !

◆◆◆

આજે જેઓ દીક્ષિત થનારના નથી થતા બાપ કે નથી થતા કાકા, નથી થતા સ્નેહી કે નથી થતા સંબંધી અને દીક્ષિત થનારને નથી સહાય કરતા જીવતાં કે નથી સહાય કરતા મરણ બાદ, તે છતાંય દીક્ષિત થનારના માર્ગમાં એકાંતે કાંટા વેરવાનું જ ભયંકરમાં ભયંકર પાપ આચરી રહ્યા છે, સમગ્ર સુવિહિત સાધુસંસ્થાને સતાવવવા શું શેતાનીયત ભરેલું ષડયંત્ર રચી રહ્યા છે, સન્માર્ગના રક્ષક અને ધર્મના ધોરી મહાપુરૂષોને ઉતારી પાડવા માટે તદ્દન ખોટું તથા ઇતરોને પ્રભુ-ધર્મથી વિમુખ કરે એવું તદ્દન બનાવટી પ્રચારકાર્ય કરી રહ્યા છે, તેવાઓને પોતાની પાસે બેસાડવામાં ડહાપણ મનાવનારા, તેવાઓ પણ માત્ર પોતાને માને-પૂજે અને પ્રશંસે એ જ કારણે તેવાઓ પણ સારા છે એમ સ્વમુખે જાહેર કરનારા અને અમૂક વર્ગમાં તેવા ભયંકર પાપાત્માઓની કીર્તિ વધારનારા, પોતે સાધુ જ નહિ, પણ સૌથી

મોટા ધર્માચાર્ય મનાવવાના કોડ રાખે, એ કેવું અને કેટલું શ્રાપરૂપ છે, એ શું વિચારણીય નથી ?

◆◆◆

આજે કહેવાય છે કે - સાધનના ઝઘડા નકામા છે, પણ સાધના સિદ્ધ કરવા માટે જરૂરી સાધન આવશ્યક છે, એ ભૂલાઈ જાય છે.

◆◆◆

આજની સ્વતંત્રતાનો પોકાર એ એક રીતીએ અજ્ઞાનતાનો પોકાર છે કારણકે સ્વતંત્રતા કયારે મળે અને કોને કહેવાય એની જ માલુમ નથી.

◆◆◆

આજના ક્રાન્તિઘેલાઓને કોઈ હિતકારી સ્થિર સિદ્ધાંત જેવું નથી.

◆◆◆

આજની જનતાનો મોટો ભાગ અર્થકામની ઉપાસનામાં જ એવો અનુરક્ત બની ગયો છે કે-એને અર્થકામની કારમી વેદી ઉપર પોતાની ધર્મભાવનાનું બલિદાન આપવામાં પણ 'અરે' કાર થાય તેમ નથી !

◆◆◆

આજના ભણેલા-ગણેલા લખી શકે છે, બોલી શકે છે, છતાં રખડી ગયા-ભટકતા થઈ ગયા એનુ કારણ ? ભગવાન્ શ્રી મહાવીરદેવ, એમના આગમ અને એના ગુરૂને ભૂલી જઈ રખડતા માણસોની પૂંઠે પડી ગયા એજને ?

◆◆◆

આજની આર્થિક મુંઝવણો કયી રીતિએ ઉભી થઈ છે અને કયી રીતિએ વધી રહી છે, એને લગતી હુંડીયામણની, વ્યાપારની, યંત્રવાદની, પરદેશી સત્તાની કે એવી બીજી ચર્ચાઓને કોરાણે મૂકોઃ એ વિષય અહી ચર્ચવાની જરૂર નથી : પરન્તુ એ બધું છતાં, આર્યદેશના વાસ્તવિક વાતાવરણને જો બરાબર જાળવવાનો પ્રયત્ન થાય, નિરર્થક વધી ગયેલી જરૂરીયાતો ઉપર કાપ મૂકાય, ખોટા મોજશોખો તજી દેવાય અને જેટલી જેટલી વિલાસાદિની દુર્વૃત્તિઓ વધી ગઈ છે તે દૂર કરાય, તો આર્ય દેશના માનવીઓને પેટ માટે, પેટ પૂરતું અનાજ મેળવવાને માટે-ધર્મની ક્રિયાઓને તજી દેવી પડે, એવી કારમી સ્થિતિ તો નથી જ.

◆◆◆

આજનો કાયદાબાજ પણ પોતાનો સ્વાર્થ સાધવાને માટે પાળેલા કુતરા જેવો બને-એવા દાખલા નહિ મળે એમ નહિ, પણ એ વિનયગુણ નથી.

◆◆◆

આજના આર્થિક ભીષણ ઝંઝાવાતોનું મૂળ, જો ખૂબ ઉંડી દષ્ટિથી વિચારવામાં આવે, તો આજે અર્થકામની જે લાલસા વધી ગઈ છે, વિલાસવૃત્તિ વધી ગઈ છે, ઉડાઉપણું આવી ગયું છે, ખોટા મોજશોખો વધી ગયા છે, જ્યાં-ત્યાં રખડવાની આદત વધી ગઈ છે, ઉદ્દ્ભટપણું આવી ગયું છે અને એક નીતિમાન આર્ય માનવીને છાજે તેટલો પણ અર્થનો સંતોષ અને કામનો સંયમ નથી રહ્યો એ વિગેરે છે.

◆◆◆

આજના સઘળાય આર્થિક ભીષણ ઝંઝાવાતોનું મૂળ માત્ર પેટ પૂરતું અનાજ મેળવવામાં છે, એમ કોઈપણ અર્થશાસ્ત્રિથી પૂરવાર થઈ શકે તેમ નથી.

◆◆◆

આજના મોટા ભાગની જનતાને જેટલી ચિંતા પોતાના ઐહિક ઉદયની છે, તેના અસંખ્યાતમા ભાગ જેટલી ચિંતા પોતાના દેવની, ગુરૂની કે ધર્મની નથી : એટલું જ નહિ પણ આજની દુનિયાનો મોટો ભાગ દેવ, ગુરૂ અને ધર્મની શાસ્ત્રનિર્દિષ્ટ આરાધનામાં પ્રાયઃ માનતો પણ નથી !

◆◆◆

આજના સુધારકો તો ઉદરંભરી હોય એ સહજ છે, કારણ કે-તેઓનું શિક્ષણ જીુદું છે : પણ ધર્મી ગણાતાઓ પણ જો ઉદરંભરી હોય અનેઉદારતા ગુણથી વંચિત હોય, તો તેઓએ ખૂબ ખૂબ વિચારવા જેવું છે. ધર્મી આત્માઓ ઉદરંભરી નહિ જ હોવા જોઇએ, એ નિઃશંક વાત છે.

◆◆◆

આજના સ્વચ્છંદી જમાનાવાદિઓએ દુષ્ટ વાસનાઓના યોગે મહાસતીઓના આદર્શને અવગણીને ભયંકર ભાવનાઓનો પ્રચાર કર્યો છે, કે જેના યોગે ધોળે દિવસે પણ કોઈ આત્માના શીલ નષ્ટ અને ભ્રષ્ટ થઈ રહ્યાં છે.

◆◆◆

આજના વાતાવરણે મુક્તિની ભાવનાથી દુનિયાને ખુબજ પાછી પાડી દીધી છે. દુનિયાદારીની અમુક આફતનો અભાવ એમાંજ મુક્તિ કલ્પી લીધી એટલે સંસારની મુક્તિ બાજુએજ રહી ગઇ.

◆◆◆

આજના કેટલાક જુવાનીઆ એટલે, કુળ જૈન પામ્યા, પણ જૈનપણાથી વાસિત ન થયા, એ પહેલી કમનસીબી, બીજું જન્મ્યો ત્યારથી સંસાર સારો એવું વિષપાન થયું છે. અને ત્રીજું ભણ્યા પણ એવું કે -મરજી મુજબ વર્તવું એમાં મજા છે.

◆◆◆

આજના કહેવાતા શેઠીયા એટલે પ્રાયઃકોઈ ધર્મપ્રસંગને પોતાની જાતે ઉજવવાને નાલાયક ! આજે એવા કેટલા શેઠીયા છે કે જે પોતાના ઘેર આવેલા મુનિની અને પોતાના ઘેર આવેલા સાધર્મિઓની પોતાનાહાથે ભક્તિ કરે છે ? જો એ સુખી છે તો આ ફુરસદ તેમને કેમ નહિ ?

◆◆◆

આજે તો સુસાધુઓને પીડવા મથનારા પાપાત્માઓ પોતે ઉપસર્ગ કરે છે, પછી મુનિએ સમભાવે સહવો જોઇએ એવી વાતો કરે છે અને જે ધર્માત્માઓ એવા પાપાત્માઓના ઉપસર્ગોનો પ્રતિકાર કરવાના પ્રયત્નમાં લાગે તેમને શાન્તિ વિનાના, સમતા વિનાના અને તોફાની કહીને વગોવે છે.

◆◆◆

આજે તો સ્વતંત્રતાના બ્હાના હેઠળ સ્વચ્છંદતા સેવનારાં અને સેવડાવનારાં, મનથી વરેલો પતિ તો દૂર રહ્યો, પણ કાયાથી સ્વીકારેલા પતિ પ્રત્યે પણ બેવફા નિવડવામાં સુધારો માની રહ્યાં છે : એટલું જ નહિ પરન્તુ પૂર્વની સતીઓ જયારે મનોનિશ્ચિત પતિ શિવાય અન્યને ઇચ્છતી જ નહિ, ત્યારે આજે જાહેર રીતે સ્વીકારેલા પતિના મૃત્યુ બાદ બીજો પતિ કરવામાં નારીસ્વાતન્ત્ર્ય અને સમાજપ્રગતિ મનાય છે !

◆◆◆

આજે થઇ રહેલી ધર્મની નિન્દાને માટે જેમ શાસ્ત્રમર્યાદાને તજનારાઓ જવાબદાર છે, તેમ લોકહેરીમાં પડેલા પણ જવાબદાર છે. શાસનની હીલણા કરતાં પોતાની જાતની ટીકાને જે મુખ્ય સ્થાન આપે,

શાસનની નિન્દા સાંખી શકે પણ જે પોતાની નિન્દા ન સાંખી શકે, જે રાત-દિવસ એવાં જ કાર્યો કરવા તરફ દોરાય કે જેમાં જાતપ્રભાવના થતી હોય અને જે પોતાની જાતને અજ્ઞાન લોકોની નિન્દાથી બચાવવાને માટે શાસનની હીલણા થવા દે, શાસનના વિરોધિઓને પણ પોતાના બનાવી રાખવા ખાતર શાસનની હીલણા કરનારાઓની સાથે હસીને વાતો કરે, તેમની પ્રશંસા કરે અને જે ધર્માત્માઓ એવા શાસનદ્રોહિઓનો વિરોધ કરતા હોય તેમની ભાવનાને શિથિલ બનાવે, તેઓ પણ શાસનની હીલણાને માટે જવાબદાર છે.

♦♦♦

આજે દર્શન લુલુ થયું છે, થઇ રહ્યું છે અને એમ કરવામાં તમે સહાયક થાઓ છો. તેમ ન હોય તો એવા સાધુઓને કહી દેવું જોઇએ કે-'અમારા તરફથી થતા માનપમાન આદિ ઉપર તમારી આબરૂ કે બદઆબરૂ નથી, પરન્તુ તમે લીધેલ પ્રભુવેશને છાજતી આજ્ઞાઓના પાલન ઉપર જ એનો આધાર છે.' પણ આજના કેટલાક શ્રાવકો તો સાધુઓના સમ્યક્ત્વને પણ લૂંટનારા થયા છે, કારણ કે-તેઓ એમ માનતા થઈ ગયા છે કે-'એમને માનપાન આપે એ સાધુ અને ન આપે એ સાધુ નહિ :' અને એથી સારા સાધુમાં દોષ ન હોય તો પણ તે દોષને ઉપજાવી કાઢવામાં તેમને વાર નથી લાગતી.

♦♦♦

આજે જેવી 'દુઃખ ન જોઈએ અને સુખ જોઈએ.'- એની લત લાગેલી છે, તેવી લત જો મોક્ષની લાગી જાય, તો 'હવે મોક્ષ અવશ્ય મળવાનો.'- એમ નક્કી થઈ જાય.

♦♦♦

આજે જમાનાના નામે ઉચ્છૃંખલતાની ઉપાસનામાં પડેલો વર્ગ, મહાસતીઓના ઉત્તમ આદર્શ પ્રત્યે દષ્ટિપાત કરવા જેટલી પણ યોગ્યતા ધરાવી શકે તેમ નથી.

♦♦♦

આજે જે ધાંધલ કે ઘોંઘાટ થઈ રહેલ છે, તેનું મોટામાં મોટું કારણ કોઈ પણ હોય, તો તે બીજું કોઈ નહિ પણ કેવળ ધર્મના શિક્ષણનો અભાવ છે.

♦♦♦

આજે જે સ્થિતિ પ્રવર્તી રહી છે, તેમાં તો વકતા અને શ્રોતા-બન્નેને અંગે ઘણું કહેવા જેવું છે. વક્તાઓ પોતાની જવાબદારી ભૂલે અને શ્રોતાઓ કેવલ પૌદ્‌ગલિક દષ્ટિવાળા હોય, એટલે મોટો અનર્થ ઉત્પન્ન થયા વિના રહે નહિ. આવા વક્તાઓ અને આવા શ્રોતાઓ આજે વધતા જાય છે. તમારે એથી બચવા માટે એક વાત નિશ્ચિત કરી લેવી જોઇએ કે- તમે ધર્મસ્થાનોમાં આવો છો તે પૌદ્‌ગલિક ઋદ્ધિસિદ્ધિ મેળવવાને માટે નથી આવતા, દુનિયાદારીમાં લાલ-પીળા થઈને મોજથી મોટરો દોડાવી શકાય એવી સાહ્યબી મેળવવાને માટે નથી આવતા, બૈરાં-છોકરાં મેળવવાને માટે નથી આવતા, ધર્મી કહેવડાવવાને માટે એટલે ધર્મીપણાની કૃત્રિમ નામના મેળવવાની લાલચે નથી આવતા, મહારાજનું માન સાચવવા કે તમારૂં સ્થાન સાચવવા નથી આવતા, પણ ધર્મસ્થાનોમાં તમે આવો છો તે કેવળ તમારા આત્માના ગુણોને ખીલવવાને માટે જ આવો છો સંસારથી મૂકાવું છે અનેમોક્ષસુખ જોઇએ છે માટે આવો છો. સંસાર તમને ઝેર જેવો લાગે છે માટે આવો છો. સંસારની કોઈ પણ વસ્તુનો તમારી સાથે યોગ ન રહે, એવી સ્થિતિ મેળવવાને માટે આવો છો. તમારી જો આ દશા હોય, તો કોઈ ધર્મદેશક જવાબદારી ભૂલે તોય તમે ઉન્માર્ગે જતાં બચી શકો.

◆◆◆

આજના કેટલાકો કહે છે કે-‘કોઈનો દોઢ તો કોઇનો અડધો ગૂન્હો ન હોય તો તકરાર થાય જ નહિ !’ પરંતુ તેઓ એટલું પણ સમજતા નથી કે-તકરાર ન થાય એ બને, પરન્તુ સામો દુર્જન હોય તો વિના કારણે પણ તેનામાં વૈરવૃત્તિ જાગૃત થઈ જાયઃ એ પ્રતાપ એની દુર્જનતાનો છે. આમ છતાં-‘ એમાં પણ સજ્જનોનો અડધોય ગુન્હો તો ખરોને ?’-એમ કહેનારાઓનું અજ્ઞાન દયાપાત્ર છે.

◆◆◆

આજના કેટલાકો તો બીજાના અનાચારને આગળ ધરીને, પોતાના અનાચારનો બચાવ કરતા થઈ ગયા છે અને એથી તેઓ અનાચારથી પાછા હઠવાને બદલે, દિનપ્રતિદિન અનાચારના પૂરમાં જ વધુ ને વધુ ઘસડાતા જાય છે.

◆◆◆

આત્મા, આત્માના ગુણો અને આત્માના ગુણોને ખીલવનારી સામગ્રી- એ બધા ઉપર એવો રાગ કેળવાઇ જવો જોઇએ, કે જે રાગ તેની આડે આવનારી વસ્તુઓ ઉપર કારમો દ્વેષ ઉત્પન્ન કરી દે ! કર્મસત્તા અને કર્મસત્તાના યોગે આવેલા અજ્ઞાનાદિ દોષો ઉપર જ્યાં સુધી કારમો દ્વેષ નહિ પ્રગટે, ત્યાં સુધી આત્મા અનંતી શક્તિનો સ્વામી હોવા છતા પણ, અનંતી શક્તિ સત્તાગત રહેવાની અને નામદાર પામર બન્યા રહેવાના !

♦♦♦

આત્મચિંતામાં દ્રવ્યાનુયોગ, એ અનુપમ અનુયોગનો ખજાનો છે. એની વિચારણાથી આત્મા ખૂબ જ પ્રસન્ન રહી શકે છે. આત્મા અને પુદ્‌ગલના વિકાર અને વિકાસનો અનુપમ ખ્યાલ આપવા માટે એ સુંદરમાં સુંદર અભ્યાસની વસ્તુ છે.

♦♦♦

આત્મા જે રીતિએ અહીં જન્મ્યો અને હાલ જીવે છે, તે રીતિએ જન્મવાને અને જીવવાને આત્માને જવા દેવો છે કે કોઈ બીજી રીતિએ જવા દેવો છે ? અત્યારની જન્મવાની અને જીવવાની રીત તમને પસંદ છે ખરી? તમે કેવી રીતિએ જન્મ્યા ? ઘણા કહેશે કે-તેની ખબર નથી. ત્યારે કેવી રીતિએ જીવો છો ? એમાંય કહેવું પડશે કે-સંયોગો જીવાડે તેમ. આવી રીતિએ પણ અહીં જીવવાનું કયાં સુધી ? કોઈ કહેશે કે- જીવાડે ત્યાં સુધી; અને કોઇ કહેશે કે-કુદરતને ગમે ત્યાં સુધી; પણ 'અહીં હું સદાકાળ રહેવાનો છું.'-એવું તો કોઈ જ નહિ કહી શકે. ભવિષ્યના, જન્માન્તરના જીવનની બાબતમાં ઉપેક્ષા હોવા છતાં પણ, અહીં સદા કાળ જીવાશે તો નહિ જ, અવશ્ય મરવું પડશે, આ બાબતમાં તો સૌને 'હા' જ પાડવી પડશે.

♦♦♦

આત્મા જ્યાં સુધી સર્વથા વિષય-કષાયનો ત્યાગ ન કરી શકે, ત્યાં સુધી તેણે વિષય-કષાયને મન્દ પાડવાની પ્રવૃત્તિ તો જરૂર કરવી જોઇએ. અલ્પવિષયી અને અલ્પકષાયી આત્માઓ, અમૂક અમૂક સંયોગોમાં વિષય અને કષાયને આધીન થઇ જાય એ અસંભવિત નથી, પરન્તુ બીજાું કોઇ સારૂં નિમિત્ત-પ્રાપ્ત થતાં કે સંયોગો પલટાઇ જતાં, તે આત્માઓ પોતાની તે તે વિષય-કષાયની પ્રવૃત્તિથી દુઃખ અનુભવે છે.

♦♦♦

આત્મા જે ધર્મક્રિયા કરવા બેસે તેના પરિણામમાં રક્ત બની જાય ત્યારે ગુણ પ્રગટ થાય : ત્યાં સુધી પ્રગટ નહિ થાય

◆◆◆

આત્માઓ જેટલી અર્થકામની ગુલામી ભોગવે છે, તેવું મોક્ષના ઈરાદાથી ધર્મસેવામાં આત્મસમર્પણ કરી દે, તો કેવું સુંદર પરિણામ આવે ? પણ એ ઘણું જ દુષ્કર છે.

◆◆◆

આત્માએ બની શકે ત્યાં સુધી કામના વિચાર માત્રથી પણ દૂર રહેવું : એવા મલિન વિચાર આવી જાય તો પણ એવા વિચારોને રોકવા પ્રયત્ન કરવો : એવા વખતે આધ્યાત્મિક ગ્રંથો વાંચવા અને સંસારના તેમ મલમૂત્ર તથા હાડચામથી ભરેલા શરીરના સ્વરૂપનો વિચાર કરવો.

◆◆◆

આત્માહિતની દષ્ટિએ, જે વસ્તુ સાંભળવા યોગ્ય હોય, તે પ્રશંસાને યોગ્ય પણ હોય જ. આપણે જોયું કે-સાંભળવા યોગ્ય શ્રી સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં વચનો છે ! તો, પ્રશંસવાને યોગ્ય પણ, શ્રી વીતરાગ પરમાત્માએ કહેલાં વચનો છે અને શ્રી વીતરાગ પરમાત્માનાં વચનોએ જ ફરમાવેલ જે સમ્યગ્દર્શન-સમ્યગજ્ઞાન અને સમ્યકચારિત્ર, એ પણ પ્રશંસાને પાત્ર છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ ત્રણેય આત્માના ગુણો છે. આત્માના એ ગુણો પ્રશંસવા યોગ્ય છે, માટે એ ત્રણને ધરનારા પુણ્યાત્માઓ પણ પ્રશંસવા યોગ્ય ઠરે છે.

◆◆◆

આત્મા ઓળખાય, મોક્ષના સ્વરૂપનો ખ્યાલ આવે અને પોતાના એવા સ્વરૂપને પ્રગટાવવાનું મન થાય. તો મોક્ષના ઉપાયની અને મોક્ષના ઉપાયને આદરવાને માટેના ઉપાયોની વાત પલ્લે પડે ને ?

◆◆◆

આત્મા સર્વથા શરીરધારી ન હોય, તો એને કોઈ દુઃખ સંભવે ? નહિ જ; પણ સંસારમાં છીએ ત્યાં સુધી શરીરનો યોગ રહેવાનો જ. એટલે જ, એમ થાય કે-'કયારે હું મોક્ષ પામું, કે જેથી મને શરીરનો યોગ પણ હોય નહિ !'

◆◆◆

આત્મસુખ જ એક નિર્દોષ સુખ છે, કારણ કે-તેની સાધનામાં પણ હિંસાદિ પાપોને સ્થાન નથી તેમજ તેનો ભોગવટો પણ હિંસાદિ પાપોથી રહિત છે.

♦♦♦

આત્માની દષ્ટિ આવવી જોઈએ. જેને પાપથી બચવાનું મન નથી, તેને ગમે તેટલા જ્ઞાને પણ મોક્ષ મેળવવાનું મન થાય નહિ; અને જે જ્ઞાનથી મોક્ષ મેળવવાનું મન થાય નહિ, તે ગમે તેટલું વિશાળ પણ જ્ઞાન હોય તોય તે અજ્ઞાન કોટિનું છે.

♦♦♦

આત્મા છે, પરલોક છે, એવી કેવળ વાયડી વાતો કરે, પણ ન દેવની ઉપાસના કે ન ગુરૂની ઉપાસના, એને આસ્તિક કેમ કહેવા ? બુદ્ધિ મુજબ ચાલનારામાં આસ્થા રહે છે કયાં ? આસ્તિક એનું નામ છે કે-કોઈ પણ મહાપુરૂષના વચન ઉપર આસ્થા રાખીને ચાલે. જો અસ્તિ-અસ્તિ કીધે જ આસ્તિક બની જવાતું હોય તો ઉત્તમ ઉત્તમ ધનપાલ, લક્ષ્મીચંદ એવાં નામ આપો, એટલે એ બધાનાં ઘર ભરાઈ જવાનાં ? અસ્તિ એમ માનનારને આસ્તિક કહેવાય, તો જેમકે-ચાલે એ ગાય, તો જેટલા ચાલે એટલા ગાય કહેવાય ? જેટલું પીળું એટલું સોનું કહેવાય ? જેટલું દૂધ એટલું પીવાય ખરૂં? આકડાનું પણ દૂધ કહેવાય છે ને ? નહિ તો ધર્મીપણાની પ્રતીતિ કરાવવા માટે માનવું પડશે કે-વિષયધનાદિની સામગ્રીથી અલિપ્ત ન રહી શકતી હોય તે બુદ્ધિ નકામી છે.

♦♦♦

આત્મશુદ્ધિનો પહેલામાં પહેલો ઉપાય મતિ કેળવવી એ છે. એક માણસાઈ આવી જશે, તો બધા ઉપાયો સહેલાઈથી આવીને ઉભા રહેશે.

♦♦♦

આત્મશુદ્ધિ કે આત્મગુણો જેનું ધ્યેય નથી, એનો ત્યાગ ત્યાગ તરીકે વાંઝીયો છે.

♦♦♦

આત્મા છે ?'-એમાં હા પાડે અને 'હું આત્મા છું માટે મારું કર્તવ્ય શું છે ?'-એનો સ્વપ્નમાંય વિચાર કરે નહિ, તો એ 'હા' કામની કહેવાય ?

♦♦♦

આત્મા મોક્ષનું ધ્યેય નક્કી કરી લે, આ ઉત્તમ મનુષ્યભવ પામીને સંયમ દ્વારા સિદ્ધિની સાધના કરવાનું ધ્યેય ચોક્કસ કરી લે, મન-વચન-કાયાના યોગોને મોક્ષના માર્ગરૂપ રત્નત્રયીની આરાધનામાં એકતાન બનાવી દે. અને એ રત્નત્રયીની આરાધના કરતાં બીજો વિચાર કરવાનું તજે, બીજું બોલવાનું તજે કે બીજી પ્રવૃત્તિ કરવાનું તજે, તો સિદ્ધિની સાધના કેવીક થાય ? ખરેખર, એવા સાધકોથી સિદ્ધિ દૂર રહી શકતી જ નથી.

◆◆◆

આત્માનંદી આત્મા ધર્મને ભદ્રંકર માને છે અને ભવને ભયંકર માને છે ત્યારે પુદ્ગલાનંદી આત્મા ભવને ભદ્રંકર માને અને ધર્મને ભયંકર માને છે.

◆◆◆

આત્મસ્વભાવને દબાવનારી જેટલી જેટલી પ્રવૃત્તિ, ભાવના અને પરિણામ છે, તેનાથી વિપરિત, એ દબાઈ ગયેલા આત્મસ્વભાવને પ્રગટ કરનારી જેટલી જેટલી પ્રવૃત્તિ, પરિણામ અને ભાવના, એનેજ વીતરાગના શાસનમાં સાધનધર્મ માનેલો છે.

◆◆◆

આત્મ-સ્વભાવમાં રમણ કરવું, એ ઉત્તમમાં ઉત્તમ કોટિનું શીલ છે.

◆◆◆

આત્મશાંતિનો નાશ કરનારી જે ચિંતા, તેનાથી તે જ આત્માઓ બચી શકે છે, કે જે આત્માઓ સંસારની લાલસા માત્રને પણ પાપ માની તેનાથી બચવા માટે અનંતજ્ઞાનિઓએ ફરમાવેલા એક મોક્ષમાર્ગની જ આરાધનામાં રક્ત બને છે.

◆◆◆

આત્માના સ્વરૂપને યથાસ્થિતપણે ઓળખનારા આત્માની વૃત્તિ, સહજ રીતિએ જ ઉત્તમ બની જાય છે.

◆◆◆

આત્મકલ્યાણને માટે તમે સહનશીલ બનો તો સંસાર કરતાં સંયમની સાધના તમને સુલભ લાગ્યા વિના રહે નહિ.

◆◆◆

આત્મકલ્યાણની સાધનાના સ્થાનોમાં અલમસ્ત શરીરવાળા કે

શ્રીમંતોજ આવે, એવો કાયદો નથી.

♦♦♦

આત્મકલ્યાણના માર્ગની આડે કોઈ પણ આવે, તે સમયે જેટલી શક્તિ હોય તેટલી વિવેકપૂર્વક અજમાવી લેવી જોઈએ.

♦♦♦

આત્મા નિત્ય છે ?'-એવું પૂછો તો હા પાડે; 'આત્મા માનવ બને, દેવ બને, નારક બને કે તિર્યંચ બને, પણ આત્મા તરીકે તો એ કાયમ જ રહે ને ?' એમ પૂછીએ તો એમાંય હા પાડે; પણ 'નિત્ય એવા મારે આ નિત્યની ઉપાધિ પાલવે કેમ ?'-એવા તો એને વિચાર જ આવે નહિ. તો હા પાડવાને બદલે એ જો સમજવાનો પ્રયત્ન કરતો હોય તો સારૂં ને ?

♦♦♦

આત્માના અનંત ભાવરત્નો ગુમ થઇ ગયાં છે. એનેજ મેળવવાની મહેનતમાં યોગ્ય આત્માઓ રહે છે.

♦♦♦

આત્માના ગુણો બાહ્ય વસ્તુથી દબાયા છે તેને પ્રગટ કરવા માટે બાહ્ય સાધનોની જરૂર રહેવાની જ છે.

♦♦♦

આ જીવિતવ્ય પણ વિજળીના ઝબકારાની માફક અસ્થિર અને અસાર છેઃ અને સ્વજનાદિનો સંબંધ પણ એવો જ છે : માટે સંસારમાં સારબુદ્ધિ છોડી, જેનું ફળ મોક્ષ છે તે શુદ્ધ ધર્મ રૂપ જે જિનકથિત ચારિત્રધર્મ, તે સેવવો એમાં જ ડહાપણ છે.

♦♦♦

આજે સંસારમાં જેઓ સુખી હોય તેઓએ ગર્વ કરવા જેવું નથી, તેમ દુઃખી હોય તેઓએ સુખીની ઈર્ષ્યા કરવા જેવું નથી : એટલું જ નહિ, પણ-એવા સુખમાં આત્માએ લેપાઈ જવું એ પણ હાનિકર છે અને એવા દુઃખમાં આત્માએ વલોપાત કરવો એ પણ હાનિકર છે.

આજે સમયના નામે, જમાનાના નામે, શ્રી મહાવીરદેવની આજ્ઞાના નામે, જેઓ શાસન ઉપર હુમલાઓ કરી રહ્યા છે, તે બધા પોતાની જાતપરના હુમલા છે. અત્યારના કરતાં કેઇ ગુણા વિદ્વાનોએ નિહ્નવ બનીને શાસન

વિરૂદ્ધ પ્રયત્નો કર્યા. એ બધા પ્રયત્નો નાશ થયા, પ્રયત્નો કરનાર નાશ થયા, પણ શાસન જયવંત છે. એકવીસ હજાર વરસ સુધી જયવંત રહેવાનું છે, એમાં એમને જરાએ શંકા નથી.

◆◆◆

આ તે આર્યદેશ છે, કે જે દેશમાં અનેકાનેક ઉત્તમ આત્માઓ જન્મ્યા છે, અનેકાનેક આત્માઓએ જીવનની સાધના સુન્દર પ્રકારે સાધી છે અને ઉત્તમ પ્રકારના સિદ્ધાન્તો પ્રરૂપ્યા છે. આવા દેશની હવા સદાચારમય હોય.આર્યદેશનું ઉત્તમ વાતાવરણ ભૂંસ્યું ભૂંસાય નહિ તેવું હોય. આમ છતાં પણ, એ હવા, એ વાતાવરણની જો આર્યદેશમાં જન્મેલાઓને ઝાંખી ન થાય, તો સમજવું પડે કે-આર્યદેશની પ્રાપ્તિ જેટલું પુણ્ય મળ્યું, પણ આર્યદેશની સાચી અસર અનુભવવા જેટલું પુણ્ય મળ્યું નહી.

◆◆◆

આજે સુખી માણસો સ્નાત્ર ભણાવતા હોય તો કેટલી સામગ્રી મેળવે છે ? હમણાં તો એવી સગવડ છે ને કે-ભારતના કોઈ પણ ભાગમાંથી સુખી માણસ ધારે તો ઉત્તમ સામગ્રી મેળવી શકે ? હમણાં સારી લાગેલી અને મનગમતી માનેલી ચીજો વિમાનમાં મંગાવાય છે ખરી ? કોઈ કોઈ સુખી માણસો વિમાનમાં ખાવાની ચીજો મંગાવીને ખાય છે ખરા ? એમ કોઈ સુખી ભક્ત એવો જન્મ્યો છે કે-જે ચીજ કલકત્તામાં જ સારી મળતી હોય, તે ચીજ મુંબઈમાં મંગાવીને ભગવાનની ભક્તિમાં વાપરતો હોય !

◆◆◆

આજે શિક્ષકો અને પ્રોફેસરો એવા છે ખરા, કે જેમણે પૂછયું હોય કે-અહીં ભણીનેતમે ડીગ્રી લેવા આવ્યા છો, પણ આ ભણવા પાછળ તમારો ખરો આશય કયો છે ? માનવી તરીકે તમારે શું શીખવું જોઈએ, એ પૂછે અને ભણાવે ?

◆◆◆

આજે શેઠીયાઓ મોટે ભાગે કહે છે કે-'શું અમારી ઉપર જીવે છે ? અમે અમારા ભાગ્યનું પામ્યા છીએ, તેમાં અમારી સામે એમની આંખો કેમ? એમના ભાગ્યમાં નહિ હોય, એમનુ નસીબ ભીખ માંગવાનું હશે, તે ભીખ માગતા હશે !' આવા ઉદ્‌ગારો કયા અંતરથી નીકળતા હશે ?

◆◆◆

આ તો શાસ્ત્રના જ્ઞાનની વાત છે, પણ દુન્યવી શિક્ષણ પામેલોય જો વ્યવહારમાં સમજતો નથી અને કયા અવસરે કયાં કેમ વર્તવું જોઈએ એ સમજતો નથી, તો એ ગમે તેટલી ડાહી ડાહી વાતો કરતો હોય તોપણ, 'એ ગધેડા જેવો છે.'-એમ કહેવાય છે. કલકત્તામાં વર્ષો પહેલાં બનેલો એક બનાવ સાંભળ્યો છે. એક આધુનિક શિક્ષણ પામીને પાસ થયેલો જુવાનિયો, કોટ-પેન્ટ-હૅટ પહેરેલો, તે એક નાનકડી બૅગ સાથે કલકત્તાના સ્ટેશને ટ્રેઈનમાંથી ઉતર્યો અને બૅગ ઉપાડવા માટે કુલી કુલી કરવા લાગ્યો. અંગ્રેજી શિક્ષણની એ કાળમાં તો બહુ કિંમત અંકાતી. ભણેલા થોડા મળે ને જરૂર ઘણાની હતી એથી ! આજે તો ભણેલા ઢોલે પીટાય છે. આજના ભણતરવાળાની કિંમત ઘણી ઉડી ગઈ છે. તે કાળમાં એ ભણતરની જે કિંમત હતી તે આજે રહી નથી. છતાં તમારો એ કેળવણીનો મોહ જતો નથી ને ? એ જુવાનિયો કલકત્તાના સ્ટેશને ઉતરીને કુલી શોધે છે પણ કુલી મળતો નથી, એટલે ત્યાં ને ત્યાં ઉભો રહે છે. આખું સ્ટેશન ખાલી જેવું થઈ જાય છે પણ એ ખસતો નથી. બૅગમાં કાંઈ ખાસ વજન નથી કે જેથી એ ઉપડી શકે નહિ, પણ બૅગ જાતે ઉપાડાય ? એટીકેટમાં કાણું પડે ને ? એ જાુવાનિયો કુલીની રાહ જોતો ઉભો છે, ત્યાં એને ત્યાંના એક દેશનાયક ગણાતા માણસે જોયો. એ સમજી ગયો કે-આ ભણેલો ડોબો માત્ર આટલું પાંચ શેર વજન ઉપાડીનેય જઈ શકતો નથી. પેલો માણસ દેશનાયક ગણાતો હોવા છતાં પણ સાદા વેષમાં રહેતો હતો. એણે કુલીની રાહ જોઈએ ઉભેલા જાુવાનિયા પાસે આવીને પૂછ્યું કે-કેમ હજાુ ઉભા રહ્યા છો ? જાુવાનિયો કહે છે કે-આ બૅગ માટે કુલીની રાહ જોઉ છું. પેલો માણસ કહે છે કે-કોઈ કુલી તો જણાતો નથી, પણ લાવોને હું જ તમારી બૅગ ઉપાડી લઉં ! જાુવાનિયાએ એ માણસને બૅગ આપીને પછી સાથે ચાલવા માંડયું. એ માણસે એને સ્થાને પહોંચાડી દીધો અને જાુવાનિયાએ મજાુરી આપવા માંડી તે લીધી નહિ. પછી એ જાુવાનિયાને જ્યારે ખબર પડી કે-એ માણસ કોણ હતો, ત્યારે તો એનો પસીનો છૂટી ગયો. જેને મળવાને એ આવ્યો હતો અને જેની મહેરબાની થાય તો એને નોકરી મળવાની હતી, એ જ એ બૅગ ઉપાડી લેનાર માણસ હતો.

◆◆◆

આત્માને ઓળખ્યા વિના મનુષ્ય-જીવનની સાર્થકતા સાધી શકાય એ શકય નથી.

♦♦♦

આત્મા એ જ દુર્દમ છે. જો એના પર અંકુશ આવી જાય તો જગત્‌માં એવી કોઇ શક્તિ નથી કે જે આપણને દુઃખ આપી જાય.

♦♦♦

આજના સારા સારા ગણાતા માણસો પાસેથી તેમની મોટાઇ માટે પાંચ-પચીસ લાખ રૂપીયા પેઢીઓ, અને મોટી લાગવગો સિવાય એની નોંધમાંથી પ્રાયઃ બીજું કાંઇ નહિ મળે.

♦♦♦

આજના સંસારરસિક સ્નેહીઓએ દીક્ષા લેવા માટે અનુમતિ માગવી એ યાદ રાખ્યું છે, પણ વડીલોએ આપવી એ યાદ રાખ્યું નથી !

♦♦♦

આજનો વ્યભિચારી બાલવયમાં થતા બ્રહ્મચારિને બેવકૂફ કહેવાની, યુવાનવયે થતા બ્રહ્મચારિને વીર્યહીન કહેવાની અને વૃદ્ધવયે થતા બ્રહ્મચારિને પરવારી બેઠેલો કહેવાની ધૃષ્ટતા કરતાં પણ લાજે તેમ નથી : અને આજનો કરપીણ કૃપણ પોતાની સાથે વસતા ઉદાર દીલના આત્માની કીર્તિને ઢાંકી દેવા માટે, ગમે તે કહેતાં કે કરતાં જરા ય આંચકો ખાય તેમ નથી. આજે આવી ભયંકર રીતિએ ગુણોનો દ્રોહ થઇ રહ્યો છે અને ગમે તેમ કરીને ગુણવાન આત્માઓને હલકા પાડવાના પ્રચારકાર્યો ચાલી રહ્યાં છે ! નીતિમાનને હલકા પાડનારા અનિતિમાનોનો આજે સુમાર નથી ! આજે હિંસા, અસત્ય, ચોરી અને કાવા-દાવાથી પોતાનું પેટ ભરનારો પણ, પવિત્ર સાધુઓ માટે ખુશીની સાથે એલફેલ મનગમતું બોલી શકે છે. 'આવું અધમ બોલતાં તેને વિચાર પણ નથી આવતો ?'-આમે જો કોઇ કહે, તો તેના ઉત્તરમાં ઉદ્દામ વૃત્તિથી, જરા પણ ભય વિના, તે બોલી ઉઠે કે-'કેમ ન બોલીએ ?' સાધુઓ તો જગતને માટે ભારભૂત છે.' આવું બોલનારા આજે ઘણા છે.

♦♦♦

આજે દુન્યવી હિત માટે જેટલું સહન થાય છે, તેટલું પણ જો સ્વપરના આત્મિક હિત માટે સહન થાય તો ધાર્યું કાર્ય સિદ્ધ થાય અને દુનિયા અનેક ખોટી આફતોમાંથી બચે, તથા તેનું ભવિષ્ય રૂડું બને : પણ શુભોદય અને

તથાવિધ ભવ્યતાનો પરિપાક થયા વિના એ બને જ શાનું ?

◆◆◆

આજે ધર્મના વિચારો ગૃહસ્થોનાં કુળોમાંથી નાશ પામતા જાય છે : ધર્મના વિચારો અને ધર્મની ભાવના દિવસે દિવસે ઘસાતી જાય છે : કારણ કે- ઉત્તમ પ્રકારની માન્યતાઓ પ્રત્યે દિવસે દિવસે અરૂચિ થતી જાય છે.

◆◆◆

આજે દેહનો ઉપયોગ શામાં થઇ રહ્યો છે ? જેમ બુદ્ધિ અર્થ અને કામની સાધના પાછળ રોકાઇ ગઈ છે, તેમ દેહ પણ અર્થ અને કામની સાધનામાં વપરાઈ રહ્યો છે. દેહ નાશવન્ત છે અને દેહમાં રહેલો આત્મા શાશ્વત છે, એ ભૂલીને દેહની સેવા એવી બની ગઇ છે, કે જેથી મહીં રહેલા આત્માનું કારમું અહિત થાય. આ દેહ અહીં રહેવાનો છે અને આત્મા અન્યત્ર ચાલ્યો જવાનો છે. એની તમને ખબર નથી ? ખબર તો છે. પણ આત્માની વાસ્તવિક દરકાર નથી. એના જ યોગે જે દેહ દ્વારા અનાહારી પદ પ્રાપ્ત કરવા માટે વ્રતપાલન થવું જોઈએ, તે જ દેહ દ્વારા આહારાદિમાં લુબ્ધ બનાય છે.

◆◆◆

આજે ધર્મ જે થઇ રહ્યો છે તે ધ્યેય ભૂલાઇને થઇ રહ્યો છે એથી જ સંસારમાંથી નીકળવાની ઇચ્છા થતી નથી અન્યથા સંસારમાં રહેવાની ઇચ્છા હોય જ નહિ.

◆◆◆

આજે ધર્મની આરાધના કરવા માટેની વાત આવે, ત્યારે બેકારી અને પેટ-પૂરતા અનાજની બૂમો પાડનારાઓની તપાસ કરો, તો જણાશે કે- માત્ર પેટ પૂરતા અનાજની જ તેમને અપેક્ષા છે અને એટલું જો મળી જાય, તો તેઓ બાકીનો સમય ધર્મચર્ચામાં અને ધર્મક્રિયામાં ગાળવા તૈયાર છે, એમ છે જ નહિ.

◆◆◆

આજે પોતાની ઈચ્છા ઉપર એટલો મદાર બંધાઇ ગયો છે કે અનંતજ્ઞાનીઓની આજ્ઞા ઉપર વિચાર કરવાની પણ કોઇને ફુરસદ નથી.

◆◆◆

આજે ધર્મની સાધના પણ પ્રાયઃ દુનિયાદારીની સાધનામાં જ મનાઈ રહી છે !

◆◆◆

આજે પોતાની નામના અને પ્રસિદ્ધિ માટે સૌ કોઈ પ્રયત્ન કરે છે જ્યારે પોતે જેનાથી ગુણ પામ્યો છે તેને તો મોટો ભાગ ભૂલી ગયો છે.

◆◆◆

આજે પણ એવા ઘણા જોવાય છે, કે જેઓ પોતાની દુષ્ટદાનતો બર નહિ આવવાથી, સજ્જનોને પણ દુર્જનો તરીકે ચીતરવાની ધૃષ્ટતા સેવે છે. જેમનું લૂણ એમની નસોમાં વહેતા રક્તમાં ભળેલું છે, તેમને પણ અનેક પ્રકારે રંજાડે છે !

◆◆◆

આજે પણ ઘણા ભાનભૂલાઓ, કોઈ સજ્જનનામૌનનો એવો અર્થ કરે છે કે-શક્તિ નથી, નહિતર બોલ્યા વિના રહે ? પરન્તુ સજ્જન પુરૂષો અંગત આક્ષેપોની સામે મૌન જ રહે છે. સામાની અધમતા ઉપર દયા લાવે છે. એવા દુર્જનોની સાથે જો સજ્જનો પણ દુર્જન બનતા હોય, તો પછી સજ્જન-દુર્જનમાં તફાવત શો રહે ?

◆◆◆

આજે પ્રાયઃ ભોગ સામગ્રી પ્રતિકૂળ છે કારણ કે-ભોગીને ભોગની પૂંઠે ફરવું પડે છે જ્યારે પૂર્વકાળમાં દૃષ્ટાંત સાંભળીએ છીએ ત્યારે જણાય છે કે-ભોગીની પૂંઠે ભોગ ફરતા હતા. આજનો ભોગી ભોગનો ગુલામ છે જ્યારે પૂર્વકાળમાં ભોગ એ ભોગીના ગુલામ હતા. એ સ્થિતિ પામવાનો એક જ રસ્તો છે કે-ભોગને રોગ માનવા અને હરેક ધર્મક્રિયા નિરાશંસભાવે કરવી.

◆◆◆

આજે માનવી મોટે ભાગે આશાના અન્ધારપટની અથડામણ અનુભવી રહ્યો છે અને પ્રકાશવન્ત પુરૂષાર્થથી લગભગ પર જેવો બની ગયો છે. એને લઈને એ પોતાના કિંમતી જન્મથી જે સાધવા જેવું છે તે સાધતો તો નથી, પણ મોટે ભાગે એ તરફ એનું લક્ષ્ય પણ દોરાયું નથી.

◆◆◆

આજે શ્રી વીતરાગ પરમાત્માની દ્રવ્ય સેવા કરનારા હજી પણ કાંઈક

મોટી સંખ્યામાં મળી આવે, પણ જેમનું હૈયું શ્રી જિનની આજ્ઞા પ્રતિ સમર્પિત છે-એવા આત્માઓની જો શોધ કરવામાં આવે, તો બારીકાઈથી શોધ કરનારને પણ એવા આત્માઓ ઘણી નાની સંખ્યામાં મળી આવે અથવા તો વિરલ આત્માઓ જ એવા હોવાનો એને અનુભવ થવા પામે, એવી સ્થિતિ આજે પેદા થઈ જવા પામી છે.

◆◆◆

આજે લોક એમ કહે છે કે-'દુ:ખ ટાળો !'પણ એ કાંઇ કાપીને આઘું મૂકાય એમ છે ? નહિ જ. કોઈનું પણ દુ:ખ જોઈ જે આનંદ પામે, તે મનુષ્ય નથી- એ વાત સાચી છે, એટલે કોઈના પણ દુ:ખનો નાશ કરવાની ભાવના હોવી જોઈએ; પણ દુ:ખનો નાશ કરવાની ભાવના હોય તો પણ કરવાનું શું? દુ:ખના નાશનો એક જ ઉપાય છે, કે જે જ્ઞાનિઓએ જોયો છે : અને તે એ કે-એ દુ:ખના નિદાન ઉપર ઘા પડવો જોઇએ. આથી નિશ્ચિત કરવું જોઈએ કે-દુ:ખનું મૂળ શું છે ? અને તે મૂળ છે-'અર્થ-કામની આસક્તિ !'

◆◆◆

આજે વર્તમાનમાં એ સ્થિતિ છે કે- ખાધે-પીધે સહુ સુખી અને ધર્મની વાતમાં સહુ દુ:ખી.

◆◆◆

જે પુણ્ય વિષય-કષાયને રોગ ન માનવા દે, તે પાપાનુબંધી પુણ્યનો પ્રકાર છે. આવા પુણ્યના ઉદયે મળતી સંપત્તિ એટલે હળાહળથી મિશ્રિત દુધનો કટોરો.

◆◆◆

આજે મોટે ભાગે એવું જણાય છે કે-જે લોકો કોઈ ને કોઈ મોટા સ્થાને બેઠેલા છે, તેમની પાસે જેટલી સત્તા અથવા તો જેટલી સામગ્રી છે, તેનો ઉપયોગ તેઓ પ્રાય:પાપ માટે કરે છે. આજે બહુલતયા એવું થઇ ગયું છે કે-પાપ કોણ ન કરે ? જે નબળો હોય, સામગ્રી વગરનો હોય, પકડાઈ જવાની બીકવાળો હોય, પકડાઈ જતાં બચાવ ન કરી શકે તેવો હોય અને બચાવ કરનાર જે ભાડુતીઓ મળે છે તેમને રોકી શકવાને અશક્ત હોય તે! બાકી તો, પાપ કરીને શાહ તરીકે ફરનારાઓ ઘણા છે. એથી, એક એ પણ નુકસાન થયું છે કે-સારા માણસોમાં ખોટા બહુ પેસી ગયા છે.

◆◆◆

આજે તો જેને જેને લાગે, તેણે તેણે પોતે જ પોતાથી શકય એટલો પ્રયત્ન કરવાનો રહે છે. પોતે સુધરવું, એ જ સૌથી પહેલી જરૂરી વાત છે.

◆◆◆

આજે શિક્ષકો અને પ્રોફેસરો એવા છે ખરા, કે જેમણે પૂછયું હોય કે- અહીં ભણીને તમે ડીગ્રી લેવા આવ્યા છો, પણ આ ભણવા પાછળ તમારો ખરો આશય કયો છે ? માનવી તરીકે તમારે શું શીખવું જોઈએ, એ પૂછે અને જણાવે, એવા વર્ગો છે ? કોલેજ છોડી, ત્યારે કહે છે ને કે-પાસ થયા તે બહુ સારૂં કર્યું ! પણ તમે શા માટે પાસ થયા અનેહવે તમે શું કરવાનો નિર્ણય કર્યો છે- એવું પૂછે, -જાણે અને પછી જણાવવા જોગું જણાવે, એવું છે? આજે કેળવણીની બાબતમાં વર્ષો થયાં વિમાસણ ચાલી રહી છે, વિચારણાઓ થઈ છે, પણ હજુ નિકાલ નથી આવ્યો. કેમ ? મૂળની ખામી પર હજુ જોઈએ તેવું લક્ષ્ય પણ ગયું નથી. ખરૂં શિક્ષણ સૌથી પહેલાં કોણ આપે ? માતા, પિતા અને વડિલો, પછી શિક્ષકો ભાષા વગેરે શીખવે અને મા-બાપે આપેલા શિક્ષણને પુષ્ટ બનાવે. પૂર્વકાળમા એવી શિક્ષણસંસ્થાઓ હતી. આજે કાંઈ એવી શિક્ષણસંસ્થાઓ સ્થપાય, એ શકય છે ?

◆◆◆

આત્માને પૂછો અને નક્કી કરો. જમાનો ને આગમ એ બેની અત્યારે દિશા તદ્દન જુદી છે. ખરે અત્યારે શું ! દરેક કાલમાં કહોને ! કયા કાલમાં વિષયકષાયની ધમાધમ નહોતી ? ચાલુ જ છે. જમાનો કહે છે કે- 'ઈચ્છાનુસાર જે ભાવના જાગે તેને આધીન થવામાં ધર્મ.' આગમ કહે છે કે- 'ઈચ્છાને આધીન થવામાં ધર્મ નથી, પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને આધીન થવામાં જ ધર્મ છે.' આને (આગમને) માનવા તૈયાર હો, તો ઈચ્છાને વેગળી મૂકી આ (આગમ) કહે તેમ કરવું પડશે. એમ કરવાની તૈયારી છે ? ભાવનાયે છે? ગમે ત્યારે, ગમે તે સંયોગોમાં એ કહેવા તૈયાર છો કે- ધર્મ તો એની આજ્ઞા શિવાય નથી જ ? આટલી વાસના આવે તો અનેક પાપો એની મેળે નાશ પામી જાય. વર્તાવમાં મૂકાશે ત્યારની વાત તો ત્યારે, પણ એ નિર્ણય કરો કે-મતિ-કલ્પનામાં ધર્મ નથી, પરંતુ ધર્મ તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં જ છે. આજ્ઞાનુસાર થાય તે ધર્મ, આજ્ઞા વિનાનું થાય એ વિરોધીપણું-આટલું નક્કી ન હોય તે જૈન નહિ. આટલું ન માને તે જિનનો અનુયાયી નહિ.

સાચા જૈન હો, (જાતિ તરીકેની વાત જૂદી છે), તો શક્તિ હોય તેટલું આજ્ઞાનુસાર વર્તવું, ન વર્તાય તો તેમાં પોતાની ખામી માનવી, પણ આજ્ઞાથી વિરૂદ્ધ બોલવાની કે વર્તવાની તૈયારી તો ન જ કરવી. આટલું ન હોય તો જુદે માર્ગે ઘસડાઇ જશો. શત્રુ પર જીત મેળવવી એ જૈનનું કામ. તે પણ આજ્ઞા મુજબ, આજ્ઞા આઘી મૂકીને નહિ.

♦♦♦

આત્માનો સ્વભાવ તે સાધ્ય ધર્મ છે અને તે સ્વભાવની ખીલવટનાં જેટલાં સાધન તે સાધન ધર્મ છે.

♦♦♦

આત્માનો સ્વભાવ જે રીતે જેના વડે પ્રગટે, તેને વીતરાગનું શાસન ધર્મ કહે છે.

♦♦♦

આત્માનો સ્વભાવ જ્યારે ઓળખાઇ જાય, જણાઈ જાય, પછી પર વસ્તુ આપોઆપ જણાઇ જાય.

♦♦♦

આત્માનો અનંતકાળથી દબાઇ ગયેલો સ્વભાવ પ્રગટ કરવાને સારામાં સારૂં, ઉંચામાં ઉચું અને મોટામાં મોટું કોઇ સાધન હોય, તો તે એક સર્વ વિરતિ જ છે.

♦♦♦

આત્માનું સ્વરૂપ રાગીપણું નથી પણ વીતરાગપણું છે એમ જેને ઓળખાઇ જાય તેને રાગીપણું કાઢવા અને વીતરાગપણું મેળવવા વીતરાગની પૂજા કરવી જ જોઇએ.

♦♦♦

આત્માદિ માનવાનો દંભ કરવા છતાં જેઓ દુનિયાના લોકોને આ લોકમાંજ લીન બનાવી દે છે અને પરલોક ભૂલાવી દે છે, તેના જેવા ભયંકર દુશ્મનો બીજા કોઇ જ નથી. ♦♦♦

આત્માથી પર વસ્તુને આધીન બનનારો આત્મા પોતાના મન, વચન કે કાયા ઉપર કાબૂ રાખી શકતો જ નથી.

♦♦♦

આત્મા દર્શનાભિમુખ નથી ત્યાં સુધી ઉપાલંભ કે ઉપદેશને યોગ્ય નથી. એ ધર્મને યોગ્ય હોય જ કયાંથી ?

◆◆◆

આત્મા રાજા પણ ધર્મથી થાય છે, બલદેવ પણ ધર્મથી થાય છે, અર્ધચક્રી પણ ધર્મથી થાય છે, ચક્રવર્તી પણ ધર્મથી થાય છે, દેવ પણ ધર્મથી થાય છે દેવેંદ્ર પણ ધર્મથી થાય છે. "ગ્રૈવેયક અને અનુત્તર" નામના દેવલોકમાં અહમિંદ્ર પણ ધર્મથી થાય છે ને અરિહંત પણ ધર્મથી જ થાય છે. અર્થાત્ આ સંસારની કોઈ પણ સારી વસ્તુ એવી નથી કે જે ધર્મના પ્રતાપે સિદ્ધ ના થતી હોય, કોઇ પણ સારી વસ્તુની પ્રાપ્તિ ધર્મના જ પ્રતાપે થાય છે.

◆◆◆

'આટલા મહાવ્રતધારી મુનિઓ-સાક્ષાત્ ત્યાગની મૂર્તિઓ જે સમાજમાં વિચરે, તે સમાજમાં દરિદ્રી-દુઃખી કેમ ? બસ, સાધુપણાનો મહિમા કાંઈ છે જ નહિ.'-આ કહેનારાને કહો કે જાઓ વૈદ્યને કહો કે તારે ત્યાં આટલા બાટલા અને હું રોગી કેમ ? ગામમાં આટલા ડૉકટર ને લોકોને અર્જીણ કેમ? એમ એમને પૂછો. દાણાબજારમાં અનાજનો પાર નથી અને લોકોને ત્યાં શેર આટોએ નથી એનું કેમ ? ઉલ્લંઠ પ્રશ્ન પૂછે તો પણ આપણે સીધી વાત કરવી. યોગ્ય હોય તો ઠેકાણે આવી જાય કે-આવી નાશવંતી ચીજોને જરૂરી માનીએ, તો આ તારક વસ્તુઓને કેમ નહિ ? પરંતુ કેવળ વિષય-સામગ્રીમાં જ જે સુખ માનનાર છે એની સાથે ધર્મની વાત કરવી, એ પણ નાહક લમણાફોડ કરવા જેવું છે.

◆◆◆

આત્માના હિતને કરનારી વાતો સાંભળવામાં તમારા કાન કેટલા તેજ છે ? અને, આત્માના અહિતને કરનારી વાતો સાંભળવાને માટે તો તમે બહેરા જ છો ને ? એવું બહેરાપણું લાવવાની ઈચ્છા છે ? એ માટે, કાનને બહેરા નહિ કરવા પડે, પણ આત્માને જાગૃત કરવો પડશે. જેનો આત્મા જાગૃત થાય, તે આપોઆપ એવી વાતોને સાંભળવાને માટે બધિર બની જાય.

◆◆◆

આત્માની સાથેનો જડ કર્મોનો પ્રવાહ રૂપે આનાદિનો યોગ સર્વથા ક્ષીણ ન થાય, ત્યાં સુધી આત્માનું શુદ્ધ સ્વરૂપ પણ સંપૂર્ણપણે પ્રગટે નહિ:

અને આત્મા જ્યાં સુધી પોતાના તે શુદ્ધ સ્વરૂપને સંપૂર્ણપણે પ્રગટાવે નહિ ત્યાં સુધી તે સુખમય શાશ્વત સ્થિતિને ભોગવનારો બની શકે પણ નહિ ! આથી અનન્તજ્ઞાનિઓએ પ્રાણિ માત્રને એ જ ઉપદેશ આપ્યો છે કે- “દુઃખના દ્વેષી અને સુખના અર્થી જીવોએ પોતાના આત્માના મૂળ સ્વરૂપને જ પ્રગટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.” આવો પ્રયત્ન કરવામાં જે કાંઈ સહાય રૂપ બની શકવાની લાયકાત ધરાવે છે, એને જ તીર્થ કહેવાય.

♦♦♦

આત્માની જે જેમ હોય તેને તે જ પ્રકારે સ્વીકારવાની શક્તિ ઉપરનું અને આત્માની જ્ઞાનશક્તિ ઉપરનું આવરણ હઠવાથી જે જ્ઞાન પ્રગટે તે જ્ઞાન અને પ્રાયોગિક જ્ઞાન, એ બેની તો તુલના પણ થઈ શકે નહિ.

♦♦♦

આત્માનો સ્વભાવ એ જ આત્માનો ધર્મ છે. ધર્મક્રિયાઓ આત્માના ધર્મને પ્રગટાવનારી છે, માટે જ ધર્મરૂપે વર્ણવાય છે. એ ક્રિયાઓ જો આત્માને કર્મના બન્ધનમાં જકડવા માટે થાય, તો ધર્મ રહ્યો ક્યાં ?

♦♦♦

આત્માને જેણે થોડે પણ અંશે પિછાન્યો છે, તેને,જ્યારે જ્યારે તે પોતાના સ્વરૂપ સંબંધી વિચાર કરે, ત્યારે ત્યારે ભાન થાય કે-‘મારી વર્તમાન હાલત મુસાફર જેવી છે. અહી હું કાંઈ સ્થિર થઈને રહી શકવાનો નથી. અન્યત્રથી હું આવ્યો છું અને અન્યત્ર મારે જવાનું છે. હું શાશ્વત છું, પણ મારે માટે અત્યારની સ્થિતિ શાશ્વત નથી.’

♦♦♦

આત્માને મારે કેવી અવસ્થા પમાડવી છે, એ વિષે તમે નથી તો વિચાર્યું ને નથી તો નિર્ણય કર્યો.

♦♦♦

આત્માને વીતરાગ શાસન નહિ પામવા દેવું, પામ્યા હોય તેને તેથી ચલિત કરવા, અને ચઢતાને ગબડાવી દેવા, એ મોહમગ્ન દુનિયાનો સ્વભાવ છે.

♦♦♦

આત્માને માટે જ જે વિદ્યાને ભણ્યો હોય છે, તેને એમ થાય છે કે- ‘પૌદ્‌ગલિક સ્વાર્થને માટે મારી વિદ્યાને નહિ અભડાવવી.’ પૂર્વે એવા ઘણા

દાખલા બન્યા છે કે - ભૂખ્યા રહે, ભીખ માગે, પણ વિદ્યાને વેચે નહિ. વાસ્તવિક રીતિએ વિદ્યાનાં દાન હોય, પણ વેચાણ ન હોય.

◆◆◆

આત્માને સંસારથી પરાઙ્મુખ બનાવનાર જ્ઞાન જ સમ્યગ્જ્ઞાનઃ નહિ કે-આત્માને સંસારમાં રસિક બનાવનાર જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહી શકાય.

◆◆◆

આત્માને સાચી રીતિએ ઓળખ્યો હોય, તો અવસરે ગાંડપણ ન આવે પણ સમતા ગુણ ટકી રહે.

◆◆◆

આત્માને ખરૂં બંધન તો સૂક્ષ્મ શરીરનું છે, કે જેને કાર્મણ શરીર કહેવામાં આવે છે. આત્મા સાથે એ કાર્મણ શરીરનો યોગ અનાદિ કાળથી છે અને એ યોગને લઈને જ આત્માને જન્માદિ લેવા પડે છે અને ભિન્ન ભિન્ન શરીરોને વેંઢારવાં પડે છે. કાર્મણ શરીરનો યોગ છે, માટે જ આપણો આત્મા એક શરીરમાં આવે છે ને પાછો એને મૂકીને બીજા શરીરને ગ્રહણ કરે છે. જૂનું જાય છે અને નવું લેવું પડે છે.

◆◆◆

આત્માને તારવાની જરૂર શાથી ઉભી થઈ ? આત્મા મૂળ સ્વરૂપે તો નિર્મલ છે, પણ માટીમાં એકમેક રૂપ બની ગયેલા સોના જેવી આત્માની દશા થઈ છે, માટે જ આત્માને તરવાની જરૂર ઉભી થઈ છે. આત્મા જડની સાથે એકમેક રૂપ થઈ ગયો છે, માટે તેનું મૂળ નિર્મલ સ્વરૂપ આવરાએલું છે. એ આવરણની મલિનતા, આત્મા જેવી નિર્મલ વસ્તુને સંસાર રૂપ સાગરમાં ડૂબાવે છે અને દુઃખી બનાવે છે. નિર્મલ સ્વરૂપવાળા આત્માને આવી મલિનતા વળગી કયારે ?- એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે : પણ જ્ઞાનિઓ ફરમાવે છે કે- 'એ મલિનતાનો યોગ આજ-કાલનો નથી, પણ અનાદિકાલનો છે.' આત્મા પહેલાં નિર્મલ હતો અને પછી મલિન બન્યો. એમ નથી. આત્મા સાથેનો જડ કર્મોનો યોગ અનાદિકાલનો જ છે. આત્માય અનાદિકાલથી છે, કર્મેય અનાદિકાલથી છે અને આત્મા સાથેનો કર્મોનો યોગ પણ પ્રવાહ રૂપે અનાદિકાલથી છે. કર્મ રૂપ જડનો યોગ આત્માની સાથે અનાદિકાલથી હોવાના કારણે જ, આત્માને તારવાની જરૂર ઉભી થઈ છે.

◆◆◆

'આત્માનો ધર્મ શું હોઈ શકે અને તેને ખીલવવા શું કરવું જોઈએ?'- એ જાણવાનું અને એનો અમલ કરવાનું અર્થિપણું જ્યાં સુધી નહિ જાગે, ત્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર નહિ થાય.

♦♦♦

આત્માનો વિકાસ થતો અટકે, એવી એક પણ આજ્ઞા શ્રી જિનેશ્વરદેવે કરી છે, એમ કોઈ બતાવે તો આપણે એને આજે છોડી દઈએ. પણ કોઈનાથી તે પૂરવાર થઈ શકે તેમ જ નથી.

♦♦♦

આપત્તિના પ્રસંગોને જાગૃતિના પ્રસંગો માનો.

♦♦♦

આપત્તિ સમયે પોતાના દોષો ભૂલી પારકા ઉપર જ આરોપ ઓઢાડવાની અજ્ઞાનિઓમાં એક કારમી ટેવ હોય છે.

♦♦♦

આપત્તિ આવે ત્યારે કર્મક્ષયની ઉત્તમ તક પ્રાપ્ત થઈ એમ સમજીને સમભાવમાં મસ્ત રહેવું, એ આવેલી આપત્તિની પાછળ અનેક આપત્તિઓને દૂર કરવાનો માર્ગ છે.

♦♦♦

આપણામાં ખામી છે, એ સમજીએ એમાં આપણો ઉદય કે આપણે આપણને ખામીવાળા હોવા છતાં પણ ખામી વિનાના માનીએ, એમાં આપણો ઉદય ?

♦♦♦

આપણને સૌ સારા કહે એ ગમે છે, પણ સારા થવાની કરણી ન હોય તો જેવા હોઈએ તેવા કહે એ મંજૂર નથી.

♦♦♦

આપણને જેમ આપણું ભલું થાય એ પસંદ છે અને ભૂંડું થાય એ પસંદ નથી, તેમ દુનિયાના પ્રાણી માત્રને પોતાનું ભલું થાય એ પસંદ છે પણ પોતાનું ભૂંડું થાય એ પસંદ નથી.

♦♦♦

આપણને એવી પ્રતીતિ થઈ જવી જોઈએ કે-દુનિયામાં બીજ

ક્યાંય સુખને માટે વલખાં મારવાં તે વસ્તુતઃ મૂર્ખાઈ સિવાય કાંઈ નથી. સુખ માટે શુદ્ધ ધર્મ સિવાય કોઈ સાચું સાધન નથી. આ દુનિયામાં જે કાંઈ પણ સારૂં કે શાતા ઉપજાવનારૂં હોય, તે બધું ધર્મથી છે. અને, એ સારૂં પામીને જે કોઈ ધર્મને ભૂલી જાય છે, તેથી સૂચન એ થાય છે કે-'એણે ધર્મ કરેલો પણ તે નિરાશંસભાવે કે મોક્ષના હેતુએ કરેલો નહિ. એટલે, એને એના ધર્માચરણથી જે પુણ્ય બંધાયેલું તે પાપાનુબંધી પુણ્ય બંધાયેલું,' પાપાનુબંધી પુણ્ય બાંધીને જે આવ્યા હોય, એવા જીવો દુન્યવી સુખ માટે તરફડયા કરતા હોય છે. એમને એમના પુણ્યના યોગે સુખની સામગ્રી ઘણી મળી હોય તો પણ, હૈયાથી તે રીબાયા કરતા હોય છે. અને, એથી મન, વચન અને કાયા દ્વારા એ એવાં એવાં કામ કરતા હોય છે અગર એવાં એવાં કામ કરવાના વિચારમાં ગરકાવ એ રહેતા હોય છે, કે જેને લઈને બંધાયેલા ભયંકર પાપના યોગે, ફરી પાછું એ જીવોને કદાચ અનન્તકાળ પર્યન્ત પણ સંસારમાં રખડવું પડે અને દુર્ગતિમાં રીબાવું પડે, તો એમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. એટલે, ધર્મ એવી રીતિએ કરવો જોઈએ, કે જે ધર્મના યોગે જો પુણ્ય બંધાય તો તે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય અને જે ધર્મના યોગે પરિણામે શાશ્વત સુખની પ્રાપ્તિ થયા વિના રહે નહિ.

◆◆◆

આપણો આત્મા અત્યારે કર્મના યોગવાળો છે ને ? હા. ક્યારથી આપણો આત્મા કર્મના યોગવાળો છે ? અનાદિ- કાલથી. આમ માન્યું, એટલે જીવનું અસ્તિત્વ અને અજીવનું અસ્તિત્વ અનાદિકાલીન છે, એ વાત આવી ગઈ.

◆◆◆

આપણી યોજના એ છે કે-મોક્ષે જવાની અહીં આપણે તૈયારી કરી લેવી છે. મોક્ષ જેટલો વહેલો મળે તેટલું સારૂં, એમ તો ખરૂં ને ? તો આપણે અહીંથી પ્રયત્ન શરૂ કરી દઈએ અને તે એવો પ્રયત્ન શરુ કરી દઈએ કે-આપણે હવે લાંબો કાળ સંસારમાં ભટકવું પડે નહિ. એમાં, સાથે સાથે બીજી તૈયારી એવી કરવી છે કે-અહીંથી ભૂલે ચૂકે પણ દુર્ગતિમાં સરકી જવાય નહિ. જો કે-મોક્ષના હેતુથી મોક્ષમાર્ગને સેવ્યા કરનારને દુર્ગતિનો ભય રાખવાને કારણ જ નથી. મોક્ષમાર્ગને સેવનાર જો ચૂકે નહિ તો એને જ્યાં સુધી મોક્ષ મળે નહિ, ત્યાં સુધી એની દુર્ગતિ તો થાય જ નહિ.

◆◆◆

આજની પહેલી વાત લગ્નસંસ્થાની છે. તમારી લગ્નસંસ્થાની આજની હાલત તો જૂઓ. સુધારકો ભણેલા જૂએ છે અને વૃદ્ધો પૈસાવાળા જૂએ છે. સુધારકો ભણેલા જૂએ છે, પણ એ નથી જોતા કે-સામો વ્યસની આદિ છે કે નહિ ? અને વૃદ્ધો પૈસાવાળા જૂએ છે. પણએ નથી જોતા કે- સામો એદી આદિ છે કે નહિ ? કોઇ આચાર-વિચાર જૂએ છે ? દુઃખી સ્થિતિમાં સંતોષ રાખનાર કે ગરીબીમાં પણ નહિ મુંઝાતા ઉત્તમ આચારોમાં સ્થિર રહેનાર છે કે નહિ, એ કોણ જૂએ છે ? આજે તો વળી પરસ્પર પસંદગીનો નવો કાયદો નીકળ્યો છે. પોતે પસંદગી કરી લે. પસંદગી શાની કરે ? રૂપ-રંગની. જ્યારે જ્ઞાનિઓએ કહ્યું કે-જો સંયોગ જોડયા વિના ચાલે તેમ ન હોય, સંયોગ નહિ યોજવાથી સ્વચ્છન્દ વધે એવું જ હોય, તો પણ સંયોગ એવાની સાથે નહિ જોડવો જોઇએ, કે જ્યાં આચાર, વિચાર અને શીલ આદિ સરખાં ન હોય, કે જેથી ગૃહસ્થધર્મને સારી રીતિએ. સાધી શકાય નહિ. !

◆◆◆

'આપણું દુઃખ ગયું અગર જતું હોય, તો પછી દુનિયાનું ગમે તે થાવ'-એ માન્યતાએ સદાચારને દેશવટો દીધો છે અને અનાચારને આમંત્રણ આપ્યું છે.

◆◆◆

આપણું ખરાબ કરવા મથનારના પણ ભૂંડાની ભાવના ન આવવી, એના ય ભલાની ભાવના ટકી રહેવી, એ અજબ ઉદારતા છે. આવા ઉદારમાં પૈસાની ઉદારતા તો હોય જ.

◆◆◆

આપણું ઈષ્ટ જેનાથી સુખે સધાય, એવી શાંતિ જોઇએ. આપણને સ્મશાનવત્ શાંતિ નહિ, પણ જીવંત શાંતિ જોઇએ છે. જ્યાં સુધી જીવન શાંતિમય ન બને, ત્યાં સુધી સત્ય વસ્તુની પ્રાપ્તિ ન થાય. દુનિયામાં જો બધા જ શાંતિના ઉપાસક છે, તો આજે ડગલે ને પગલે અશાંતિ કેમ દેખાય છે ?

◆◆◆

## કર્મબંધના હેતુઓને સમજો

આત્મા અનંત શક્તિનો સ્વામી છે, સ્વચ્છ છે, પણ અનાદિકાલથી લાગેલા કર્મસંયોગને લીધે પરિવર્તન થયેલું છે. કર્મનાં કારણ કયાં ?, શાથી

કર્મ આવે ?, આત્માને શાથી એ વળગે છે, એ વિચારો. મિથ્યાત્વ, અવિરિત, કષાય, ને યોગ એટલે મન, વચન, કાયાના અશુભ વ્યાપાર, આ ચારે કર્મબંધના હેતુ છે. આ ચાર દ્વારા આત્માને કર્મ વળગ્યા કરે છે. મિથ્યાત્વ કોને કહીયે ? શુદ્ધ દેવમાં દેવત્વ બુદ્ધિનો અભાવ, શુદ્ધ ગુરૂમાં ગુરૂત્વ બુદ્ધિનો અભાવ, શુદ્ધ ધર્મમાં ધર્મત્વ બુદ્ધિનો અભાવ તેમજ અશુદ્ધ દેવમાં દેવત્વ બુદ્ધિ, અશુદ્ધ ગુરૂમાં ગુરૂત્વ બુદ્ધિ અને અશુદ્ધ ધર્મમાં ધર્મત્વ બુદ્ધિ, એ મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વનો ત્યાગ ન થાય ત્યાં સુધી આત્માને કર્મબંધન લાગતા રૂકે નહિ. અવિરતિ એટલે પૌદ્ગલિકતાથી પાછા હઠવું નહિ તે. શુદ્ધ ધર્મ સમજ્યા પછી એનો સ્વીકાર ન કરતાં અધર્મમાર્ગે પ્રવૃત્તિ કરે તે. કષાયઃ એટલે એ પ્રવૃત્તિ માટે જે ક્રોધ, માન, માયા, લોભને આધીન થાય તે.યોગ એટલે મન, વચન, કાયાથી શ્રી જિનેશ્વરદેવે કહેલા માર્ગથી ઉંધે જાય તે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ મન, વચન, કાયાની પ્રવૃતિ એ બધોએ પ્રમાદ. આજ્ઞાને અનુસરતી પ્રવૃત્તિ એ અપ્રમાદ, અવિહિત વસ્તુમાં પ્રવૃત્તિ એ પ્રમાદ શ્રી જિનેશ્વરદેવે જે વસ્તુનું વિધાન પણ નથી કર્યું અને નિષેધ પણ નથી કર્યો, એમાં પ્રવર્તે એ પ્રમાદ. મન, વચન, કાયાના વ્યાપારમાં પણ એનો (પ્રમાદનો) સમાવેશ થાય છે. જ્ઞાનીએ નહિ વિહિત કરેલી વસ્તુ, સામાની લાયકાતના અભાવે નહિ નિષેધ કરેલી વસ્તુ-એનું પણ જે સેવન કરવું, એમાં લીન થવુ, એ પણ એક જાતિનો પ્રમાદ છે. એના યોગે જેટલી પ્રવૃત્તિ એ બધી હિંસાની જનની, અને એ બધી પ્રવૃત્તિ કર્મબંધના હેતુમાં આવે છે. મુનિ અને શ્રાવક ભગવાનના શાસનના અંગ છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચારે શાસનનાં અંગોને પદા કરનાર કોણ ? શ્રી જિનેશ્વરદેવ. શ્રી જિનેશ્વરદેવના ભક્તને જિનમૂર્તિ, જિનમંદિર અને જિનાગમ, આ ત્રણ વિના કેમ ચાલે ? જે તારક, જે સેવ્ય, જે પૂજ્ય, જેના અભાવમાં પોતાનો અભાવ, જેના યોગે પોતાનું જીવન, એની ગૌણતા કરે એ સાધુ સાધુ નહિ, સાધ્વી સાધ્વી નહિ, શ્રાવક શ્રાવક નહિ અને શ્રાવિકા શ્રાવિકા નહિ. ધ્યેય વિનાની કોઈ પણ પ્રવૃત્તિ જ્ઞાનીએ સફલતાની કોટિમાં મૂકી નથી. શાસ્ત્રે વિધિ બાંધી છે કે-સાધુએ સાધુ બની, પ્રભુઆજ્ઞામાં રહી, સૂત્ર ગોખવા, અર્થ ભણવા, તદુભયના અભ્યાસ પછી જે કોઈ એનો અર્થી આવે એને આજ્ઞા અને શક્તિ મુજબ પ્રદાન કરવું, દેવું. શ્રાવક કોણ ? રોજ શ્રી

જિનેશ્વરદેવની સેવા કરે, નિગ્રંથ ગુરૂની ઉપાસના કરે, અને શ્રી જિનેશ્વરદેવની વાણીને સાંભળે અને તેને યથાશક્તિ અનુસરે.

◆◆◆

આપણને તો એમ થાય ને કે-કયારે એવો પ્રસંગ આવે કે-સુખને માટે કોઈનીય અપેક્ષા ન રહે ? પણ સંસારમાં તો પુણ્ય હોય તો જ સુખની સામગ્રી મળે છે. તમે તો પુણ્ય-પાપમાં માનનારા છો ને ? નહોતું જોઈતું તે આવ્યું અને જોઈતું હતું તે ગયું, એવું કેટલીક વાર બન્યુ ? ઘણી વાર; તો તેમાં કારણ કાંઈક ખરૂં, એમ તો થાય ને ? આમ તમારે જોઇએ છે તો સદ્ગતિ, પણ મળી જાય દુર્ગતિ-એવું પણ બને ને ? આપણાં કર્મોથી જ જે ચીજ મળવાની છે અને આપણાં કર્મો ન હોય તો જે ચીજ મળવાની નથી, તેમાં આવું ઊલટું કેમ બને ? ઇચ્છા જુદી હોય ને કર્મ જુવાં હોય, તો જ એવું બને ને ? તમેધારો તો દુર્ગતિથી બચી શકો, સદ્ગતિ પામી શકો અને પરંપરાએ મોક્ષને પણ પામી શકો, એ માટે જ આપણે વિચારી રહ્યા છીએ.

◆◆◆

આપણે : પરમ આદર્શ રૂપે આત્માની એવી અવસ્થા જાઈએ છે, કે જે અવસ્થામાં કદી પણ પરિવર્તન આવી પણ શકે નહિ અને કોઈથી એમાં પરિવર્તન લાવી પણ શકાય નહિ.

◆◆◆

આપણે ત્યાં વિદ્વત્તા દર્શાવવા માટે કે લોકોના મનોરંજનાદિ માટે ઉપદેશનું વિધાન નથી. એ જ રીતિએ-જ્ઞાન સંપાદન કરવાના જ એક માત્ર હેતુથી શાસ્ત્રશ્રવણનું વિધાન નથી. ઉપદેશદાન અને ઉપદેશશ્રવણ-એ ઉભયનું લક્ષ્ય આત્મકલ્યાણની સાધના એ જ એક હોવું જોઈએ.

◆◆◆

આપણે શુભાશુભ  કર્મના ફલની વાત કરીએ તો એમાં હા પાડે. કહે કે-' દરેક જીવને પોતે કરેલા શુભ કર્મનું અને પોતે કરેલા અશુભ કર્મનું ફલ ભોગવવું પડે !' શુભ કર્મથી દેવલોક મળે, સુખ મળે, એમ પણ કહે અને અશુભ કર્મથી નારક-તિર્યંચ બનાય અને દુઃખ મળે એમ પણ કહે. પછી પૂછીએ કે-'નાનો માણસ પુણ્યથી મોટો બને ?' તો તેમાં પણ હા પાડે, 'માણસ મરીને દેવ બને અગર નારક બને અગર તિર્યંચ બને ?' તો તેમાં

પણ હા પાડે. પણ 'હું મરીને નરકમાં જઈશ અગર હું મરીને તિર્યંચ થઈશ તો મારૂં થશે શું'-એવો વિચાર સરખોય જેને આવે નહિ, તેણે 'હા' પાડી તોય એ 'હા' ની કિંમત કેટલી ?

◆◆◆

આપણે જ્ઞાન ફેલાવવું છે, એમાં જરાયે શંકા નથી : પણ તે જ્ઞાન કે જેનાથી આ લોક અને પરલોકનો ખ્યાલ આવે,-'આ વસ્તુ ખોટી છે, આ સારી છે-એનો વિવેક થાય,-'આ સેવવા લાયક અને આ નહિ સેવવા લાયક'- એનું ભાન જાગે,તથા અસેવ્યની સેવા વખતે આત્માની પામરતા, પાપોદય અને દુર્ભાગ્ય સમજાય અને સેવ્યની સેવા માટે આત્મા તલસે !

◆◆◆

આફતનું વાસ્તવિક ભાન થઈ જાય, તો આફતથી ભરેલાં અને આફતને આણતાં પૌદ્‌ગલિક સુખનો પરિત્યાગ ઘોર અંતરાયનો અવરોધ ન હોય તો સહજ છે.

◆◆◆

આ બધું મેળવ્યું કોણે ? મેં ! અમે મેળવેલું અને અમે કેમ ના ભોગવીએ? જ્ઞાની કહે છે-ઉભો રહે. મહેનત અને બુદ્ધિથી જ મળતું હોત, તો મહેનતુ અને બુદ્ધિશાલિઓ, એદી અને અભણને ઘેર નોકરી કરત ખરા? બાર બાર કલાક ઉંઘનાર, બેઠા હોય ત્યાં ઉઠાડવા ભારે, એવા પણ એદીને ત્યાં મહેનતુ માણસ વેઠ કરીને મરી જાય, છતાં જેટલું એને મળે તેટલું મહેનતુને ન મળે, એ જુઓ છો કે નહિ ?

◆◆◆

'આ ભવમાંથી પરભવમાં જવું છે અને જવા માટે અનીતિ નુકસાનકારક છે, નીતિ લાભદાયી છે, અનીતિથી પરભવ બગડે છે, નીતિથી સુધરે છે. માટે અવસર આવ્યે બધું જાઓ પણ નીતિ ન જાઓ'-એ બુદ્ધિય કેટલાની છે ? કેમ કે-દુનિયામાં નીતિમાન મનાવવાના આડંબર ખાતર પાળેલી નીતિ, એ વસ્તુતઃ ધર્મ નથી. પરલોકની ભીતિથી જો એ પળાતી હોય, તો ધર્મનું રહસ્ય હૃદયમાં આવી જવા પામે એવી લાયકાત પ્રગટી છે એમ માની શકાય !

◆◆◆

આ ભરત ક્ષેત્રમાંથી હાલ કોઈ જીવ મોક્ષે જઈ શકતો નથી, તેનું કારણ શું ? અહીંથી મરે ને મોક્ષને પામે, એવી ઉત્કટ કોટિની આરાધના કોઈ પણ જીવ હાલમાં આ ક્ષેત્રમાં કરી શકે તેમ નથી. બીજી તરફ, જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી અહીં રહેવાય-એ પણ બનવાનું નથી. વળી, અહીંથી જઈને જો કોઈ દુઃખના સ્થાનમાં ઉત્પન્ન થઈ જઈએ, તો એ પણ આપણને પસંદ નથી. એકલી પસંદગી કામ શું લાગે ? તેને યોગ્ય વર્તન પણ જોઈએ ને ? દુઃખ ન જોઈતું હોય, તોય તે પુણ્યના યોગ વિના મળતુ નથી, એ આપણો અનુભવ છે.

♦♦♦

આ ભયંકર સંસારની સ્થિતિ જ એવી છે કે-તેમાં મોહમગ્ન આત્માઓ અનેક જાતિનાં સુરૂપો અને કુરૂપો ધરે છે એક ભવનો સ્નેહી જ્યારે બીજા ભવમાં શત્રુ બને છે ત્યારે શત્રુ સ્નેહી બને છે : પિતા પુત્ર થાય છે ત્યારે પુત્ર પિતા થાય છે, માતા પુત્રી થાય છે ત્યારે પુત્રી માતા થાય છે, પતિ પત્ની થાય છે ત્યારે પત્ની પતિ થાય છે, રાજા રંક થાય છે ત્યારે રંક રાજા થાય છે અને શેઠ નોકર થાય છે ત્યારે નોકર શેઠ થાય છે.

♦♦♦

આ ભવમાં આપણે કોઈનું બગાડયું હોય તો જ તે આપણું બગાડે અગર આપણે ખરાબ હોઈએ તો જ કોઈ આપણું દુશ્મન બને-એવો નિયમ નથી. આપણે કોઈનાય ભૂંડામાં ન હોઈએ અને આપણે કશો પણ દોષ ન કર્યો હોય, તો પણ આપણે માટે ભૂંડ બોલનારા અને આપણું ભૂંડું કરવાને માટે મથનારા હોય એ બનવાજોગ છે. એ દ્વારા પણ ભવાંતરની સાબીતી થઈ શકે છે.

♦♦♦

આ મુક્તિમાર્ગનો ઉપદેશ એ સ્વ-પરના વાસ્તવિક શ્રેયનો સુન્દરમાં સુન્દર ઉપાય ગણાય, એ સ્વાભાવિક છે : કારણ કે- મુક્તિમાર્ગ જેને હૈયે ખરેખર રૂચ્યો છે એવો મુક્તિમાર્ગના ઉપદેશનો દાતા, મુક્તિમાર્ગની રસિકતા આદિમાં ઝીલતો હોય છે અને યોગ્ય શ્રોતાઓ પણ એ નિમિત્તે દુઃખના ઉપાયથી પરાડમુખ બની, સુખના ઉપાયની સન્મુખ બને છે.

♦♦♦

આ મનુષ્યપણાને પામીને દેહને અને સગા આદિને સાચવવા, એમાં જેટલો સમય કાઢવો, તેટલું આત્માની કતલ કરવા બરાબર છે. મનુષ્યભવ, એ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ સંયમ પાળવા માટે છે, એ કડવો ઘૂંટડો મજેથી નામ જૈનોને ગળે ઉતરતો નથી. મનુષ્યજન્મ સંયમ લેવા માટે જ છે એ વિષયમાં ચર્ચા તરકાર કે ઝઘડાને સ્થાન નથી.

♦♦♦

આમ તો સદાચાર ભિન્ન ભિન્ન રૂપે રહેલો છે. વ્યક્તિની ને વસ્તુની અપેક્ષાએ જો ભેદ પાડવા જાવ, તો સદાચારના અસંખ્ય ભેદો પડે. ભેદ અસંખ્ય અને આયુષ્યની ક્ષણો બહુ મર્યાદિત, એટલે સદાચારના સઘળા જ ભેદોનું વર્ણન તો અનન્તજ્ઞાની પણ કરી શકે નહિઃ જાણવા છતાં પણ ! ત્યારે સદાચારની એક એવી વ્યાપક વ્યાખ્યા બાંધવી જોઈએ કે-જેમાં કોઈ પણ સુજ્ઞથી આનાકાની કરી શકાય નહિ અને એક પણ પ્રકારનો સદાચાર એમાંથી બાકાત રહેવા પામે નહિ. સદાચાર, એ ધર્મનું સર્વસ્વ છે. મોક્ષમાર્ગનું સર્વસ્વ સમ્યક્ સદાચાર છે, એમ જ્ઞાનિઓ ફરમાવે છે. એવા સદાચારની જાણે વ્યાખ્યા જ બાંધતા હોય, તેમ એક કવિ ફરમાવે છે કે-

"श्रयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥ १ ॥

ધર્મના સર્વસ્વને સાંભળો. ધર્મના સર્વસ્વને સાંભળીને કરવાનું શું ? કહે છે કે-ધર્મના સર્વસ્વને સાંભળો અને સાંભળીને હૃદયમાં અવધારો ! શું? પોતાના આત્માને જે પ્રતિકૂળ હોય,પોતાને જે પ્રતિકૂળ હોય, તે બીજાઓ પ્રત્યે આચરવું નહિ. કોણ કહેશે કે-સદાચારની આ સુંદર વ્યાખ્યા નથી ? આ વ્યાખ્યાને એના વાસ્તવિક રૂપમાં સમજવાને માટે વિવેકને અવકાશ છે, આને સમજાવવાને માટે વિવેચનની જરૂર છે, પણ સદાચારનું આ સુંદર સ્વરૂપ છે, એ શંકા વિનાની વાત છે. સદાચારની આ વ્યાખ્યામાંથી એક પણ સદાચાર બાકાત રહેતો નથી.

♦♦♦

આયુષ્ય ધર્મસ્થાનોમાં બંધાય કે બધે બંધાય ? વેપાર કરતાં, ઘર બાંધતાં, ગમે તે પાપક્રિયા કરતાં આયુષ્ય બંધાય કે નહિ ? બંધાય, માટે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પરિણામને બગાડે તેવાં સાધનોમાં રહેવું

નહિ; અને એમાં રહેવું પડે, તો પરિણામ બગડે નહિ તેની કાળજી રાખવી.

◆◆◆

આર્યરમણીઓનો સાચો અલંકાર શીલ ગણાય છે. એ અલંકાર વિના રમણી રમણીય હોવા છતાં અને અન્ય અલંકારોથી અલંકૃત હોવા છતાં પણ, અરમણીય અને અદર્શનીય જ ગણાય. એવી રમણીઓ એ આર્યદેશનું ભૂષણ નથી પણ કલંક છે.

◆◆◆

આર્યોના તપને જોઈને તો, અનાર્યો મોંઢામા આંગળાં ઘાલતા. એમને એમ થતું કે-આ લોકોની પાસે ખાવા-પીવાનું તો ઘણું છે, છતાં પણ આવી રીતિએ તપ કેમ કરે છે ? આ દેશના સંસ્કારો જ કોઈ જુદા હતા. ખાવા-પીવાની પંચાતમાં કોઈ બહુ પડે, તો તે હીણું મનાતું. કહેતા કે-શરીરને નિભાવવાને ખાવું-પીવું પડે એ વાત જુદી છે, પણ એની લાંબી પંચાત શી? ખાવા-પીવાની વધારે પડતી વાતમાં તુચ્છતા મનાતી અને એથી ખવડાવવા-પીવડાવવામાં બહુ ઉદારતા હતી આજે એ તુચ્છતા વધી ગઈ છે. એટલે પેલી ઉદારતા ભાગી ગઇ છે. આ દેશનું સામાન્ય વાતાવરણ કેવું ? 'મોક્ષ, પરમ પદ, પરમાત્માસ્વરૂપ સાધવું એ આપણું લક્ષ્ય છે'-એ વાત ઘણે ભાગે રૂઢ થયેલી. મહાપુરૂષોએ ધર્મ શામાં કહ્યો ? મોક્ષની સાધનામાં. એ મહાપુરૂષોએ ખાવા-પીવાનું છોડવામાં એટલે તપમાં ધર્મ દર્શાવ્યો, તો પાપના નિવારણ માટે થતા તપમાં શરીર નિરૂપયોગી બની જાય નહિ-એ માટે શરીરને ખાન-પાનાદિથી જાળવવું પડે, પણ એ સિવાય ખાવા-પીવામાં ધર્મ છે, એમ કહેવાય? એટલે ઉપદેશ તો તપનો જ અપાય. ખાન-પાનના રસે તમારી કેટલી બધી ખરાબી કરી નાંખી છે ? પેટને જોઈએ અમુક ખોરાક, પણ એમાં જીભને ચાળો કર્યા વિના ચાલે નહિ. એણે કેટકેટલા શોખોને ને પાપને વધારે દીધા છે ? એક પેટને કાઢી નાંખીએ, તો કેટલાં પાપો ઘટી જાય ? પેટ ન હોય તો જીભ કરે શું ? પેટ છે, માટે જીભને સ્વાદ કરવાની તક છે ને ? તમે જો પેટની ભૂખને જ પૂરવાને ખાતા હો, તો પેટ દિવસમાં કેટલીક વાર ખાવનું માગે ? તમે કેટલીક વાર ખાવ છો ? તમે જો માત્ર પેટ પૂરતું જ ખાતા હો અને પેટને ધીમે ધીમે ભૂખને સહવાની ટેવ પાડો, તો તમે તપસ્વી બની શકો ને ?

◆◆◆

આર્ય દેશાદિ સામગ્રીએ સહિત મનુષ્યપણાને પામ્યા પછી પણ, સદ્ધર્મ રૂપ વરરત્નની પ્રાપ્તિ અતિશય મુશ્કેલ છે : કારણ કે-તુચ્છ વિભવવાળાઓને માટે જેમ ચિન્તામણિ રત્ન સુલભ નથી, તેમ ગુણવિભવથી વર્જિત એવા પંચેન્દ્રિય પ્રાણિઓને માટે પણ ધર્મરૂપ ચિન્તામણિ રત્ન સુલભ નથી. સદ્ધર્મ રૂપ વરરત્નની પ્રાપ્તિ તે જ જીવોને માટે સુકર બને છે, કે જે જીવો અક્ષુદ્રતા આદિ ગુણો રૂપ વિભવથી સહિત બને છે. વિશિષ્ટ ધર્મસિદ્ધિ અક્ષુદ્રતા આદિ એકવીસ ગુણોને આધીન છે, એ કારણે ધર્મરત્નના અર્થી આત્માઓએ, સૌથી પ્રથમ તો અક્ષુદ્રતા આદિ ગુણોના ઉપાર્જનને વિષે ખાસ ઉદ્યમશીલ બનવું જોઈએ.

♦♦♦

આર્ય દેશમાં તીર્થ શબ્દ મહિમાવન્તો હોવા છતાં પણ, 'તીર્થ કોને કહેવાય ?'-એ વિષયમાં આર્ય દેશમાં ઘણી ઘણી ભ્રમણાઓ ફેલાયેલી છે. તીર્થ એટલે તરવાનું સાધન. જે સાધનમાં આત્માને તારવાનું સામર્થ્ય હોય, તેને તીર્થ કહેવાય.

♦♦♦

આર્ય ક્ષેત્રમાં મનુષ્યપણાને પામ્યા પછીથી પણ આર્યકુલ, આર્ય જાતિ, બળ અને રૂપ-આ બધી વસ્તુઓને પણ આત્મા ઘણી જ મુશીબતે પામે છે. આર્ય ક્ષેત્રમાં મનુષ્યપણું પામવાને જે પુણ્ય જોઈએ છે, તેના કરતાં પણ ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, બળ અને રૂપ પામવામાં ક્રમસર વિશેષ વિશેષ પુણ્ય જોઈએ છે.

♦♦♦

આપણે દુર્ગતિમાં જઈએ નહિ અને સદ્ગતિમાં જઈએ, એ શું બહુ મોટી વાત છે ? જૈનો દુર્ગતિમાં જાય નહિ અને સદ્ગતિમાં જાય, એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ. જેમને શ્રી વીતરાગ દેવ મળ્યા, શ્રી વિતરાગ દેવની આજ્ઞાનું પાલન કરવાને માટે જ જેઓ નીકળ્યા છે એવા નિર્ગ્રન્થ ગુરૂઓ મળ્યા અને શ્રી વીતરાગે ઉપદેશેલો ધર્મ મળ્યો, તેમને દુર્ગતિમાં ખેંચી જવાની તાકાત કોનામાં છે? આ ત્રણને શરણે રહેલાને તો, કોઈથીય દુર્ગતિમાં લઈ જઈ શકાય નહિ. આ ત્રણને હૈયે રાખીએ નહિ ને દુર્ગતિમાં જઈએ, તો જુદી વાત છે. પણ, એ તો આપણી ભૂલે આ ત્રણને

વગોવવા જેવું થાય ને ? શ્રી વીતરાગને સેવતો હતો અને એમણે ઉપદેશેલી ધર્મક્રિયા કરતો હતો, છતાં દુર્ગતિમાં ગયો.'-એમ જો કોઈ કહે તો તે આપણને કેવું લાગે ? દેવ-ગુરૂ-ધર્મની આપણે આવી વગોવણી તો કરાવવી નથી ને ? આપણા હૈયે જો શ્રી વીતરાગ, એમના સાધુ અને એમનો ધર્મ વસી જાય, તો કદી પણ એવી વગોવણી થવાનો વખત આવે નહિ. આ ત્રણ જેના હૈયે હોય, તેને ભૂલાવવાની સંસારના સુખમાંય શક્તિ નથી અને દુઃખ એને મુંઝવી શકે નહિ. કદાચ દુઃખ આવે, તોય એ સમજે કે-મારી ભૂલે દુઃખ આવ્યું છે ! દુઃખ સારા વખતે આવ્યું, એમ પણ એને થાય; કેમ કે-હૈયે દેવ-ગુરૂ-ધર્મ છે. દુઃખને એ સારી રીતિએ વેઠી લે. સુખ ભૂલાવે નહિ, દુઃખ મુઝવે નહિ અને હરેક અવસ્થામાં દેવ-ગુરૂ-ધર્મ હૈયે રહે, તો દુર્ગતિના દરવાજા બંધ અને સદ્‌ગતિ રાહ જુએ આવું બનાવી દઈએ, તો 'મર્યા પછી આપણું થશે શું ?'-એવી ચિન્તા રાખવાને શું કારણ છે ?

♦♦♦

'આપણે ખરેખર મહા ભાગ્યશાળી છીએ'-એવું જો આપણને, આપણે આ અધ્યાત્મપ્રધાન આર્ય દેશમાં માનવજન્મને પામ્યા છીએ એથી લાગે નહિ,તો આપણું એ મહાભાગ્ય પણ આપણે માટે વસ્તુતઃ કીંમતી રહેતું નથી; કારણ કે-આપણે એ મહા ભાગ્યના યોગે જે લાભ ઉઠાવવો જોઈએ, તે લાભને ઉઠાવી શકતા નથી. પછી તો, અનાર્ય દેશમાં જન્મેલાઓનો મનુષ્યજન્મ જેમ અકીંમતી ઠરે છે, તેમ આપણો મનુષ્યજન્મ પણ આપણે માટે અકીંમતી જ ઠરે. જેને કીંમતી વસ્તુ મળી નથી તે રવડી મરે, તો એ એટલું દુઃખદ નથી, કે જેટલું દુઃખદ જેને કીંમતી વસ્તુ મળી છે તે રવડી મરે એ છે; ઉપરાન્ત સારી ચીજ ન મળવામાં જે નુકસાન છે, તે કરતાં સારી ચીજ મળવા છતાં પણ તેની ઉપેક્ષા કરીએ અગર અવગણના કરીએ, તો વધારે નુકસાન છે. જેમ રાજા અગર સત્તાશીલ માણસનો યોગ ન થાય તો તેથી જે નુકશાન નથી તે નુકશાન તેનો યોગ થાય તે છતાં પણ, આપણે તેની ઉપેક્ષા અગર અવગણના કરીએ, તેમાં છે. પેલામાં ગુન્હો ઉભો થતો નથી, જ્યારે આમાં ગુન્હો ઉભો થાય છે. કમથી કમ તેનું એટલું ખરાબ પરિણામ તો આવે જ છે કે-એનો પુનર્યોગ દુર્લભ બની જાય છે.

♦♦♦

આ યાત્રાદિ અનુષ્ઠાનો એવાં છે કે-આત્મામાં ધર્મ પ્રગટયો હોય તો તે ધર્મને નિર્મળ કરે, વિકસિત કરે અને આત્મામાં ધર્મ પ્રગટેલો ન હોય તો આત્મામાં ધર્મને પ્રગટાવે. આત્મામાં ધર્મ પ્રગટેલો હોય તો આવાં અનુષ્ઠાનો આત્મામાં પ્રગટેલા ધર્મને નિર્મળ બનાવે, વિકસિત બનાવે-એ બાબત નિશ્ચિત અને આવાં અનુષ્ઠાનો આત્મામાં ધર્મ ન પ્રગટયો હોય તો પ્રગટાવે એ બાબત વિકલ્પ. આવાં અનુષ્ઠાનો આત્મામાં ધર્મ પ્રગટાવનારાં બનેય ખરા અને ન પણ બને. આત્માનો જેવો ભાવ તેવું પરિણામ.

♦♦♦

આપણે એ પણ વિચારવું જોઈએ કે-'ધનનું કારણ પુણ્ય છે,-એમ બોલનારાઓ તો ઘણા છે, પરન્તુ આ વાતને હૃદયપૂર્વક માનનારાઓ કેટલા છે ?' બોલવુંએ  એક વાત છે અને હૃદયથી માનવું એ જૂદી વાત છે. કોઈ પણ વસ્તુની સાચી માન્યતા, તેવી માન્યતા થતાં પૂર્વે જે દશા હોય છે, તેમાં કાંઈક ને કાંઈક પરિવર્તન લાવ્યા વિના રહેતી જ નથી. માન્યતામાં પરિવર્તન આવતાંની સાથે, માત્ર વિચારોમાં જ પરિવર્તન આવે છે એમ નથી : પરન્તુ વાણીમાં અને વર્તનમાં પણ ઓછા-વધુ પ્રમાણમાં પરિવર્તન આવી જ જાય છે. જ્યાં આ જાતિનું પરિવર્તન શકય છતાં ન આવતું હોય, ત્યાં માનવું જ પડે કે-' માન્યતા મજબૂત હોવાની વાત મોઢે બોલે છે, પણ મહીં કાંઈક પોલાણ જરૂર છે.' આત્માની રૂચિ વિચાર, વાણી અને વર્તન ઉપર અસર નિપજાવ્યા વિના રહેતી જ નથી. અધમ જાતિની રૂચિ અધમ પ્રકારની અસર નિપજાવે છે, પરન્તુ રૂચિ કોઈ પણ કાળે બીનઅસરકારક હોઇ શકતી જ નથી, એ નિર્વિવાદ છે. એ બનવા જોગ છે કે-તેવા પ્રકારના જ્ઞાનથી રહિત અન્ય આત્માઓ તે અસરને કદાચ ન જોઈ કે જાણી શકે, પણ આપણે પોતે તો જાણી શકીએ ને ? તમે ખરેખર એમ માનો છો કે-' ધનનું કારણ પુણ્ય છે ?' ધનનું કારણ પુણ્ય છે, એમ માનનારા અને ધનની પ્રાપ્તિના અભિલાષી એવા પણ જીવો, શું ધનપ્રાપ્તિને માટે એવો પ્રયત્ન કરે ખરા, કે જે પ્રયત્નના યોગે પુણ્યથી વિપરીત એવા પાપની જ વૃદ્ધિ થવા પામે અને પાછા તેમાં ડહાપણ પણ માને ? 'ધનનું કારણ પુણ્ય છે' આટલી પણ વાત જો આજની દુનિયાને બરાબર રૂચેલી હોય, તો તમે માનો છો કે-જે અનીતિ આદિનો કારમો પ્રચાર આજે કારમી રીતિએ થયો છે અને થયે જ જાય છે, તે શકય

બનત ? પુણ્ય-પાપને બોલવામાં માનનારો, એટલું જ નહિ પણ પોતે પુણ્ય-પાપને ખૂબ જ શ્રદ્ધાપૂર્વક માને છે એવી વાતો કરનારો પણ માણસ, ધન ન મળતાં તરફડે છે અને ધનને મેળવવાને માટે અત્યન્ત પાપમય અને નિન્દ્ય એવાં પણ કર્મોને કરતાં અરેરાટી અનુભવતો નથી, એ શું તમારા અનુભવ બહારની વાત છે ?

♦♦♦

આવા મુનિવરો પોતાના આત્માનું જેમ ઉત્તમ પ્રકારે કલ્યાણ સાધી શકે છે, તેમ બીજા પણ આત્માઓના ભાવવૈદ્ય બની શકે છે; અને એ રીતિએ, તેઓ પ્રભુશાસનના મુનિપણાની પ્રાપ્તિને સફળ અને યશસ્વી બનાવી શકે છે.

♦♦♦

આપણું તે આપણું જ-એ બહુ શુદ્ર વૃત્તિ છે. પહેલા મુસાફરીમાં પણ માણસ ખુણો શોધીને ખાતો નહિ. એ પોતાના ભાથાનો ડબ્બો ખોલીને ખાવાને બેસે, તે એકલો ન ખાય. એવી રીતિએ મૂકે કે-આજુબાજુનાસૌ તેમાંથી ખાઈ શકે. પોતે ખાવાનું શરૂ કરતાં પહેલાં, આજુબાજુનાને આમંત્રણ કર્યા વિના રહે નહિ. બીજા પણ એવા હોય કે-જેમની પાસે જે ખાવાનું હોય, તે કાઢયા વિના રહે નહિ. સૌ પોતપોતાનો ભાથાનો ડબ્બો ઠાલવે. પોતાનું લાવેલું પોતે ખાત, તો બે ચાર ચીજ ખાત અને આમ કરનાર સંખ્યાબંધ ચીજો ખાય કેમ કે-બધાની ચીજો ભેગી થાય. તમે મુસાફરીમાં ખાતા હશો તે આવી રીતિએ ખાતા હશો ને ? આજુબાજુ બેઠેલાને આપ્યા વગર, ગૃહસ્થથી ખવાય ખરૂં ? જેનામાં સંવિભાગવિધાયિત્વ હોય, તે સર્વત્ર પોતે ઘસાય અને પોતે ઘસાય તેમાં લાભ માને બીજો ઘસાય છે કે નહિ, તેની ચિન્તા તેને ન હોય પોતે ડબ્બો ઉઘાડે, ત્યારે બીજાઓ ઉઘાડશે કે નહિ-તેની ચિન્તા તેને ન હોય, આનું તો મન જ એવું કે-બધા મારૂં ખાય તો સારૂં બીજા પોતાના ડબ્બા ઉઘાડે-એવી વૃત્તિ હોય, તો કદાચ કોઈ પોતાનો ડબ્બો ઉઘાડે નહિ, તો દુર્ભાવ આવી જાય ને ? આજુબાજુનાને સંતોષીને ખાય, તે લોહી વધે તેમ ખાઈ શકે, એના ખાણા ઉપર સૌની મીઠી નજર હોય. છૂપાવીને ખાતો હોય તો શું થાય? ખોરાક ઉપર પણ નજરની અસર થાય છે. આર્ય દેશમાં તો, આ ગુણ સ્વાભાવિક હતો: શ્રી નયસારના વૃત્તાન્તમાં લખ્યું છે કે-તેવા પ્રકારના સાધુસંગનો વિરહ હોવા છતાં પણ, તેમનામાં અનેક ગુણો હતા; અને તેમાં

આ ગુણ પણ સૂચવાયો છે. અતિથિને જમાડયા વિના જમવું નહિ એવું એમના જીવનમાં જાણે નિયમ રૂપ હતું; નહિ તો, જંગલમાં ખરે બપોરે ભોજનનો થાળ હાજર છે-એ વખતે, એ અતિથિને જોવાને માટે ઉભા થાત નહિ અને દિશાવલોકન કરત નહિ.

♦♦♦

આપણે અહીંથી જવાનું-એય કર્માધીનપણે અને અહીંથી જઇને કયાં ઉત્પન્ન થવાનું એ વાતેય કર્માધીન ! પણ એ કર્મના કરવૈયા તો આપણે છીએ ને ? આપણાં કર્મ આપણે જ કરેલાં છે ને ? આપણે જ આપણાં કર્મ બાંધીએ છીએ અનેઆપણે જ આપણાં કર્મ ભોગવીએ છીએ. 'જેવાં આપણાં કર્મ હોય, તેવી આપણી ગતિ થાય.'-એવું જાણનાર 'કયાં જવું છે.'-એનો વિચાર આદિ કરે કે નહિ ? તમે સવારેઉઠો છો, ખાઓ-પીઓ છો, કામકાજ કરો છો અને એમ કરતાં ઉંઘી જાઓ છો; પણ 'મારે અહીંથી જવાનું છે અને કયાં જવાનું છે તે હું નક્કી કરી શકું તેમ છું, માટે જ્યાં જવાનો વિચાર હોય ત્યાં જવાની તૈયારી પણ મારે કરવી જોઇએ.'-એવો વિચાર કરો છો ?

♦♦♦

આપણે આ પૂર્વે કેવાં કેવાં કર્મ બાંધ્યાં હશે, તેની આપણને કાંઈ ખબર છે ? તમે તમારા સંસારના સ્વાર્થ માટે આજે પણ એવા કેવાં કેવાં કર્મો બાંધો છો? એ જ્યારે ઉદયમાં આવશે અને કષ્ટ આપવા માંડશે, ત્યારે તમારૂં કાંઈ ચાલશે નહિ. સારી અવસ્થામાં બહુ શેખાઈ કરનારા પણ અશુભ કર્મના ઉદય વખતે, મહા અશાતાના ઉદય વખતે, મહાલાચાર બની જાય છે. વેદના એવી થાય કે-સહાય નહિ, રાડ પણ પડાય નહિ અને ગમે તેટલી દવા લીધે કે ગમેતેટલાં ઈંજેકશન લીધે પણ ઉંઘ આવે નહિ. રાજા જેવાને પણ આવું થાય. એટલે, ભગવાનને આવેલાં કષ્ટોની વાતને સાંભળીને હતાશ નથી થઈ જવાનું ! કયારે આપણામાં પણ એવી રીતિએ વેઠવાનું સામર્થ્ય આવે, એજ વિચારવાનું છે.

♦♦♦

આપણે ત્યાં વંશવૃધ્ધિને મહત્વ અપાયું નથી પણ પ્રભુના શાસનની વૃધ્ધિને જ મહત્વ અપાયું છે.

♦♦♦

આપણે આત્મવાદી છીએ, માટે માનીએ છીએ કે-મરીને ઉત્પન્ન થવાનું પણ છે ! આપણે જ જવાના ને આપણે જ ઉત્પન્ન થવાના. આપણે ધર્મી છીએ. એટલે આપણને એ વાતની પણ ખાતરી છે કે-આપણે અહીંથી મરીને કાં તો દેવગતિમાં ઉત્પન્ન થવાના, કાં તો મનુષ્યગતિમાં ઉત્પન્ન થવાના, અથવા આપણે નરકગતિમાં કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થવાના જ.આવી ખાતરી તમને છે કે નહિ તે તમે જાણો, પણ સાચા ધર્મિને આવી ખાતરી હોય. આવી ખાતરી કોણ રાખી શકે ? જે સદા સાવધ રહે તે ! કેમ કે-આયુષ્યનો બંધ કયા સમયે થશે, તેની ખબર પડે નહિ ને ? આયુષ્યનો બંધ અમુક સમયે જ થવાનો છે, એની ખબર હોય તો ? તોય ભવિતવ્યતા એવી હોય તો ભૂલ થઈ જાય. જેમ આંધળા માણસને ગામમાં પેસવું હોય તો ગામને ફરતો કોટ હોય, તો એ શું કરે ? કોટે હાથ દેતો દેતો ચાલે, કે જેથી દરવાજો આવ્યો એની ખબર પડે; પણ જ્યાં દરવાજા પાસે આવે ત્યાં નસીબ સંજોગે એને ખંજવાળ આવે તો ? એ ખંજવાળતો ખંજવાળતો ચાલે, એટલામાં દરવાજાનો ભાગ જતો રહે અને એ પાછો કોટે હાથ દઈને ચાલવા માંડે; એમ બને ને ? માટે આયુષ્યનો બંધ કયારે પડશે તેની ખબર હોય તોય સાવધ રહેવું પડે; તો પછી આપણને તો એની ખબર જ નથી., એટલે કેટલા બધા સાવધ રહેવું પડે ? રાત્રીનો સમય હોય, કૃષ્ણ પક્ષ હોય અને ભાદરવો તપતો હોય; એમાં જો વીજળીના ઝબુકે સોયમાં દોરો પરોવવાનો હોય, તો સાવધગીરી કેટલી બધી રાખવી પડે ? તેમ દુર્ગતિમાં જવું ન હોય અને સદ્‌ગતિમાં જવું હોય, તેણે આખી જીંદગી સુધી સાવધગીરી રાખવી પડે. ખાતાં, પીતાં નોકરી-ધંધો કરતાં અને ભોગાદિક કરતાં પણ સાવધગીરી રાખવી પડે. જે આખી જીંદગીને માટે સાવધગીરી ન રાખી શકે તેને માટે જ્ઞાની સિવાય કોઈ સદ્‌ગતિની ખાતરી આપી શકે ?

◆◆◆

આપણે કદી પણ નહોતા અને પેદા થયા છીએ-એવું નથી; આ જગત્ કદી પણ નહોતું અને પેદા થયું છે-એવું પણ નથી; તેમ જ, આપણે પહેલાં શુદ્ધ જ હતાઅને પછીથી કર્મના યોગવાળા બનવાથી અશુદ્ધ બની ગયા-એમ પણ નથી. જીવનું અસ્તિત્વ પણ અનાદિકાલથી છે, અજીવનું અસ્તિત્વ પણ અનાદિકાલથી છે અને જીવ તથા કર્મના યોગનું અસ્તિત્વ પણ

અનાદિકાલથી છે !

♦♦♦

આપણે જાણીએ છીએ કે-સારીય દુનિયા સુખની અભિલાષામાં અને સુખની આશામાં તરફડે છે; અને તેમ છતાં પણ, એક યા બીજા પ્રકારે એ દુઃખથી રીબાયા કરે છે. કેવળ સુખ માટેની જ ઈચ્છા અને બનતો પ્રયત્નેય સુખ મળે એ હેતુથી, પણ ધાર્યું સુખ મળે નહિ અને દુઃખ તરફ ભારે અણગમો છતાં એ આવ્યા વિના રહે નહિ. એનું પ્રધાન કારણ એ છે કે-એનું જે સાચું સાધન છે, તે એના જાણવામાં આવ્યું નથી; જાણવામાં આવ્યું છે તોય તે ઉપર ઉપરથી જાણવામાં આવ્યું છે, પણ તે સમજાયું નથી; અને, કદાચ એ સાધન સમજમાં આવ્યું પણ હોય, તોય તે સાધન હૈયે જચ્યું નથી. એ સાધન જો હૈયે જચ્યું હોય, તો એ માર્ગે શક્તિ અને સામગ્રી મુજબનો પુરુષાર્થ સર્વથા ન થાય તે બને નહિ. સાધન હૈયે બરાબર જચ્યું છે અને તેમ છતાં પણ શક્તિ મુજબનો પુરુષાર્થ થોડો પણ થતો જ નથી-એમ જો કોઈ કહે, તો કહેવું પડે કે-એ વાત ગલત છે.

♦♦♦

એક ગોરો અને એક કાળો; રાજા અને પ્રજા; એકની પાસે મશીનગન, તો બીજાની પાસે ઘંટડી; એક માલદાર, એક ભીખારી; આ બધું કર્મસત્તા વગર કોના યોગે બન્યું ? છતી બુદ્ધિએ બુદ્ધિનું લીલામ કરે તેનો કાંઈ ઉપાય નથી. દીવા જેવું હોય ને ન માને, ઉંહ ઉંહ કરે, ત્યાં શો ઉપાય? માયકાંગલા શરીરવાળાને અગીયાર વાગે ટાઈમસર દાળભાત મિષ્ટાન્ન મળે, ત્યારે અલમસ્ત શરીરવાળાને રોટલો પુરો મળતો નથી. એકને એક મિનીટના હજાર મળે, બીજાને બાર કલાકની મહેનત છતાં પણ રીતસરનું ભોજન ન મળે, આ બધાનું કારણ ? નાહકના ઘમંડી ન બનો. જરા ધીમા પડો. આ બધી પ્રત્યક્ષ વાતો છે.એનાથી કર્મસત્તા પૂરવાર થાય છે માટે કર્મસત્તાને માની કર્મથી બચી જવાય એવા પ્રયત્નો કરવા જોઈએ.

♦♦♦

આ જગતમાં સુખી થવાનું કોઈ સાધન હોય, તો તે શ્રી જિનેશ્વરદેવોનું શાસન છે.

♦♦♦

આ ભવમાં આપણે કોઈનું બગાડ્યું હોય તો જ તે આપણું બગાડે અગર આપણે ખરાબ હોઈએ તો જ કોઈ આપણું દુશ્મન બને-એવો નિયમ નથી. આપણે કોઈનાય ભૂંડામાં ન હોઈએ અને આપણે કશો પણ દોષ ન કર્યો હોય, તો પણ આપણે માટે ભૂંડું બોલનારા અને આપણું ભૂંડું કરવાને માટે મથનારા હોય એ બનવાજોગ છે. એ દ્વારા પણ ભવાંતરની સાબીતી થઈ શકે છે.

♦♦♦

આપણે જીવ માત્રની સાથે મૈત્રીનો સંબંધ યોજવો છે. સૌનાય હિતની ચિન્તા અને કોઈના અહિતની ચિન્તાનો અભાવ, એ વિશ્વધર્મનો પાયો છે. આત્મિક સુખમાં રમણતા, એ વિશ્વધર્મનો અર્ક છે અને હિંસાદિ પાંચનો ત્યાગ એ એના ઉપાયો છે.

♦♦♦

આપણે જન્મ્યા છીએ, તે આપણા જ કર્મે જન્મ્યા છીએ; આપણે જીવવાનું છે તેય આપણા કર્મથી જ જીવવાનું છે; અને, અહીં જીવવાનું પણ ત્યાં સુધી જ છે, કે જ્યાં સુધી આપણને અહીં જીવાડનારૂં આપણું કર્મ હોય. આપણને જીવવાની ગમે તેટલી ઈચ્છા હોય, જીવવાને માટે આપણે ચાહે તેટલું ભેળુ કર્યું હોય અને ગમે તેટલી જીવવાની કિલ્લેબંધી કરી લેવાને માટે આપણે દિન-રાત મથ્યા હોઈએ, પણ જ્યાં આ ભવમાં આપણને જીવાડનાર આપણું કર્મ ખલાસ થયું કે-અહીંથી આપણે ગયે જ છૂટકો, એટલે આ જીવનમાં આપણું કર્મ આપણને જેટલો કાળ જીવવા દે, તેટલા કાળમાં આપણે તો જેટલું સધાય તેટલું સાધી લેવું જોઈએ.

♦♦♦

આપણે ત્યાં પરોપકાર એ સ્વ-ઉપકારથી ભિન્ન નથી. જેમાં સ્વોપકાર નથી તેને જૈનશાસને પરોપકાર માન્યો જ નથી.

♦♦♦

આપણે તો માનીએ છીએ કે-' આપણે આત્મા છીએ. આ શરીર એ

આપણે નથી. આ શરીર-આપણું પોતાનું કહેવાતું શરીર પણ, વસ્તુતઃ બન્ધન રૂપ છે. આત્માને શરીરનું બન્ધન આજનું નથી; ઘણા કાળનું છે. આત્મા છે ત્યારથી જ શરીરનું બન્ધન છે; પણ નવાં નવાં શરીરો બદલ્યા કરે છે.

◆◆◆

આપણે ત્યાં મોટાની ઈર્ષ્યા ન હોય : આપણે ત્યાં તો મોટા-નાનાની મર્યાદા બરાબર જાળવવાની હોય : ખુદ ભગવાનના સમવસરણમાંય સૌ પોતપોતાને ઉચિત જગ્યાએ બેસે : કોઈ નાનો વહેલો આવીને મોટાની જગ્યાએ બેસી જતો નથી ! પણ મોટા કેવા હોય ? આપણે ત્યાં મર્યાદા તૂટતી જાય છે, તેમાં એ પણ એક કારણ છે કે-મોટાને મન જે એમ જ હોવું જોઈએ કે-'અહીં બધું મારૂ હોવું જોઈએ.' તે ઘણે ભાગે રહ્યું નથી ! આજે મોટા એવા પણ છે કે-બીજાએ તૈયાર કરેલા કળશ લઈને પોતે જ રેડી દેવા જેવું કરે. મોટાએ તો ખર્ચામાં એવા મોટા રહેવું જોઈએ કે-નાનાને એમ થાય કે-'આ ભાગ્યશાલીઓ છે ત્યાં સુધી ચિંતા કરવા જેવું કાંઈ છે જ નહિ !' સૌને પોતપોતાની શક્તિ મુજબ કરવાનું મન અવશ્ય હોવું જોઈએ, પણ મોટાને એમ હોવું જોઈએ કે-'હું હોઉં ત્યાં તો બધું મારૂં જ જોઈએ !'

◆◆◆

આપણે ધર્મક્રિયા કરીએ છીએ, માટે આપણી સદ્‌ગતિ જ થશે-એમ માનનારે વિચારવું જોઈએ કે-' આયુષ્યનો બંધ અધર્મ વ્યવહાર કરતી વખતે પડશે તો ? અને, ધર્મવ્યવહાર આચરતી વખતે પણ, આત્મા જો ક્લિષ્ટ પરિણામવાળો બન્યો હશે તો ?' આજે ઘણાઓ કહે છે કે-' બધું સાચું પણ બજાર વગેરેની વાત જુદી !' એમ ન મનાય. ધર્માધર્મનો ખ્યાલ જેમ મંદિર, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનોમાં જોઈએ; તેમ ધર્માધર્મનો ખ્યાલ, બજાર, ઘર વગેરે અધર્મનાં સ્થાનોમાં પણ જોઈએ અને અધર્મની ક્રિયાઓ કરતી વખતે પણ જોઈએ.

◆◆◆

આરાધનાથી મળેલું બળ ફળે છે, જ્યારે નિયાણાથી મેળવેલું બળ પાયમાલ કરે છે.

◆◆◆

આરાધનાથી બળીયા બનેલા સદ્‌ગતિએ અગર મુક્તિએ જાય છે,

જ્યારે નિયાણાથી બળીયા બનેલા નરકગતિમાં જાય છે. આ જ કારણે પૌદ્‌ગલિક વસ્તુ માટે ધર્મને વેચવો એ યોગ્ય નથી.

♦♦♦

આર્ત્તધ્યાનમાં પડેલાનું આર્ત્તધ્યાન વધારવાનું હોય જ નહિ. આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ખેંચી લાવે છે.

♦♦♦

આરંભ અને પરિગ્રહ, એ સ્વભાવે એવી વસ્તુઓ છે કે-જીવને એ દુર્ગતિમાં જ ઘસડી જાય. આરંભ અને પરિગ્રહના ત્રણ વિભાગો પાડયા. મહાઆરંભ અને મહાપરિગ્રહ, આરંભ અને પરિગ્રહ તથા અલ્પઆરંભ અને અલ્પપરિગ્રહ ! નરકગતિના આશ્રવોને વર્ણવતાં, મહારંભને અને મહા પરિગ્રહને જણાવ્યા હતા; તિર્યંચગતિના આશ્રવોમાં, આરંભને અને પરિગ્રહને જણાવેલ છે; જ્યારે મનુષ્યગતિના આશ્રવોમાં અલ્પારંભને અને અલ્પ પરિગ્રહને જણાવશે; એટલે, આરંભથી અને પરિગ્રહથી જેટલી નિવૃત્તિ, તેટલું દુર્ગતિનું કારણ ઓછું !

♦♦♦

આ લોકના તુચ્છ પદાર્થ પાછળ દુનિયાને પાગલ બનાવી દેનાર, નાશવંત વસ્તુની પૂંઠે દોડધામ કરાવનાર, સાધુ વેષમાં રહેલા હોય તો પણ તે શેતાનો છે.

♦♦♦

આ લોકની સાધના કરવી અને પરલોકને ભૂલી જવો, એ અનંતકાળે મહાપુણ્યોદયે મળેલ મનુષ્યભવનો નાશ અને અવગણના કરવા બરાબર છે. એવી રીતિએ મનુષ્યભવનો નાશ અને અવગણના કરનાર આત્મા પોતા માટે ફરી મનુષ્યભવની પ્રાપ્તિ અતિશય દુર્લભ બનાવે છે.'

♦♦♦

આવાં અનુષ્ઠાનો દ્વારા ધર્મ પામવાનો ભાવ હોય તો આવાં અનુષ્ઠાનો ધર્મના પ્રકટીકરણમાં અપૂર્વ સહાય કરી શકે, પણ વિપરિત ભાવ હોય તો આત્મા ધર્મથી ઘણા ઘણા કાળ પર્યન્ત વંચિત રહે, એવું પરિણામ પણ આવી જવા પામે. આ માટે જ શ્રી જૈન શાસન આત્માના પરિણામ ઉપર ખૂબ ભાર મૂકે છે.

♦♦♦

આવતાં કર્મ રોકાઈ જાય એટલે સંસારમાં ભટકવાનો ભય છે તે જતો રહે : એ ભય જતો રહે એટલે કેટલો હર્ષ થાય ?

◆◆◆

આવી સામગ્રી કોને મળે ? મળેલા સંસારના સુખને છોડયા વિના અને દુ:ખ કાંઈક સારા ભાવે વેઠયા વિના આવી સુન્દર સામગ્રી મળે નહિ. તમારાથી એમ તો નહિ જ કહી શકાય કે અમને સુદેવ, સુગુરુ અને સુધર્મ મળેલ જ નહિ. ઊલટું, તમારે એમ કહેવું પડશે કે-'અમને સુદેવાદિ મળેલા તો ખરા જ.' એટલે વિચારો કે-આટલું બધું મળ્યા છતાં પણ દુરિતનો નાશ આદિ ન થયું, તો તેનું કારણ શું ?

◆◆◆

આવી રીતિએ ફરજોનો વિચાર કરવામાં આવે, તો આજના જેવી વિષમ હાલત હોય નહિ. સંસાર ન ગમવો એ મુખ્ય ધર્મ. સંસાર ન ગમે અને મોક્ષ ગમે એટલે આજે જે રસપૂર્વક સંસારની પ્રવૃત્તિ થાય છે તે અટકી જાય. સંસારમાં લ્હેર છે, એ માન્યતા ઉડી જવી જોઈએ. સંસારમાં રહેવું પડે એનું હૈયે દુ:ખ હોવું જોઈએ. એમ થાય તો સંસારના ત્યાગિઓ તરફ સાચો સદ્‌ભાવ જાગે. પછી સંસારનો ત્યાગ કરવા ઈચ્છનારાઓના માર્ગને ન રૂંધાય, પણ સહાય કરાય: સંસારને છોડેલાની દયા ન આવે પણ સંસારમાં રહેલા દયાપાત્ર લાગે : સંસારમાં રહેવા છતાં સંસાર કારાવાસ સમાન, દાવાનળ સમાન લાગે અને એમ થાય એટલે ત્યાગમાર્ગના ઉપદેશકો રૂચે તેમજ સંસારમાં રહેવાનો ઉપદેશ આપનારાઓ અપકારી, દુશ્મનો જેવા લાગે છે.

◆◆◆

આવું ઉત્તમ જીવન પામીને પણ કેવળ આંખો મીંચીને જ પ્રયત્ન થાય અને ઈચ્છિત વસ્તુ મરતાં સુધી પણ ન મળે તોયે તેના કારણનો વિચાર કરવાને માટે ન થોભાય, એ બુદ્ધિ કયી જાતની ?

◆◆◆

આ વિશ્વમાં આત્માને સુખ આપનાર અને આફતમાંથી ઉગારનાર કોઈ હોય તો તે પણ ધર્મ જ છે તથા આત્માની જડતાનો નાશ કરનાર પણ ધર્મ છે. તેમજ આત્માને વળગી ગયેલ પાપોના મર્મને વિંધનાર પણ કોઈ હોય તો તે પણ ધર્મ જ છે.

◆◆◆

આ વિશ્વમાં સાચી માતા, સાચો પિતા; સાચો મિત્ર કે સાચો બંધુ જો કોઈ હોય તો એક ધર્મ જ છે.

◆◆◆

આ વિરોધની બધી જ કાર્યવાહી દર્શનના ઉપર જ કારમા ઘા કરે છે. એની સામે શક્તિ હોવા છતાં પણ જો પ્રતિકાર ન થાય, તો એ પોતે પોતાના સમ્યક્ત્વના ખૂની બને છે.

◆◆◆

આવી સામગ્રીને પામેલા આપણને તો એમ થવું જોઈએ કે-'આ જન્મમાં, ભગવાને કહેલો ધર્મ ભગવાને કહેલા હેતુથી શક્તિ મુજબ કરવાનો પુરુષાર્થ કર્યા વિના અમારે રહેવું નથી.' ભગવાને કહેલો ધર્મ જો આપણે હૈયે જચી જાય, તો આપણને એમ થાય કે-' ભગવાને કહેલો આ દાન, શીલ, તપ અને ભાવ રૂપ ધર્મ, એ એવો સારો છે કે- શક્તિ છતાં પણ એ ધર્મને જેઓ શક્તિ મુજબ આચરવાનો ઉદ્યમ કરતા નથી, તેઓ ભયંકર ભૂલ કરી રહ્યા છે.'

◆◆◆

આવો જન્મ આપણને આ પહેલી જ વાર મળ્યો હશે ? કે, કદાચ અનંતી વાર પણ મળ્યો હશે ? અને, આ બધી ધર્મસામગ્રી પણ આ જ ભવમાં મળી હશે? કે, કદાચ અનંતીવારેય મળી હશે ? અરે, આ ઓઘો પણ અનંતીવાર મળ્યો હોય તો એય અશકય છે ? જ્ઞાની હોય તો શું બન્યું છે ને શું બન્યું હશે એ કહી શકે, પણ આપણે 'અનંતીવાર આ બધું નહિ જ મળ્યું હોય અને આ જન્મ, ને આવી સામગ્રી પહેલી જ વાર મળેલી હશે.' એમ કેમ કહી શકીએ ?

◆◆◆

આવેશને અતિપણે વશ થયેલો આત્મા પોતાના કિંવા પરના હિતાહિતને કોઈ પણ રીતિએ વિચારી શકતો નથી.

◆◆◆

આવી સર્વોત્તમ સામગ્રી મળ્યા પછી પણ આરાધના ન થાય, એ ભયંકર કમનશિબી છે.

◆◆◆

આ વિશ્વમાં એવો કોઈ જન્મ્યો નથી અને જન્મવાનો પણ નથી, કે જેનું મૃત્યુ ન થાય. સંસારમાં જન્મની સાથે મરણ સંકળાયેલું જ છે. જે જન્મ્યો છે, તે મરવાનો જ છે- એ વાત, એક ને એક બે જેવી સુનિશ્ચિત છે. આવી સુનિશ્ચિત વસ્તુમાં પણ અજ્ઞાન આત્માઓ આકળ-વિકળ બની જાય છે. દિવસોના દિવસો સુધી પોતે સાંભળ્યું અને જોયું પણ હોય કે- જન્મેલા વહેલા યા મોડા મરે જ છે, છતાં મરણની વાત આવતાંની સાથે જ જીવો કેટલા બધા આકળ-વિકળ બને છે ? મરણથી ડરનારા આત્માએ જન્મથી બચાય એવો પ્રયત્ન આદરવો-એ જ ડહાપણનું કામ છે, પણ અજ્ઞાનિઓને એનો તો વિચાર કરવાની પણ દરકાર નથી. 'હું કયાંથી આવીને અહીં જન્મ્યો અને અહીંથી મરીને હું કયાં જઈશ ?'- એનો વિચાર કરનારા કેટલા ? મર્યા પછી જ્યારે કયાંક પણ જન્મ્યા વિના છૂટકો નથી, તો પછી એની કાળજી રાખવી જોઈએ કે નહિ ? પણ આજે તો પરભવની વાત કોઈ કરે, તોય કેટલાકોને પીડા ઉપજે છે. વસ્તુત : તો ડાહ્યો તે છે, કે જે પરભવને સુધારવાનો પ્રયત્ન કરે છે અને એ પ્રયત્ન એ જ ધ્યેયથી કરે છે કે-ક્રમશ : જન્મ જ ન લેવો પડે એવી દશા પમાય. એવો પ્રયત્ન કરનારા જ સાચા વિવેકી છે અને વાસ્તવિક સત્કારને પાત્ર છે. છતાં, અજ્ઞાન આત્માઓને એવા પુણ્યાત્માઓને મૂર્ખા કહેતાં અને એ પુણ્યાત્માઓનો તિરસ્કાર કરતાં પણ આંચકો આવતો નથી.

♦♦♦

આ શરીરમાં આપણે આવ્યા છીએ, પણ આ શરીરને મૂકીને જવાનું છે તે તો નક્કી જ છે ને ? આ શરીરને મૂકીને આપણે જવાનું કયાં ? તમે તો કહેશો કે-'ખબર નથી.' પણ આપણે 'ખબર નથી.'-એમ કહીએ અને આપણે કેવળ મૂઢ દશામાં ચાલ્યા જવું પડે, તો આપણને મળેલું, આપણું ભણેલું, આપણું જાણેલું એ બધું સફળ નીવડયું કહેવાય કે નિષ્ફળ નીવડયું કહેવાય ?

♦♦♦

આ શરીર અવશ્ય છૂટવાનું, પણ હું તો રહેવાનો જ અને આ શરીરમાંથી છૂટીને અન્યત્ર ઉત્પન્ન થવાનો જ.'-આવુ જેને લાગે, તેને તો મારે અહીં કેમ જીવવું, એ વિષે વિચાર આવે ને ? કેમ કે-ભવિષ્યના જીવનનું

સર્જન વર્તમાનમાં થાય છે.

◆◆◆

આ શરીર દ્વારાએ વધુ પાપ ન થઈ જાય અને આત્મસ્વભાવ પ્રગટે એ બુદ્ધિએ ઉત્તમ આચારનું પાલન કરવું એ પણ સદાચાર છે.

◆◆◆

આશંસાભાવથી કરાએલ ધર્મના યોગે પુણ્ય ન જ બંધાય એમ નહિ, પણ પુણ્યાનુબંધી પુણ્ય ન બંધાય અને પાપાનુબંધી પુણ્ય બંધાય. એ વિચાર કરો તો ઓછી ભયંકર વસ્તુ નહિ લાગે.

◆◆◆

આ શાસન શરણું કોને આપે ? દાનથી ભાગે એને કે લક્ષ્મીથી ભાગે એને? શીલથી ભાગે એને કે વિલાસથી ભાગે એને ? અને તપથી ભાગે એને કે ખાવાથી ભાગે એને ?

◆◆◆

આ શાસનમાં જેમ આજ્ઞા ખાતર સાધુઓએ આપત્તિ વેઠી છે, તેમ શ્રાવકોએ પણ વેઠી છે; પ્રભુની આજ્ઞાથી વિરૂદ્ધ થઈને કોઈએ જાતને સાચવી નથી અને જેઓએ આજ્ઞાથી વિરૂદ્ધ યા બેદરકાર થઈ ને જાતને સાચવી છે, તેઓ શાસનથી ઉખડી પણ ગયા છે.

◆◆◆

આ શાસનને પામેલા આત્માઓ, દુનિયા જેને સારો માને તેને જ સારો માનનારા હોતા નથી કે તેની પ્રશંસા કરનારા હોતા નથી; પરંતુ જ્ઞાનિઓએ સારાપણાનાં જે જે લક્ષણો દર્શાવ્યાં છે, તે તે લક્ષણો જેનામાં હોય છે, તેને જ સારો માનનારા હોય છે.

◆◆◆

આશાના અન્ધકારમાં આથડયા કરતો માનવી જ્યારે પ્રકાશવન્તા પુરૂષાર્થને પામે છે ત્યારે એને એમ પણ થઈ જાય છે કે, મને આ માર્ગે વળવામાં સહાય કરનારનો મારા ઉપર એવો ઉપકાર થયો છે કે, તે ઉપકારને હું કદી પણ વિસરી શકું નહિ; એટલું જ નહિ, પણ હવે હું એવી યોગ્યતા પ્રાપ્ત કરૂં કે જેથી આશાના અન્ધકારમાં આથડયા કરતા જીવોની નજર પ્રકાશવન્તા પુરૂષાર્થ તરફ ઢળે એવું હું પણ કાંઈક કરી શકું !

◆◆◆

આસક્તિ આદિના યોગે સંસારમાં રહેવા છતાં પણ પ્રભુશાસન પામેલા પુત્રો, તુચ્છ સ્વાર્થના પૂજારી બનતા નથી, પૌદ્‌ગલિક પદાર્થો ખાતર અનીતિના માર્ગે પ્રાયઃ જતા જ નથી અને માતાપિતા આદિની શાંતિ વિગેરે ખાતર પોતાના પૌદ્‌ગલિક સ્વાર્થોનો પરિત્યાગ કરવા તેઓ સહજ પણ પાછા પડતા નથી.

♦♦♦

આ સ્વાર્થી દુનિયામાં રહેલા સ્વાર્થાંધ આત્માઓ, આત્મહિતનાશક પૌદ્‌ગલિક સ્વાર્થમાં એવા રક્ત હોય છે કે-એની સાધના કરવામાં તેઓ પોતાનો કે પારકાનો પરમ કલ્યાણસાધક જે આત્મિક સ્વાર્થ, તેને જોતાય નથી અને વિચારતાય નથી.

♦♦♦

આ સંસારના સઘળાય ઉપકારિઓમાં શ્રી જિનેશ્વરદેવ એ મોટામાં મોટા અને અજોડ ઉપકારી છે. અનન્ત આત્માઓ પોતપોતાનું સાધીને તરી ગયા અને પોતપોતાનું સાધીને તરશે : પણ શ્રી જિનેશ્વરદેવોના આત્માઓ તો પોતાની હયાતિમાં તેમજ બીનહયાતિમાં પણ તરવા ઈચ્છનારા આત્માઓ તરી શકે એવી અનુપમ સામગ્રી ઉત્પન્ન કરે છે : આથી જ તે આત્માઓની તરનારા અને તારનારા તરીકેની સુખ્યાતિ છે.

♦♦♦

આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને એક માત્ર મુક્તિમાર્ગ જ ઉપદેશ્ય છે : કારણ કે-એ સિવાયનો કોઈ પણ માર્ગ કોઈ પણ જીવને માટે એકાન્ત કલ્યાણનું વાસ્તવિક કારણ નથી : પરન્તુ અનધિકારી ઉપદેશકને એ ઉપદેશવાનો અને અનધિકારી શ્રોતાને એ સાંભળવાનો નિષેધ છે : કારણ કે-અનધિકારી દેનાર સોનું કહીને પણ પીત્તલને દેનારો બને છે અને અનધિકારી લેનાર સોનાને લેવાને બદલે એની અવગણના જ કરે છે.

♦♦♦

આ સંસારને, માત્ર જલધિ એટલે સાગરની જ ઉપમા આપવામાં આવી છે, એમ પણ નથી. અનન્ત ઉપકારીઓએ આ સંસારને અનેક પ્રકારની કારમી ઉપમાઓથી નવાજ્યો છે. આ સંસારની વિષમતા આદિને દર્શાવવાને માટે, જે જે ઉપમાઓ એને લાગી શકે તેમ છે, તે તે ઉપમાઓને લગાડી

લગાડીને અનન્ત ઉપકારી મહાપુરુષોએ, આ સંસારના યથાસ્થિત સ્વરૂપનું વર્ણન કર્યું છે. ઉપકારિઓએ આ સંસારને જેમ સાગરની ઉપમાથી વર્ણવ્યો છે. તેમ અટળ, દાવાનળ આદિની ઉપમાથી પણ વર્ણવ્યો છે. આ રીતિએ ભિન્ન ભિન્ન ઉપમાઓ દ્વારા વર્ણન કરવાનો હેતુ એક જ છે અને તે એ જ કે-સંસારની વિષમતા જીવોને સમજવી સહેલી થઈ પડે. ઉપકારી મહાપુરુષો આ સંસારને આપણી સમક્ષ એવા રૂપે રજૂ કરે છે, કે જેથી યોગ્ય આત્માઓને આવા કારમા સંસારથી મુક્ત બનવાની ઈચ્છા થયા વિના રહે નહિ. વાત પણ સાચી છે કે-સંસારનું સ્વરૂપ ભયંકર છે અને એનાથી મુક્ત બનવું એ જ એકાન્તિક અને આત્યન્તિક સુખને પામવાનો ઉપાય છે. સંસારનુ યથાસ્થિત સ્વરૂપ સમજાઈ જાય, તો સંસારથી મુક્ત બનવાની ભાવના ઉત્પન્ન ન થાય એ બને જ નહિ; પણ ભોગસુખમાં લીન બનેલા આત્માઓને, એને જાણવાની કે વિચારવાની દરકાર જ કયાં છે ?

◆◆◆

આ સંસારમાં સૌ કોઈ પોતાના કલ્યાણની અભિલાષાવાળા છે અને એથી કલ્યાણના વાસ્તવિક માર્ગનો ઉપદેશ દેવો, એ સ્વ-પરના ઉપકારનો એક સુન્દરમાં સુન્દર ઉપાય છે.

◆◆◆

આ સંસારમાં મરણ કોઈને પણ-પછી તે ચાહે તો બાલ હોય, ચાહે તો વૃદ્ધ હોય કે ચાહે તો તરૂણ હોય-છોડતું નથી, એ વાત સર્વ પ્રકારે સુનિશ્ચિત છે.

◆◆◆

આ સંસારમાં રહેવું એ ધર્મ નહિ, પરન્તુ આ સંસારથી કયારે છૂટાય એમ ઈચ્છવું એ ધર્મ. આથી સ્પષ્ટ છે કે-પેઢીઓ, કંપનીઓ, મીલો ચલાવવી અને પરણવું -એ વિગેરે ધર્મ નથી જ.

◆◆◆

આ સંસારમાં વિરલ આત્માઓ જ પોતાના ઐશ્વર્યને પિછાણે છે.

◆◆◆

આ સંસારમાં પિરભ્રમણ કરતા જીવો આજ-કાલના દુઃખી છે અગર તો અમુક કાળથી જ દુઃખી છે એવું નથી : પરન્તુ સંસારમાં પરિભ્રમણ કરતા

સઘળા જ જીવો અનાદિકાળથી દુઃખી છે.

◆◆◆

આ' સંસારમાં પોતે સૌમ્ય સ્વભાવને ધરનારા છે એવું બોલનારા તેમજ એ જાતિનો દેખાવ કરવાનો સતત પ્રયત્ન કરનારા તો ઘણા હોય છે, પણ તેવા આત્માઓની અહીં વાત નથી. અહીં તો તે આત્માઓની વાત છે, કે જે આત્માઓ નૈસર્ગિક રીતિએ- અકૃત્રિમપણે સૌમ્ય સ્વભાવને ધરનારા છે. પૌદ્ગલિક લાલસાને આધીન બનીને, પોતાને શાન્ત, ક્ષમાશીલ આદિ તરીકે ઓળખાવવાની ઇચ્છાથી અને એ રીતિએ લોકમાં નામના મેળવવાની કામનાથી આ જગતમાં એવા તો સંખ્યાબધ આત્માઓ છે, કે જે આત્માઓ દાંભિક શાન્તિ અને દાંભિક ક્ષમા આદિને ધરનારાઓ છે. એવા આત્માઓની શાંતિ અને ક્ષમા દાંભિક હોવાને કારણે ગુણ રૂપ નથી પણ અવગુણ રૂપ છે. એ શાન્તિ અને એ ક્ષમા દાંભિક હોવાના કારણે, અવસરે એવા આત્માઓ ઘણાં જ કારમાં કૃત્યોને આચરતાં પણ અચકાતા નથી. એવા આત્માઓની શાન્તિ અને ક્ષમા કેટલી બધી પોકળ છે, એ વસ્તુ પણ કોઈ તેવા અવસરે જણાઈ આવે છે. કૃત્રિમ શાન્તિના ઉપાસકોને કોઈ કોઇ વિષમ પ્રસંગે ક્રોધમૂર્તિ બની જતાં વાર લાગતી નથી અને એ સમયે તેમની આકૃતિ એવી તો ભીષણ બની જાય છે, કે જેને જોઈને વિવેકી આત્માઓ માટે તેઓ વિશ્વસનીય રહેતા નથી. કૃત્રિમ શાન્તિ અને કૃત્રિમ ક્ષમા તેવા આત્માઓની અજ્ઞાન જનોમાં કીર્તિને વધારનારી બનતી પણ હોય, તોય તે આત્મહિતની તો ઘાતક જ નીવડે છે! આ કારણે, કલ્યાણના અર્થી આત્માઓએ તો અકૃત્રિમપણે સૌમ્ય સ્વભાવવાળા બનવાને માટે જ ઉદ્યમશીલ બનવું જોઇએ.

◆◆◆

મહાપુરુષે કહ્યું છે કે-હે વીતરાગ ! તારી બહારથી કરાતી સેવા કરતાં, દ્રવ્યથી તારી ચાહે તેટલી સેવા કરવામાં આવે તો પણ એ સેવા કરતાં, એ દ્રવ્ય સેવાને પણ સફળ કરનારી તારી ઉત્કટ એવી જો કોઇ સેવા હોય, તો તે તારી આજ્ઞાનું પાલન કરવું એ છે. શ્રી વીતરાગ પરમાત્માની દ્રવ્ય સેવા અભવ્યો પણ પામી શકે છે, દુર્ભવ્યો પણ પામી શકે છે અને ભારેકર્મી એવા ભવ્યો પણ પામી શકે છે. પરન્તુ, આજ્ઞાપાલન રૂપ શ્રી વીતરાગ પરમાત્માની જે સેવા છે, તે સેવાને તો તે જ ભવ્યાત્માઓ પામી

શકે છે, કે જેમની ભવિતવ્યતા અને કર્મલઘુતા આદિ વિકસિત થવાથી, જેમની ભવ્યતા વિકસિત થવા પામી હોય છે.

♦♦♦

આ સંસારસાગરમાંથી પોતાના આત્માનો નિસ્તાર કરવાના કાર્યમાં રોકાઈ જવું, એ જ આ માનવજીવનને પામ્યાની સાચી સફળતા અને સાર્થકતા છે.

♦♦♦

આહારનું ધ્યેય તો શાસ્ત્રકારોએ એ કહ્યું છે કે સંયમ સારી રીતે આરાધાય. શરીર સારૂં થાય અને લષ્ટપુષ્ટ બને એ ધ્યેય સંયમીઓનું નહિ પણ શરીરના ગુલામોનું છે.

♦♦♦

આ ક્ષેત્રે આ કાળે શ્રી અરિહન્ત પરમાત્મા સદેહે વિચરતા નથી. એ તો જે થયા તે બધા સિદ્ધિને પામી ગયા. શ્રી સિદ્ધભગવન્તો પણ સિદ્ધસ્થાને વિરાજમાન છે. ત્યારે જગતમાં જે આ ક્ષેત્રમાં વિચરતા હોય, એવામાં શરણ તરીકે સ્વીકારવા યોગ્ય કોણ ? શ્રી આચાર્યદિક મુનિઓ જ ને ? આમા મા પણ નહિ, બાપ પણ નહિ, પછી બાયડી તો હોય જ શાની ?

♦♦♦

આજ્ઞા એજ ધર્મ છે. ફાવે તે કરીએ એ ભાવના, એ જ આત્માના નાશની નિશાની છે. ઈચ્છામુજબ ચાલવાની વૃત્તિને જ્યાં જ્યાં પોષણ મળતું હોય, તે આત્માના ઘાતને માટે છે.

♦♦♦

આજ્ઞા અને ઈચ્છાને પરસ્પર ભયંકર વિરોધ છે. સંસારના પિપાસુઓને ઈચ્છા છોડવી નથી અને આજ્ઞા પાળવી નથી.

♦♦♦

આજ્ઞા કરનારે, આજ્ઞા પાળવા ઈચ્છનારને આજ્ઞાપાલનની સામગ્રી પૂરી પાડવી જ જોઈએ.

♦♦♦

આજ્ઞા કરનારે એટલી કાળજી તો અવશ્ય રાખવી જોઈએ કે- સામો આત્મા એ આજ્ઞાનો ભંજક બને નહિ. એટલા માટે ઉપદેશને સાર્વજનિક રાખ્યો છે અને આદેશ અમૂક વ્યક્તિઓને જ હોય છે.

♦♦♦

આજ્ઞા કરવાની હદે પહોંચેલા આત્માઓએ આજ્ઞાદાતા તરીકે જીવતાં અને આજ્ઞા કરતાં શીખવું જોઈએ. જોએમ થાય તો યોગ્ય આત્માઓ તો અવશ્ય આજ્ઞાનું પાલન કરતા થાય જ.

◆◆◆

આજ્ઞાનુસારી મુનિજીવન કર્મક્ષયનું અનુપમ સાધન છે. મુનિવેષ લેવા છતાં પણ હૈયું અસમાધિની આગથી બળતું હોય તો કોઈ તારી શકતું નથી.

◆◆◆

આજ્ઞાની આધીનતા, એ દબાઈ ગયેલી આત્મલક્ષ્મીને પ્રગટ કરવાનો ઉપાય છે : એને જેઓ પરાધીનતા કહે તેઓ જ પરાધીન છે.

◆◆◆

આજ્ઞાને ન અનુસરાય એ હજુ ક્ષંતવ્ય છે પણ એનું ઉલ્લંઘન કરે, વિરાધન કરે એ ક્ષંતવ્ય નથી; કારણ કે આજ્ઞાને નહિ આરાધનારો પણ વિરાધનાથી ડરનારો એ આત્મા પણ અલ્પ સંસારી છે.

◆◆◆

### વિશ્વાસ વચન ઉપર કે પુરૂષ ઉપર ?

આજ્ઞા એજ આદર્શ, જ્યાં આજ્ઞા ઉપર બહુમાન છે ત્યાં આજ્ઞા કરનારનું બહુમાન આવી જ ગયું. આજ્ઞાના બહુમાન વગરનો આદમી વ્યક્તિનું બહુમાન કરે તો તે ખોટો છે. કેટલાક એવું માને છે કે:' '**वचनविश्वासे पुरुषविश्वासः** શસ્ત્ર કહે છે કે-એ તો અણસમજુ માટે. ડાહ્યા માટે તો '**पुरुषविश्वासे वचनविश्वासः**' એવા પણ દુનિયામાં પડયા છે કે-વચનો મીઠાં હોય પણ હૃદય ઝેરી હોય. એક મોટો આદમી તમને કહે કે-'તું નાલાયક છે,' અને એક રસ્તે ચાલતો આદમી કહે કે-'તુ નાલાયક છે.' નાલાયક શબ્દ બેયનો સરખો, પણ અસર મોટાના કહેવાથી થાય. રસ્તે ચાલનારાને તો કહે કે-'જા, જા, તારા જેવા કૈંક છે,' કારણ કે-એ સમજે છે કે આ તો ગમાર છે. પેલો મોટો માણસ બોલે ત્યારે થાય કે-જરૂર, એણે મારામાં કાંઈક ખામી જોઈ હશે, નહિ તો એ બોલે નહિ. દુનિયાના અર્થકામના સેવકોને પણ આ રીતિ અંગીકાર કરવી પડે છે. ઓફીસમાં પરસ્પર ગમે તેટલું બોલે કે-કેમ કામ કરતો નથી, તો એની અસર ન થાય, પણ ઓફીસર આવે, એ બોલે પણ નહિ, જરા આંખ જ ફેરવે કે ટપ નીચી મુંડીએ કામ કરવા મંડી પડે.

સમજે છે કે-શેરો મારવો ઓફીસરના હાથમાં છે. વચન પરથી જ વ્યક્તિની કિંમત આંકવાની જૈનશાસનમાં નથી કહી. પારધિની ક્રિયા કેવી ? પારધિ શરૂઆતમાં તો ઉદાર બની જાય, જાળ બીછાવી અનાજ નાખી, પક્ષીઓને ભોજન કરવા આમંત્રે એવું અનાજ નાખે કે-પક્ષીઓ ખાતાં થાકે. એક પછી એક, એક પછી એક, એમ આવી આવીને બેઠે જ જાય. એની સાવચેતી એટલી બધી કે-જરા અવાજ ન થાય. સામેથી કોઇને આવતો જૂએ તોએ એ બોલે નહિ. આડા હાથ ધરે. જાણે મહાદયાળુ. પક્ષીને ત્રાસ ન થાય, ભોજનમાં અંતરાય ન થાય. પેલો આવનારો પૂછે કે-આ છે કોણ, જે ધીમે ધીમે ચાલે છે, બોલતો પણ નથી, હાથના ઈસારાથી જ વાતો કરે છે ? એ વખતે જો કોઇ એને એમ કહે કે-એ શાહુકાર છે તો ઠીક, પણ કોઇ એમ કહે કે-પારધિ છે, તો એ શું કરે ? એવો મોટો અવાજ કરે કે-એકે એક પક્ષી ઉડી જાય. અનાજ નાખીને દયાળુ પણ ન કરે એટલા પ્રમાણમાં પશુરક્ષા એ પારધી કરતો હોય. દયાળુ તો અનાજ નાખીને ચાલ્યો જાય, પણ આ પારધિ તો આગળ વધે, કારણ કે-એને તો થોડું અનાજ નાખી તમામ પક્ષી ખાઇ જવાં છે. આ ક્રિયા સારી કે નરસી ? અહીં મધ્યસ્થ બનો ? ગમે તેમ તોયે અનાજ નાખવાની ઉદારતા ખરીને ? એની દેખાતી રક્ષાની પ્રવૃત્તિ એ બધી હિંસાની પ્રવૃત્તિ છે. ક્રિયા કે વચનના આધારે ભૂલ્યા તો પરિણામ ખરાબ આવશે. પહેલી પરિક્ષા વ્યક્તિની-પુરૂષની, પછી એની ક્રિયાનો આદર. શાહુકારની પેઢીનો સામાન્યમાં સામાન્ય દસ રૂપીઆનો નોકર તમારે ત્યાં આવે અને એ શેઠની ચીઠ્ઠી આપે તો પચાસ હજારનો ચેક ફાડી આપો, પણ શાખ વગરની પેઢીનો માલીક પોતે આવે તોયે પ્રથમ તો ચોખ્ખી ના જ કહો. કદાચ એની શરમ પડે, એ માણસ કંઈક કામનો હોય તો તમે કહી દ્યો કે-આજે તીજોરીમાં રૂપીયા નથી. વ્યવહાર પણ વચનના નામે નથી ચાલતો પણ વ્યક્તિના નામે ચાલે છે. 'પુરષવિશ્વાસે વચનવિશ્વાસઃ' રાખનારો કદી ભૂલો પડે નહિ. સજ્જનના કરતાં દુર્જનનાં વચનો વધારે મીઠાં હોય છે. દુર્જનની જીભમાં મધુ અને હૃદયમાં હળાહળ ઝેર હોય છે. જ્યારે સજ્જનને હૃદયમાં મધુ અને કદાચ જીભમાં કઠીનતા લાવવી પડે છે. છોકરૂં ગમે તેવું તરફડે, રોતું કકળતું હોય તોયે મા, છાતી ઉપર પગ મૂકી દવા પાય.

◆◆◆

એ તો સ્પષ્ટ છે કે-પેઢીઓ, કંપનીઓ, મીલો ચલાવવી અને પરણવું વિગેરે ધર્મ નથી જ.

◆◆◆

આડંબરી આત્માઓ તો ભૂલનો સ્વીકાર કરતાં કરતાં પણ પોતાની મહત્તાને સાચવવાની સંભાળ પૂરેપૂરી રાખે છે : અને એથી તેવા આત્માઓ તરફથી કરવામાં આવતો ભૂલનો સ્વીકાર, એ પણ એક જાતનો ભયંકર દંભ જ હોય છે.

◆◆◆

આડંબર એજ પૂજાય છે એવી આજે માન્યતા ફેલાઇ ગઇ છે : પણ હું કહું છું કે આડંબર છે ત્યાં ધર્મ નથી. આડંબર લોકમાં પૂજાય છે પણ લોકોત્તર શાસનમાં કદી-પણ પૂજાતો નથી. શ્રી જૈન શાસનમાં તો સઘળીએ આડંબરયુક્ત ક્રિયાઓ પણ નિરાશંસહૃદયપૂર્વક થાય તો જ ફળે છે.

◆◆◆

આદમી મરી જાય ત્યારે જાણે છે કે-હવે આ કામ આવવાનો નથી, તે છતાં પણ તેની પછી તેને સંભારી સંભારીને જે મૂર્ખાઓને રોવાની કુટેવ પડી છે, તેના ઘરમાંથી જીવતો કામ કરનારો જાય તો તેઓ ન રૂએ એ બને? મરતાં કલ્યાણ ન કરવા દે, એ જીવતાં આત્માનું કલ્યાણ કેમ કરવા દે ? જે સ્વાર્થી લોક મરતાં યે સુખે મરવા દે નહિ, તે સાજાસમાને સુખે સમાધિએ આત્મકલ્યાણ કરવા માટે જવા દે ? એક શ્રી જિનેશ્વરદેવના વચનના મર્મને પામેલા હોય તે જ અનુજ્ઞા દે : બીજાઓ પાસેથી તે આશા ફોકટ છે.

◆◆◆

આ દેશમાં તો મહાતપસ્વિઓ પણ ઘણા થઈ ગયા છે. દિવસોના દિવસો સુધી અને મહિનાઓના મહિનાઓ સુધી, તેઓ નામ માત્રનો પણ આહાર લેતા નહિ. એક દહાડો ખાય અને ત્રીજા દહાડા સુધી આહારના સર્વથા ત્યાગવાળા ઉપવાસો કરે-આ રીતિએ પણ મહાપુરુષોએ વર્ષોનાં વર્ષો સુધી તપશ્ચર્યા કરી છે. એમને પેટ નહોતું જ, એમ નહિ. પેટ તો હતું, પણ એમણે ભૂખને ને તરસને સહવાની તાકાત કેળવી હતી.

◆◆◆

આ દેશમાં કે જ્યાં ઉત્પન્ન થયેલા મહાપુરુષોએ એક એક વસ્તુ ઉપર

સંપૂર્ણ અને હૃદયંગમ પ્રકાશ પાડતાં લાખો ગ્રંથો લખ્યા અને કરોડો શ્લોકો રચ્યા તે દેશમાં જન્મેલા તમે સુખના સાધનો સમજ્યા વિના જ મરી જાઓ તો એ છતે અનાજે દુકાળ જેવું ગણાય.

♦♦♦

આ દેશના મહર્ષિઓએ પોતાની સઘળી બુદ્ધિ અને શક્તિઓને- આત્મા, આત્માનું સુખ અને તેનાં સાધનોને વિચારવામાં વાપરી તથા તેની સઘળી સામગ્રી આપણી દૃષ્ટિ સન્મુખ મૂકી દીધી : છતાં તેનો વિચાર ન થાય, તો 'સુકાળમાં દુકાળીયાની માફક જીવનારા જ આપણે છીએ'-એમ કહેવાય : અનેએથી આપણું વર્તન કોઈ પણ રીતિએ પ્રશંસાપાત્ર ન જ ગણાય !

♦♦♦

આપત્તિ મુંઝવે નહિ અને સંપત્તિ ઘેલા બનાવે નહિ, એ ગુણ જૈનત્વમાંથી પ્રગટે છે.

♦♦♦

આ દુનિયામાં ભણેલા છતાં અભણથી પણ વધારે ભૂંડા અને બુદ્ધિશાલી છતાં બુદ્ધિહીનથીય વધારે મૂર્ખા માણસોની સંખ્યા મોટી હોય છે. એનું કારણ એ જ છે કે-એ ભણતર અને એ બુદ્ધિ સાચા વિવેકથી પર હોય છે. અવિવેકી આત્માઓની વિદ્યા અને બુદ્ધિ નથી તો તેઓને લાભદાયક નથી કે નથી તો અન્યોને લાભદાયક નથી. પ્રાય : તો એ વિદ્યા અને એ બુદ્ધિ ઉભયનો વિનાશ સાધનારી બને છે. આ જ કારણે, ભણતર અને બુદ્ધિ કરતાં પણ વિવેક પ્રધાનતા ભોગવે છે. વિવેકી આત્મા ભલે થોડું ભણેલો હોય અને ઓછી બુદ્ધિ ધરાવતો હોય, પણ તે પોતાના આત્માનું કલ્યાણ સાધી શકે છે અને બીજાઓને માટે પણ ઉપકારનું જ કારણ બને છે; પરન્તુ પુણ્યોદય અને લઘુકર્મિતાના યોગ વિના વિવેકની પ્રાપ્તિ થવી એ શકય નથી.

♦♦♦

આધિ, વ્યાધિ અને ઉપાધિનો સંગ્રહ, એનું જ નામ દુનિયા. એનાથી સર્વથા રહિત થઈ ગયા તેજ દેવ છે. એનીજ ઉપાસના કરવી, એનુંજ નામ સાચું મનુષ્યત્વ છે.

♦♦♦

આ ધર્મને જે દિવસે પૂરેપૂરો પાળવો હશે, એ દિવસે ઘરબાર આદિ

ફરજીયાત છોડવાં પડશે તમને જો કોઈ જૂઠું બોલાવતું હોય, તો એ ઘરબાર આદિ છે ! એમાં રચ્યા-પચ્યા છો, માટે જ હિંસક બન્યા છો ! શરીરની પૂજા ગમી છે, મનગમતું પહેરવું-ઓઢવું ગમે છે, માટે જ કોઈનો જાન લેતાં-જૂઠું બોલતાં-માલ ઉચાપત કરતાં-લાગ મળી જાય તો કોઈના ઘરમાં પેસતાં અને બીજાં પણ તેવાં અનાચારી કૃત્યો કરતાં ગભરામણ થતી નથી. જ્યાં સુધી જંજાળ લાગુ હોય, ત્યાં સુધી પાપ કર્યા વિના ચાલે જ નહિ અગર પાપ થયા વિના રહે નહિ.

◆◆◆

આ નિશ્ચય થયા વિના નથી સાધુપણું પળાવું, નથી શ્રાવકપણું પળાવું, નથી સમ્યગ્દૃષ્ટિપણાનું આરાધન થવું કે નથી માર્ગાનુસારીપણું સીધું આવવું.

◆◆◆

આ નક્કી થઈ જાય, એટલે દેવ તરીકે પૂજનિક તેજ આત્માઓ લાગે કે-જેઓ મુક્તિમાર્ગનેસ્થાપી મુક્તિએ ગયા : ગુરૂ તરીકે પૂજનિક તેજ આત્માઓ લાગે કે-જેઓ સંસારને તજી, સંયમને સ્વીકારી, સંસારત્યાગનો ઉપદેશ દેતા હોય : અને ધર્મ તરીકે તેજ ઉપાદેય લાગે કે-જે સંસારથી, મોહથી આત્માને પાછો પાડે. એજ મુક્તિમાર્ગ. એ મુક્તિમાર્ગનું આરાધન કરી સૌ કલ્યાણ સાધો, એ જ શુભેચ્છા.

◆◆◆

આજ્ઞાનો અમલ કરવાની તો તાકાત નથી, તે પહેલાં કર્યું એમ કરવાની વાતો કરો છો ? બળીયા સાથે બાથ ભીડીએ તો મરીએ નહિ તો માંદા તો જરૂર પડીએ, તો કરતા હોઈએ તેમાંથી પણ ખસી જઈએ ! માટે હવે હાથ જોડીને કહો કે-મારે તો તારૂં વચન પ્રમાણ તું કહે તે ખરૂં. તમારી જેટલી બુદ્ધિ, તર્કશક્તિ હોય એટલી ત્યાં વાપરજો. એની વિરૂદ્ધમાં એક અંશ પણ વાપરતા નહિ.

◆◆◆

આજ્ઞાપાલનમાં જ ધર્મ માનનારો સાચો પૂજક પણ બની શકે છે અને સાચો પૂજ્ય પણ બની શકે છે.

◆◆◆

આજ્ઞા માનનાર તો એક જ જૂએ છે કે જેનાથી મારૂં હિત થવાનું

છે તેની આજ્ઞા શું છે ?

◆◆◆

આજ્ઞાધીન મુનિવરો શાસનની જે પ્રભાવના કરી શકે છે, તે પ્રભુની આજ્ઞાને વેગળી મૂકીને યથેચ્છ રીતિએ વર્તનારા વેષધારિઓ કદી જ કરી શકતા નથી.

◆◆◆

આજ્ઞાધીન આત્માને જેમ વિષયની સામગ્રી મુંઝવતી નથી, તેમ દુ:ખના ગંજના ગંજ પણ એના આત્માને આકૂળ-વ્યાકૂળ બનાવતા નથી.

◆◆◆

આજ્ઞારસિક બનેલ આત્માને જેટલું આપે, તેટલું એકદમ પરિણામ પામી જાય : અને જ્ઞાનદાયક પ્રત્યે બહુમાન તથા પ્રેમ નથી હોતો, ત્યાં સુધી ગમે એટલા સારા ભાવથી ગુરૂ આપે તોય પરિણામ પામતું નથી.

◆◆◆

આજ્ઞા વિનાના ત્યાગીઓ મજાુરી કરનારા બેલ જેવા છે. અર્થાત્ કષ્ટક્રિયા કરનારા છે.

◆◆◆

આંધળાને દીવો પ્રકાશ કરે, તો જ્ઞાનવાળા ગણાતા પણ દર્શનહીનને જ્ઞાન પ્રકાશ કરે.

◆◆◆

આંધળો જેમ નિકટના, સારા અને કલ્યાણ-ધામમાં પહોંચાડનારા માર્ગને જોઈ શકતો નથી અને માર્ગપ્રેરકોના સ્વરૂપથી અજ્ઞાત હોઈને માર્ગ પ્રતિ રૂચિવંત બની શકતો નથી, તેમ જગતના મિથ્યાત્વ રૂપ અન્ધકારથી પીડાતા પ્રાણિઓ પણ મોક્ષમાર્ગ પ્રત્યે રૂચિવન્ત બનતા નથી.

◆◆◆

આંબાનું એક ફળ જેવી રીતે આકર્ષે છે તેવી રીતે લીંમડાનાં લાખ ફળ પણ દુનિયાને આકર્ષી શકતાં નથી. જ્ઞાનીઓની દ્રષ્ટિએ એટલો જ તફાવત સમ્યક્ત્વસહિત અને સમ્યક્ત્વરહિત ગુણમાં છે.

◆◆◆

આ સંસારમાં રહેવું એ ધર્મ નહિ, પરન્તુ આ સંસારથી કયારે છૂટાય

એમ ઇચ્છવું એ ધર્મ.

◆◆◆

એટલા માટે તો, ભગવાન શ્રી તીર્થંકરદેવોએ માનવ માત્રને સંઘમાં નહિ લેતાં, માત્ર શ્રી જિનાજ્ઞાને જ કલ્યાણકારી માનનારા માનવોને જ શ્રીસંઘમાં લીધા. શ્રીસંઘની સ્થાપના કોણ કરે છે ? ભગવાન શ્રી તીર્થંકરદેવો જ શ્રીસંઘની સ્થાપના કરે છે ને ? શ્રીસંઘની સ્થાપના કરનારા એ પુણ્યાત્માઓએ, ત્રીજા ભવે કેવી ભાવના ભાવી હતી ? જીવ માત્રને સુખી બનાવી દેવાની અને સંસારના કોઈ પણ જીવને દુઃખી નહિ રહેવા દેવાની જ ભાવના ભાવી હતી ને ? પણ, એ ભાવનામાં એ પરમ તારકના આત્માઓએ શું ભાવ્યું હતું, એ જાણો છો ? 'સવિ જીવ કરૂં શાસનરસી.'-એવું જ ભાવ્યું હતું ને ? શ્રી જિનના શાસનનો રસ દિલમાં પેદા થયા વિના, કોઈપણ જીવ, દુઃખ માત્રથી મુક્ત બની શકે અને એકાન્તે સુખમય અવસ્થાને પામી શકે-એ શકય નહિ હોવાથી જ, એ પરમ તારકના આત્માઓએ ત્રીજા ભવે સર્વ જીવોને શાસનના રસિયા બનાવી દેવાની ભાવના ભાવી હતી. અને એટલે જ, એ પરમ તારકોએ, શ્રી સંઘની સ્થાપના કરતાં એવા જ આત્માઓને શ્રીસંઘમાં લીધા કે જે આત્માઓના દિલમાં શાસનનો રસ પેદા થવા પામ્યો. ભાવના હતી એ કે-કોઈ દુઃખી ન રહે અને સૌ સુખી બની જાય એવું મારૂં ઉપજે તો હું કરી દઉં; એ માટે જો મારૂં ઉપજે તો સારાય જગતના જીવોને શાસન રસિયા બનાવી દઉં-એવી ભાવના એ વખતે હતી; પણ સંઘમાં લીધા એ જ આત્માઓને, કે જેમના દિલમાં શ્રી જિનશાસનનો સાચો રસ પેદા થવા પામ્યો, જે આત્માઓના દિલમાં શાસનનો રસ પેદા થવા પામ્યો તેમાંના એકેય આત્માને સંઘમાંથી બાતલ રાખ્યો નહિ અને જે આત્માઓના દિલમાં તે તે પ્રકારના કર્મના ઉદયના યોગે શાસનનો રસ પેદા થવા પામ્યો નહિ. તેમાંના એક પણ આત્માને શ્રીસંઘમાં લીધો નહિ. તમે વિચાર કરો કે-ખુદ ભગવાને કેમ આમ કર્યું ? માનવ માત્રને કેમ સંઘમાં લીધા નહિ ? અને જે કોઈ શ્રી જિનશાસનના રસિક બન્યા, તેમને જ કેમ શ્રીસંઘમાં લીધા ? એ જાણતા હતા કે-શાસનનો રસ પેદા થયા વિના કોઇ પણ જીવનું વાસ્તવિક રીતિએ કલ્યાણ સધાય નહિ ! અને, શ્રીસંઘની સ્થાપના પરમ કલ્યાણના હેતુથી જ કરાતી હતી. શ્રી તીર્થંકરદેવો પોતે નિકાચેલા શ્રી તીર્થંકર નામકર્મના

ઉદયને કારણે જ શ્રીસંઘની સ્થાપના કરે છે; એ સમયે એ તારકોના આત્માઓને કોઈ પણ પ્રકારની ઈચ્છા હોતી નથી, પણ જે ભાવના ત્રીજે ભવે ઉત્કટ ભાવે ભાવેલી, તેનું જ આ ફળ છે. એટલે એમ કહી શકાય કે-શ્રીસંઘની સ્થાપના પરમ કલ્યાણના હેતુથી જ કરાતી હતી; માટે જ શ્રીસંઘમાં તે આત્માઓને લીધા, કે જે આત્માઓના દિલમાં શાસનનો રાગ માત્ર જ નહિ પણ શાસનનો રસ પ્રગટ્યો.'

♦♦♦

*મોક્ષાભિલાષનું સ્વરૂપ :*

એવા પણ પાપોદયો હોય છે, 'કે જે પાપોદયો પોતાનું ફળ આપ્યા વિના રહે જ નહિ. એને એવા પાપોદયોના સમયે ડાહ્યો પણ માણસ, સહસાત્કારે એવી પણ ભૂલ કરી બેસે કે-એ પાપોદયોને સફળ થવાનો અવકાશ પ્રાપ્ત થઈ જાય. કોઈ પણ કાર્ય પાંચ કારણોના યોગે જ બને છે; તેમ છતાં પણ કોઇ વખતે કોઇ કારણની તો કોઇ વખતે અન્ય કોઇ કારણની પ્રધાનતા હોય. આ વાતનો પણ જો વિચાર કરવામાં આવે, તોય જીવને કર્મના યોગથી સર્વથા મુક્ત બનવાને માટે પુરૂષાર્થ કરવાનું મન થયા વિના રહે નહિ. જીવ કર્મના યોગથી સર્વથા રહિત બની જાય, એટલે તો એ શાશ્વત સ્થિતિને પામી જાય ને ? આજે આપણી એવી સ્થિતિ છે કે-ગુણ પ્રગટેય ખરો અને ગુણ આવરાયેય ખરો, જ્યારે સિદ્ધાત્માનો કોઈ ગુણ કોઈ પણ અંશે કદી પણ આવરાય નહિ. એ સુખ તો એવું છે કે- એ સુખનો જેને ખરેખરો ખ્યાલ પણ આવી જાય, તેને આ સંસારનું કોઈ સુખ વસ્તુતઃ રૂચે જ નહિ ! મુક્તિના અભિલાષનું વાસ્તવિક સ્વરૂપ જ એ છે કે-અન્ય કોઇ પણ સુખ, આત્માને વસ્તુતઃ રૂચિકર બને જ નહિ.

♦♦♦

એ સમજતા હતા કે-આ મારૂં નથી. આ તો જડ કર્મે આપેલું છે. આ, મને આધીન નથી, પણ જડ કર્મને આધીન છે. એમની આવી મનોદશા હતી, કારણ કે-એમણે આત્માને ઓળખ્યો હતો. એથી એમણે એક મોક્ષને જ પોતાના પરમ આદર્શ તરીકે નક્કી કરી લીધો હતો. એથી આગળ વધીને 'સુદેવ, સુગુરૂ, તથા સુધર્મની જ એક માત્ર ઉપાસનાથી મોક્ષને પામી શકાય'- એવી સમજથી એમણે સુદેવ, સુગુરૂ અને સુધર્મને પોતાના હૈયામાં સ્થાપિત

કરી દીધા હતા. એટલે, સામ્રાજ્ય આખું ચલાવતા હોવા છતાં પણ, એ સામ્રાજ્ય એમના હૈયે હતું નહિ.

◆◆◆

ઈચ્છા એજ ગુન્હો છે. જૈન શાસનમાં સારા કામની ઈચ્છા પણ સ્વતંત્રપણે કરવાની નથી પણ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને પરતંત્ર રહીને જ કરવાની છે.

◆◆◆

ઈચ્છાના રોધમાંજ શ્રેય છે. સારી પણ ક્રિયા ગુર્વાદિકના કહ્યા શિવાય ન થાય. પોતાની ઈચ્છા ગઈ એજ મોટો તપ છે.

◆◆◆

ઈચ્છાને ગૌણ બનાવી શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને પ્રધાન બનાવે એજ સાચો જૈન છે.

◆◆◆

'ઈચ્છામાં અને આજ્ઞામાં કેટલો ભેદ છે ? થોડો ઘણો નહિ પણ 'ઈચ્છા એ અધર્મ અને આજ્ઞા એ ધર્મ' એટલો બધો ભેદ છે.

◆◆◆

ઈચ્છા અધુરાને જ થાય અને અધુરા હોય એ પરતંત્રજ છે, સ્વતંત્ર તે કે જેને ઇચ્છા જ નથી.

◆◆◆

ઈચ્છા મુજબ વર્તવું, એ વર્તમાનકાળનું સુખ મનાય છે, પણ એ ભયંકર ભ્રમણા છે.

◆◆◆

ઈંદ્રિયો વિગેરે મળે છે એ પુણ્યથી પણ એ મુક્તિમાર્ગની આરાધનામાં ઉપયોગી નીવડે તો જ એની સફળતા છે, એથી વિપરિત માર્ગમાં જોડાતી હોય તો એજ ઈંદ્રિયો ભયંકર નિવડે છે.

◆◆◆

ઈંદ્રિયો જેટલી છૂટી, તેટલી પાપની પરાયણતા અધિક.

◆◆◆

ઈન્દ્રિયોને આધીન થયા એટલે પાપનો ભય ગયો. પાપનો ભય

ગયો એટલે નીતિ ગઈ : અને નીતિ ગઈ એટલે મનુષ્ય, મનુષ્ય રહે એમ તમે માનો છો ? માત્ર આકૃતિએ માનવાપણું રહે.

◆◆◆

શ્રી ઈંદ્રભૂતિ આદિ બુદ્ધિના યોગે આ વિદ્યાના પારગામી બની શકયા હતા, પણ ધર્મી બની શકયા નહોતા. ધર્મી તો પછી જ બન્યા.

◆◆◆

ઈલાચીપુત્રને નટડી માટે વાંસ ઉપર નાચતાં મુનિનું દર્શન માત્ર પરીવર્તન કરે છે. કારણ કે એ પાપી હતો પણ મુનિપણાનો વિરોધી નહોતો.

◆◆◆

ઈતર ધર્મિઓને આપણે એમ કહી શકીએ છીએ કે-'તમે જે દાનાદિ કરો છો એ ઠીક છે, ધર્મને પ્રધાન અને અર્થ-કામને ગૌણ માન્યા એ ઘણું સારૂં કર્યું, પણ હજી અમે એમ કહીએ છીએ કે-અર્થ અને કામને હેય કોટિમાં મૂકો અને એક ધર્મને જ ઉપાદેગ માની લો, તો અમારી સાથે તમે ઘણી જ ખૂશીથી બેસી શકો છો.

◆◆◆

ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિના અર્થિએ પણ અન્યની ઈર્ષ્યા, કોઈનું પડાવી લેવાની પ્રવૃત્તિ અને અનીતિ આદિ પાપાચરણોનું સેવન નહિ કરતાં, જેની સેવાથી પાપ ટળે તેની સેવામાં લાગી જવું જોઈએ : પણ શરત એટલી કે-એવી ઉત્તમ વસ્તુની સેવા કરતાં પૌદ્‌ગલિક વસ્તુઓની લાલસા રાખવી જોઈએ નહિ.

◆◆◆

ઈન્દ્રાદિ દેવો ભગવાનને અભિષેક કરવાને માટે તૈયાર થઈ ગયા છે. કળશ લઈને ઉભા છે. એ બધાને જોઈને ઈન્દ્રને મનમાં શંકા પેદા થાય છે. એમ માત્ર ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જન્માભિષેકના પ્રસંગે જ આવી શંકા પેદા થવાનો પ્રસંગ બન્યો છે. ક્યાં આટલા બધા અભિષેક અને કયાં ભગવાનનું શરીર, એ વિચારથી શંકા થવા પામી હતી. ૨૫૦ અભિષેક, તેમાં દરેક અભિષેક ચોસઠ હજાર કળશથી અથવા તો ૮ હજાર કળશથી ૮ વાર, એમ ચોસઠ હજાર એટલે એક કરોડ અને સાઈઠ લાખ ગણાય છે. આટલા બધા અભિષેક અને ભગવાનનું શરીર કેવડું ? ચોવીસમા તીર્થપતિની

કાયા માત્ર સાત હાથની હોય છે, પણ એ જન્મ્યા ત્યારે કાયા કેવડી ? એટલે, આ બધાને જોઈને ઈન્દ્રને એવી શંકા થઈ જાય છે કે-આ ભગવાનની કાયા આટલા બધા અભિષેકને સહન કરી શકશે ? સૌધર્મેન્દ્રના ખોળામાં રહેલા ભગવાન પણ અવધિજ્ઞાની હોય છે, એ તો યાદ છે ને ? ભગવાન પોતાના અવધિજ્ઞાનથી ઈન્દ્રની શંકાને જાણી જાય છે. ઈન્દ્ર જેવા સમકિતીને જો શ્રી અરિહન્તના બલ વિષે શંકા થાય, તો તેથી તેનું સમ્યક્ત્વ મલિન થાય ને ? એના સમ્યક્ત્વને મેલું બનતું ભગવાન અટકાવે છે. ભગવાન પોતાના ડાબા પગનો અંગુઠો જરાક જ નીચો કરે છે અને મેરૂગિરિનેઅડાડે છે. એની સાથે તો ત્યાં ભારે કમ્પ થઇ જાય છે. ઈન્દ્રાદિ દેવોને થાય છે કે-આ શું ? આખો ગિરિનો ગિરિ હાલમડોલ થઈ રહ્યો છે. પણ ક્ષણમાં જ એ પતી જાય છે. ઈન્દ્ર અવધિજ્ઞાનથી જાણી જાય છે કે-મારી કુશંકાનું આ કુપરિણામ છે. તરત જ એ ભગવાનની માફી માંગી લે છે. પોતે શંકા કરી એ માટે ભગવાનને ખમાવે છે. ત્યારે, શ્રી અરિહન્ત તણા બલ, અતિશય, જ્ઞાનલક્ષ્મી અને ગામ્ભીર્યાદિક ગુણો વિશે શંકા પણ કરાય નહિ ને ?

◆◆◆

ઉત્તમદેશ, ઉત્તમજાતિ, ઉત્તમકુળ, આરોગ્ય, દીર્ઘાયુષ્ય, પંચેન્દ્રિયપટુતા અને સુન્દર બુદ્ધિ તેમજ સદ્‌ગુરૂનો યોગ અને સદ્‌ગુરૂના શ્રીમુખે ધર્મશ્રવણ-એ સર્વની સાચી સાર્થકતા શ્રી જિનોકત ધર્મની પ્રાપ્તિ ઉપર જ અવલંબે છે. શ્રી જિનોકત ધર્મની પ્રાપ્તિ થાય, તો જ આર્યદેશાદિએ સહિત મળેલું મનુષ્યત્વ, સુન્દર પ્રકારે ફળ્યું એમ કહી શકાય. દુર્લભથી પણ દુર્લભ એવી વસ્તુઓ, અતિશય દુર્લભ એવા શ્રી જિનોક્ત ધર્મની પ્રાપ્તિ થતાં જ, વાસ્તવિક કિંમતને પામનારી બની શકે છે. શ્રી જિનોક્ત ધર્મથી હીન એવી દુર્લભ પણ સામગ્રીઓનો સમૂહ મુડદા જેવો છે જેમ દેહની કિંમત તેમાં રહેલા પ્રાણના આધારે છે, તેમ દુર્લભ સામગ્રીસમૂહની કિંમત પણ શ્રી જિનોક્ત ધર્મના યોગે જ છે. સદ્‌ધર્મની કિંમતને સમજનારાઓ તો સમજી શકે છે કે-'આ જીવનમાં જો શ્રી જિનોક્ત ધર્મ મળ્યો, તો સર્વ કાંઈ મળ્યું છે. અને એ શ્રી જિનોક્ત ધર્મ ન મળ્યો, તો દુન્યવી સઘળી જ સામગ્રી નિરર્થક પ્રાયઃ છે.' આ વસ્તુને સમજીને મનુષ્યભવ આદિ-એક એકથી અધિક દુર્લભ સામગ્રીને પામેલા આત્માઓએ, બીજા સઘળા જ પ્રયત્નોથી વિરામ પામીને, એક માત્ર

સદ્ધર્મની આરાધનાના જ પ્રયત્નમાં લાગી જવું જોઈએ, કે જેથી અનર્થ માત્રથી મુક્ત બની શકાય. અનર્થોનો વિશિષ્ટ કોટિનો વિનાશ જેમ સદ્ધર્મ રૂપ વરરત્નની પ્રાપ્તિ થયા વિના શક્ય નથી. તેમ સદ્ધર્મ રૂપ શ્રેષ્ઠ રત્નની આરાધના પણ મનુષ્યભવ આદિ સામગ્રીના અભાવમાં શકય નથી. આ કારણે, મનુષ્યભવ આદિ પ્રાપ્ત થયેલી દુર્લભ વસ્તુઓ જ્યાં સુધીમાં વિનાશને ન પામે, ત્યાં સુધીમાં સદ્ધર્મની શકય આરાધના કરી લેવી, એજ વાસ્તવિક અને સ્પૃહણીય ડહાપણ છે. આથી વિપરીત પ્રકારનું વર્તન કરવામાં જેઓ ડહાપણ માને છે, તેઓ ડહાપણના નામે પણ ગેરડહાપણના જ ઉપાસકો બનેલા છે, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ જેવું નથી. આ વસ્તુને યથાસ્થિતપણે સમજનારાઓ જ સઘળાય પ્રાણિઓને ચિરકાલે કરીને પણ મનુષ્યભવ મળવો એ ખરેખર દુષ્કર છે અને કર્મના વિપાક ગાઢા-ભયંકર છે.'-આવા સૂચનપૂર્વક, એક સમયનો પણ પ્રમાદ નહિ કરવાના, ભગવાન શ્રી મહાવીરદેવે, શ્રી અષ્ટાપદગિરિજીથી આવેલા ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામિજીને આપેલા ઉપદેશનું રહસ્ય સમજી શકે તેમ છે : અને તેમાંથી જવલન્ત પ્રેરણા પણ મેળવી શકે તેમ છે.

◆◆◆

ઉત્તમમા ઉત્તમ કોટિનો ગૃહસ્થ પણ હિંસાદિક દોષોથી સર્વથા રહિત રહી શકે નહિ. એટલે, તમારે તો ખાસ કરીને એ જાણી લેવું જોઇએ કે-અણુ જેવડા સુકૃતને પણ જેમ મેરૂ જેવડું અમુક પ્રકારે બનાવી દઇ શકાય છે, તેમ મેરૂ જેવડા દુષ્કૃતને પણ અમુક પ્રકારે અણું જેવડું બનાવી દઇ શકાય છે.

◆◆◆

ઉત્તમ આત્માઓ પ્રત્યે આહ્‌લાદક બનવા માટે સ્વયં અહિંસા આદિ ઉત્તમ ધર્મના ઉપાસક, પોષક અને પ્રચારક બનવું જોઇએ.

◆◆◆

ઉત્તમ આત્માઓથી પણ કદાચ સંયોગવશાત્ ભૂલ થઈ જાય છે, પણ જો ચેતવનાર સંયોગો મળી જાય છે, તો તે આત્માઓની ઉત્તમતા ઝળકયા વિના રહેતી જ નથી.

◆◆◆

ઉત્તમ આત્માને મળેલી ઉત્તમ સામગ્રીનો ઉપયોગ પ્રાયઃ પ્રભુમાર્ગની

આરાધનામાં જ થાય છે, જ્યારે વિલાસી આત્માઓને મળેલી સારી પણ સામગ્રીનો ઉપયોગ હિતકર પ્રવૃત્તિમાં થવાને બદલે અહિતકર પ્રવૃત્તિમાં થાય છે.

◆◆◆

ઉત્તમ આત્માઓના હિતકર કથનને વિપરિત રૂપે ગ્રહણ કરવા જેવું હૃદય જ ઉત્તમ આત્માઓ પાસે નથી હોતું.

◆◆◆

ઉત્તમ આત્માઓની ઉદારતા અવસર પામી આવિર્ભાવ પામ્યા વિના રહેતી નથી.

◆◆◆

ઉત્તમ કોટીના હિતૈષિઓનો યોગ મળવા છતાં પણ નિર્વિવેકી આત્માઓ કશું જ સાધી શકતા નથી, જ્યારે વિવેકી આત્માઓ સાધ્યની સિદ્ધિ કર્યા વિના રહેતા જ નથી.

◆◆◆

ઉત્તમ આત્માઓનાં કટુ કથનો પણ યોગ્ય આત્માઓના અન્તરમાં મધુર તરીકે જ પરિણમે છે.

◆◆◆

ઉત્તમ પણ આચરણા અધિકારીઓએ જ આચરવાની છે અને અધિકારીઓને જ એ પ્રવૃત્તિઓ વાસ્તવિક ફલની પ્રાપ્તિ કરાવનારી નીવડે છે. અનધિકારીઓને તો એ ચાળા બહુ ભારે પડી જાય છે. અનધિકારીઓ તરવા-તારવાને બદલે કારમી રીતિએ ડૂબી પણ જાય છે,

◆◆◆

ઉત્તમ જાતિના અંકુશો, એ પણ આત્માને અધોગતિ ગામી બનતાં અટકાવે છે.

◆◆◆

ઉત્તમ શરીર અને આરોગ્યતા એ બધાની પ્રાપ્તિ પુણ્યોદયથી છે અને તેની માગણી પણ કરી શકાય છે તે એટલાજ માટે કે મુક્તિની સાધનામાં એ વસ્તુઓ સહાયક છે. મુક્તિસાધકપણું નીકળી જાય તો તે વસ્તુઓની કશી જ કીંમત નથી.

◆◆◆

ઉત્તમ સામગ્રીઓની સફળતાને માટે દીર્ઘ આયુષ્યની પણ આવશ્યકતા છે, એ વાત વગર દલીલે પણ સમજી શકાય એવી છે. કોઇ કોઇ આત્મા વિશિષ્ટ આરાધના આદિ કરીને આવ્યો હોય અને એથી એ ગર્ભમાં પણ આરાધના કરી શકતો હોય-એ વાત જૂદી છે. બાકી, સામાન્ય રીતિએ તો ધર્મની આરાધના માટે અને મનુષ્યભવમાં જ થઇ શકતી ધર્મની વિશિષ્ટ કોટિની આરાધના માટે દીર્ઘ આયુષ્યની પણ આવશ્યકતા છે, એમાં વિવાદને સ્થાન જ નથી.

◆◆◆

ઉદારતાનો ગુણ એવો અદ્‌ભૂત છે કે-બીજા ગુણોને ઘસડી લાવશે અને પાપથી બચાવશે. પાપ શાથી લાગે ? હિંસાથી, જાુઠથી, ચોરીથી, અબ્રહ્મચર્યથી અને પર પદાર્થોની મૂર્ચ્છા આદિથી જ ને ? ઉદાર આત્માથી હિંસાદિ થઇ શકે ? કોઇનું ય ભૂંડું નહિ પણ સૌનું ભલું ઇચ્છનાર હિંસા આદિને રસપૂર્વક આચરી શકે, એ સંભવિત નથી. હિંસા આદિને રસપૂર્વક આચરનારો સાચો ઉદાર હોઇ શકે નહિ અને સાચો ઉદાર હિંસાદિને રસપૂર્વક આચરનારો હોઇ શકે નહિ, એ નિશ્ચિત વાત છે. ઉદારતા ગુણ અમૂક અંશમાં પણ પ્રગટયા પછી હિંસા, જાુઠ, ચોરી એ વિગેરે પાપોથી આત્મા કંપશે ઉદારતાના યોગે હિંસાદિ કરવાની વૃત્તિ નાબુદ થશે અને હિંસાદિ થઈ જશે તોય આત્માને એથી દુઃખ થશે ધીરે ધીરે એને છોડવાનો, એ પાપોથી બચી શકાય એવો પ્રયત્ન થશે.

◆◆◆

ઉદાર માણસમાં પણ કરકસર જરૂર સંભવે છે, પણ તે પોતાના ભોગવટામાં કરકસર કરનારો હોય છે. બીજાઓને દુઃખથી છોડાવવા અને સુખી બનાવવા માટે તો એ ઉદાર જ હોય છે.

◆◆◆

ઉદય પામેલા અસ્ત પામે છે. ક્ષણ ક્ષણ પરિવર્તન પામતી દુનિયામાં કોઈપણ વસ્તુ શાશ્વત નથી. જ્યાં બધી જ વસ્તુઓ અશાશ્વત છે ત્યાં મોહ રાખવો શું કામનો ?

◆◆◆

ઉદારતા-ગુણ આત્માને સાચો ત્યાગી બનાવવામાં પરમ સહાયક છે.

◆◆◆

ઉદારતા ગુણના યોગે, બીજા પણ સંખ્યાબંધ આત્માઓ ઉપર ઉદાર આત્મા ઘણો ઘણો ઉપકાર કરી શકે છે. અનેક યોગ્ય આત્માઓ, સાચી ઉદારતાને ધરનારા આત્માના સંસર્ગ વિગેરેથી, ગુણસમ્પન્ન પણ બને છે.

◆◆◆

ઉદારતા ગુણ સ્વપર-ઉપકારક હોવાથી, બીજા અનેક ગુણોને ઘસડી લાવનાર હોવાથી અને આત્માને મહાન બનાવનાર હોવાથી સાચી ઉદારતા કોને કહેવાય એ સમજી લેવું જોઈએ.

◆◆◆

ઉદાર આત્માની વૃત્તિમાં અને પ્રવૃત્તિમાં સદ્‌વિચારોની સુન્દર છાયા સદાકાળ પથરાયેલી રહે છે : અનેએ સદ્‌વિચારોની સુન્દર છાયા સઘળીય દુન્યવી ઈચ્છાઓનો નિરોધ તથા સદાચારોનો સ્વીકાર કરવા તરફ, આત્માને સહજ રીતિએ વાળે છે.

◆◆◆

ઉદારતા એ એવો ગુણ છે કે-જેનામાં એ ગુણ હોય તેનાં વખાણ દુશ્મનને પણ કરવાં પડે છે.

◆◆◆

ઉદ્યમથી દુનિયાની વસ્તુ વશ થાય છે કે મળે છે, એ કલ્પના જ ખોટી છે : એ માન્યતાજ ખોટી છે. ભાગ્ય ન હોય તો ગમે એટલો ઉદ્યમ પણ ફળતો નથી.

◆◆◆

'ઉન્નત ભાવના પ્રતિ સમય વૃદ્ધિ પામતી રહો અને એના પ્રતાપે દોષોના દાહદ્વારા શિવસુખના સાચા સાધક બનો.'-એ ઉપકારી મહાપુરૂષોનો જગતના જીવોને સદા માટે આશિર્વાદ હોય છે.

◆◆◆

' ઉન્નત ભાવના પોતાના દ્વારા કર્મલઘુતા થયે અવશ્ય ફળે છે.

◆◆◆

ઉન્માર્ગે જવામાં જ જ્યાં આનંદ મનાય, ત્યાં રોકે કોણ ? એટલે આજે તો સન્માર્ગે જાય ત્યાં જ બધી પંચાતો ઉભી થાય છે !

◆◆◆

ઉન્માર્ગે જાય તે મહાજન નહિ પણ મૂર્ખજન કહેવાય

♦♦♦

ઉલ્લંઠ છોકરો માબાપની આજ્ઞા માને નહિ, રાજસત્તાની આજ્ઞાને માને નહિ, છતાં કર્મસત્તાની આજ્ઞામાંથી તે છટકી શકવાનો નથી.

♦♦♦

ઉપકારી મહાપુરૂષોએ રમા અને રામાના રસિયા નહિ બનાવતાં, શ્રી વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલા શાસનના રસિયા બનાવવાની ભાવના કરી, એમાં ગંભીર દૃષ્ટિ રહેલી છે. એ શાસન એમ કહે છે કે-મારી આરાધના કરનારને મુક્તિ જ મળે અને જ્યાં સુધી એ ન મળે અને સંસારમાં રહે ત્યાં સુધી પણ દુઃખ એના સામુંયે ન જૂએ.

♦♦♦

ઉપકારીને સલામ કરવી, હાથ જોડવા કે પગે પડવું એમાં કૃત્રિમતા શાની ? જેના હૈયે ઉપકાર વસ્યો ન હોય અને એથી જેના હૈયે બહુમાન ન હોય, તેને માટે એ કૃત્રિમ છે, પણ હૈયે ઉપકાર જો બરાબર વસ્યો હોય, તો એમાં અકૃત્રિમતા જ લાગે ! પણ આજે આ દેશમાંય અનાર્ય દેશની હવા ચાલી રહી છે.

♦♦♦

ઉપકારી મહાપુરૂષો, આ દેહના સેવક નહિ બનતાં દેહને સેવક બનાવવાનો ઉપદેશ આપે છે, પણ મોહમૂઢ આત્માઓ દેહની સેવામાં જ આયુષ્યને વિતાવી દે છે. સાચવેલો અને પોષેલો પણ દેહ આખર તો અહીં જ રહેવાનો, અગ્નિમાં હોમાવાનો, છતાં એની જેટલી દરકાર છે, તેટલી આત્માની દરકાર નથી, એ જેવી-તેવી મૂઢતા છે ? પૌદ્‌ગલિક સ્વાર્થ માટે આજે આ દેહ દ્વારા હિંસાદિ ભયંકર કર્મો પણ થઈ રહ્યાં છે. દેહનો આ દુરૂપયોગ છે. દેહનો સદુપયોગ તો એ જ છે કે-સાવદ્યના ત્યાગી બનવું અને જીવનને સંયમશીલ બનાવીને આત્માને પોતાનું વાસ્તવિક સ્વરૂપ પ્રાપ્ત થાય એવો પ્રયત્ન કરવો.

♦♦♦

ઉપસર્ગોનું સહન અને તપશ્ચર્યાનું તપન, એ તો મુનિપણાના અનુપમ અલંકારો છે. એ અલંકારો સજવામાં જ મુનિવરોની સાચી શોભા છે એ બે

વિનાનું મુનિપણું ખરે જ લુખ્ખું લાગે છે.

◆◆◆

ઉપકારબુદ્ધિથી કડવું પણ હિતકર કહી દેવાની પરમ પુરૂષોની આપણને આજ્ઞા છે અને ગમે તેવું અને ગમે તેટલું જોખમ વેઠીને પણ, જો આપણામાં શક્તિ હોય તો તે પરમ પુરૂષોની એ પરમ તારક આજ્ઞાનું પાલન કરવું, એ આપણી આવશ્યક અને અનિવાર્ય ફરજ છે.

◆◆◆

ઉપદેશદાન એ સુન્દરમાં સુન્દર સ્વ-પરનિસ્તારનો ઉપાય હોવા છતાં પણ, દરેકને ઉપદેશ આપવાનો અધિકાર નથી જ. ઉપદેશક તરીકે જે લાયકાત જોઈએ તે પ્રાપ્ત કર્યા પછીથી જ ઉપદેશદાન માટે પ્રવૃત્ત થવાનું છે. અનધિકારી હોવા છતાં પણ, ઉપદેશક બની બેસનારાઓ, અનેક અનર્થોના ઉત્પાદકો બની જાય છે.

◆◆◆

ઉપકાર કરવાની ભાવના ઘણી થઈ જાય તો પણ અસંજ્ઞી આગળ કાંઈ વ્યાખ્યાન વંચાય ?

◆◆◆

ઉપદેશ નહિ આપનારો તરી જાય, પણ સૂત્ર વિરૂદ્ધ ઉપદેશ આપનારો સંસારમાં ડુબી જાય.

◆◆◆

ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે કે-“પ્રથમ તો સઘળાય જંતુઓ સ્થાવરપણે અનંત પુદ્દગલપરાવર્તો પર્યંત અવ્યવહાર-નિગોદોમાં રહે છે. અવ્યવહાર-નિગોદોમાંથી જે સંસારી જીવો પોતપોતાની ભવિતવ્યતાના વશે નીકળવા પામે છે, તે સંસારી જીવો, અવ્યવહાર-નિગોદમાંની નીકળ્યા પછીથી પણ, અનંતકાયાદિપણે અનંતકાળ પર્યંત વ્યવહાર-વનસ્પતિમાં વાસ કરે છે. વ્યવહાર-વનસ્પતિમાંથી પણ બહાર નીકળેલા જીવો, અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલા સમય સુધી ભિન્ન-ભિન્નપણે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં વસે છે. ત્યારબાદ સંખ્યાતકાલ પર્યન્ત બેઈન્દ્રિયપણામાં, સંખ્યાતકાલ પર્યંત તેઈદ્રિયપણામાં અને સંખ્યાતકાલ પર્યંત ચતુરિન્દ્રિપણામાં, -આ રીતિએ વિકલેન્દ્રિયપણામાં સંખ્યાતકાલ પર્યંત વસે છે. આ પ્રમાણે જીવો વ્યવહારરાશિમાં પુનઃપુનઃ પરિભ્રમણ કરે છે. આ પ્રમાણે ભ્રમણ કર્યા

બાદ, કેટલાક જીવો, પંચેન્દ્રિય તિર્યંચપણાને પણ પામે છે અને તે પછી ઘણી જ મુશીબતે કેટલાક આત્માઓ મનુષ્યપણાને પામે છે. આ પ્રમાણે હોવાથી આ મનુષ્યપણું દર્લભ છે."

◆◆◆

**तमेव सच्चं निस्संक्कं जंजिणे हिं पवेइयं ।** એ આપણો આદર્શ છે. આ માન્યતા વિનાનો ધર્મ એ વસ્તુત : ધર્મ જ નથી.

◆◆◆

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય એટલે બે ઈન્દ્રિયોવાળા, ત્રણ ઈન્દ્રિયોવાળા અન ચાર ઇન્દ્રિયોવાળા પ્રાણિઓ : તેઓને તો ધર્મની પ્રાપ્તિ થતી નથી અને પાંચ ઇન્દ્રિયોવાળા જે જીવો છે. તે જીવો પણ જો તે તે જાતિની યોગ્યતામાં હેતુભૂત એવી ગુણોની સામગ્રી, તેનાથી રહિત હોય છે, તો જે રીતિએ અલ્પ પુણ્યવાળાઓને ચિંતામણિ રત્ન સુલભ નથી, તે જ પ્રકારે તે પંચેન્દ્રિય પ્રાણિઓને પણ ધર્મરત્ન સુલભ નથી.

◆◆◆

એક અજ્ઞાન જ એવી વસ્તુ છે, કે જે પોતાને આધીન થયેલ આત્માઓને આ અસાર સંસારમાં રૂલાવે. અજ્ઞાનવશ આત્માઓ પ્રત્યક્ષ પણ વસ્તુને સત્યસ્વરૂપે સમજી જ શકતા નથી.

◆◆◆

એક આંખમાં પ્રીતિ અને એક આંખમાં ભીતિ ! એક આંખમાં અમી અને એક આંખમાં ઉગ્રતા ! ! ધર્મી પાસે ધર્મીને જતાં આનંદ થાય, પણ ધર્મના વિરોધિને તો ભય જ થવો જોઈએ !

◆◆◆

એક જ વિચાર કરજો કે-'આપણે આપણા માટે, આત્માને માટે કર્યું શું ?' અને જો તમને આત્મા વિષે શ્રદ્ધા હશે, તો કાંઈક નવીન જ જણાશે.

◆◆◆

એક ગોરો અને એક કાળો; રાજા અને પ્રજા; એકની પાસે મશીનગન, તો બીજાની પાસે ઘંટડી; એક માલદાર, એક ભીખારી; આ બધું કર્મસત્તા વગર કોના યોગે બન્યું ? છતી બુદ્ધિએ બુદ્ધિનું લીલામ કરે તેનો કાંઈ ઉપાય નથી. દીવા જેવું હોયને ન માને, ઉંહ ઉંહ કરે, ત્યાં શો ઉપાય ? માયકાંગલા

શરીરવાળાને અગીઆર વાગે ટાઈમસર દાળભાત મિષ્ટાન્ન મળે, ત્યારે અલમસ્ત શરીરવાળાને રોટલો પૂરો મળતો નથી. એકને એક મિનીટના હજાર મળે, બીજાને બાર કલાકની મહેનત છતાં પણ રીતસરનું ભોજન ન મળે, આ બધાનું કારણ ? નાહકના ઘમંડી ન બનો. જરા ધીમા પડો. આ બધી પ્રત્યક્ષ વાતો છે. એનાથી કર્મસત્તા પૂરવાર થાય છે માટે કર્મસત્તાને માની કર્મથી બચી જવાય એવા પ્રયત્નો કરવા જોઈએ.

◆◆◆

એક જીવ હતો અને એણે બીજા જીવોને પેદા કર્યા ? એ પણ બને નહિ. કેટલાક કહે છે ને કે-ઈશ્વરે બધા જીવોને પેદા કર્યા ! તો બધા જીવોને પેદા કરનારો ઈશ્વર, શુદ્ધ હતો કે અશુદ્ધ હતો ? જે અશુદ્ધ હોય, તેને ઈશ્વર કહેવાય નહિ અને જે શુદ્ધ હોય, તેનામાં પેદા કરવાપણું સંભવે નહિ. જેનામાં રાગ કે દ્વેષ ન હોય, તેનામાં લીલા હોય ? લીલા કરવાનું મન થાય, એ રાગ છે ને ? જેનામાં રાગનો અંશેય ન હોય, તેને વળી લીલા કરવાનું મન થાય શી રીતિએ ? અને, જો રાગ હતો-એમ માનીએ, તો રાગીને ઈશ્વર મનાય શી રીતિએ ? માટે, ઈશ્વરે જીવોને પેદા કર્યા છે, એવું કહેનારાઓને તત્ત્વનું સાચું જ્ઞાન જ નથી.

◆◆◆

એક મોક્ષ જ એવું સ્થાન છે કે-દુઃખનું જ્યાં નામ પણ નથી. દુઃખમાં પણ આત્મા સાથે આવી વાતો કરો છો ?

◆◆◆

એક માણસ એક અવસ્થામાં લુચ્ચો, ચોર કે પાખંડી હતો : પણ એ આત્મામાં સુધારો થવાની લાયકાત નથી, એમ દુનિયા પણ નથી કહેતી ને ? પૂર્વે પાપી હોય એ પછી સારો થાય જ નહિ, એવી માન્યતા તો કોઈની જ નથી ને ? લુચ્ચો શાહ બને જ નહિ, એમ દુનિયા પણ નથી માનતી, તો શાસ્ત્ર કેમ જ માને?

◆◆◆

એક મહાનુભાવે મનુષ્યો સંસારસુખના રાગથી કેવા હીન બની જાય છે તેનો ખ્યાલ આપવાને માટે, પશુઓની સભાની કલ્પના કરી; પછી જુદાં જુદાં પશુઓની પાસે એમ કહેવડાવ્યું કે-મારામાં વફાદારીનો ગુણ છે,

ગંભીરતાનો ગુણ છે, સ્વામિ સેવાનો ગુણ છે, વગેરે વગેરે અને એમ કહીને ઠરાવ્યું કે- કોઈ પશુ, ગધેડા જેવું પણ, માણસની સાથે પોતાની સરખામણી કરાય તેમ ઈચ્છતું નથી. દરેક કહે છે કે-અમે ગમે તેટલાં અણસમજુ અને ખરાબ હોઈએ, તો પણ માણસથી તો અમે સારાં છીએ !

♦♦♦

એક તરફથી સંવર થાય અને બીજી તરફથી નિર્જરાનું કામ ચાલે, એટલે કર્મસંગથી રહિતપણું પ્રાપ્ત થાય અને એ પ્રાપ્ત થતાં, આત્માને શાશ્વત સુખની પ્રાપ્તિ થઈ જાય.

♦♦♦

એક દર્શનના અભાવમાં બધા ગુણોની હયાતિ છતાં, આત્માનું ભવભ્રમણ બાકીનું બાકી રહે છે.

♦♦♦

એક દર્શન ન હોય તો જ્ઞાન એ અજ્ઞાન, ચારીત્ર એ કાયકષ્ટ, તપ એ ફોગટનો સંતાપ અને સંયમ એ નિષ્ફળ છે.

♦♦♦

એક ધર્મીનું ધૈર્ય હજારો અધર્મીઓના ધૈર્યને ભારે છે. હાથીની ઘટાઓની સામે એક સિંહની ત્રાડજ બસ છે માટે ધૈર્યવાન ધર્મી બનો.

♦♦♦

એક વાર દર્શન કરનારને ફરી ફરીને દર્શન કરવાનું મન થાય એવાં તો ઘણાં શ્રી જિનબિમ્બો છે. ધર્મક્રિયા કરવાને ઉપાશ્રયો પણ કેવા ? આટલી બધી સુન્દર સામગ્રી મળવા છતાં પણ, આ માનવજન્મમાં જો દેવ-ગુરુ-ધર્મને ન પિછાની શકાય, તો પછી મહા મહા પુણ્યના યોગે આવી સુન્દર સામગ્રી સહિત મળેલો માનવજન્મ નિષ્ફળ જ જાય ને ? ભૂતકાળમાં તો ભૂલ થઈ હશે, પણ આ જન્મમાંય એવી ભૂલ થવા દેવી છે ?

♦♦♦

એક વસ્તુ ખૂબ કેળવજો કે દેવ ગુરૂ કે ધર્મ સુદેવ સુગુરૂ કે સુધર્મ તરીકે લાગ્યા હોય તો તેને અનુકુળ થવાનો પ્રયત્નો કરજો પણ તમને એ અનુકુળ થાય એવું સ્વપ્ને પણ નહિ ઈચ્છતા.

♦♦♦

એક વસ્તુ નહિ આવવાથી બધાં પાપ હયાત છે અને એક વસ્તુ હોવાથી બધાં પાપ જાય છે. એ વસ્તુ એ છે કે-હેયમાં હેય બુદ્ધિ અને ઉપાદેયમાં ઉપાદેય બુદ્ધિ.

◆◆◆

એક પણ ક્રિયા ત્યાગના પ્રાધાન્ય શિવાયની આપણે ત્યાં છે નહિ અને સર્વ ત્યાગની ભાવના વિના અલ્પ ત્યાગના પણ પરિણામ વાસ્તવિક રીતે આવતા નથી. એટલા માટે શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મહારાજાએ લખી દીધું કે-સર્વવિરતિની લાલસા વિનાનો દેશવિરતિનો પરિણામ એ પણ સાચો નથી.

◆◆◆

એકલા સાધ્યધર્મને પકડનારા અને સાધન ધર્મની ઉપેક્ષા કરનારા તથા સાધ્યને ભૂલી જઈ એકલા સાધન ધર્મનેજ વળગનારા, એ બન્નેય મિથ્યાદષ્ટિ છે.

◆◆◆

એકલી સંપૂર્ણ સુખની સાધના જ સદાચાર વિના શકય નથી એમ નહિ, પણ આ દુનિયાની પણ કોઈ ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ, સદાચાર વિના શકય નથી.

◆◆◆

એકલી નિવૃત્તિમાં જૈનશાસન નથી, પણ એ પ્રવૃત્તિ નિવૃત્તિમિશ્રિત છે. બંધનની પ્રવૃત્તિ બંધ અને નિર્જરાની પ્રવૃત્તિ ચાલુ, આશ્રવની પ્રવૃત્તિ બંધ અને સંવરની ચાલુ રહે, એનું નામ જૈનશાસન છે.

◆◆◆

એકલી માન્યતા એજ સમકીત હોત તો તેના સડસઠ ભેદ પાડવા પડત નહિ. એ ભેદના અર્થ વિચારતાં એમાં સમ્યક્ત્વની રક્ષાને ઉચિત ક્રિયા હોવી જોઈએ, એમ આપોઆપ સમજાશે.

◆◆◆

એકલા મોક્ષમાર્ગની સેવામાં જ જીવને તમે યોજી દો, એ કાંઈ આજે ને આજે શકય છે ? નથી, તો પણ દુર્ગતિમાં જવું નથી, એતો ચોક્કસ જ છે ને ? સંસારનો સ્વભાવ સરકાવવાનો છે. તેમાં જો દુર્ગતિમાં સરકાઈ

જવાયું, તો કદાચ અનન્ત કાળ સુધી પણ આપણને ધર્મની પ્રાપ્તિ થાય નહિ, એ શક્ય છે. જો દુર્ગતિમાં સરકી ગયા, તો દુઃખ ઘણું અણગમતું હોવા છતાં પણ, દુઃખને ભોગવ્યા વિના છૂટકો થાય નહિ અને ધર્મસામગ્રીનો યોગ પણ પ્રાપ્ત થાય નહિ. કદાચ ધર્મસામગ્રી મળી જાય, તોય આપણે ધર્મને બરાબર સેવી શકીએ નહિ, એમ પણ બને. આથી આપણે દુર્ગતિનાં કારણોને સેવવાં નથી અને દેવગતિનાં કારણોને અને મનુષ્યગતિનાં કારણોને સેવવાં છે, એમ ને ? દુર્ગતિ થાય નહિ અને સદ્‌ગતિની ખાતરી રહે, એ ક્યારે બને ? પાપ કરવું પડે તોય હૈયું એનાથી નોખું રહે તો ! સંસારને સેવવા છતાં પણ, સંસારથી છૂટવાની અને એ માટે સદ્‌ધર્મને સેવવાની અભિલાષા જીવન્ત રહે તો !

◆◆◆

એક શીલના પ્રતાપે આત્મા આ લોક અને પરલોક એમ ઉભય લોકને સુધારી પરમ્પરાએ સિદ્ધિ સુખનો ભોક્તા કયી રીતિએ થઈ શકે છે, એનું વર્ણન અનંતજ્ઞાનિઓના અનુપમ શાસનમાં અનુપમ રીતિએ કરવામાં આવ્યું છે.

◆◆◆

એક શીલની રક્ષા માટે જ્યારે પતિવ્રતા સ્ત્રીઓ, પોતાની સાથે નિર્દય અને નિર્ઘૃણ વર્તન ચલાવનાર પતિ પ્રત્યે પણ નિખાલસ અને સુવિશુદ્ધ વર્તન રાખે, તો પોતાને સુશિષ્યની કક્ષામાં મૂકવા ઇચ્છનારા શિષ્યોએ, એકાંતે અને એકદમ ઘણી જ સહેલાઈથી સિદ્ધિપદને સાધી આપનારા સંયમની રક્ષા માટે, પોતાના તારણહાર ગુરૂદેવો સાથે કેવું અને કેટલું નિખાલસ, દંભહીન તથા સુવિશુદ્ધ વર્તન રાખવું જોઈએ,- તે સમજવા માટે પોતાની બધી જ શક્તિઓને ખર્ચી નાખવી જોઈએ.

◆◆◆

એક સ્થાનમાં જ વિના કારણ કાયમ ખાતર પડી રહેનારા સાધુઓ પોતાનું હિત ગુમાવવા સાથે પરના પણ આત્મહિતને હણનારા બને, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

◆◆◆

એકાન્ત-હિતબુદ્ધિથી કરવામાં આવેલી શિક્ષા પણ સુયોગ્ય આત્માને જ ફળે છે.

◆◆◆

એકાન્તિક અને આત્યન્તિક એવા સુખના અર્થી આત્માઓએ, બીજી સઘળી પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને, પોતાના આત્માને કર્મના યોગથી મુક્ત બનાવવાને માટે જ પ્રયત્નશીલ બનવું જોઈએ. કર્મના યોગથી મુક્ત બન્યા વિના, કોઇ પણ આત્મા, એકાન્તિક અનેઆત્યન્તિક એવા સુખનો સાચો ભોક્તા બની શકયો નથી, બની શકતો નથી અને બની શકશે પણ નહિ.

◆◆◆

એ નક્કી થઈ જાય, એટલે દેવ તરીકે પૂજનિક તે જ આત્માઓ લાગે, કે જેઓ મુક્તિમાર્ગને સ્થાપી મુક્તિએ ગયા; તેમજ જે કોઈ આત્માઓ શ્રી સિદ્ધિપદને પામ્યા હોય ! ગુરૂ તરીકે પૂજનિક તે જ આત્માઓ લાગે, કે જેઓ સંસારને તજી, સંયમને સ્વીકારી, સંસારના ત્યાગનો ઉપદેશ દેતા હોય; અને ધર્મ તરીકે તે જ ઉપાદેય લાગે, કે જે સંસારથી-મોહથી આત્માને પાછો પાડે. એ જ મુક્તિમાર્ગ. એ મુક્તિમાર્ગનું આરાધન કરી સૌ કલ્યાણ સાધો, એ જ શુભેચ્છા.

◆◆◆

એકાન્તવાદી દર્શન જયારે ગુણોનો ગુણી સાથે અભેદ જ અથવા તો ભેદ જ માને છે, ત્યારે આ સ્યાદ્વાદ દર્શન કથંચિદ્ ભેદ પણ માને છે અને કથંચિદ્ અભેદ પણ માને છે. ગુણ અને ગુણિમાં એકાંત ભેદ માનવો અથવા તો એકાંત અભેદ માનવો, એ વસ્તુનું વસ્તુસ્વરૂપે જ્ઞાન જ નથી, એમ સૂચવે છે. આમ હોવા છતાં પણ, ઘોર મિથ્યાત્વના પ્રતાપે પંડિતો પણ એ વસ્તુને સમજી શકતા નથી અને એકાન્ત પ્રલાપો દ્વારા સ્વ-પરના હિતનો સંહાર કરે છે. ગુણ ગુણિથી અલગ રહી શકતો નથી, માટે એને અભિન્ન પણ માનવો પડે અને ગુણ ગુણિમય નહિ હોવાથી એને ભિન્ન પણ માનવો પડે ! એ વાતનો કોઈ પણ સત્યગવેષક બુદ્ધિશાલીથી ઇનકાર થઈ શકે તેમ છે જ નહિ : છતાં પણ, એકાન્ત આગ્રહમાં પડેલાઓ આવી સ્પષ્ટ વાતોનેય માનવાનો ઈનકાર જ કરે છે. દષ્ટાન્ત તરીકે, કોઈ પણ વસ્તુનો રૂપ આદિ ગુણ વસ્તુને મૂકીને અલગ નથી રહેતો, એ તો સૌના અનુભવની વાત છે : એટલે એને વસ્તુથી સર્વથા ભિન્ન માનવો, એ તો કોઈપણ રીતિએ ઉચિત જ નથી; અને એટલા માત્રથી ગુણને સર્વથા અભિન્ન માનવો, એ પણ ઉચિત નથી : કારણ કે-જો એમ માનવામાં આવે, તો પછી વસ્તુને રૂપવાળી આદિ

તરીકે જે ઓળખવામાં આવે છે, તે ઓળખી શકાય નહિ. સામાન્ય બુદ્ધિશીલ આદમી પણ જો પોતાની સાદી બુદ્ધિનો ઉપયોગ કરે, તો આવી વસ્તુઓને સહેલાઈથી સમજી શકે એવું છે:

♦♦♦

'भवोदधौ न रमते' -એનો જેના હૃદયમાં જાપ ચાલતો હોય, તેને કોઈ સંસારમાંથી નીકળતો હોય ત્યારે તેના આનંદની સીમા ન રહે. તમને રાજાએ આખા કુટુંબ સાથે કેદ પૂર્યા હોય ને થોડા દિવસ પછી એમ હુકમ થાય કે પહેલો તમારા છોકારાને છોડવાનો, ત્યારે તમને શું થાય ? ભલે દિકરો આજ છૂટે, છૂટશે તો આપણને પણ એ છોડાવશે. ના, ના, તું અહીં જ રહે, બધાને સાથે જ જવાનું, એમ તો ન કહોને ? માબાપે તો એમ કહેવું જોઈએ કે-' અમે કમભાગી છીયે, મોહ છૂટી શકતો નથી. તમે પુણ્યવાન છો. હજી અમારો મોહ ભાગ્યો નથી માટે તમે નીકળો અને પછી અમને કાઢવા મથો. સમ્યગ્દૃષ્ટિની વાત આવે કે સર્વવિરતી આવે જ. સર્વવિરતી એવી છે કે સમ્યગ્દૃષ્ટિથી અલગી ન રહે. સર્વવિરતિના ભાવ વગર સમ્યગ્દષ્ટિ હોય? નહિ !

♦♦♦

'सा वीद्या या विमुक्तये' એ બ્હાને આજે 'કર્મવીર બનો,' 'ઉદ્યોગી બનો,' 'આળસ તજો' 'તૈયાર થાઓ,' એ જાતિનું શિક્ષણ અપાઈ રહ્યું છે, પણ એ બધું શાને માટે છે એ વિચારો તો સાચી મુક્તિની ઇચ્છા ખૂબ ખૂબ પાછી ઠેલાયેલી માલુમ પડશે.

♦♦♦

એ સંસારમાં રહેવું પડે એથી દુઃખ થાય. સંસારના ત્યાગીઓ તરફ સદ્ભાવ જાગે. સંસારનો ત્યાગ કરવા ઈચ્છનારાઓના માર્ગ ન રૂંધાય, પણ સહાય કરાય. સંસાર છોડેલાની દયા ન આવે, પણ સંસારમાં રહેલા દયાપાત્ર લાગે. સંસારમાં રહેવા છતાં સંસાર કારાવાસ સમાન, દાવાનળ સમાન લાગે : અને એમ થાય એટલે ત્યાગમાર્ગના ઉપદેશકો રૂચે તેમજ સંસારમાં રહેવાનો ઉપદેશ આપનારાઓ અપકારી, દુશ્મનો જેવા લાગે.

♦♦♦

એ મહારંભ, મહાપરિગ્રહ, પંચેંદ્રિયનો ઘાત અને માંસાહાર સંયમમાં

હોય કે સંસારમાં ?

◆◆◆

એવાઓ એમ પણ શીખી ગયા છે કે-'શેઠની ગુલામી થાય, સાહેબની ગુલામી થાય અને વખત પડયે સ્ત્રીની ગુલામી થાય, પણ દેવની, ગુરૂની ધર્મની કે ધર્મશાસ્ત્રની ગુલામી ન જ થાય.'

◆◆◆

એ વાત ખરી કે મોહરાજાએ અનંત આત્માઓને હરાવ્યા છે, અનેકોને પોતાના પંજામાં દબાવ્યા છે, ઈંદ્રાદિ દેવોને પણ એની તહેનાતમાં રહેવું પડયું છે તે છતાં એવા પણ અનંતા આત્માઓ થઇ ગયા છે કે જેઓ એ મોહરાજાને માથે પગ મૂકી ઉપર ચાલ્યા ગયા છે.

◆◆◆

એ વાત ચોક્કસ છે કે-જેનામાં ભક્તિ અને શક્તિ બન્ને છે, તે દેવ-ગુરૂ-ધર્મ ઉપરના આક્રમણ સમયે કોઈ ખાસ કારણ સિવાય શક્તિનો ઉપયોગ કરીને આક્રમણને ટાળવાની પ્રવૃત્તિ કર્યા વિના રહેતો નથી, પણ આક્રમણ કરનારનું ભૂંડું ચિન્તવવું ન જોઈએ એ વાત સાથે જ છે.

એ વાત ધ્યાનમાં આવી જવી જોઈએ કે-'માનવ ને પણ જો મોહની સામે સાવધ થઈને જીવવાની વૃત્તિ આવે નહિ અને મોહની સામે સાવધ બન્યા રહીને જીવતાં આવડે નહિ, તો આપણે કદી પણ પરમાદર્શની સન્મુખ બની શકવાના નથી અને એથી પરમાદર્શને સાધી આપનારા જીવના સાધક પણ બની શકવાના નથી.' જ્યાં સુધી મોહને નહિ ઓળખાય અને મોહથી સાવધ બન્યા રહીને જીવવાનું નહિ થાય, ત્યાં સુધી તો માત્ર પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો તરફ ઘસડાઈ જઈને, લોભાદિ કષાયો કે જેણે જગતના જીવોની કતલ કરવામાં જ શ્રેય માન્યું છે-તેની અથડામણમાં અટવાઈ જવાનું જેમ ચાલુ છે, તેમ ચાલુ જ રહેવાનું !

◆◆◆

એવા પણ માણસો છે કે-સ્ત્રીઓના ફોટા ઘડીયાળમાં રાખે છે, અને વારંવારા જુએ છે. એને જ જો શ્રી વીતરાગ પરમાત્માના મંદિરમાં જવાનું કહો તો 'એ પાપ !' એમ કહીને ભાગે છે, એ બુદ્ધિનું લીલામ છે કે બીજું કાંઇ ?

◆◆◆

એ વાત સાચી છે કે-જ્યારે આ દેશના લોકો રાજકર્તા બન્યા હોય, ત્યારે જીવદયા, કે જેને લોકો મોટો ધર્મ માને છે- તેનું પાલન વધે એવી આશા રખાય. આવા સમયે, સત્તાથી પણ અમુક પ્રકારની હિંસાઓને બંધ કરાવવાની ભાવના જાગે, એ સ્વાભાવિક છે. છતાં પણ રાજકારણ એ બહુ ભયંકર ચીજ છે. એટલા માટે રાજકારણનો રંગ લાગે નહિ, તેની કાળજી રાખવા જેવી છે.

♦♦♦

એક વાર આવેલું દર્શન નિયમા અર્ધ પુદ્‌ગલ પરાવર્તનમાં મુક્તિએ પહોંચાડે છે, ચારિત્ર અનંતીવાર મળે, છતાં અનંતોકાળ ભટકાવે અને દર્શન જો આવી ગયું તો નિગોદમાં બી ચાલી જાય, તો પણ અર્ધપુદ્‌ગલ પરાવર્તનમાં ઠેકાણું પાડી આપે. દર્શન એ તો સાચો મિત્ર બની જાય છે.

♦♦♦

એ જ્ઞાનદાનના પ્રતાપે આત્મા પરિણામે ક્રમસર આગળ વધતાં વધતાં ઉજ્જવળ એવા કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને એ કેવલજ્ઞાનના યોગે અખિલ લોક ઉપર અનુગ્રહ કરીને મોક્ષપદને મેળવે છે.

♦♦♦

એ રાગી છતાં પણ વિરાગી હતા. એમને રાગ હતો, પણ એ રાગને એમણે પોતાને આધીન જેવો બનાવી દીધેલો. એના ઉપર એમણે વિરાગની ચોકી મૂકેલી. તમારા રાગ સામે વિરાગની ચોકી છે ? ચોકી ન હોય, તો તે ઉભી કરવી છે ? આ તો મફતનો, વગર પગારનો નોકર છે. સદા સાથે રહે એવો.. જે કોઈ પોતાના રાગ ઉપર વિરાગની ચોકી મૂકી દે, તેને દ્વેષ દઝાડી શકે નહિ, માન મુંઝવી શકે નહિ, માયા ઠગી શકે નહિ અને લોભ લલચાવી શકે નહિ. જો આ સ્થિતિ આવી જાય, તો આત્મા ઘણી ઉંચી કક્ષાએ પહોંચ્યો કહેવાય. પછી, એને ઉત્તરોત્તર ઉંચી કક્ષાએ પહોંચવું સહેલું.

♦♦♦

ઓઘ દૃષ્ટિવાળો એ વાસ્તવિક રીતિએ સમકીતદૃષ્ટિ નથી પણ મિથ્યા-દૃષ્ટિ છે.

♦♦♦

ઔદારિક શરીરના સમ્બન્ધવાળા આત્માઓ જ પામી શકે તો મુક્તિ

પામે. એટલે, જે ભવમાં જે આત્માઓ મુક્ત બને છે, તે ભવમાં તે આત્માઓ તૈજસ અને કાર્મણ શરીરની સાથે ઔદારિક શરીરના પણ સંબંધવાળા હોય જ છે.

♦♦♦

કોણ કહેશે કે-મારે જીવનમાં સુખશાન્તિ નથી જાઈતાં ? કોણ કહેશે કે- મરતાં સમાધિ જોઈતી નથી ? કોણ કહેશે કે - આવતો ભવ સુંદર બને એવી ઈચ્છા નથી ? અને, કોણ કહેશે કે-સંપૂર્ણ સુખના સ્થાનને પામવાની અભિલાષા નથી ? જીવનમાં સુખ મેળવવાને માટે તો દુનિયાના જીવો તરફડિયાં મારી રહ્યા છે. મરતી વખતે શાંતિ ટકી રહે, મુંઝવણ ન થાય, એવી કોને ઈચ્છા નથી ? ભાવીના સુખની ઝંખના કયાં ઓછી છે ? અને, દુનિયાના જીવો સંપૂર્ણ સુખના અભિલાષી નથી એવું પણ નથી. એ અભિલાષા સિધ્ધ કરવાને માટે કોઈ સાધન તો જોઈશે ને? યોગ્ય સાધન વિના, એ અભિલાષા સિદ્ધ નહિ થાય. જ્ઞાનિઓએ એ સાધન તરીકે સદાચારને દર્શાવેલ છે.

♦♦♦

કદાગ્રહીને ઉપદેશ દે એની મહેનત ફોગટ જાય અને મૂર્ખમાં ખપવું પડે તથા અનેક જાતિની આફતો વહોરવી પડે એ વધારામાં.

♦♦♦

કપટ અને પ્રપંચ, જૂઠ અને ચોરી, ઉઠાવગીરી અને બદમાશી શીખવવાની પાઠશાળાઓ કોઈ જગ્યાએ છે ? તેના ભાષણો થતાં કદિ સાંભળ્યા છે ? નહિ જ. છતાં પણ એય ચોક્કસ છે કે-તે ન આવડતાં હોય તો પણ તેને શીખવનારા ડગલે ને પગલે મળી રહે છે. 'બીજાના ખીસ્સામાંથી કેમ લેવાય ?'-એ શીખવવું મુશ્કેલ નથી :'કેમ દેવાય ?' -એ શીખવવું એ જ કઠિન છે. દુનિયાને લાલચ લક્ષ્મીની છે કે દાનની ? લેવાની ભાવના સૌને છે, પણ દેવાની ભાવના કેટલાંક ને છે ? લેનાર તો સામાન્ય રીતિએ બધા જ, પણ દેનાર કોઈક જ : અનાચારી ઘણા, સદાચારી થોડા !

♦♦♦

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસુરીશ્વરજી મહારાજા દેવતત્ત્વની સિદ્ધિ કરતાં કહે છે કે-આખું જગત્ ક્રોધ, લોભ અને ભયથી વ્યાપ્ત છે અને એનાથી વિપરિત સ્વરૂપ જેનું છે એજ દેવાધિદેવ છે.

♦♦♦

કર્મસત્તાની આગળ કોઈ જ ટકી શકતું નથી : તેની સામે તો એક

ધર્મસત્તા જ સમર્થ છે !

♦♦♦

કર્મને આધીન રહેવું છે અને બધાને સમાન બનાવવા છે એ આકાશ કુસુમવત્ છે.

♦♦♦

કર્મને આધીન દુનિયામાં બધાને સરખા બનાવવાની બુદ્ધિ એના જેવી મૂર્ખતા બીજી એકે નથી.

♦♦♦

કર્મની વિષમતાને સમજનાર આત્મા માટે, વૈરાગ્ય એ અગમ્ય અને દુષ્પ્રાપ્ય વસ્તુ નથી જ.

♦♦♦

કર્મસત્તા એ નથી જ જોતી કે- 'આ અબળા છે કે સબળા છે ?' એ તો પાપ આચરનારને યથાસમયે પોતાના વિપાકનું ભાન ગમે તેવી અવસ્થામાં પણ કરાવે જ છે.

♦♦♦

કર્મ છોડવા માટે ધર્મ કરવાનું કહેવામાં આવે છે, તે વાત આજે અજ્ઞાનીઓને ગળે ઉતરતી નથી.

♦♦♦

કર્મસત્તા પંપાળ્યે જાય તેમ નથી, વિનવણીથી જાય તેમ નથી અને દયાથી પીગળીને પણ જાય તેમ નથી. એ તો તમે તમારૂં બળ અજમાવવા માંડો, એની સામે લાલ આંખ કરો, એના ઉપર પૂરો રોષ કેળવીને એને મૂળમાંથી જ ઉખેડી નાખવાના પ્રયત્નમાં પડો, તો જ તમારી મિલ્કત તમે મેળવી શકો. શરૂમાં કર્મસત્તા જોર કરશે, પણ જ્યાં તમારી મક્કમતા અને ચઢતી કળા દેખાશે, એટલે આપોઆપ તે મુડદાલ જેવી બની જશે. ચાર ઘાતીકર્મોનો જેણે નાશ કર્યો તેને ચાર અઘાતી-કર્મો શું કરી શકે છે ? ચાર ઘાતીકર્મોના ગયા પછી કર્મસત્તા એવી પાંગળી બની જાય છે કે-પછી તે આત્માની સામે પહેલાં જેવી આડાઇ કરી શકતી નથી. અઘાતીકર્મોમાં આઘાત સામે પ્રત્યાઘાત કરવાની તાકાત રહેતી નથી. આમ છતાં પણ એ અઘાતીકર્મોનો નાશ પણ જરૂરી છે : કારણ કે-એ અઘાતીકર્મોનો પણ જ્યારે

આત્મા નાશ કરે છે, ત્યારે જ આત્મા પોતાની સઘળી ય સંપત્તિનો સંપૂર્ણ માલિક બન્યો કહેવાય છે.

◆◆◆

કહેનારાં કહે છે કે-' ઈશ્વરનું નામ જ માણસને ગાંડો બનાવે છે.' ઈશ્વરમાં નહિ માનનારા દેશોને પણ જ્યારે આપત્તિકાળ આવે છે ત્યારે ઈશ્વરને યાદ કરવો પડે છે અને ઈશ્વરને માનનારા દેશમાંથી ઈશ્વરનું નામ ભૂલાઈ જાય, એવી પેરવીઓ થાય છે !

◆◆◆

કલ્યાણના અર્થી આત્માઓએ તો સર્વસ્વના ભોગે પણ પરમ કલ્યાણમય ધર્મની આરાધનામાં જ રક્ત બનવું જોઈએ. જેઓથી આરાધના ન થઈ શકે તેઓએ પણ વિરાધાનાથી તો અવશ્ય બચવું જોઈએ.

◆◆◆

કળા એ માટે નથી કે-બીજા જે ખરાબ કરે, તેને ગેરવ્યાજબી મનાવે અને પોતે જે ખરાબ કરે, તેને વ્યાજબી માનવે. આજે કેવી મનોદશા છે ? બીજા અનીતિ કરે તો ખોટું કર્યું કહેવા તૈયાર અને પોતે એથીય ભયંકર કોટિની અનીતિ કરવા તૈયાર. નહિતર, જ્ઞાનિઓએ જે હિંસાદિને મહાપાપો કહ્યાં છે, તેને તો સરકારે પણ માનેલ છે. સરકાર પાપને બદલે ગુનહો કહે છે. જેણે સુખી થવું હોય, તેણે ગુન્હો નહિ કરવો જોઈએ. એને બદલે, આજે મોટો ભાગ એવું ઈચ્છે છે કે-'કોઈ ગુન્હો મારી સાથે ન કરે !' જ્ઞાનિઓ જે હિંસાદિ અમુકને મહા પાપ માને છે અને જેને સરકારને પણ ગુન્હા કહેવા પડે છે, તેને માટેય જેને સુખની ઈચ્છા છે, તેની વૃત્તિ કેવી છે ? હિંસાદિ કોઇ પાપ મારા પ્રત્યે ન આચરે, એવી જ ને ? ખરૂં જોતાં તો, શો વિચાર કરવો જોઈએ ? 'બીજાઓ જો મારા પ્રત્યે કોઈ ગુન્હાને આચરે તો એથી મને જેમ દુઃખ થાય અને મારા સુખમાં વિઘ્ન થાય, તેમ હું પણ જો બીજાઓ પ્રત્યે કોઈ ગુન્હાને આચરૂં, તો તેથી તેમને દુઃખ થાય અને તેમના સુખમાં વિઘ્ન થાય; એ માટે મારે કોઇ પ્રત્યે ગુન્હાને નહિ આચરવો જોઇએ.'

◆◆◆

કયું જ્ઞાન સુખ આપે ? તે જ્ઞાન સુખ આપે, જે સદ્‌ગતિના માર્ગને પ્રકાશ આપે : સદ્‌ગતિના માર્ગને રૂંધે તે નહિ. સદ્‌ગતિ-દુર્ગતિ બતાવનાર

મહાપુરૂષો થઈ ગયા કે નહિ એમાં શંકા પેદા થાય, તે જ્ઞાન જ્ઞાન કહેવાય? જેમ જેમ જ્ઞાન વધતું જાય તેમ તેમ મારા આત્માની સદ્‌ગતિ કયી રીતે થાય, એ સાધનનું ભાન થઈ જવું જોઈએ કે એ ભાન દબાઈ જવું જોઇએ ? જ્ઞાની અનેપરલોકની શંકા ? ધર્મનાં સાધનોની જરૂર છે કે નહિ એની શંકા ? વિષયસુખનાં સાધનોથી દુઃખ કે સુખ એની શંકા ? એવી જાતિનું જ્ઞાન એ શું જ્ઞાન છે ?

◆◆◆

કષ, છેદ અને તાપ એ ત્રણ પ્રકારની પરીક્ષાઓમાં તાપશુદ્ધિ એજ શ્રેષ્ઠ વસ્તુ છે. જે તાપશુદ્ધ નથી તેની કષશુદ્ધિ કે છેદશુદ્ધિની કાંઈ કિંમત જ નથી. શ્રી જૈનધર્મ સિવાયના કોઈ પણ ધર્મનાં શાસ્ત્રો તાપશુદ્ધ નથી એથી શ્રી જૈનધર્મ કોઈ ધર્મની શાખારૂપ તો નથી જ, પણ બીજો કોઈ ધર્મ પોતાને શ્રી જૈનધર્મની શાખારૂપે કહેવડાવવાને પણ લાયક નથી.

◆◆◆

કલ્પના ત્યાં ચલાવાય કે જ્યાં બુદ્ધિ માટે દ્વાર હોય, પણ જ્યાં બુદ્ધિ માટે દ્વાર જ નથી ત્યાં કલ્પના શું કામ કરે ?

◆◆◆

કલ્યાણના અર્થી આત્માએ કોઇ પણ જાતના ભેદ વિના-ગુણી માત્રને જોઇને પ્રમોદ પામતાં શીખવું જોઈએ પરન્તુ આવો પ્રમોદભાવ ગુણનું:અર્થિપણું આવ્યા વિના નહિ આવે અને ગુણનું અર્થિપણું આત્માને શુદ્ધ બનાવવાની સાચી ભાવના પ્રગટયા વિના નહિ આવે !

◆◆◆

કલ્યાણના અર્થી આત્માઓએ જેમ બને તેમ સારા સંયોગમાં રહેવાનો અને ખરાબ સંયોગોથી બચવાનો પ્રયત્ન કરવો જોઇએ.

◆◆◆

કલ્યાણના અર્થી આત્માએ સદ્‌ગુરૂઓની નિશ્રામાં રહેવું અને સદ્‌ગુરૂઓએ કલ્યાણના અર્થી આત્માઓને સંસારની અસારતા સમજાવવા દ્વારા વિષયકષાયાદિથી વિરક્ત બનાવી ને, આત્મહિતકર પ્રવૃત્તિઓમાં જ સ્થિર કરવા, કે જેના પરિણામે સ્વપર-સર્વનું આત્મહિત સાધી શકાય.

◆◆◆

કલ્યાણના અર્થી આત્માઓએ પ્રત્યનિકપણાનો લેશ પણ ચેપ ન લાગે

તે માટે પણ સાવધ રહેવું જોઈએ.

◆◆◆

કલ્યાણના અર્થીએ સઘળી પ્રવૃત્તિઓ છોડી સૌથી પ્રથમ અનંતજ્ઞાનીઓની આજ્ઞાનો અભ્યાસ કરવો જોઈએ અને તેનેજીવનમાં ઉતારતાં શીખવું જોઈએ.

◆◆◆

કલ્યાણના અર્થિએ તારક પ્રત્યે અખંડ બહુમાન કેળવવું જોઈએઃ તે કેળવાય તો જ ગુરૂઆજ્ઞાનું રહસ્ય સમજી શકાય.

◆◆◆

કલ્યાણના અર્થી આત્માએ કોઈ પણ જાતના ભેદ વિના-ગુણી માત્રને જોઈને પ્રમોદ પામતાં શીખવું જોઈએ. પરન્તુ આવો પ્રમોદભાવ ગુણનું : અર્થિપણું આવ્યા વિના નહિ આવે અને ગુણનું અર્થિપણું આત્માને શુદ્ધ બનાવવાની સાચી ભાવના પ્રગટયા વિના નહિ આવે !

◆◆◆

કલ્યાણના કામી આત્માઓએ સઘળી જ આપત્તિઓને સહીને પણ શ્રી જિનાજ્ઞાની આરાધના કરવી જોઈએ, પણ ગમે તેટલી સંપત્તિઓ મળતી હોય તો પણ શ્રી જિનાજ્ઞાની વિરાધના નહિ કરવી જોઈએ : કારણ કે-શ્રી જિનાજ્ઞાની આરાધનાથી જ સર્વ આપત્તિઓનો નાશ અને સર્વ સંપત્તિઓની પ્રાપ્તિ થાય છે.

◆◆◆

કલ્યાણકર વિધાનોના પાલનમાં જે આત્માઓને રસ ન જાગે, તે આત્માઓ ખરે જ શોચનીય ગણાય. એવા શોચનીય આત્માઓ પ્રભુશાસનના સારને અને તેના રસને વાસ્તવિક રીતિએ નથી પામી શકતા અને એથી એ બીચારાઓ તેવા અનુપમ આસ્વાદથી સાચે જ વંચિત રહે છે.

◆◆◆

'કાળા માથાનો માનવી શું ન કરે ?'-એ વાકય સજજનોમાં અને સારી સમાજોમાં પણ પ્રચલિત છે પણ તેના મૂળ ભાવને સમજ્યા વિના, એક ખૂની માણસ જો એ વચનને વળગી પડે, તો તેનો કયી દિશામાં ઉપયોગ થાય ?

◆◆◆

કામાધીન દશા ઘણી જ ભયંકર છે. આખું જગત્ એમાં મુંઝાયેલું છે.

એના ફંદામાંથી જે કોઈ બચે એજ આશ્ચર્ય છે. બાકી ફસે તેમાં તો કશું જ આશ્ચર્ય નથી.

♦♦♦

કલ્યાણના અર્થિઓએ એવી ભાવનાથી ઓતપ્રોત બનવું જોઇએ કે- "કયારે એવો સમય આવે કે દુનિયાદારીના સઘળાય સંસર્ગોનો ત્યાગ કરી, જીર્ણ વસ્ત્રોનું પરિધાન કરી, મલથી વ્યાપ્ત શરીને ધરનારો થાઉં અને માધુકરી વૃત્તિને ભજનારો બની હું મુનીચર્યાનો આશ્રય કરૂં : દુઃશીલ આત્માઓના સંસર્ગને ત્યાગ કરતો અને સદ્‌ગુરૂઓની પાદરજને સ્પર્શ કરતો હું યોગનો અભ્યાસ કરીને વિષયકષાય રૂપ સંસારનો છેદ કરનારો થાઉં : બળદો જેમ સ્તંભ સાથે પોતાના સ્કંધનું સંઘર્ષણ કરે છે, તેમ મહારાત્રિમાં નગરની બહાર કાયોત્સર્ગમાં રહેલા મારી સાથે પણ બળદો પોતાના સ્કંધનું સંઘર્ષણ કરે, તે છતાં પણ સ્તંભની માફક હું સ્થિર રહી શકું : વનમાં પદ્માસન લગાવીને બેઠેલા મારા ખોળામાં આવીને હરણીયાંનાં બચ્ચાંઓ બેસે અનેચરતા મૃગયુથના પાલક હરણીયાઓ મને સુંઘે તે છતાં પણ હું સમભાવમાં રહી શકું : અને શત્રુ તથા મિત્ર ઉપર, તૃણ તથા સ્ત્રીઓના સમૂહ ઉપર, સુર્વણ અન પત્થર ઉપર, મણિ અને માટી ઉપર તથા ભવ અને મોક્ષ ઉપર સમાનમતિવાળો થાઉં."

♦♦♦

આ કાળમાં આર્ય દેશની જેવી જોઇએ તેવી દશા નથી, એ વાત તો સૌ કબૂલ કરે છે. ઘણો ભાગ કહે છે કે- આર્ય દેશની દશા બગડી છે અને બગડી રહી છે. તેને બગડતી અટકાવવી અને સુધારવી-એ માટે પોતાનાથી શકય એટલો પ્રયત્ન કરવો, તે આર્યાવર્તના પ્રત્યેક માનવીનું કર્તવ્ય છે ને ? એ કર્તવ્યનો સાચો ખ્યાલ આવે અને એ કર્તવ્યંનો અમલ કેમ કરવો એ સમજાય. એ માટે જ આ વાત છે.

♦♦♦

આત્મામાં સત્તાગત અનંતી શક્તિ છે-એનો ખ્યાલ છે એ ઠીક છે, પણ એ ખ્યાલની ખરી સફલતા ત્યારે જ ગણાય કે જયારે આત્મા એ સત્તાગત શક્તિને પ્રગટાવવાને માટે જ્ઞાનિઓએ દર્શાવેલા માર્ગે ઉદ્યમશીલ બને ! અનંતી શક્તિ માનીને, તે પ્રગટાવવા તરફ બેદરકાર બનનારાઓ તો, પામર જ

બન્યા રહે છે. અનંતી શક્તિ ત્યારે જ પ્રગટવાની, કે જ્યારે એ બેદરકારી ટળશે અને જ્ઞાનિઓની આજ્ઞા મુજબ એવો ઉદ્યમ ખેડાશે, કે જેથી પરિણામે કર્મના આવરણ જેવું કાંઈ રહેશે જ નહિ. એ માટે કર્મસત્તા તરફ વધારેમાં વધારે રોષ કેળવવો જોઈએ અને કર્મસત્તાના આવરણને દૂર કરવાનો માર્ગ દર્શાવનારા, એ માર્ગે જવાની પ્રેરણા કરનારા, એ માર્ગે જવામાં સહાય કરનારા, એ વિગેરે વિગેરે ઉપર ખૂબ ખૂબ રાગ કેળવવો જોઈએ.

◆◆◆

એ પરણ્યા ત્યારે, એમને, એ વાતની કલ્પના પણ નહિ હતી કે-પરણ્યા બાદ થોડા જ સમયમાં પોતે વિરાગી બનશે અને સંસારના સર્વ સંબંધોને તજી દઈને, પોતે મહા સંયમી બની જશે; પરંતુ, જેને જેની કલ્પના હોય, તે જ તેને માટે બને, એવો નિયમ નથી ને ? અચિન્તિત સંયોગો આવી જવા પામે અને માણસનું મન તથા જીવન એકદમ પલટાઇ જવા પામે, એવું પણ બને. સંસારમાં આવું તો ઘણું બને છે. જેને પ્રેમ કરીને પરણ્યો હોય અને નહિ જેવું સાચું-ખોટું નિમિત્ત મળતાં, એવી રીતિએ તજી દે કે-એની સામેય જુએ નહિ, આવું પણ સંસારમાં બને છે ને ? તો, સંયમનો અર્થી બનેલો જીવ, કેવળ સંયમની સાધના કરવાને માટે અને પોતાના જીવનને કોઇ પણ જીવને માટે અપકારક બનતું અટકાવવાને માટે તથા પોતાના જીવનને શકય એટલું સર્વ જીવોને માટે ઉપકારક બનાવવાને માટે, પરણેલીનેય તજે અને અન્ય કુટુંબપરિવારાદિને પણ તજે, તો એમાં ચિન્તા કરવા જેવું શું છે ? એમાં એની નિન્દા કરવા જેવું કાંઇ છે ખરૂં ? વસ્તુત : તો, એવા જીવનના ત્યાગની ખૂબ ખૂબ અનુમોદના કરવી જોઇએ, કારણ કે-કોઇ પણ જીવને અપકારક બનાય નહિ-એવી પોતાની જીવનસ્થિતિને પેદા કરવાને માટે તેમજ જગતના સર્વ જીવોને માટે યથાશક્ય રીતિએ ઉપકારક બનાય-એવી સિદ્ધિને પ્રાપ્ત કરવાનેમાટે નીકળ્યો છે. એ માટે, એણે, પોતાના ભોગસુખ આદિનો પણ કાંઈ કમ ત્યાગ કર્યો નથી.

◆◆◆

કાયદાની દષ્ટિએ કયા કયા કૃત્યને ગુનો ગણાય, એ શું સારામાં સારો ગણાતો બેરીસ્ટર નથી જાણતો હોતો ? પણ કેટલાક બેરીસ્ટર છાતી ઉપર હાથ મૂકીને સાચા દિલથી એમ કહી શકે કે-આમાંનો એકેય ગુનો મેં

મારી જીંદગીમાં કર્યો નથી ? અથવા, આ ભણ્યા પછી કર્યો નથી ?

♦♦♦

કાં તો સંસારને તજવો જોઇએ અનેકદાચ પ્રયત્ન કરવા છતાં પણ અશુભ કર્મના કઠીન ઉદયથી સંસાર ન જ તજાય, તો સંસારમાં પણ એવા બનો અને સાથીઓને પણ એવા બનાવો, કે જેથી કદી જ પૌદ્ગલિક બાબતોના વિગ્રહ થાય નહિ અને જ્યારે ઇચ્છા થાય ત્યારે તજીને આત્મશ્રેય માટે ચાલી નીકળાય.

♦♦♦

કાયદાનું જ્ઞાન શા માટે ? ગુનાથી બચવા ! ગુનાથી બચાવવા ! બીનગુનેગાર ગુનેગાર ઠરી જતો હોય તો તેનું તેમાંથી રક્ષણ કરવા ! ગુના કરનારને ગુનો કરતાં અટકાવવા ! કાયદાના જ્ઞાનનું ફલ તો આ હોય ને ? પણ 'કાયદાના મારા જ્ઞાનને મેં એવું કેળવ્યું છે કે-હું સાચાને ખોટું અને ખોટાને સાચું ઠરાવી શકું છું, માટે જ હું આગળ વધી શકયો છું.'-એમ જો કોઇ કહે તો ? તો એ મોટો ગુનેગાર ગણાય કે હોશિયાર કાયદાબાજ ગણાય?

♦♦♦

કીમતી માનવજીવન, અવસ્થાને અનુરૂપ ચેષ્ટાઓમાં જ વેડફી નાખવું, એ ખરે જ વિવેકી આત્માઓ માટે લજ્જાસ્પદ છે.

♦♦♦

કામને માટે સજા ભોગવવી પડે, તે તે કામને જ પાપકર્મ કહેવાય. એ સિવાય કોઈ પાપકર્મ જ નહિ ! પણ કોઈ વાર એવું બને છે કે-આ લોકમાં કશું જ ખરાબ કામ ન કર્યું હોય ને સારૂં કામ કર્યું હોય, તોય સજા ભોગવવાનો વખત આવી લાગે; તો તે સારા કામને તમે પાપ કહેશો ? ત્યાં કહેવું પડશે કે-પૂર્વ ભવના પાપના ઉદયને કારણે સજા ભોગવવાનો વખત આવ્યો.

♦♦♦

કુલમર્યાદા છોડીને જેઓ વિષયાદિની સાધનામાં સ્વચ્છંદી બને છે, તેઓ તરફથી સદ્ધર્મના પાલનની આશા રાખવી, એ તો આકાશકુસુમને મેળવવાની આશા રાખવા બરાબર છે.

♦♦♦

કુલીન સ્ત્રીઓ માટે પોતાના પતિ માટેના સંવાદમાં મૌન રહેવું, એજ પ્રાયઃ ભૂષણરૂપ ગણાય છે.

♦♦♦

કુલવધૂના પહેરવેશની મર્યાદા પણ એવી જ હોય કે-એનું મુખ પણ બીજા પૂરૂં ન જોઇ શકે !

♦♦♦

કુટુંબની પોષણા માટે કરેલા ગુન્હાને દુનિયા પણ ગુન્હો ગણે છે, એટલે જે વસ્તુ સાચી છે એને યેનકેન પ્રકારે પણ જગતને સ્વીકારવી પડી છે.

♦♦♦

કુદેવ, કુગુરૂ અને કુધર્મના ત્યાગથી તથા સુદેવ, સુગુરૂ અને સુધર્મની ઉપાસનાથી શોભતા શ્રાવકપણાની પ્રશંસા હરકોઈ સુંદર બુદ્ધિનો સ્વામી કરે જ, એમાં શંકા પણ શી ?

♦♦♦

કુટુંબ એ શી વસ્તુ છે, એ શ્રાવક જાણે છે. સ્વાર્થને વશ થયેલા કુટુંબી સંયમનું ભક્ષણ કરવા માટે રાક્ષસ સમા છે, એમ જ્ઞાનીએ કહ્યું છે.

♦♦♦

કુતરૂં અને સિંહ બે એક ગુફામાં ન રહી શકે. જે ગુફામાં સિંહ રહે એ ગુફામાં કુતરાએ મરવું જોઇએ. સંસાર એ કુતરૂં છે અને ધર્મ એ સિંહ છે. ધર્મને સ્થાન આપવા માટે સંસારને મરવું જ જોઇએ એટલે કે-સંસારની વાસના નાશ પામવી જ જોઇએ.

♦♦♦

કુટુંબમાં સુસંસ્કાર નાખતાં શીખો : કુટુંબમાં પરસ્પર ધર્મની વાત કરતાં શીખો : પણ-'હાય પૈસો ! હાય અમૂક !!'- એમ જ ન કર્યા કરો : અન્યથા, ડૂબી જશો અનેકોઈ ખબર-અંતર પણ નહિ પૂછે. પૈસા વિગેરે જવાનું હશે તો જશે જ. તે રોકયું રહેશે નહિ, માટે એની ખોટી ચિંતામાં પડી આત્મહિતનો નાશ ન કરવો એજ શ્રેયસ્કર છે.

♦♦♦

કુલપરંપરાની રૂઢિ મુજબ તમે સમ્યક્ત્વનાં છ સ્થાનોની વાતમાં હા પાડો અને મોક્ષના ઉપાયની વાતમાં પણ હા પાડો, એટલા માત્રથી તમારૂં

કલ્યાણ થઈ જાય ? સાચું કલ્યાણ તો, તમને છ સ્થાનોની વાત સમજાય અને સમજવા સાથે તે રૂચે અને તે પછી તમે એનો તમારા જીવનમાં અમલ કરવા માંડો ત્યારે થાય. એટલા માટે સંસારનો જે પ્રતિપક્ષી તે મોક્ષ અને એ જ આત્માનું વાસ્તવિક અને સ્થાયી સ્થાન, એમ તમે સમજીને અને દિલમાં જચાવીને બદલતા થાવ એમ કરવું છે. સંસારમાં, આત્માના સંસારને યોગે જે કાંઈ પણ છે તે મોક્ષમાં હોય નહિ. ત્યાં તો આત્માને સદાસ્થાયીપણે જીવવાનું, સુખમાં જ જીવવાનું અને અપેક્ષા કોઈ પણ ચીજની કદી પણ નહિ.

♦♦♦

કૃપણતા, એ એવો દોષ છે કે-જેનામાં એ દોષ હોય છે તેના બીજા અનેક ગુણો ઢંકાઈ જાય છે અને નજદિકના માણસો પણ તેને માટે સારું બોલી શકતા નથી.

♦♦♦

કેટલાક કહે છે કે-'શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા માથે તો મૂકીએ પણ તે હૈયે નથી ઉતરતી.' જે હૈયે ન ઉતરે એને માથે મૂકવાની વાતો કરનારો ઢોંગી છે.

♦♦♦

કષાય અને ઈન્દ્રિયોથી જીતાયેલો એવો આ આત્મા જ સંસાર છે અને એનો એ જ આત્મા જ્યારે કષાયો અને ઈન્દ્રિયોનો વિજેતા બને છે, ત્યારે તે પોતાના મોક્ષસ્વરૂપને પામે છે, એમ ભગવાન શ્રી અરિહન્તદેવો આદિએ ફરમાવ્યું છે. જે જે આત્માઓ મોક્ષસ્વરૂપને પામ્યા છે, તે બધા જ આત્માઓ, કષાયોના અને ઈન્દ્રિયોના વિજેતા બનીને જ મોક્ષપદને પામ્યા છે. અત્યાર સુધીમાં અનન્તા આત્માઓએ પોતાના મોક્ષસ્વરૂપને પ્રગટ કર્યું છે. આત્માનું પોતાનું તદ્દન શુદ્ધ સ્વરૂપ, એ મોક્ષસ્વરૂપ છે. કષાયો અને ઈન્દ્રિયો ઉપર વિજય મેળવ્યા વિના, કોઈ પણ આત્મા પોતાના મોક્ષસ્વરૂપને પ્રગટ કરી શકતો નથી. જેણે પોતાના આત્માના મોક્ષપર્યાયને પ્રગટ કરવો હોય, તેણે કષાયો અને ઈન્દ્રિયોના વિજેતા બનીને જેઓએ પોતાના આત્માના મોક્ષપર્યાય ને પ્રગટ કર્યો છે, તેઓ શ્રી સિદ્ધિસ્થાને વિરાજે છે; અને શ્રી સિદ્ધિસ્થાને વિરાજનારા સર્વ તારકોને આપણે રોજ 'નમો સિદ્ધાણં' પાઠ દ્વારા નમસ્કાર કરીએ છીએ. જેઓ રોજ અને તે પણ અનેક વાર શ્રી સિદ્ધ

પરમાત્માને નમસ્કાર કરનાર હોય, તેઓને 'સંસાર શું છે અને મોક્ષ શું છે ?'-તે સમજાવવું પડે ? કે, તેઓ એને સમજેલા હોય ? શ્રી સિદ્ધાત્માઓને રોજ ભાવથી નમસ્કાર કરનારાઓને, સંસારના સ્વરૂપ વિષે અને મોક્ષના સ્વરૂપ વિષે આછો પણ સાચો ખ્યાલ ન હોય, એ કેમ જ બને ? માની લઈએ કે-જૈન કુળના યોગે જ આપણને શ્રી નવકાર મંત્રની પ્રાપ્તિ થઈ જવા પામી છે. અને કુલાદિના સંસ્કારોથી જ આપણે શ્રી નવકાર મંત્રને ગણીએ છીએ; પરન્તુ શ્રી નવકાર મન્ત્ર દ્વારા કોને કોને નમસ્કાર કરાય છે, એ તો તમે જાણો છો ને ? શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ એ પાંચ પરમેષ્ઠિઓને શ્રી નવકાર મંત્ર દ્વારા નમસ્કાર કરાય છે, એવું તો ભાગ્યે જ તમારા માના કોઈ નહિ જાણતો હોય ને ? ત્યારે, શ્રી નવકાર મંત્રને ગણનારને કોઈ દિ' એમ ન થાય કે- શ્રી અરિહંતાદિ કે જે તારકોને રોજ અનેકવાર નમસ્કાર કરૂં છું, તે તારકોમાં એવું તે શું છે, કે જેથી એ તારકોને રોજ નમસ્કાર કરવાને માટે આ શ્રી નવકાર મંત્રમાં યોજના કરવામાં આવી છે ?' 'નમો સિદ્ધાણં'-એમ બોલતાં, 'સિદ્ધો કેવા અને હું કેવો ?'-એવો વિચાર કદી પણ ન આવે ? શ્રી સિદ્ધો એટલે તે આત્માઓ, કે જે આત્માઓએ કષાયના અને ઈન્દ્રિયોના વિજેતા બનીને પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કર્યો, એમ થાય ને ? સંસાર શું અને મોક્ષ શું, એ જેને બરાબર સમજાયું હોય, તેનામાં પોતાના મોક્ષસ્વરૂપને પ્રગટ કરવાની ઈચ્છા જોરદાર હોય, એમાં શંકા ખરી ? શ્રી સિદ્ધોને નમસ્કાર કરતો જાય અને 'કયારે હું પણ એ તારકોના જેવો બનું ?'-એમ થાય ને ? સમજપૂર્વક શ્રી નવકાર મંત્રને ગણનાર તો, એમ જ કહે ને કે-'મારે મોક્ષ જોઈએ છે, માટે જ હું શ્રી નવકાર મંત્રને ગણું છું !' કોઈ કહેશે કે-'પણ મોક્ષ જોઈએ છે, એનું કારણ શું ?' તો એ કહે ને કે-'આ સંસારથી હું ઉદ્વિગ્ન બની ગયો છું !' કોઈ કહેશે કે-'સંસારથી ઉદ્વિગ્ન બનવાનું કારણ શું ?' તો આ કહે કે 'સંસારના સુખમાં પણ કાંઈ સાર નથી; સંસારના સુખની ઈચ્છા પણ દુઃખનું કારણ છે !' પણ આ જાતિની સ્થિતિ, 'નમો સિદ્ધાણં'-એવું વારંવાર બોલનારા જીવોમાંથી પણ ઘણા થોડા જીવોની છે. એ સ્થિતિને પેદા કરવાને માટે, પાયાથી વિચાર કરવો જરૂરી છે. રોજ ધર્મક્રિયા કરનારાઓમાં પણ ઘણા એવા છે કે જેમને સંસાર ખરાબ સમજાયો નથી ! 'સંસાર ખરાબ છે.'-એવું

ઘણાઓને દુઃખ આવે ત્યારે તો લાગે છે; પણ સુખના કાળમાં પણ 'સંસાર ખરાબ છે.'-એવું જેમને લાગતું હોય અને એથી જેઓ 'નમો સિદ્ધાણં' દ્વારા શ્રી સિદ્ધાત્માઓને નમસ્કાર કરવા દ્વારા પોતાની સિદ્ધ બનવાની અભિલાષાને પ્રબળ બનાવવાને ઈચ્છતા હોય, એવા તો બહુ થોડા છે. સંસાર અસાર છે, એવું અનન્તાનન્ત જ્ઞાનિઓ કહી ગયા છે; સર્વજ્ઞકથિત શાસ્ત્રોમાં પણ ઠામ ઠામ એ વાતેય લખાયેલી જ પડી છે કે-'સંસાર અસાર છે' ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મના પ્રચારક મહાત્માઓ પણ હંમેશાં 'સંસાર અસાર છે.'-એમ નિરૂપે છે; અને તમે પણ એ વાત અનેકાનેક વાર સાંભળી છે કે-'સંસાર અસાર છે.' 'સંસાર અસાર છે.'- એવી વાત સાંભળતાં સાંભળતાં તો, તમારા માંના કેટલાકોની જીંદગી પૂરી થવા આવી ને ? છતાં 'સંસાર અસાર છે.'-એ વાત દિલમાં બેઠી ખરી ? સંસાર પ્રત્યે ઉદ્વેગ જન્મ્યો ખરો ? સંસારથી છૂટવાને માટે મોક્ષને મેળવવાની તાલાવેલી જાગી ખરી ? જો ના, તો તમે 'સંસાર અસાર છે.'-એ વાતમાં શું જોઈને હા પાડેલી ? રોજ 'સંસાર અસાર છે.'-એમ બોલાય અને તેમાં તમે પણ રોજ 'જી' કહીને હા પાડેલી, તો તમે તેમાં સમજેલા શું ? શાસ્ત્ર સાચું જ કહે-આવી શ્રદ્ધાથી જે હા પાડે, તેને જો એ વાત પોતાના હૈયામાં જચે નહિ, તો તેથી કેટલી બધી ચિન્તા થાય ? ' શાસ્ત્ર સંસારને અસાર કહે છે અને મને સંસાર અસાર લાગતો નથી, તો તેનું કારણ શું ? શાસ્ત્ર કદી પણ ખોટું કહે નહિ અને સંસાર અસાર છે એમ મારૂં હૈયું કબૂલ કરતું નથી, તો મારામાં કયી ખામી છે ? -એવો વિચાર તો આવે ને ?

◆◆◆

કેટલાક કહે છે કે-સત્ય કહેવા, અસત્યના ઉન્મૂલનની શી જરૂર છે? પણ તમે વિચારો કે-જમીનમાં બીજ કયારે વવાય ? બીજને ફળરૂપ બનાવવા માટે જમીનને શુદ્ધ બનાવવા કેટલો શ્રમ કરવો પડે ? વૈદ્ય પોતા પાસેની ઉંચી માત્રાઓ પણ દરદીને કેટલો શુદ્ધ બનાવ્યા પછી આપે ? તેવી જ રીતે સત્યના કહેનારે કેઈ અસત્યોનું ઉન્મૂલન કરવું જોઈએ. અસત્યને અસત્ય તરીકે ઓળખાવવું, એ કાંઈ નિંદા નથી.

◆◆◆

કેટલીક વાર એવું પણ બને છે કે-માણસ દંભ ખાતર દંભ ન સેવતો

હોય, છતાં તેનું કાર્ય દામ્ભિક છે એમ લાગે. કેટલીક વાર માણસ પોતાના હૃદયની યથાસ્થિત સ્થિતિને જાણવાનો પ્રયત્ન નથી કરતો અને કોઈની કહેલી, સાંભળેલી, લોકોમાં બોલાતી વાતો પોતે પણ બોલ્યે જાય છે : પરન્તુ તે વાતો ઉપર તેનો વાસ્તવિક વિશ્વાસ હોતો નથી. આ કારણે પણ ઘણી વાર એવા માણસો મળી આવે છે, કે જેઓનું વર્તન તેઓની પોતાની વાતોથી જ સર્વથા વિપરીત હોય. આથી, તમારે પણ તમારા અન્તરની પરીક્ષા કરવા માટે તત્પર બનવું, એ હિતાવહ છે.

◆◆◆

કેટલાક હોશિયાર વકીલો હોય છે. સામા પક્ષના સાક્ષીએ ખોટી સાક્ષી ભરી હોય અને એ આના જાણવામાં આવી જાય તથા એના પૂરાવા આને હાથ લાગી જાય, તો આ એ સાક્ષીને છોડે ? 'એક તો આવું અસત્ય અને તે પણ ન્યાયાસન સમક્ષ અને ઈશ્વરના સોગદ ખાઈને ? -આવું ઘણું ઘણું બોલીને એ વકીલ પેલા સાક્ષીને કોર્ટ પાસે વધુમાં વધુ સજા કરાવે, એવું બને છે ને ? એ એવું બોલે કે-અજાણ્યાને એ સાંભળીને એમ થઇ જાય કે- 'આને અસત્ય પ્રત્યે ભારોભાર રોષ છે ! આ મરતાંય અસત્ય બોલે નહિ અને કદાચ આને અસત્ય કોઈ વાર બોલવું પણ પડે, તોય ન્યાયાસન સમક્ષ અથવા તો ઈશ્વરના સોગંદ ખાઈને તો આ કદી પણ અસત્ય બોલે નહિ- એવો આ માણસ છે !' પણ, એ જ વકીલે પોતાના અસીલની અરજી જ ધરમૂળથી ખોટી લખાવી હોય, એવું બને છે ખરૂં ?

◆◆◆

કેટલાકો જે ઉલ્લાસથી શ્રી વીતરાગની ઉપાસના કરતા નથી, તે ઉલ્લાસથી આજુબાજુના પાગિયાઓની ઉપાસના કરે છે. જે બહુમાન ને જે વિનય શ્રી વીતરાગની મૂર્તિને આશ્રયીને નહિ, તે બહુમાન અને તે વિનય ખુદ શ્રી જિનમન્દિરમાં પણ પાગિયાઓની પાસે કરાતો દેખાય છે. એ પાગિયાને શ્રી જિનમન્દિરમાં સ્થાન શાથી મળ્યું છે, તે જાણો છો ? શ્રી વીતરાગ પ્રત્યેના એમના સેવકપણાને અંગે. એવા શ્રી વીતરાગના સેવક તમારી શ્રી વીતરાગની અવગણના જોશે તો તમે એમની ભક્તિ કરો એથી એ રીઝશે એમ માનો છો ? અને કદાચ પ્રમાદવશ એ રીઝી પણ જાય, તોય તમે શ્રી વીતરાગને વેગળા મૂકીને એવાની સેવામાં લાગી જાઓ એથી તમારૂં કલ્યાણ

થાય એમ તમે માનો છો ?

◆◆◆

કેટલીક વખત સારી વસ્તુ પણ સામગ્રીના અભાવે નિષ્ફળ જાય છે, જેમકે આટો હોય છતાંય અને ઘીને ગોળ ન હોય તો મોદક બની શકે નહિ.

◆◆◆

કેવળ સ્વ-પરના આત્મિક કલ્યાણના જ આશયથી જ શાસ્ત્રરત્નો વંચાવાં જોઇએ અન સંભળાવાં જોઈએ.

◆◆◆

કેવળ લંગોટી માર્યે જો ત્યાગીપણું આવતું હોય તો જેટલા તિર્યંચો છે એને મહાત્યાગી માનવા જોઇએ.

◆◆◆

કેવળ આ લોકની સાધનામાં જ સ્વશ્રેય સમજનારાઓ આસ્તિક હોવાનો દાવો કરતા હોય તે છતાં પણ આસ્તિક નથી કિન્તુ નાસ્તિક છે.

◆◆◆

કેવળ પોતાની જ મતિ મુજબ ચાલનારા ભટક્યા સિવાય રહેતા નથી. જેટલી મતિ શ્રુતને અનુસરનારી હોય તેટલી જ ઉપયોગી છે.

◆◆◆

કેવળ પ્રસિદ્ધિ માટે જ સત્યાદિક ધર્મોને આચરનારાઓ વિશ્વમાં કયારે ઉપદ્રવ મચાવે, એ કહી શકાય નહિ : કારણ કે-તેવા આત્માઓને સત્યાદિક ધર્મોની વાસ્તવિક કિંમત હોતી નથી, પણ પોતાના સ્વાર્થની જ કિંમત હોય છે.

◆◆◆

કેવળ વેષધારિઓને માનવાનું પ્રતિપાદન કરવામાં નથી જ આવતું : કારણ કે-કેવળ વેષ માનશો અને આચારની ઉપેક્ષા કરશો તો શાસનમાં ભાંડ અને ભવૈયા મળશે અને વધશે.

◆◆◆

કેવળ પૌદ્‌ગલિક પ્રવૃત્તિઓમાં જ શ્રેય માનવું અને-'પરમાત્માઓએ મને એમ કરવાની પ્રેરણા કરી છે'-એમ કહેવું, એ તો પરમાત્માને નામે પોતાની અહંતાને પોષવાનો જ એક જાતિનો કુટ વ્યાપાર છે.

◆◆◆

કેવલ પોતાની જાતની જ નામનાના અર્થી બનેલા આત્માઓને નથી યાદ આવતી પોતાના તારક દેવની આજ્ઞા કે નથી યાદ આવતી પોતાના ગુરૂની આજ્ઞા ! તેઓને તો તે એક જ યાદ રહે છે, કે જેનાથી પોતાની જાતની નામના થાય.

◆◆◆

*પ્રભાવનાનું કારણ રાજ્ય કે ધર્મ ?*

કેટલાક કહે છે કે-'વસ્તુપાલ મંત્રી હતા તો શાસનની પ્રભાવના કરી.' મંત્રી તો ઘણાયે થઈ ગયા, રાજ્યનાં સિંહાસનો ઘણાએ ભોગવ્યાં, એ બધાએ કેમ ધર્મની પ્રભાવના ન કરી ? રાજ્ય કે સત્તા, એ જ જો પ્રભાવનાનાં કારણ હોત, તો બધા કરત, પણ બધાએ તે કરી નથી. ત્યારે વસ્તુપાલ-તેજપાલે કરી શાથી ? આજે, ખુરશી, માનપાન અને દુનિયાની સાહ્યબી માટે ધર્મને આઘો મૂકવા તૈયાર થાય, તે શાસનની પ્રભાવના કરશે ? રાતી પાઈ માટે મક્કે જાય, ન જૂએ ન્યાય કે અન્યાય, ન જૂએ ધર્મ કે અધર્મ, એ ધર્મની પ્રભાવના કરશે ? વસ્તુપાલ તેજપાલે રાજાને એમ કહ્યું હોત કે-પહેલાં આપ અને પછી દેવ, ગુરૂને ધર્મ, તો પ્રભાવના ગણાત? સમ્યગ્દષ્ટિ આત્માને દેવ, ગુરૂ ધર્મ, પહેલા કે દુનિયાની કારવાઈ પહેલી ? શું સાંભળી વીરધવલ ચોંકયો ? એના આત્માએ સાક્ષી પૂરી કે-નોકર તો આવા મળજો. જે એના દેવ, ગુરૂ ધર્મને વફાદાર છે, તે મને બેવફા નહિ નીવડે. જે એના દેવ, ગુરૂ ધર્મને વફાદાર નથી, તે મારૂં સત્યાનાશ કયારે વાળશે, તે કહી શકાય નહિ. કહોને કે- જે દેવ, ગુરૂની અવગણના કરે, ધર્મને ઠોકરે મારે, એ માલીકની સેવા કરશે કે-અવસર આવ્યે તેની તીજોરીમાં પણ કાણું પાડશે ? જે જૈન થઈને દેવ, ગુરૂ, ધર્મ, આગમ, આ બધાને ભૂલી જાય, અરે મશ્કરી કરે, અવગણના કરે, એ દુનિયાના કામનો છે ? દુનિયાનો નીતિમાન તો કહે કે-એવો માણસ ન જોઈયે. એ તો એને સંઘરે પણ નહિ. દુનિયાની આટલી બધી ગરીબી, આ ભીખારીપણાનું કારણ શું ? આજ કારણ છે. શુભોદય ઘટે છે. અશુભોદય વધે છે. સારામાં સારા આદમીનો સમય પણ પલટાય છે. કયારે ભીખ માગશે તે કહેવાય નહિ. કારણ ? અન્યાય, અનીતિ, જાુઠ, પ્રપંચ, આદિ વધ્યાં. વિષયવાસના એવી વધી છે કે-વાત વાતમાં ધર્મને લોકો

લાત મારે છે, અને કહે છે કે-'સાધુ તો નવરા છે, મંદિરમાં શું દાટયું છે? આગમમાં શું ભર્યું છે. લગભગ બધે, આ વાસના દેખાય છે. પણ આ જ વાસના જીંદગી સુધી જંપવા નહિ દે. કદાચ પુણ્યોદયે આ જીંદગીમાં નવા જૂની નહિ થાય, તો આવતી જીંદગી તો ભયંકર છે. માટે બેહોશ ન બનો, તદ્દન દીવાના બની ન ઘૂમો. જીવનદોરી કપાતી ચાલે છે એને ધ્યાનમાં લ્યો. તારકની અવગણના ન કરો. આત્મા, પુણ્ય, પાપ, એના ફલ તરીકે સ્વર્ગ, નર્ક, સદ્‌ગતિ, દુર્ગતિ માનનારાનું જીવન આવું ન હોવું જોઇયે. આ બધી તત્ત્વની વાતો જૈન કુલમાં કુદરતી હોય. એને ત્યાં જીવ, અજીવ, પુણ્ય, પાપના વિચારો સહેજે હોય. આવી મજેની સામગ્રી મળ્યા છતાં આથડતા. રહે, વાત વાતમા ધર્મનું અપમાન કરે, દેવ, ગુરૂ ધર્મની અવગણના કરે અને પછી શાસનપ્રભાવનાની વાતો કરે, એ કેવું અજુગતું છે ? વસ્તુપાલ તેજપાલ મંત્રીપદને કેવું માનતા ? 'ધર્મની રક્ષા થતી હોય તો એ મંત્રીપણું રહો, ને ધર્મનો નાશ થતો હોય તો ભલે જાઓ. મંત્રીમુદ્રાના બળે જીવવું નથી, પણ ધર્મના બળે જીવવું છે.'-આ તેઓનું ધ્યેય હતું.

♦♦♦

કેળવણી એટલે શું ? વક્રતા નહિ પણ કોમળતા. જેમ રોટલી વણતાં તૂટી ન જાય એને બાઈઓ કેળવાયેલી કણક માને, તેમ કેળવાવું એટલે સીધા-સાદા અને સરલ થવું કેળવાતી વખતે બરાબર અંકુશમાં રહેવું પડે અંકુશ, એ મનુષ્યને મનુષ્ય બનાવે છે.

♦♦♦

કોઈ પણ આત્માને પાપકાર્યથી રોકવામાં લાભ છે અને તેને પાપકાર્ય કરવાની વૃત્તિ જ ન થાય એવો બનાવવો એ તો મહાલાભનું જ કારણ છે.

♦♦♦

કોઈનું પણ ભૂંડું ન ચિંતવવું : ભલું સૌનું ચિંતવવું વિચારથી, ઉચ્ચારથી ને વર્તનથી કોઈનું પણ ભૂંડું ન થઈ જાય, એની ખાસ કાળજી રાખવી.

♦♦♦

કોટયાધિપતિને ત્યાં આજે જન્મેલો બાળક કોટયાધિપતિ બન્યો અને તમને જન્મ્યે કેટલાંય વર્ષો થયાં છતાં કોટયાધિપતિ કહેવાયા ? પુરૂષાર્થ તમે

કર્યો કે આજે જન્મેલા બાળકે ? માટે હવે 'મળેલું ભોગવવાનું છોડી દઈને, નહિ મળેલું મેળવવાની ચિંતા શું કામ કરીએ ?'-એવું નહિ બોલતા.

◆◆◆

કોઈપણ આત્મા સંયમ પામે અને એ સાંભળીને જેને દુર્ભાવ આવે, એ જૈનપણાની પોતાની જાતને ભારેમાં ભારે કલંકિત કરે છે.

◆◆◆

કોઈ પણ આચાર્યે, કોઇ પણ મહાપુરૂષે કેવલ ચમત્કાર દ્વારા ધર્મ બતાવ્યો અને ટકાવ્યો હોય એવું આજ સુધી બન્યું નથી. કેવલ ચમત્કારથી જ ધર્મી બનેલાં ધર્મી, ધર્મી તરીકે રહે છે કે કેમ, એ પણ શંકિત છે.

◆◆◆

કોઇ એવો સદ્‌ગુણી નથી, કે જેના સદ્‌ગુણ ઉપર આજના પામરો ટીકા કર્યા વિના રહે.

◆◆◆

કોઈ ને પણ ઉચિતપણે આપ્યા વિના જમવું નહિ, એવો નિયમ ઉદારતા ગુણ વિના શકય નથી.

◆◆◆

કોઈને સુખી જોઈ શાંતિ ન થાય પણ બળતરા થાય, એવા આત્માને આ ભવે તો શું, પણ આવતા ભવે પણ એ દશામાં શાંતિ મળવી મુશ્કેલ છે.

◆◆◆

કોઇ પણ કાર્ય કરતાં પહેલાં થોભી જવું; વિચાર કરવો કે-આ કરણીય છે કે અકરણીય છે ? અકરણીય લાગ્યા પછી પણ પ્રવૃત્તિ કરવી પડશે, તો આત્મા ડંખતો રહેશે : એથી પાપનો તીવ્ર બન્ધ નહિ પડે અનેકરણીય કાર્ય કરવામાં નવો ઉત્સાહ પેદા થશે. અકરણીય પ્રવૃત્તિમાં ધીમા પડી જવાય, ઢીલા પડી જવાય અને કરણીય પ્રવૃત્તિમાં ધસ્યે જવાય, એ સાથે કેળવવાને માટે, આ નિયમ જરૂરી છે.

◆◆◆

કોઇ માણસના આવેશથી, દેખાવથી, ગળગળા ઉદ્‌ગારોથી લેવાઈ જતાં ન શીખો. આખી વસ્તુને સમજો. ઝેર આપનારો અણઘડ હોય તો સીધું પડીકામાં આપે ને જરા હુંશીયાર હોય તો દૂધમાં ભેળવીને આપે. સત્ય

ગ્રહણ કરતાં એમાં અસત્યનું વિષ ન ભળે એની ખાત્રી કરો.

◆◆◆

કોઈપણ માણસ ગમે તેવું વર્તન કરે, તેથી વિવેકી આત્માઓ કલેશ પામે નહિ. તેઓ શાસનના પ્રત્યનીકનો પ્રતીકાર-કરે તોય કલેશ પામ્યા વિના જ કરે અને દયાથી ભરપૂર હૃદયે જ કરે.

◆◆◆

કોઈ અદ્‌ભૂત શક્તિને ધરનાર તમારી પાસે આવે, એની તમારા ઉપર મહેર થઈ જાય અને એથી એ કહે કે-'જે માગવું હોય તે માગી લે.' તો એ વખતે તત્કાળ તમે તમારી એવી અવસ્થાને માગી શકો ખરા, કે જે અવસ્થામાં કદી પણ પરિવર્તન આવવાની શકયતા ન હોય અને જે અવસ્થામાં પરિવર્તન આવે એવી ઈચ્છા સરખી થવાને પણ કારણ ન હોય ? કહો ને કે-'આત્માની એવી અવસ્થાને અંગે વિચાર જ કોણે કર્યો છે ? પેલાની મહેરબાની વરસતી રહી જાય ને અમે બોઘાની જેમ જોતા રહી જઈએ, એવી દશા છે !'

◆◆◆

કોઈ પણ શક્તિ પ્રશંસાને પાત્ર ત્યારે જ બની શકે છે કે-જ્યારે તેનો સદુપયોગ થાય છે.

◆◆◆

કોઈ પણ જાતિની આશંસા વિના જો આત્મહિતસાધક પ્રવૃત્તિ કરવામાં આવે, તો એના પ્રતાપે મુક્તિસુખની પ્રાપ્તિ નિશ્ચિત થાય છે અને પૌદ્‌ગલિક સુખ પણ વિના પરિશ્રમે પ્રાપ્ત થાય છે.

◆◆◆

કોઈ પણ જાતનો વિચાર કરવાની કે યોગ્ય તપાસ કરવાની ધીરજ ધર્યા વિના, ગમે તેવા આક્ષેપો કરનારા અને ગમે તેવા હુકમો ફરમાવનારા વડિલો ખરે જ પોતાના વડિલપણાને લજાવે છે અને હિતૈષી કહેવરાવીને હિતશત્રુપણાનું કાર્ય કરે છે, એમાં એક લેશ પણ શંકા નથી.

◆◆◆

કોઈપણ જીવ પ્રત્યે પોતાને પ્રતિકૂળ આચરવું નહિ. તમારી આંખ સામે આદર્શ તરીકે આ સદાચાર રહેવો જોઈએ. આ વસ્તુને સર્વાંશે જીવનમાં

ઉતારવી એ સહેલું નથી, પણ આદર્શ ઉંચામાં ઉંચો જ રાખવો જોઇએ. એટલું જ નહિ, પણ ઉચ્ચ આદર્શ રાખીને, એ આદર્શને પહોંચી વળવા માટેના યોગ્ય પ્રયત્નો કરવા જોઇએ.

◆◆◆

કોઈ જીવ, પોતાના દુન્યવી સ્વાર્થમાં લીન બન્યો રહે, ભોગસુખમાં લીન બન્યો રહે અને સીધી કે આડકતરી રીતિએ જગતના જીવોનું અહિત કરનારો બન્યો રહે, તે ડાહ્યો કહેવાય ?કે, પોતાના દુન્યવી સ્વાર્થને તજી દે, ભોગસુખને તજી દે અને અન્ય જીવોને માટે અપકારક મટીને ઉપકારક બનવાને માટે સંયમની ઉપાસનામાં લાગી જાય, તો એ ડાહ્યો કહેવાય ? તમને જો સુકૃતના સ્વરૂપનો સાચો ખ્યાલ નહિ હોય, તો તમે આવા પ્રસંગે, ખોટી દયાથી દોરાઈ જઈને, કદાચ સુકૃતની નિન્દાના પાપને આચરનારા પણ બની જશો.

◆◆◆

કોઈપણ સત્તાનો અમલ આત્મા ઉપર ન થાય એ દશા આવે ત્યારે જ સાચી સ્વતંત્રતા આવી ગણાય. એ સ્વતંત્રતા કર્મસત્તાને આધીન આત્મા ભોગવી શકે એમ નથી.

◆◆◆

કોઇએ પણ પૌદ્ગલિક કારણે વડિલોના હૃદયને નહિ દુભાવવાની સંપૂર્ણ કાળજી રાખવી જોઇએ એ કાળજી સર્વ પ્રકારે આત્માને ઉન્નતગામી બનાવનારી છે.

◆◆◆

કોઈપણ વસ્તુનો પોતાની મરજી મુજબનો નિર્ણય કરવાનો જૈનશાસનમાં રહેતો જ નથી : પોતાની મતિને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને સંયમને અનુકૂળ કેમ કરવી, એટલું જ માત્ર રહે છે.

◆◆◆

કોઈ પણ શક્તિ પ્રશંસાને પાત્ર ત્યારે જ બની શકે છે કે-જ્યારે તેનો સદુપયોગ થાય છે.

◆◆◆

કોઈ દિવસે-ધર્મક્રિયાથી શું થવાનું હતુ !'-એ કહેનાર સાથે ધર્મક્રિયાની

મહત્તાની વાત કરવી જ શા માટે કારણ કે-તેઓ ઉલટી ધર્મક્રિયાની મશ્કરી-ઠેકડી કરશે.

♦♦♦

કોઈ માથું કાપવા આવે એના ઉપર પણ ધારે તો સમ્યગ્દૃષ્ટિ ગુસ્સે થાય નહિ, કારણ કે-બચાવની બધી ક્રિયા કરવા છતાં પોતાના અશુભ કર્મને જ દોષિત માનીને એ નિર્લેપ રહી શકે છે.

♦♦♦

કોઈ પણ વાત જ્યારે આગ્રહમાં પડી જાય છે, ત્યારે બહુ મોટી મુશ્કેલીઓ ઊભી થઇ જાય છે. આગ્રહી બની ગયેલું માનસ સ્પષ્ટ એવા પણ શાસ્ત્રસમ્મત નિર્ણયને સ્વીકારવામાં બાધા ઉપજાવે છે.

♦♦♦

કોઈ પણ વસ્તુનો સાંગોપાંગ અભ્યાસ વર્ષો માંગે છે. કામચલાઉ અભ્યાસમાં અને સાંગોપાંગ અભ્યાસમાં અંતર રહેવાનું જ. ક્ષયોપશમની તીવ્રતાથી જલ્દી જ્ઞાન થઈ જાય એ સંભવિત હોવા છતાં, સૌને માટે એ માર્ગ નથી હોઇ શકતો.

♦♦♦

કેટલું કેટલું સહન કરે છે, છતાં દુઃખ કેમ નથી લાગતુ ? એક જ કારણ-કે સિદ્ધિ તરફ તેમનું લક્ષ્ય છે.

♦♦♦

ક્રોધાદી દોષ છે અને ક્ષમાદિ ગુણો છે, કારણ કે- ક્રોધ વિગેરે આત્મસ્વરૂપને મલીન કરે છે તેથી દોષરૂપ છે અને ક્ષમાદિ આત્માના સ્વરૂપને ખીલવે છે માટે ગુણરૂપ ગણાય છે.

♦♦♦

ક્રોધથી અયોગ્ય કાર્ય થઈ જાય એની રોજ સ્હવાર ને સાંજ માફી માગવી જોઈએ : એથી આગળ વધે તો માફી પંદર દિવસે માંગવી જોઇએ: એથી આગળ વધે તો ચોમાસીયે માગવી જોઇએ : અને હજી પણ આગળ વધી જાય તો સંવત્સરીએ માફી માંગવી જ જોઇએ ! એથી એ આગળ વધે તો એનો સંગ વર્જવા યોગ્ય છે.

♦♦♦

કોઈના પણ પુણ્યપ્રતાપની સામે કરડી દૃષ્ટિએ જોનારા ફોગટ જ

પોતાની દૃષ્ટિને મલિન કરે છે.

◆◆◆

કોઈ મોઢે કહી શકે તેમ નથી કે-'સદાચારની મને રૂચિ નથી.' આજની દુનિયામાં પણ એમ કહેવું કે- 'સદાચાર મને ગમતો નથી.'-એ એક પ્રકારે ગુન્હો છે. 'સદાચાર નથી ગમતો, તો અનાચાર ગમે છે ?'-આ પ્રશ્નના ઉત્તરમાં 'હા' કહેનારની વૃત્તિને તો આજની મધ્યમમાર્ગી દુનિયા પણ તિરસ્કાર કરશે. જાહેરમાં પ્રાય : કોઈથી એમ નહિ બોલાય કે-'મને અનાચાર ગમે છે.' એવું બોલનારા શહેરમાં ન ફરી શકે : કારણ કે-એમને છૂટા ફરવા દેવામાં સલામતી કોની ?

◆◆◆

કેવા ભગવાનના શાસનમાં આપણે છીએ ? કોઈપણ કષ્ટ આવે ઉપદ્રવ આવે, ત્યારે શાસનપતિને યાદ કરીનેય આપણે સમાધિ મેળવી શકીએ, સમાધિને જાળવી શકીએ, એવી સામગ્રી આપને મળી છે. આમ છતાં પણ આપણે દુઃખથી, કષ્ટથી વાત વાતમાં કાયર બની જઈએ ? જરાક દુઃખ આવ્યુ કે નવકાર ગણવા મંડી પડીએ અને નવકાર ગણ્યો કે હમણાં ને હમણાં દુઃખ જવું જોઈએ, એમ આપણને થયા કરે ? નવકાર તો આપણે વારંવાર ગણીએ, પણ આપણે જે નવકાર ગણીએ તે સમાધિ માટે ? કે, આવેલા દુઃખને ટાળવાને માટે ? નવકાર ગણીને મેળવવાનું શું મન ? સમાધિ? કે, આ દુઃખ ઝટ જાય, આ દુઃખ ઝટ જાય, એમ કર્યા કરવાનું ? ભગવાનને દુઃખ આવે, ભગવાન દુઃખ વેઠે અને આપણને દુઃખ આવ્યું કે ઝટ જાય તે માટે નવકાર ગણવા મંડી પડીએ ? નવકાર ગણવાનો જરૂર, પણ તે તો સમાધિ માટે ! અને, સુખની વેળાએ પણ દેવ-ગુરુ-ધર્મ હૈયેથી વિસરાય નહિ એ માટે !

◆◆◆

કોઈની એ માન્યતા હોય કે-'હું નથી માનતો પાપ કે પુણ્ય ને નથી માનતો સ્વર્ગ કે નરક.'-એવાને કહેવું જ પડે કે-'પણ તું નહિ માને, એટલે વસ્તુ કાંઈ ઓછી જ ઉડી જશે ?' આપણે દરેકને એ સલાહ આપીએ છીએ કે-વસ્તુને માનો-કે ન માનો એ તમે જાણો, પણ ન જ હોય એમ ન કહો. સાંભળો અને સમજવાની બુદ્ધિએ વિચારો તો સમજાઈ જશે. અને નથી

એટલું કહેવા માત્રથી વસ્તુ ઉડી જતી હોત તો, અને ગમે તેટલું પાપ કરે તો પણ નરકાદિમાં જવું ન પડે એમ થતું હોત, તો જ્ઞાનિઓ આ બધી માથાકૂટ ન કરત. પાપ કરવાથી કાંઇ થતુ નથી-એમ બોલે અને એજ માણસ ચોરી કરીને બહાર નીકળે તો તુરત પકડાય કે નહિ ? અને પકડાયા પછી 'પાપ નથી પાપનું ખરાબ ફળ નથી.'-એમ આના કહેવાથી મેં આ ચોરીનું પાપ કર્યું છે, એમ કહેવાથી છૂટાશે ? જો નહિ જ અને સામાન્ય ચોરીના પાપે આ લોકમાં પણ પકડાવું પડે છે, તો ઘોર પાપનું ફળ નરક નથી, એવો ઇનકાર કોણ કરી શકશે ?

◆◆◆

કોઈ પણ જાતિની કૃત્રિમતા વિના જેઓનો સ્વભાવ સૌમ્ય છે, એ કારણે જેઓની આકૃતિ અભીષણ છે અને જેઓ યોગ્ય એવા કોઇનો પણ અવિશ્વાસ પામે એવી મનોદશાને જ નથી ધરાવતા, એવા આત્માઓની મહા હિંસાહિ પાપકર્મોમાં પ્રવૃત્તિ પ્રાયઃ સંભવતી જ નથી. મહા હિંસાદિ પાપકર્મોમાં પ્રવર્ત્તવું, એ એવા આત્માઓના સ્વભાવથી જ વિરૂદ્ધ હોય છે. એવા આત્માઓને પાપકર્મ પ્રત્યે સૂગ જ હોય છે. 'ખરાબ કાર્ય થાય જ કેમ ?'-એવી જ એવાઓની વૃત્તિ હોય છે. 'પાપકર્મ અને હું'-એ બેનો મેળ જ ન સંભવે, એવી આ આત્માઓની સ્વાભાવિક માન્યતા હોય છે. જો કે-આ દશા સામાન્ય કોટિના આત્માઓ માટે સંભવિત જ નથી : બાકી એવી અનુપમ દશાને જે આત્માઓ પામ્યા હોય છે, તે આત્માઓની શાંતિ અપાર હોય છે. એવી શાંતિ રાજા-મહારાજાને પણ શક્ય નથી. શાંતિનો સાચો આસ્વાદ એવા આત્માઓ જ અનુભવી શકે છે. એવાઓ કદાચ પાપકર્મમાં પ્રવૃત્તિવાળા જણાય, તો પણ માનવું જ રહ્યું કે-'અનિર્વાહ આદિ કોઇ મહત્ત્વના કારણ વિના એવાઓ પાપકર્મને કરે જ નહિ.' આ ભયંકર સંસારમાં એવા કારમા પ્રસંગો પણ આવી પડે છે કે-એવા આત્માઓને પણ કોઇ કોઇ વખત પાપકર્મમાં પ્રવર્ત્તન કરવું પડે, પણ બહુલતયા તો એવા આત્માઓને પાપકર્મમાં પ્રવર્ત્તન કરવાનું કારણ પણ ઘણું જ મહત્ત્વભર્યું હોય છે.

◆◆◆

કોઈ આપણું ભૂંડું ચિન્તવે અગર ભૂંડું કરે તો તે આપણને પસંદ નથી. કોઈ આપણા ગુણને અગર આપણા સારાને જોઇને રાજી ન થાય, તો

તે ય આપણને પસંદ નથી : આપણે દુઃખી હોઈએ અને કોઈ દયા ન બતાવે, હડફેટે ચઢાવે, નિષ્ઠુરતા બતાવે, તો આપણને તેય પસંદ નથી : અને આપણે ગમે તેવા દુર્ગુણી હોઈએ અને સુધારવાની મહેનત છતાં ન સુધરીએ, તો પણ કોઈ આપણો તિરસ્કાર કરે, તો તે પણ આપણને પસંદ નથી : એટલા માટે જે કોઈનું પણ ભૂંડું ઈચ્છે નહિ, પણ સંસારના સઘળા જ પ્રાણિઓનું ભલું ઈચ્છે : જે કોઇના ય કોઇ પણ સાચા ગુણને જોઇને રાજી થાય : દુઃખિને જોઇને જેને દયા આવે અને દુર્ગુણી તરફ જે ગુસ્સે ન થાય, સુધારવાની મહેનત કરવા છતાં પણ ન સુધરે એવી કોટિના દુર્ગુણી પ્રત્યે પણ જેનામાં દુર્ભાવ ન હોય, તેને આપણે મહાન કહીએ છીએ.

◆◆◆

કોઈ કોઇ જીવ વિશેષને માટે તો, એવું પણ બને છે કે- જે ભવને અન્તે એ જીવ મોક્ષને પામવાનો હોય, તે ભવની પૂર્વેના કોઇ પણ ભવમાં એ જીવ ન તો સમ્યગ્દર્શન ગુણને પામ્યો હોય ને ન તો મોક્ષના આશયને પણ પામ્યો હોય ! એટલું જ નહિ, પણ જે ભવમાં એ જીવ મોક્ષને પામવાનો હોય, તે ભવનો પણ ઘણો કાળ વહી જવા સુધી, એ જીવ સમ્યગ્દર્શનને કે મોક્ષના આશયને પણ પામે નહિ, તો એ પણ બનવાજોગ છે. ત્યારે શું બને? એ જીવ, પોતાના અન્તિમ ભવના પાછલા ભાગમાં, મોક્ષના આશયને પણ પામે, સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીને પણ પામે અને એ જીવ રત્નત્રયીને પામીને રત્નત્રયીની આરાધનામાં એવો તો સંલગ્ન થઈ જાય કે-પોતાનાં ચારેય ઘાતી કર્મોને સંપૂર્ણપણે ક્ષીણ કરી નાંખવા દ્વારા, એ જીવ વીતરાગપણાને અને સર્વજ્ઞપણાને પણ પામે. પછીથી, એ જીવ, એ ભવને અન્તે પોતાનાં બાકીનાં ચાર અઘાતી કર્મોને પણ સંપૂર્ણપણે ક્ષીણ કરી નાંખવા દ્વારા મોક્ષને પણ પામે. આમ, મોક્ષના આશયની પ્રાપ્તિથી માંડીને, મોક્ષની પ્રાપ્તિ પર્યન્તની સઘળીય પ્રાપ્તિઓ, માત્ર એક જ ભવમાં પણ, કોઇ જીવ વિશેષને થઇ શકે છે.

◆◆◆

કોઈના નાનામાં નાના ઉપકારને પણ નહિ વિસરવો, એ આર્ય સંસ્કૃતિના પરમાર્થને સમજેલાઓને માટે કોઈ નવીન વસ્તુ નથી. કોઇનાય નાનામાં નાના ઉપકારને પણ નહિ વિસરવાનો સ્વભાવ, એ કૃતજ્ઞતા ગુણ છે અને આ ગુણના સ્વામી આત્માઓ, સ્વભાવિક રીતે જ, પોતાના કરેલા

ઉપકારને, તે ઘણો મોટો હોય તો પણ, તેને યાદ નહિ કરાવતાં, પારકાના નાના પણ ઉપકારને મોટો કરી બતાવે છે. કૃતજ્ઞતા ગુણમાંથી નમ્રતા જન્મે છે. વિનય જન્મે છે, વિવેક જન્મે છે અને એમાંથી ક્રમે કરીને સકળ ગુણોનું પ્રગટીકરણ પણ થઈ શકે છે. જે આત્માઓ કૃતજ્ઞ નથી હોતા, તેઓ પરોપકારી પણ બની શકતા નથી. પોતાના ઉપર કરાયેલ બીજાના ઉપકારને જે જાણે નહિ અને ગણે નહિ, તેના હૈયામાં બીજાના ઉપર ઉપકાર કરવાનો સાચો ભાવ પ્રગટે જ નહિ. જે આત્માઓ કૃતજ્ઞ હશે અગર કૃતજ્ઞ બનશે, તે આત્માઓને એમ પણ લાગશે કે-આ વાત પણ આપણા ઉપરના ઉપકારના ભાવથી જ આપણી સમક્ષ મૂકાઈ છે; અને હૈયામાં એ જાતિનો ભાવ પ્રગટવાના યોગે, તેઓ આ વાતને મધ્યસ્થપણે વિચારવાની સાથે, આ વાતને આચારમાં ઉતારવા જેવી લાગશે તો, આ વાતને આચારમાં ઉતારવાનો યથાશક્ય પ્રયત્ન કર્યા વિના પણ રહી શકશે નહિ.

◆◆◆

કોઈની પણ પ્રશંસા સાંભળીને દોરાવાતાં પહેલાં જરા થોભજો. જોજો કે-એ પ્રશંસા યોગ્યની છે કે નહિ ? અને, પ્રશંસાને યોગ્યની પણ એ પ્રશંસા યોગ્ય રૂપમાં છે કે નહિ ? જેની તે પ્રશંસા કરે છે, તેનામાં વાસ્તવિક કોટિના ગુણો છે કે નહિ ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, એ આત્માના ગુણો છે. એ મોક્ષમાર્ગ છે. જેનામાં મોક્ષની અને મોક્ષ માટેની શ્રદ્ધા ન હોય તેમ જ જે ધર્મના તત્ત્વોના સ્વરૂપથી પર બનીને ધર્મના નામે અધર્મની પ્રવૃત્તિમાં દુનિયાના જીવને જોડી રહ્યો હોય, તેવો કોઇ પણ હોય, પણ શ્રી વીતરાગ પરમાત્માના અનુયાયિને માટે તે પ્રશંસાપાત્ર નથી જ. તેની પ્રશંસાથી સાચા ગુણિઓ પ્રત્યે જગતના જીવો બેદરકાર બને, તેની પ્રશંસા તારનારી નથી, પરંતુ ડુબાવનારી છે. યોગ્યની પણ પ્રશંસા કરતાં, કોઇ પણ રીતિએ મિથ્યા મતને પુષ્ટિ મળી જાય નહિ, તેની અવશ્ય કાળજી રાખવી જોઈએ.

◆◆◆

કર્માધીનતાથી-કષાયાધીનપણાને લીધે દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યે અસદ્ભાવ આવી જાય તો પણ એને અમૂક મુદતમા ખપાવી લેવો જ જોઇએ.

◆◆◆

કેવળ પોતાની જ બુદ્ધિ ઉપર મદાર બાંધીને બેસી જનારા તત્ત્વને

કદી પામી શકતા નથી, કેમકે બુદ્ધિ અલ્પ છે અને જ્ઞાન ગહન છે.

◆◆◆

કોઈપણ શાહુકાર વહેપારી બળતી પેઢીમાંથી સૌથી પહેલાં, -ત્રીજોરી કરતાં પણ પહેલાં,-ચોપડાને કાઢશે. જો આ દુનિયાની આબરૂ માટે ચોપડા-આટલા કીંમતી હોય તો આગમ શું છે ?

◆◆◆

કર્મજન્ય હોવાના કારણે ક્ષણ વિનશ્વર સંયોગની ખાતર ઉત્તમ જીવનનો વિનાશ કરવા તત્પર બની જવું, એ કારમી અજ્ઞાનતા અને મોહપરવશતા જ છે.

◆◆◆

કર્મને આધીન થઈને મરવા કરતાં, કર્મની સામે થઇ શ્રી જિનેશ્વદેવની આજ્ઞાને આધીન થઈ ચાલો.

◆◆◆

કોઈ પણ જીવ એકી સાથે જેટલો કાળ તિર્યંચગતિમાં કાઢી શકે છે, તેટલો કાળ એકી સાથે જીવ બીજી કોઈ પણ ગતિમાં કાઢી શકતો જ નથી નરકમાં ગયેલો જીવ, જો વધુમાં વધુ કાળને માટે નરકમાં રહી શકે, તો તે માત્ર તેત્રીસ સાગરોપમ પ્રમાણ જેટલા કાળને માટે જ નરકમાં રહી શકે. પછીથી, એક વાર તો એ જીવ બીજી ગતિમાં જાય, અને જાય જ. જ્યારે તિર્યંચગતિમાં ગયેલો જીવ, તિર્યંચગતિમાં ને તિર્યંચગતિમાં, એકી સાથે અનન્તો કાળ પણ કાઢી શકે છે. ઉન્માર્ગની દેશનાનું પાપ આચરનારા જીવને અને સન્માર્ગનાં નાશનું પાપ આચરનારા જીવને, તે તે પાપના યોગે એટલા બધા કાળ સુધી દુર્ગતિમાં ભ્રમણ કર્યા કરવાનું હોય છે કે-એને માટે તિર્યંચગતિ સિવાયની કોઈ ગતિ જ બંધબેસતી થાય નહિ. અનન્તા જીવોનું, અનન્ત કાળને માટેનું, એ સ્થાન છે. નરકગતિમાં એકી વખતે વધુમાં વધુ જીવો કેટલા હોય ? અસંખ્યતા જ. દેવગતિમાં પણ એકી વખતે વધુમાં વધુ જીવો અસંખ્યાતા હોય અનેમનષ્યગતિમાં પણ એકી વખતે વધુમાં વધુ પર્યાપ્તા જીવો તો સંખ્યાતા જ હોય. અનન્તા જીવો તો માત્ર તિર્યંચગતિમાં જ હોય અને એક જ ગતિમાં અનન્તો કાળ કાઢવાનું પણ તિયંચગતિમાં જ બની શકે, જીવ માત્ર અનાદિકાળથી કયી ગતિમાં હોય છે ? આપણે બધા અત્યારે

વ્યવહાર રાશિમાં છીએ, પરન્તુ વ્યવહાર રાશિમાં આવતાં પહેલાં આપણે બધા અથવા તો જે કોઈ જીવ વ્યવહાર રાશિમાં આવ્યા છે, આવે છે કે આવશે, તે બધાય જીવો તે પહેલાં કયી જગ્યાએ હોય ? નિગોદમાં ! નિગોદ પણ કયી ગતિમાં ગણાય ? નિગોદના જીવો, એ પણ તિર્યંચગતિના જીવો ગણાય છે. એટલે, તમને સમજાય છે ને કે-આપણે અનાદિકાળથી તો, તિર્યંચગતિમાં જ હતા ? કોઈ પણ જીવ, જેટલો કાળ તિર્યંચગતિમાં કાઢે છે, તેટલો કાળ તે બીજી કોઈ પણ ગતિમાં કાઢતો નથી. બધી ગતિઓના કાળનો કુલ સરવાળો તો થાય તેમ નથી, પણ આપણે જો વિચાર કરીએ તો આપણા ખ્યાલમાં એ વાત જરૂર આવે કે-કુલ્લે પણ આપણે વધુમાં વધુ કાળ તો તિર્યંચગતિમાં જ પસાર કર્યો છે. જીવ માત્રને માટે આવી જ સ્થિતિ છે, એટલે ઘણા લાંબા કાળને માટે જેણે દુર્ગતિમાં ભમવાનું હોય, તેને માટે તો, નરકગતિ કરતાં પણ તિર્યંચગતિ એ જ યોગ્ય સ્થાન છે, એમ તમને લાગે છે ને ? તિર્યંચગતિમાં જીવ, અનન્તી ઉત્સર્પિણી-અવસર્પિણીઓ જેટલો કાળ પણ કાઢી શકે. નરકમાં એટલો કાળ સાથે ન નીકળે, હવે દુ:ખ ભોગવવાની અપેક્ષાએ વિચાર કરીએ, તો દેખીતી રીતિએ એમ જ લાગે કે-'નરકગતિમાં જેવા પ્રકારની કારમી વેદનાઓ ભોગવવી પડે છે, નરકગતિમાં પરમાધામીઓ તરફથી જેવા દુ:ખો દેવાય છે તથા ક્ષેત્રજન્ય જે પીડાઓ ભોગવવી પડે છે તેવું તિર્યંચગતિમાં નથી !' પરન્તુ તિર્યંચગતિમાં જેવી અવ્યક્ત દશા પ્રાપ્ત થઈ શકે છે, એવી અવ્યક્ત દશા તો નરકગતિમાં પણ પ્રાપ્ત થઈ શકતી નથી, એ વાતેય ભૂલવા જેવી નથી જ !

◆◆◆

કોઈ પણ ક્રિયામાં, પછી તે ક્રિયા પાપની હોય કે ધર્મની હોય, પણ એમાં ઉત્કટ પરિણામ ન આવે, એ જીવ મધ્યમ પરિણામવાળો કહેવાય. જેના પરિણામો મધ્યમ કોટિના હોય, તે પ્રસંગવશ એકદમ અતિ ઉલ્લાસમાં આવી જાય અને એકદમ કાંઈ કરી બેસે-એવું બને નહિ. મંત્રી પેથડ શાહના હૈયામાં, પોતે બનાવેલું બધું સોનું તીર્થમાં ખર્ચી નાંખવાનો જે પરિણામ પ્રગટયો, તેવું મધ્યમ પરિણામવાળાને માટે બને નહિ.

મંત્રી પેથડ શાહના પિતા દેદ શેઠે સુવર્ણસિદ્ધિ મેળવી હતી. દેદ શેઠે તે સુવર્ણસિદ્ધિનો ઉપાય પેથડ શાહને બતાવેલો. દેદ શેઠના મૃત્યુ બાદ, પેથડ

શાહે એ સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કરવા માંડેલો, પણ તેમાં સફળતા મળેલી નહિ.

પેથડશાહ મંત્રી બન્યા બાદ, તેમણે ફરીથી સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કર્યો અને તેમાં તેમને સફળતા મળી, જેટલું સોનું જોઈએ, તેટલા લોઢા ઉપર પ્રયોગ કરવાથી, એ લોઢું સુવર્ણ બની જતું. પેથડશાહે આબુ ઉપર લોઢાના ગંજ ખડકાવ્યા અને તેનું સુવર્ણ બનાવ્યું.

લોક માનતા કે-પેથડશાહ આટલું બધું લોઢું રાજ્યને માટે જરૂરી હથિયારો બનાવવાને માટે એકઠું કરે છે; જ્યારે પેથડશાહે તો એ લોઢાનું સુવર્ણ બનાવી દીધું. પછી, એ સુવર્ણની પાટોને વેગવાળી ઉંટડીઓ ઉપર લાદીને, પોતાને સ્થાને લઈ જવાનો પેથડ શાહે નિર્ણય કર્યો.

ત્યાંથી રવાના થતાં પહેલાં, શ્રી જિનનું દર્શન કરવાને માટે, તેઓ શ્રી જિનમંદિરમાં ગયા. શ્રી જિનમન્દિરમાં જઈને ભગવાનનું દર્શન કરતાં, પેથડશાહને પોતાની સુવર્ણસિદ્ધિને અંગેનો વિચાર આવ્યો. એમને એમ થઈ ગયું કે-'મેં આ કેવું ભયંકર પાપ કર્યું ? આવું ભયંકર પાપ આચરનાર મને નરકમાં પણ ક્યાંથી સ્થાન મળે ?'

આવો વિચાર આવતાંથી સાથે જ, તેમણે નિર્ણય કરી લીધો કે-'આ સુવર્ણ મને ખપે નહિ. બધુંય સુવર્ણ તીર્થમાં લગાવી દઈશ.'

આ ઉત્કટ પરિણામ કહેવાય. તમને, કોઈ વાર, આવો ઉત્કટ કોટિનો પરિણામ આવે ખરો ? તમારે આપવા પડે અને આપો તોય ક્રમે કરીને વધી વધીને આપો ને ? પહેલાં પાંચ, પછી વળી દશ, પંદર એમ વધોને ? મન થઈ ગયું નેએકદમ મોટી રકમ આપી દીધી-એવું બને ખરૂં ? પેલા તો, તરત દાન ને મહા પુણ્ય જેવું કરે. ઉલ્લાસમાંને ઉલ્લાસમાં દેવાય તેમાં મહા પુણ્ય જરૂર બંધાય. અરે, જે વખતે બોલ્યા અને તરત દઈ દીધું-એમાં અને બોલેલુ પછીથી આપો-તેમાં પણ, પરિણામમાં બહુ ભેદ પડે છે. લખાવતી વખતે જે પરિણામ હોય, તે આપતી વખતે ન ટકે, એવું પણ બને. પાછળથી આપતી વખતે, કદાચ એમ પણ થઈ જાય કે-'વધારે પડતા લખાવી દીધા !' તમે ટીપમાં જે પૈસા, લખાવો, તે પૈસા તે જ દહાડે આપી દો ને ? વળી, ટીપમાં પણ કોઈના પુણ્ય નિમિત્તે કાઢેલા પૈસા લખાવો-એવું પણ બને ને ? ખરી રીતિએ તો, લખાવેલા પૈસા મોડા અપાય નહિ અને મોડા આપ્યા હોય તો વ્યાજ આપવું પડે. તેમજ કોઈના પુણ્ય નિમિત્તે કાઢેલા પૈસા હોય, તો જેના

પુણ્ય નિમિત્તે તે કાઢેલા હોય, તેનું નામ દઈને લખાવવા ને આપવા જોઈએ.

◆◆◆

કેટકેટલી મુશીબત પછી જીવને મનુષ્યપણાની પ્રાપ્તિ થાય છે, એ સમજાય તો મનુષ્યપણાની સાચી કિંમતનો ખ્યાલ આવી શકે. અવ્યવહાર નિગોદમાંથી નીકળ્યા પછીથી પણ કર્મવશવર્તી જીવને, ઘણાં સ્થાનો અને તે પણ ચિરકાળ પર્યન્ત ભટકવાનાં હોય છે. એ બધાં સ્થાનોમાં ભટકતાં ભટકતાં, જો ભવિતવ્યતા આદિ અનુકૂળ થાય તો જ મનુષ્યજન્મની પ્રાપ્તિ થઈ શકે તેમ છે. આ રીતિએ અત્યન્ત મુશીબતે પણ પ્રાપ્ત થયેલા મનુષ્યભવનો જો દુરૂપયોગ કરવામાં આવે, મનુષ્યજીવનમાં જો પાપરસિક બનીને જ વર્તાય, તો એ પાપોના યોગે જીવ નરક, નિગોદ આદિને પ્રાપ્ત કરે છે. મનુષ્યભવ મળ્યો એટલે હર વખતે મનુષ્યભવ જ મળ્યા કરે છે, અગર મનુષ્યજન્મમાંથી મરીને દેવલોક જ જવાય, એવો કોઈ નિયમ નથી મનુષ્યજન્મમાંથી મરીને અનન્તા આત્માઓ નરક અને નિગોદ આદિમાં પણ ચાલ્યા ગયા છે. આ રીતિએ નરક અને નિગોદ આદિને પામેલા આત્માઓને માટે, મનુષ્યજન્મની પુનઃપ્રાપ્તિ મુશ્કેલ બની જાય છે. તેવી કોઈ સુન્દર ભવિતવ્યતા આદિના યોગે, નરકમાંથી નીકળીને પુનઃ મનુષ્યપણાને કોઈ ન જ પામે એમ નહિ, પણ એમ એકાદ ભવના અંતરે પુનઃ મનુષ્યજન્મને પામનારા આત્માઓ વિરલ હોય છે. મનુષ્યપણાની પ્રથમ પ્રાપ્તિ કેટલી બધી મુશ્કેલ છે એ અને પ્રાપ્ત થયેલા મનુષ્યપણાને પાપકાર્યોમાં મશગુલ બનીને ખોઈ નાખતાં તેની પુનઃ પ્રાપ્તિ કેટલી બધી મુશ્કેલ છે-એ જો બરાબર સમજાઈ જાય, હૈયામાં જચી જાય, તો આ જન્મનો એક પણ સમય એળે જાય, એનું આત્માને દુઃખ થયા વિના રહે નહિ. પરન્તુ ઘણા જીવોને મનુષ્યભવ આદિની દુર્લભતાની ઉપકારિઓએ ફરમાવેલી વાત ખરેખર જચતી નથી અને એજ કારણે એ જીવોને મનુષ્યજન્મની સદુપયોગની એકાન્ત હિતકર એવી પણ વાત ગમતી નથી.

◆◆◆

કોઈ પણ સત્કૃત્ય અગર દુષ્કૃત્ય, એના રસ, આનન્દ ને અનુમોદન દ્વારા જ તેના ઘણા મોટા ફલને દેનારૂં બની જાય છે. એટલા માટે જ, વિવેકનો મહિમા છે. વિવેકગુણ પ્રગટેલો હોય, તો એ ગુણનો સ્વામી જીવ, પાપને બાંધનારો બને તોય બહુ જ સામાન્ય કોટિના પાપને બાંધનારો બને;

પુણ્યને એ એવી રીતિએ ઉપાર્જનારો બને કે-એ પુણ્ય એની મોક્ષમાર્ગની આરાધનાનું સહાયક બને; અને પુણ્યોદયની વેળાએ તેમ જ પાપોદયની વેળાએ પણ, એ જીવ તત્ત્વસ્વરૂપના ઉપયોગવાળો બન્યો થકો, સુન્દર પ્રકારની કર્મનિર્જરાને સાધનારો બની શકે.

◆◆◆

કેટલીકવાર એવું પણ બને છે કે-માણસ દંભ ખાતર દંભ ન સેવતો હોય, છતાં તેનુ કાર્ય દામ્ભિક છે એમ લાગે. કેટલીકવાર માણસ પોતાના હૃદયની યથાસ્થિત સ્થિતિને જાણવાનો પ્રયત્ન નથી કરતો અને કોઈની કહેલી, સાંભળેલી, લોકમાં બોલાતી વાતો પોતે પણ બોલ્યે જાય છે : પરન્તુ તે વાતો ઉપર તેનો વાસ્તવિક વિશ્વાસ હોતો નથી. આ કારણે પણ ઘણીવાર એવા માણસો મળી આવે છે, કે જેઓનું વર્તન તેઓની પોતાની વાતોથી જ સર્વથા વિપરીત હોય. આથી તમારે પણ તમારા અન્તરની પરીક્ષા કરવાને માટે તત્પર બનવું એ હિતાવહ છે. ધનની પ્રાપ્તિ વિના પૂણ્યે સંભવિત નથી, એમ માનનારો ધનનો અર્થી ધન માટે અનીતિ આદિ પાપોને રસપૂર્વક આચરવાનું દુઃસાહસ કેમ જ કરે ? અનીતિ આદિને આચરીને ધન કમાનારાઓને ડાહ્યા અને હુંશીયાર કેમ જ માને ? અનીતિ આદિને આચરવા છતાં પણ ધનની પ્રાપ્તિ પુણ્ય વિના થાય જ નહિ, એ વાતને કેમ સમજે નહિ ? આજે જ નહિ, પરન્તુ ભૂતકાળમાં પણ જેઓ પુણ્ય-પાપની શ્રદ્ધાથી પરવારેલા હતા, તેઓ યથેચ્છપણે અનીતિ આદિને આચરીને મનુષ્યભવનો કારમી રીતિએ વિનાશ કરીને સંસારસાગરમાં ડૂબી ગયા છે. એ જ રીતિએ, એવી જ વૃત્તિવાળાઓ આજે પણ એવું જ કરી રહ્યા છે. પુણ્ય-પાપની સાચી શ્રદ્ધા આત્મામાં કેટલું સુંદર પરિવર્તન આણે છે, એનો અનુભવ તો તેઓને જ થાય, કે જેઓએ એ શ્રદ્ધાનો સાચો આસ્વાદ જાણ્યો હોય. જેઓ પુણ્ય-પાપની સાચી શ્રદ્ધાના સ્વામી બન્યા છે, તેઓ પુણ્યના પ્રતાપે મળેલા વિભવથી ઉન્મત્ત પણ નથી બનતા અને પાપના યોગે આવતી દરિદ્રતા આદિમાં દીન પણ નથી બનતા આ વાત યથાસ્થિતપણે અનુભવ વિના સમજાવી મુશ્કેલ છે. શ્રદ્ધાસંપન્ન આત્માઓ હરેક અવસ્થામાં કેવું અને કેટલું માનસિક સ્વાસ્થ અનુભવે છે. એનો સાચો ખ્યાલ પણ શ્રદ્ધાથી પરવારેલા અને વધુમાં શ્રદ્ધાની ઠેકડી કરનારાઓને કદી જ આવ્યો ય નથી અને આવવાનો પણ નથી. પુણ્ય

અનેપાપની શ્રદ્ધાથી સમલંકૃત બનેલા આત્માઓ જ્યારે સુખ-દુઃખ ઉભયમાં માનસિક સ્વાસ્થ્યને સુન્દર પ્રકારે જાળવી શકે છે, ત્યારે એ તત્ત્વની શ્રદ્ધાથી શૂન્ય બનેલા આત્માઓ ઉભયના યોગમાં અસ્વસ્થ જ રહે છે. સુખની સામગ્રી મળવી એ પુણ્યનો પ્રતાપ છે અને દુઃખની સામગ્રી મળવી એ પાપનો પ્રતાપ છે.'-આ વાતનો અનુભવ ડગલે ને પગલે થતો હોવા છતાં પણ, નાસ્તિકતામાં જ આનંદ માનનારાઓ, એ વાતનો સ્વીકાર કરતાં અચકાય છે. આમ છતાં, એ વાત સુનિશ્ચિત જ છે કે-પુણ્ય-પાપને નહિ માનનારાઓ, પુણ્ય-પાપને નહિ માનવા માત્રથી, પુણ્ય-પાપના પરિણામથી અલિપ્ત રહી શકતા જ નથી. પુણ્ય-પાપને યથાસ્થિતપણે માનનારાઓની તો કોઈ કાળે પણ મુક્તિ નિયત જ છે, પરન્તુ પુણ્ય-પાપને નહિ માનનારાઓને તો તેની આધીનતામાં જ શેકાવાનું છે. એ આધીનતા ત્યારે જ ટળશે, કે જ્યારે પુણ્ય-પાપ આદિને યથાસ્થિત સ્વરૂપે સ્વીકારી, તેની આધીનતાથી મુક્ત બનવાનો યોગ્ય પ્રયત્ન થશે. પુણ્ય-પાપને નહિ માનનારાઓથી એ પ્રયત્ન થવો શકય નથી અને ત્યાં સુધી તેઓને મુક્તિની પ્રાપ્તિ થવી એ પણ શકય નથી.

♦♦♦

ખરેખર, આ સંસારમાં કામદેવનું નાટક પણ કારમું જ છે. કામદેવ ભલભલા આત્માઓને પાયમાલ કરી નાખવાનું સામર્થ્ય ધરાવે છે.

♦♦♦

ખરેખર, અધર્મના માર્ગે ચઢી ગયેલા એવા પણ યોગ્ય આત્માઓની આ વિશ્વમાં બલિહારી જ છે.

♦♦♦

ખરેખર, ઋદ્ધિ અને સિદ્ધિ હૃદયના ત્યાગીની તો સેવિકા છે : પણ જેઓ એ ઋદ્ધિ અને સિદ્ધિના ગુલામ બને છે, તેઓની તો એ કડકમાં કડક અનેકઠોરમાં કઠોર માલીક જ બની બેસે છે : તથા એવી જાતિની માલીક બનીને, એ પોતાના ગુલામોને યથેચ્છપણે નચાવે છે અને એ નાચ તો આજે પણ આપણને પ્રત્યક્ષ છે.

♦♦♦

ખરેખર, કમલની ઉપમાને પામી ચૂકેલા વૈરાગ્યની અવગણના કરનારા પામરો, કાદવ અને કમળનો ભેદ સમજી શકતા નથી.

♦♦♦

ખરેખર, કર્મની ગતિ વિચિત્ર છે. કર્મના તીવ્ર ઉદય સમયે પ્રાય : કોઈનું પણ ચાલતું નથી અને એના યોગે ભલભલાની પણ બુદ્ધિ ચકરાવો ખાઈ જાય છે.

♦♦♦

ખરેખર, દુન્યવી પદાર્થોની ઈચ્છાને-અર્થની અને કામની ઈચ્છાને, વસ્તુત : કોઈ માપ છે જ નહિ. સોવાળો હજારને ઈચ્છે છે. હજારવાળો લાખને ઈચ્છે છે, લાખવાળો ક્રોડને ઈચ્છે છે, ક્રોડવાળો અબજને ઈચ્છે છે, અબજવાળો રાજા થવાને ઈચ્છે છે, શહેનશાહ ચક્રવર્તી થવાને ઈચ્છે છે, છ ખંડનો માલીક ચક્રવર્તી દેવ થવાને ઈચ્છે છે, દેવ વળી ઈંદ્ર થવાને ઈચ્છે છે : પછી ? હજી વધો जंहा लाहो तहा लोहो । જેમ લાભ તેમ લોભ વધે. ઈચ્છાનું કાંઈ માપ છે ? નહિ જ. જ્યારે ઈચ્છાનું માપ નથી, તો-'ભોગવ્યા પછી જ વૈરાગ્ય થાય'-એ સિદ્ધાંત ટકતો જ નથી.

♦♦♦

ખરેખર, દુર્ભાગ્યનો ઉદય આવે ત્યારે એક તસુ જમીન માટે પણ કજીઓ કરવાનું મન થાય, જ્યારે સુવિવેકી પુણ્યવાન ચાર હાથ જમીન જાય તો પણ પરવા ન કરે.

♦♦♦

*ભક્તિ ક્યાં સુધી ?*

ખરેખર, દુશ્મનો કરતાં ભક્તોથી બહુ સાવચેત રહેવા જેવું છે. દુશ્મન પ્રાયઃ કંઈ ન કરી શકે, કારણ કે- તેનાથી ચેતતા રહેવાય : મૂર્ખ ભક્ત બધું વેડફી નાંખે. વધુ ભય કોનો ? મૂર્ખ ભક્તોનો ! પણ ભક્ત ખરાબ ને દુશ્મન સારા, એમ ન બોલતા. આનો આશય એ છે કે-ભક્ત બની ગયેલા આત્માની સેવા, માનપાન આગળ ટકવું બહુ કઠીન છે. અમૂક ભક્તોમાં કેટલાક એવા ગુણો આવે છે કે-ભયંકર દોષને પણ ઘોળી પીએ છે. અહીં તો એ છે કે-તારકમાં તારકતા હોય ત્યાં સુધી ભક્તિ, ને તારકતા ચાલી જાય એટલે નહિ. સુત્ર વિરૂદ્ધ બોલનારથી તો બચવું જ જોઈએ.

♦♦♦

ખરેખર, પરમ શ્રાવકપણાને પામેલો આત્મા સંસારના કોઈ પણ

પદાર્થનો ઈતરોની જેવો અભિલાષી હોતો નથી.

♦♦♦

ખરેખર, મોહપરવશતા અને અજ્ઞાનતા અતિશય ભયંકર છે.

♦♦♦

ખરેખર, મોહનો સ્વભાવ જ એવો છે કે-તેને આધીન બનેલા આત્માઓ, આજે અમૂકની ખાતર અમૂકને મારવા તૈયાર થાય છે, તો કાલે વળી જેની રક્ષાનો પ્રયત્ન કરતા હતા તેનો જ નાશ કરવાના પ્રયત્ન કરે છે !

♦♦♦

ખરેખર, મોટા ભાગની મુશ્કેલી તો વાસ્તવિક અર્થિપણાની ખામીને અંગે છે. મહા દુર્લભ એવા મનુષ્ય જન્મને પામ્યા છો અને એમાં પણ આટલી બધી ઉત્તમ સામગ્રી મળેલી છે, તે છતાં પણ આ જીવન અર્થ અને કામની પૂંઠે બરબાદ કરી દેવામાં આવે, તો એ સામાન્ય પ્રકારની કમનસીબી નથી. આર્યદેશમાં પણ જૈન કુળ અને જૈન જાતિ મળ્યાં તેમજ દેવ-ગુરૂ-ધર્મની સામગ્રી મળી : આ દશામાં આત્મા ધારે તો ઘણા જ સુન્દર પ્રકારે ધર્મની આરાધના કરી શકે અને એ આરાધનાના યોગે પોતાના સંસારને ઘણો અલ્પ બનાવી શકે : પણ આજે તો જાણે આ જાતિના વિચારો કરવાની વાસ્તવિક કોટિની ગરજ જ મોટે ભાગે દેખાતી નથી. 'આત્મા, આત્માનું કલ્યાણ અને આત્મકલ્યાણનાં સાધનો.'-એ વિષે જાણવાની, જાણીને તેના ઉપર ચિન્તનાદિ કરવાની અને તેનો જીવનમાં બનતો અમલ કરવાની, એક ધર્માત્માને છાજતી તાલાવેલી આજે કેટલાકમાં હશે ? જ્યાં સુધી એ તાલાવેલી આત્મામાં ન જાગે, ત્યાં સુધી માનો કે-'હજુ અર્થિપણામાં ખામી છે. આત્મા હજુ બહારના પદાર્થોનો રસિયો છે.' સંસાર ન છૂટે એ બને, પણ-'સંસારથી છૂટવું છે અને મુક્તિને મેળવવી છે.'-આ ધ્યેય નિશ્ચિત થઈ જાય તોય, આજની દશામાં ઘણું પરિવર્તન આવી જાય. આ દશા આવ્યા બાદ, આત્મકલ્યાણકર વસ્તુઓ યાદ રાખવાની, સમજવાની, વિચારવાની અનેઆચરવાની ભાવના આપોઆપ તમારા હૃદયમાં ઉત્પન્ન થઈ જશે.

♦♦♦

ખરેખર, લાલસાવાળો જેમ સુખે જીવ શકતો નથી, તેમ સુખે મરી પણ શકતો નથી. લાલસાથી ઘેરાએલા કુટુંબમાં લાલસાથી રીબાતા શ્રીમંતનું

જીવન જેમ ભયંકર રીતિએ જાય છે. તેમ મરણ પણ પ્રાય : ભયંકર રીતિએ જ થાય છે.

◆◆◆

ખરેખર, સ્વાર્થી હોય તે સુખે મરવા ન દે, તો સુખે જીવવા તો કયાંથી જ દે ?

◆◆◆

ખામી જોવા અને સાંભળવાની દરકાર પેદા થશે, ત્યારે-'સત્ય કયાં છે ? '-તે શોધવા માટે સહેજે જિજ્ઞાસા પેદા થશે.

◆◆◆

ખૂબ વિચારો કે-'સાધુઓથી જગત્માં ઉત્પાત વધશે કે લોભીઆઓથી ? અર્થકામના પૂજારીઓથી જગતમાં ઉત્પાત વધશે કે એના ત્યાગીઓથી ?'

◆◆◆

ખામી બતાવનારા જ્યારે હિતૈષી લાગે, ત્યારે સમજો કે-હવે ઉદય નજદિકમાં જ છે.

◆◆◆

*સાધર્મિની દયા ન જ હોઈ શકે.*

ખૂબ વિચારો અને વિચારીને ઓછામાં ઓછા એક સાધર્મિને જમાડયા વગર ન જમું'-આવો નિર્ણય કરો તો કેટલો બધો લાભ થાય ? ઘણા લાભ થાય. એનાથી સાધર્મિ સાથેનો સંબંધ વધે. ધર્મની ભાવના એટલી પ્રભાવવંતી થાય કે જે સંસ્કાર તમારા કુલમાં નહિ હોય તે આવશે અને પાંચ દશ વરસ પછી જોઈ શકશો કે-તમે કેટલે ઉંચે પહોંચ્યા છો. આ ઉંચે પહોંચવાની ભાવના તોજ ફળે કે-સાધર્મિ પ્રત્યે તમારી ભક્તિ હોય. કારણ કે-સાધર્મિ એ ભક્તિનું પાત્ર છે, માટે તેના પ્રત્યે દયાની ભાવના એ છાજે નહિ. પણ એ ભક્તિ જાગે કયારે ? સાધર્મિ સાધર્મિ તરીકે ઓળખાય ત્યારેને ? પ્રભુની આગળ તો ઘણીએ વાર કહો છો કે-'દાસનો દાસ હું' એનો અર્થ શો ? એજ કે-જે તારી સેવા કરે તેની પણ હું સેવા કરૂં હવે વિચારો કે-શ્રી જિનેશ્વરદેવના સેવકની સેવા હોય કે દયા હોય ? સેવાને દયાનો ભેદ શો, એ સારી રીતિએ સમજો. નોકરને શેઠ સાધર્મિ તરીકે બોલાવે કે શ્રાવક તરીકે સન્માન કરે, તો તે કયી રીતે ? સાધર્મિ ભક્તિમાં હૃદયની ભક્તિ જોઈએ, દયા કે અનુકંપા નહિ.

પણ સાધર્મિ કોણ ? તો કહેજો કે-જે જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમને અખંડિત માને તે. 'જે એમ કહે કે જિનમૂર્તિ અને જિનમંદિરમાં શું ભર્યું છે અને કહ્યું કહ્યું હવે આગમમાં, આગમને આઘાં મૂકો, આ જમાનામાં 'બાબા-વાક્ય પ્રમાણ' એ નહિ ચાલે,'-તે સાધર્મિ નહિ.

◆◆◆

ખોટાને ખોટા તરીકે-તજવા યોગ્યને તજવા તરીકે માન્યા પછી, પાપને યથાશક્તિ તજવા માટે કરવા યોગ્ય કર્યા શિવાય છૂટકો નથી.

◆◆◆

ખોટા દેખાવમાં પડેલાઓને, ખોટા મોજશોખમાં પડેલાઓને અને ખોટાં વ્યસનોમાં સપડાયેલાઓને તો, તેમની પાસે જેટલા પૈસા આવશે, તે પૈસા ઘણા હશે તોય ઓછા જ લાગવાના.

◆◆◆

ગમે તેવા કપરા કાળમાં પણ, હૈયે જો ધર્મ હોય, તો સુખે જીવી શકાય. ગમે તેવા સંયોગો આવે, પણ આત્માના હિતના વિચારને ભૂલવો નથી, એવું જો નક્કી કરી લો અને એ મુજબ વર્તવાને માટે પ્રયત્નશીલ બનો, તો તમે કહી શકો કે-'આ સંયોગો પણ અમારી સમાધિને લૂંટી શકે તેમ નથી. અમે અમારા જીવનને એવું કેળવ્યું છે કે-અમે પ્રતિકૂળ સંયોગોમાં પણ સુખે જીવી શકીએ ! પ્રતિકૂળ સંયોગો અગર અનુકૂળ સંયોગો જો અમારી સમાધિને લૂંટી જાય, તો અમારૂં જીવન ધૂળ થઈ જાય; પણ અમે તે થવા દઈએ નહિ !' આપણને ખપ તો સમાધિનો છે ને ?

◆◆◆

ગધેડાં ઘણું ચંદન ઉપાડી ગયાં, પણ ચંદન કેવું એ ન જાણ્યું : એને તો લાકડાં કે ચંદન બધું સરખુંજ છે : તેવી જ રીતે દર્શન વિના જ્ઞાન સુવાસ આપી શકતું નથી.

◆◆◆

ગમે તે રીતિએ સંસારનું સઘળું ન જ છોડાય, તો પણ મર્યાદાશીલ તો થવું જ જોઈએ.

◆◆◆

ગમે એવો ત્યાગી પણ ઘરબારી હોય એને ગુરૂ મનાય જ નહિ.

જૈનશાસનના ગુરૂ એ તો કંચન અને કામીનીના સંગના પક્કા વૈરી હોય. વૈરીનો ગુણ એ છે કે-વૈરી માત્રને નિર્મૂળ કરવા, એજ ન્યાયે જૈન શાસ્ત્રના ગુરૂ જ્યાં જ્યા કંચન-કામીની દેખે, ત્યાં ત્યાં સંગમાંથી દુનિયાને છોડાવવા જ એ મથે.

♦♦♦

ગમે તેવા સંયોગોમાં પણ ઉત્તમ આત્માઓની ઉત્તમતા ઝળકયા વિના રહેતી નથી.

♦♦♦

ગમે તેવા ગૃહસ્થ સમક્ષ અર્થ-કામને ઉત્તેજન આપતી કથા કરવી અગર તેજ બાબતોની ખબર-અંતર પૂછવી, એ મુનિધર્મમાં અવિહિત વસ્તુ છે.

♦♦♦

ગમે તે રીતે શરીર સારૂં હોય તો જ ધર્મ થઇ શકે, તે વાતને આગળ ધરનારા શરીરસેવારૂપ પોતાના પાપને ઢાંકવાનો પ્રપંચ માત્ર કરે છે.

♦♦♦

ગમે તેવી દુન્યવી હાનિના પ્રસંગે પણ કલ્યાણની કામનાવાળાએ, કોઇ પણ જાતિના આવેશના અનીષ્ટથી અવશ્ય બચવું જોઇએ.

♦♦♦

ગમે તેવા પાપાત્મા પણ પુણ્યોદયે સદ્‌ગુરૂનો યોગ પામી જો પાપભીરૂ બને, તો ધર્મનો અધિકારી બની શકે છે અને પાપભીરૂ બન્યા પછી જો પાપનો ત્યાગ કરવા અને પ્રભુપ્રણીત ધર્મનો સ્વીકાર કરવા માટે ઉત્સાહિત થાય, તો પોતાની ઘોર પાપપ્રવૃત્તિનો પરિત્યાગ કરી ખૂશીની સાથે પ્રભુપ્રણિત ધર્મનો સ્વીકાર કરવા દ્વારા પરમ ધર્માત્મા એટલે સુશ્રાવક અને સુસાધુ બની શકે છે.

♦♦♦

ગીતાર્થ આજે છે પણ આગેવાન થઇને વિચરી શકે એવા છે. એકલા વિચરી શકે એવા ગીતાર્થો આજે નથી.

♦♦♦

શ્રી ગુજસુકુમાલ કોણ ? રાજકુમાર ! પુષ્પની શય્યામાં પોઢનારા ! ઘણી ઇચ્છાએ માબાપે મેળવેલા ! ! ! જન્મ્યા ત્યારથી બાદશાહી ભોગવનારા

! ! ! ! સુકોમળ ! ! ! ! અને એક પણ દુન્યવી તકલીફને નહિ ભોગવનાર ! ! ! ! ! ! એવા જે દિવસે સંયમધર બને છે, તેની પહેલી જ રાત્રીએ માથાપર ખેરના અંગારા મૂકાઈ જાય એને પણ આનંદ પૂર્વક સહે છે, એ કોનો પ્રતાપ ? એક આજ્ઞાની તન્મયતાનો જ. માથા પર અંગારા મૂકાયા છતાંયે ભાવના એ છે કે-'રખેને મારૂં શરીર કંપી જાય' અને અગ્નિ નીચે પડવાના યોગે જીવો હણાઈ જાય ! આ રીતે આજ્ઞાને અર્પિત થઈ ગયા તેનો હેતુ એક જ કે એ આજ્ઞાની આધીનતાની સામેએક સમયમાં સિદ્ધિપદની પ્રાપ્તિ થઇ જાય, એનો પૂરેપૂરો ખ્યાલ હતો. અનંત સુખના માર્ગ માટે સામાન્ય તકલીફ ભોગવતાં દુઃખ લાગે શાનું ?

♦♦♦

ગ્રન્થીદેશે આવેલો જીવ મોક્ષની ઈચ્છાવાળો બને તે પછી જ સમ્યક્ત્વ પામે સમ્યક્ત્વ પામ્યા પછીથી તો જીવ તે ભવમાં પણ મુક્તિ પામી શકે, ત્રીજા ભવેય મુક્તિ પામી શકે અને પાંચમા ભવેય મુક્તિ પામી શકે. સમ્યક્ત્વ પામ્યા પછી કોઈ જીવ સંખ્યાત ભવ કર્યા પછીય મુક્તિ પામે અને ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા સમ્યક્ત્વ પામ્યા પછી અસંખ્યાત ભવ કર્યા પછી મુક્તિને પામ્યો. સમ્યક્ત્વ પામ્યા પછી પણ જો એ સચવાય નહિ અને સંસારમાં સંખ્યાત કે અસંખ્યાત ભવમાં ભટકાવે એવું દુષ્કર્મ જીવ ઉપાર્જી લે, તો સમ્યક્ત્વ પામ્યા પછીય જીવને સંખ્યાત ભવ અગર અસંખ્યાત ભવેય કરવા પડે. અને ભારે પાપ થઈ જાય તો અનન્તો કાળેય સંસારમાં ભટકવું પડે.

♦♦♦

ગ્રન્થીદેશે આવ્યા વિના જીવમાં મોક્ષની ઈચ્છા પ્રગટે નહિ, પણ ગ્રન્થીદેશે આવેલો જીવ જો એનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તકાળથી ઓછો હોય તો જ મોક્ષની ઈચ્છાવાળો બની શકે છે. મોક્ષની ઈચ્છા આવ્યા વિના પણ ગ્રન્થીદેશે આવેલો જીવ ધર્મ કરે એવું બને; ઘણો ધર્મ કરે એવુંય બને; એ ધર્મથી એને પુણ્યેય બંધાય અને એ પુણ્યથી એને દેવલોકાદિનાં સુખોય મળે; એ સુખમાં એ એવો લુબ્ધ બની જાય કે -ફેર એને ધર્મસામગ્રીનો યોગપણ ઘણા કાળ પર્યન્ત થાય નહિ અને એને દુર્ગતિનાં દુઃખો લાંબા કાળ

સુધી ભોગવવાં પડે, એવા પાપકર્મનું એ ઉપાર્જન કરે એવુંય બને. વળી પાછો એ જીવ ગ્રન્થીદેશે આવે અને ધર્મ કરી, પુણ્ય ઉપાર્જી, પુણ્યથી મળેલાં સુખમાં લુબ્ધ બની, એ જીવ સંસારમાં ભટકવા નીકળી પડે. આવી રીતિએ. તો જીવે અનન્તો કાળ પસાર કર્યો. એમાં જ્યારે એક પુદ્‌ગલપરાવર્તથી ઓછો સંસારકાળ બાકી હોય અને સામગ્રી મળી જાય, તો ગ્રન્થીદેશે આવેલો જીવ સંસારની અસારતાને સમજી શકે અનેમોક્ષની ઈચ્છાવાળો બની શકે. અને, સમ્યક્ત્વ તો, સંસારકાળ જ્યારે અર્ધ પુદ્‌ગલપરાવર્ત કાળથી પણ ઓછો કાળ બાકી રહ્યો હોય તે પછી જ પામી શકાય છે.

◆◆◆

ગીતાર્થ એટલે ઉત્સર્ગ અપવાદને જાણનારા, મુનિઓના સંયમની રક્ષા શી રીતે થઈ શકે એ જે જાણી શકે અને સમજી શકે તે ગીતાર્થ છે.

◆◆◆

ગૃહિધર્મ અને સાધુધર્મ, એમ બે પ્રકારે ધર્મની વ્યવસ્થા કરવામાં આવેલી છે. એ બન્નેય પ્રકારના ધર્મના મૂળ રૂપ જે વસ્તુ છે, તે સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ સહિત બનીને જો ગૃહિધર્મનુ અગર સાધુધર્મનું આરાધન કરવામાં આવે છે, તો જ એ આરાધનને સાચા રૂપમાં ધર્મારાધન કહી શકાય છે; અને એવું ધર્મારાધન જ, એ આરાધક જીવને, પોતાના વાસ્તવિક ફળને આપનારૂં નીવડે છે. આ કારણે ધર્મારાધનને કરવાની ઈચ્છાવાળા બનેલા ભાગ્યવાનોએ, સમ્યક્ત્વના પ્રગટીકરણનો પુરુષાર્થ કર્યા કરવો જોઈએ અને એ પુરુષાર્થ કર્મગ્રન્થિને ભેદવાની દિશા તરફનો હોવો જોઈએ. સમ્યક્ત્વને પામેલા પુણ્યાત્માઓએ પણ પોતાના સમ્યક્ત્વના સંરક્ષણની કાળજી રાખવાની સાથે, દિન-પ્રતિદિન સમ્યક્ત્વ શુદ્ધ બનતું જાય, એવો પુરુષાર્થ કર્યા કરવો જોઈએ. વિષયની અને કષાયની અનુકૂળતાના રાગે તેમજ વિષયની અને કષાયની પ્રતિકૂળતાના દ્વેષે જ આત્માની ખરેખરી પાયમાલી કરી છે. વિષયની અને કષાયની અનુકૂળતાનો રાગ અને વિષયની અને કષાયની પ્રતિકૂળતાનો દ્વેષ, એ જ સુખનું કારણ છે -એમ માનવું અને એ માન્યતાને અનુસારે વર્તવું, એ જ ઘાતી કર્મોને સુદઢ બનવાનું અને જોરદાર બનવાનુ પ્રધાન સાધન છે. એવો રાગ-દ્વેષ જાય ત્યારની વાત તો જુદી જ છે, પણ એવો રાગ-દ્વેષ જતાં પહેલા પણ જ્યાં 'એવો રાગ-દ્વેષ એ હેય જ છે, તજવા યોગ્ય જ છે, એથી

આત્માને લાભ નથી પણ હાનિ જ થાય છે.' આવો ભાવ આત્મામાં પ્રગટે છે, તેની સાથે જ ઘાતી કર્મોની જડ હચમચી જાય છે અને ઘાતી કર્મોથી મુક્તિ પામવાનું મંડાણ મંડાઈ જાય છે. 'એ રાગ-દ્વેષ હેય જ છે.'-એમ લાગતાં, આત્મામાં અપૂર્વકરણ એટલે કે અપૂર્વ એવો અધ્યવસાય પ્રગટે છે અનેએ અધ્યવસાય દ્વારાએ જ કર્મગ્રન્થિ ભેદાઈ જાય છે.

♦♦♦

ગુરૂ તેજ છે કે-જે એ આધિ-વ્યાધિ-ઉપાધિ રૂપ સંસારનો ત્યાગ કરી, બીજાને તેનો ત્યાગ કરવા સમજાવે છે.

♦♦♦

ગુણોને પ્રગટ કરવાને માટે પુરૂષાર્થ કર્યા સિવાય નહિ ચાલે. પામેલા ગુણને પણ પ્રયત્ન વિના નહિ ટકાવી શકાય. માટે પામેલા ગુણોને ટકાવવા અને નવીન ગુણોને મેળવવા ઉદ્યમની જરૂર છે.

♦♦♦

ગૃહસ્થપણામાં હોવાને અંગે અર્થપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો પડે તો પણ એ ધર્મ નહિ, પરન્તુ એવો પ્રયત્ન કરતાં એમાં અનીતિ નહિ કરવી એ ધર્મ. દયા આદિની સાધક-નીતિનું જેટલું સુદષ્ટિએ પાલન, એટલો ધર્મ.

♦♦♦

ગૃહસ્થોને જેમ અર્થકામનું અર્થીપણું મારે છે તેમ સાધુને વાહવાહનું અર્થીપણું મારે છે. અર્થકામની અર્થી દુનિયામાં-અર્થકામના ભયંકર વ્યામોહમાં પડેલી દુનિયામાં વાહવાહ ત્યારે મળે કે જ્યારે આગમને ભૂલી તેમના મ્હોં સામું જોયા કરાય.

♦♦♦

*જ્ઞાન-ક્રિયાનો સુયોગ :*

ગુરૂ મહારાજાની પાસે જે શેષ સાધુઓ હતા, તે સાધુઓ કેવા હતા? એ સાધુઓ ભારને વહનારા હતા અને ચિન્તાથી દુર્બળ બનેલા હતા ! કયા ભારને એ સાધુઓએ વહેલો હતો ? તો કે-શીલનાં જે અઢાર હજાર અંગો છે, તેના ભારને વહનારા એ સાધુઓ હતા. ત્યારે કયી ચિન્તાથી તેઓ દુર્બળ બનેલા હતા ? તો કે-સિદ્ધિ રૂપી જે વધૂ, તેના ઉપર તેમને અતિશય અનુરાગ થઇ ગયો હતો અને એથી તેઓ તે સિદ્ધિવધૂના સમાગમની ચિન્તામાં પડી

ગયેલા હતા, એટલે તેઓ દુર્બળ હતા. આ રીતિએ આપણને જણાવી દીધું કે-એસાધુઓ સાધ્વાચારોનું પાલન કરવામાં રત હતા અને એ સાધુઓનું મન મોક્ષમાં લાગેલું હતું. સાધુઓ માટે આ બન્નેય વસ્તુઓ આવશ્યક છે. સાધુઓએ સાધ્વાચારોના પાલનમાં સારી રીતિએ રક્ત રહેવું જોઈએ અને મનમાં એક મોક્ષ સિવાયની કોઈ ચિન્તા નહિ રાખવી જોઈએ. સાધુઓએ એમ પણ નહિ માનવું જોઈએ કે-'આ સાધ્વાચારોનું પાલન કરવા માત્રથી જ સિદ્ધિ છે.' અને સાધુઓએ એમ પણ નહિ માનવું જોઈએ કે-'મનમાં મોક્ષ સિવાયની ચિન્તા રાખવી નહિ, એટલે બસ છે.' જ્ઞાન અને ક્રિયાનો આ સુન્દર યોગ છે. જેઓ કેવળ સાધ્વાચારોના પાલન ઉપર ભાર મૂકીને મોક્ષની ચિન્તાની અવગણના કરે છે, તેઓય ખોટે માર્ગે છે અને મોક્ષની ચિન્તાને નામે સાધ્વાચારોના પાલનની ઉપેક્ષા સેવનારાઓ પણ ખોટે માર્ગે છે.

◆◆◆

ગૃહસ્થપણામાં કરવા યોગ્ય સારી પણ કરણીને જો સર્વવિરતિ સ્વીકારતાં મૂકવી પડતી હોય, તો તેને મૂકવામાં દોષ નથી, એમ શ્રી જૈનશાસનનું સાહિત્ય કહે છે.

◆◆◆

ગૃહસ્થને જીવવાને માટે વધુમાં વધુ શું જોઈએ ? રહેવાનું સ્થાન વિગેરે, ખાવા માટે અનાજ મળે અને તે પણ ચોપડેલું મળે તો ચાલે કે નહિ? ચોપડેલું  કેવું ? અતિ ઉષ્ણ ઘીથી હોં ! કપડાં પણ સાંધ્યા વિનાના. આથી અધિક નહિ ઈચ્છવું, એ ગૃહસ્થધર્મ. તમારી ઈચ્છા શું આટલા પૂરતી જ છે? એથી વધુ હોય તે છોડવાને માટે તમે તૈયાર છો ?

◆◆◆

ગૃહસ્થ માટે હિંસાદિનો ત્યાગ યથાશક્તિ કહ્યો છે. તેનું કારણ શું ? હિંસાદિક પાપો તજવા જેવા છે-એમાં તો સાધુઓ અને ગૃહસ્થો એકમત જોઈએ ગૃહસ્થો એ પાપોના પૂરા ત્યાગ માટે સમર્થ નથી માટે એ પાપોને સેવે છે, એટલે એમનું લક્ષ્ય કયું ? પાપસેવન એ ગૃહસ્થનું લક્ષ્ય નહિ, પણ પાપત્યાગ એ જ વિશ્વધર્મને સમજેલા ગૃહસ્થનું લક્ષ્ય હોય.

◆◆◆

ગુણ કેળવવો હોય અને દુર્ગુણને કાઢવો હોય, તો કોઈ પણ રીતિએ

પોતેપોતાના જીવનને વિવેક પૂર્વક તપાસતાં શીખી જવું જોઇએ.

◆◆◆

ગુણરાગી આત્માઓએ ગુણ અને ગુણાભાસનો વિવેક કરતાં શીખવું જોઈએ. જેઓ ગુણ અને ગુણાભાસનો વિવેક કરી શકતા નથી, તેઓ સાચા ગુણરાગી કદી જ બની શકતા નથી. એવાઓ તો પોતાને ગુણરાગી કહેવડાવીને પણ ગુણના ઘાતક અને ગુણાભાસના પોષક બની જાય છે : કારણ કે-એવાઓ વસ્તુસ્વરૂપનો વિચાર કરવાને બદલે આડમ્બર આદિમાં જ તણાઈ જાય છે.

◆◆◆

શ્રી ગૌતમમહારાજા જેવા શક્તિસંપન્નને પોતાની ઈચ્છા મુજબ ચાલવાનો વિચાર સરખોયે નહિ આવ્યો, તેનું કારણ એ જ કે-તે પરમપુરૂષને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની આધીનતાનો સ્વાદ સમજાયો હતો.

◆◆◆

ગુરૂ મહરાજાએ દીધેલો ધર્મલાભ, શરીર સંબંધી અને મન સંબંધી અનેક દુઃખોનું વિકુટ્ટન કરનારો હોવા સાથે શાશ્વત એવું જે શિવસુખ, તે રૂપી જે વૃક્ષ, તે વૃક્ષનો બીજભૂત હોય છે. 'ધર્મલાભ !' એ એક એવા પ્રકારનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આશીર્વાદ છે, કે જેની તોલે બીજો કોઈ પણ આશીર્વાદ આવી શકે નહિ. જેના કલ્યાણની ઇચ્છા હોય, તેને ધર્મનો લાભ થાય, એવું ઈચ્છવું. ધર્મનો લાભ થાય, એટલે શરીર સંબંધી દુઃખો પણ ટળવા માંડે અને મન સંબંધી દુઃખો પણ ટળવા માંડે; એટલું જ નહિ, પણ શીવસુખ રૂપી વૃક્ષ ઉગવા માંડે. ધર્મનો લાભ હજુ થવા પામ્યો ન હોય, પરન્તુ મહાપુરૂષના શ્રીમુખે 'ધર્મલાભ' એવો આશીર્વાદ સાંભળતાં જો સાચો આનન્દ થાય, તો પણ શરીર સબંધી અને મન સંબંધી અનેક દુઃખોનું વિકુટ્ટન થઈ જવા પામે; તેમ જ, તે, શિવસુખ રૂપ વૃક્ષના બીજ સમાન પણ નીવડે. 'મને ધર્મનો લાભ થશે'-એવું જાણીને આનન્દ અનુભવનારાનાં શરીર તથા મન સંબંધી અનેક દુઃખો આપોઆપ હળવાં બની જાય છે અનેએ આનન્દ ધર્મરૂચિનો સૂચક હોઈને, મોક્ષના બીજભૂત પણ બને છે. શ્રી જૈનશાસનની આ પણ એક વિશિષ્ટતા છે. જૈન સાધુઓ એ જ ઈચ્છે છે કે 'સૌને ધર્મલાભ હો !' તમે પગે લાગો, વાંદો, સંયમની સાધનામાં સહાયક એવી નિર્દોષ સામગ્રી

આપો કે તમે અન્ય સેવા-શુશ્રુષા કરો, પણ જૈન સાધુઓ તમને ધર્મલાભ જ દે. ગોચરી-પાણી વગેરેને માટે તમારા ઘરમાં પેસતાંય તમને ધર્મલાભ દે અને તમારા ઘરમાંથી નીકળતાંય તમને ધર્મલાભ દે ! જો તમે આ વસ્તુનો પણ બરાબર વિચાર કરો, તોય તમે ધર્મ સિવાયની મંત્રતંત્રાદિકની વાતો કરનારાઓથી બચી શકો. સાધુઓ સૌ કોઈને માટે ધર્મલાભ ઈચ્છે, એ જ એમની સાધુતાને શોભે. સાધુ એટલે શું ? કેવળ ધર્મમય જીવનને નિષ્પાપપણે જીવવાને માટે નીકળેલા ! એમને ધર્મ ઉપર એટલી બધી શ્રદ્ધા થઈ ગઈ કે-ધર્મ સિવાય કાંઈ જ કરણીય નથી-એવું એમને લાગ્યું અને પોતે કેવળ ધર્મમય જીવનને નિષ્પાપપણે જીવ શકે તેમ છે-એવું લાગ્યું, માટે તેઓ સંસારના સર્વ સંગોને તજીને અનેશ્રમણલિંગને સ્વીકારીને નીકળી પડયા. આવા મનોભાવને ધરનારા અને એને જ અનુરૂપ આચરણમાં રકત રહેનારા સાધુઓ, તમને ધર્મ સિવાયનો કોઈ લાભ થાય, એવી ઈચ્છા પણ શી રીતિએ કરી શકે ? સાધુ પાસે તો રાજા આવે કે રંક આવે, પણ સાધુ તેમને ધર્મલાભ જ દે. અને, ધર્મલાભ થતાં, કયો લાભ બાકી રહી જાય છે ? એનાથી શરીર સંબંધી દુઃખોય ટળે અને મનસંબંધી દુઃખોય ટળે. પરિણામે તો શરીરનો અને મનનો યોગેય રહે નહિ અને એથી એ કારણે નિષ્પન્ન થતું દુઃખેય રહે નહિ ! પછી તો, શાશ્વત એવા શિવસુખમાં જ આત્માને મહાલવાનું !

◆◆◆

ગુરૂ તારક ખરા, ઉદ્ધારક ખરા, પણ કયાં સુધી ? આજ્ઞામાં હોય ત્યાં સુધી સ્વચ્છન્દી મતિકલ્પના આવી એટલે નહિ.

◆◆◆

ગુણી ન બનાય, ગુણવાનની સેવા ન થાય એ કદાચ બને, તો પણ ગુણ અને ગુણીનો વિરોધ તો હૃદયમાંથી કાઢી જ નાંખો.

◆◆◆

ગુણનો એ સ્વભાવ છે કે એનો આભાસ પણ દુનિયાને મુંઝવે છે. માટે એ ગુણ સાચો છે કે કૃત્રિમ છે એની પરીક્ષા કરવાની ખાસ જરૂર છે.

◆◆◆

ઘરમાં કુટુંબિઓને પણ કહેવું કે-‘એવી વાત કરો કે જે શાસનને અનુસરતી હોય. છેવટ, જે વાત શાસનને બાધ કરવાની હોય, તેવી વાત તો

કહેશો જ નહિ.' આવું ઘરે જઈને કહેશો ને ?

◆◆◆

ઘણી ચીજો ખાવી એમાં ગૃહસ્થાઇ નથી અગર કેવળ પોતાનું જ પેટ ભરવું એમાં ગૃહસ્થાઈ નથી પણ જે અન્યનું પેટ પણ ભરે તેજ સાચો ગૃહસ્થ છે.

◆◆◆

ઘરને પેઢી ઠેર ઠેર મળશે : ધર્મ, એ કવચિત્ કોઈ ભવે મળે છે. એના પ્રત્યે બેદરકારી એ ધર્મ પ્રત્યેની નહિ, પણ આત્માની સુગતિની બેદરકારી છે.

◆◆◆

ઘણા હોય ત્યાં ધર્મ એ માન્યતા ખોટી છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં રહેનાર એક સાધુ એક સાધ્વી, એક શ્રાવક એક શ્રાવિકા એ સંઘ, પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને ન માનનારા સંઘને સર્પની ઉપમા આપી. માત્ર શ્રી મહાવીરદેવના નામ દેનારાથી ખૂશી થવાનું નથી. શ્રી મહાવીરદેવના નામ દેનારમાંથી કેટલાએ આજે શાસનની હાંસી કરી રહ્યા છે.

◆◆◆

ઘુવડોની નારાજી હોય તે છતાં પણ સૂર્ય ઉદય પામ્યા વિના રહે જ નહિ સંખ્યાબંધ દુર્જનો છતાં, સજ્જનો ઉપર એ દુર્જનોની ધાડ ચાલુ છતાં, પોતાનું સામ્રાજ્ય સ્થાપવાના દુર્જનોના પ્રયત્નો કાયમ છતાં, હથીયાર એમના હાથમાં છતાં અને નફ્ફટાઈભરેલો બળનો ઉપયોગ પણ તેઓ કરતા હોવા છતાંય - સજ્જનો જીવ્યા છે, જીવે છે અને જીવશે જ.

◆◆◆

ઘોર પાપાત્માઓ પણ સદ્ગુરૂના યોગે પરમ ધર્માત્મા બનીને સામાન્ય જીવોને આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવી રીતિએ અલ્પકાળમાં પરમ પદના ભોકતા બની શકયા છે.

◆◆◆

ઘણાય આત્માઓ એવા પણ હોય છે કે-પોતે ધર્મ કરે નહિ અને બીજાઓ ધર્મ કરે તે પણ તેમનાથી સહી શકાય નહિ. એજ કારણે તેઓ ધર્માર્થી આત્માઓને અને ધર્મદાતા સુગુરૂઓને પણ અનેક પ્રકારે કલંકિત કરવાનાં તર્કટો પણ કરે છે.

◆◆◆

ઘણા અજ્ઞાનો એમ બોલતા પણ સંભળાય છે કે-'સાધુઓએ સંસાર છોડયો, માબાપ છોડયા, પૈસા છોડયા, બૈરી-છોકરાંનો ત્યાગ કર્યો અને એકલો ધર્મ કરવાને નીકળ્યા, તે છતાં એમને રાગ-દ્વેષ શા ? એમને ક્રોધ શાનો ? માન શાનું ? માયા શાની ? લોભ શાનો ? આવું બોલનારાઓ બીચારા અજ્ઞાનપણે પણ બોલે છે. સાધુઓએ જે છોડયું છે, તેનો સાધુઓમાં રાગ હોવો જોઈએ નહિ એ બરાબર છે : સાધુઓ પૌદ્ગલિક લોભને વશ બનીને ક્રોધ, માન, માયા કે દ્વેષ ન કરે તે બરાબર છે : પણ સાધુઓમાં પ્રશસ્ત કષાયો તો હોય જ ! મોક્ષની સાધનામાં પ્રશસ્ત રાગ-દ્વેષ તો વીરતા અને ધીરતા લાવે છે. સાધુઓ સંસારના અર્થી નથી, પણ મોક્ષના અર્થી તો છે ને? મોક્ષના અર્થી છે જ, માટે મોક્ષની સાધના કરવામાં સહાયક બનનારા પ્રશસ્ત રાગ-દ્વેષ સાધુઓમાં હોય જ. જ્યારે રાગ-દ્વેષ મૂળમાંથી જશે, ત્યારે પ્રશસ્ત રાગ-દ્વેષ પણ નહિ જ હોય.

◆◆◆

ચરમાવર્ત્ત કાલ સિવાયના કાલમાં, કોઈ પણ જીવમાં, મોક્ષનો આશય પ્રગટી શકતો નથી. આથી, ભવ્ય સ્વભાવના જીવો, અવ્યવહાર-રાશિમાંથી ભવિતવ્યતાવશ નીકળીને વ્યવહાર-રાશિને પામ્યા પછીથી પણ, ઘણા ઘણા પુદ્ગલપરાવર્તો પર્યન્તેય મોક્ષના આશયને પામી શકે નહિ, તો એ બનવાજોગ છે : કારણ કે-જીવનો જ્યારે ચરમ પુદ્ગલપરાવર્ત્ત જેટલો જ સંસારકાલ બાકી હોય, ત્યારે જ તે જીવ અવ્યવહાર-રાશિમાંથી નીકળીને વ્યવહાર-રાશિમાં આવે, એવો કોઈ નિયમ વિશેષ છે જ નહિ.

◆◆◆

ચરમાવર્ત્ત કાલને પામેલા બધા જ જીવો, ચરમાવર્ત્ત કાલને પામતાંની સાથે જ મોક્ષના આશયને પામી જાય છે, એવું બનતું નથી. એમ અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી કાંઈક ન્યૂન સંસારકાલ જે જીવોને બાકી હોય છે, તે જીવો જ પોતાના સમ્યગ્દર્શન ગુણને પ્રગટાવી શકે છે, પરન્તુ એનો અર્થ એવો નથી જ કે-અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી કાંઈક ન્યૂન સંસારકાલ બાકી રહે, એટલે સમ્યગ્દર્શન ગુણ પ્રગટી જ જાય !

◆◆◆

ચક્રવર્તિઓએ રંકમાંથી પણ મુનિ બનેલાનાં ચરણોમાં શિર મૂકયું,

પણ એ શાથી ? એ આત્માઓને શ્રી વીતરાગ પરમાત્માના પરમ શુદ્ધ શાસનની વિશિષ્ટતા સમજાણી હતી માટે !

♦♦♦

ચરમાવર્ત્ત કાલને પામેલા જીવોને દુર્ભવ્ય કહી શકાય નહિ, પરન્તુ ચરમાવર્ત્ત કાલને પામતાંની સાથે જ, એ જીવોના પરિણામોમાં મોટું પરિવર્તન આવી જાય જ અને એથી એ જીવો મોક્ષના આશયને પામી જાય જ, એમ પણ કહી શકાય નહિ. આમ છતાં પણ, જે જીવો ચરમાવર્ત્ત કાલને પામે છે, તે જીવો જતે કાલે કયારેક પણ મોક્ષના આશય આદિને પામ્યા વિના રહેતા જ નથી અને જે જીવોનો સંસારકાલ અર્ધ પુદ્ગલપરાર્ત્ત કાલથી કાંઈક ન્યૂન શેષ રહે છે, તે જીવો જતે કાલે કયારેક પણ સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીને પામ્યા વિના રહેતા જ નથી, એ એટલી જ સુનિશ્ચિત હકીકત છે.

♦♦♦

ચારેય પ્રકારના આર્ત્તધ્યાન, ઓઘથી સંસારની વૃદ્ધિના કારણ રૂપ છે અને વિશેષત : તિર્યંચગતિનું મૂળ છે. મનને અનુકૂળ નહિ એવા વિષયોનો અથવા તો તેવા વિષયોની આધારભૂત વસ્તુઓનો યોગ થાય, તો એ વખતે એના પ્રત્યે આત્મામાં દ્વેષનો ભાવ જન્મે છે ? કે, પાપોદયનો વિચાર આવે છે ? રોગાદિકની વેદનાનો યોગ થતાં પણ, એના પ્રત્યે આત્મામાં દ્વેષનો ભાવ જન્મે છે ? કે, પાપોદયનો વિચાર આવે છે ? મનને અનુકૂળ નહિ એવા વિષયોના તથા તે તે વિષયોની આધારભૂત વસ્તુઓના અને વેદના ઉપજાવતા રોગાદિકના પણ વિયોગની જ ઈચ્છા થાય ને ? કયારે આ જાય, એમ જ થયા કરે છે ને ? મન માત્ર અણગમાની જ લાગણી અનુભવે છે ને? એ દ્વેષ છે. એવા પ્રસંગે 'કયારે આ જાય અને કયારે હું આનાથી મુક્ત બનું'- એવો વિચાર જ આવે છે ને ? એવો વિચાર જારેદાર બને અને એમાંથી એ વિચારમાં એકતાનતા આવે એ આર્ત્તધ્યાન છે. એ વખતે પોતાના પાપોદયનો વિચાર આવવો જોઈએ. એમ થાય છે કે આનો યોગ, મને, મારા બાંધેલા પાપકર્મના ઉદયથી જ થવા પામ્યો છે, માટે મારે મારા બાંધેલા પાપકર્મના ફળને સમતાથી ભોગવી લેવું જોઈએ ! ? હજુ તો એથી પણ આગળ વિચાર આવવો જોઈએ.

♦♦♦

ચારિત્ર એ મોક્ષને નિકટ લાવનાર છે, પણ તે કયું ? તેજ કે જે દર્શન ની છાયાથી છવાયેલું હોય !

◆◆◆

ચારિત્ર એ દર્શનનુ ફળ છે. દર્શન વિનાનું ચારિત્ર દર્શનથી શ્રેષ્ઠ નથી, પણ દર્શન પૂર્વકનુ ચારિત્ર એજ દર્શનથી શ્રેષ્ઠ છે.

◆◆◆

ચારિત્ર એજ આ જગત્‌માં મહોટામાં મહોટો ઉત્સવ છે. ઉત્સવનો અર્થ એજ કે-જે આનંદ આપે.

◆◆◆

ચારિત્ર એવી વસ્તુ છે કે- એ દર્શનવાળા આત્માને કાયમ ખાતે આનંદ આપે છે.

◆◆◆

ચારિત્રશીલતાની પણ સાચી સફલતા ત્યારે જ છે, કે જ્યારે તે સમ્યગ્દર્શન પૂર્વકની હોય છે અગર તો સમ્યગ્દર્શનને પ્રગટ કરનારી હોય છે.

◆◆◆

ચાર પ્રકારના ધર્મો પૈકીનો પ્રથમ પ્રકારનો જે દાન ધર્મ, તેના ત્રણ પ્રકાર છે. '૧-એક જ્ઞાનદાન, ૨-બીજો અભયદાન અને ૩-ત્રીજો ધર્મોપગ્રહ દાન.'

◆◆◆

ચાહે તેવી દીનતા કરવા છતાં પણ તીવ્ર અશુભના ઉદય સમયે કોઈ જ રક્ષક થતું નથી, માટે કોઈની આશાએ પાપ કરતા હો તો ન કરતા.

◆◆◆

ચાંદાં પાડવાના જ સ્વભાવવાળા ઉચ્છૃંખલ સુધારકો વીસમી સદીમાં પેદા થયા છે.

◆◆◆

ચિન્તામણિ રત્નને પામવાને માટે પુણ્ય આવશ્યક છે, પણ સદ્‌ધર્મ રૂપ વરરત્નને પામવાને માટે શું આવશ્યક છે ? ખરી વિચારવાની વસ્તુ તો આ છે : કારણ કે-ચિન્તામણિ રત્ન તેવા પુણ્યના યોગે પ્રાપ્ત થઈ જાય, તોય તે આત્માના દારિદ્રને કાંઈ થોડું જ ફેડી શકે છે ? ચિન્તામણિ રત્નની પ્રાપ્તિ, બહુ બહુ તો આ ભવમાં સમૃદ્ધ બનાવે. પરન્તુ મૃત્યુ પછી શું ? ચિન્તામણિ

રત્ન પણ મૃત્યુ બાદ સાથે આવતું નથી. આત્માની સમૃદ્ધિ જ એક એવી સમૃદ્ધિ છે. કે જે એક વાર સંપૂર્ણપણે પ્રગટી જાય, તો શાશ્વત કાળ એક સરખી રીતિએ ટકી રહે. એ સમૃદ્ધિ સદ્ધર્મ રૂપ વરરત્નના યોગે જ પ્રગટાવી શકાય છે; અને આ સદ્ધર્મ રૂપ વરરત્નને પામવાને માટે, ગુણવિભવ આવશ્યક છે.

◆◆◆

ચિત્તની પ્રશાન્તતા, એ પણ ધર્મપ્રાપ્તિ માટેની એક યોગ્યતા જ છે. પ્રશાન્ત ચિત્તવાળો આત્મા ધર્મને સહેલાઈથી પામી શકે છે અને ધર્મને સુન્દર પ્રકારે આરાધી શકે છે.

◆◆◆

ચિંતાને એક દૃષ્ટિએ ચિતાની ઉપમા આપી છે. ચિતા હજુ સારી છે પણ ચિંતા એથી ભૂંડી છે. ચિતા એક જ વખતે બાળી દે છે જ્યારે ચિંતા રીબાવી રીબાવીને-સડાવી સડાવીને મારે છે. પૌદ્ગલિક પદાર્થોની ઈચ્છા એજ ચિંતાનું મૂળ છે.

◆◆◆

ચોર હુંશિયાર હોય કે બેવકૂફ હોય ? હુશીયાર. એની હુંશિયારી માટે એને માનપત્ર અપાય ? ન આપાય, અને કદાચ આપો તો તમે પણ ધંટીચોરમાં ખપો.

◆◆◆

ચિન્તામણિ રત્ન, એ મનોવાંછિતોની સિદ્ધિનું એક મોટું કારણ ગણાય છે. ચિન્તામણિ રત્નને માટે એમ કહેવાય છે કે-એ રત્ન જેનેમળે અને જે એ રત્નની વિધિપૂર્વક આરાધના કરે, તે જે જે વસ્તુની ઈચ્છા કરે, તે તે વસ્તુ તેને એ ચિન્તામણિ રત્નના પ્રભાવે પ્રાપ્ત થાય. માનવીને મળી શકે એવી કોઈ પણ પૌદ્ગલિક સુખની વસ્તુને, એ જીવ, ચિન્તામણિ રત્નના પ્રભાવે ઈચ્છા માત્રથી જ પામી શકે છે. આવી રીતિએ મનોવાંછિતને પમાડનારી સઘળીય પૌદ્ગલિક વસ્તુઓમાં જે ચિન્તામણિ રત્ન શ્રેષ્ઠ ગણાય છે, તે ચિન્તામણિ રત્નને પણ સમ્યક્ત્વ લઘુભાવ પમાડે છે. એટલે કે-સમ્યક્ત્વના પ્રભાવે મનોવાંછિતની જેવી સિદ્ધિ થાય છે તેવી સિદ્ધિ તો ચિન્તામણિ રત્નના પ્રભાવે પણ થઈ શકતી નથી. સમ્યક્ત્વનો પ્રભાવ એવો છે કે-એના યોગે સકલ

કર્મોથી રહિત એવી મુકતાવસ્થાને પણ પામી શકાય છે. સમ્યક્ત્વને પામેલો જીવ, સમ્યક્ત્વના પ્રભાવે માત્ર માનવલોકનાં જ નહિ. પણ દેવલોકનાંય ઉત્તમોત્તમ કોટિનાં ગણાય એવાં સુખોને પ્રાપ્ત કરી શકે છે. ચિન્તામણિ રત્ન તો, આપી આપીને પણ, માનવલોકના જ સુખની સામગ્રીનેઆપી શકે; અને તેય વધુમાં વધુ એક ભવના સંયોગવાળી જ આપી શકે; જ્યારે સમ્યક્ત્વને પામેલો જીવ જો સમ્યકત્વને વમી જાય નહિ અને તેણે એ સમ્યક્ત્વને પામતાં પહેલાં કોઈ ગતિનું આયુષ્ય બાંધ્યું હોય નહિ તો એ નિયમા દેવપણાને પામે છે. સમ્યક્ત્વના પ્રભાવે, જીવને કદી પણ દુર્ગતિમાં ઘસડી જાય એવું કર્મ બંધાતું નથી અને જ્યાં સુધી એ મુક્તિને પામે ત્યાં સુધી એ દેવલોકનાં અને માનવલોકનાં પણ ઉત્તમ ઉત્તમ કોટિનાં સુખોને પામ્યા કરે, એવા શુભ કર્મનું ઉપાર્જન થાય છે. માત્ર વાત એ છે કે-સમ્યક્ત્વને જાળવી જાણવું જોઈએ ! ચિન્તામણિ રત્નને પણ જાળવવું તો પડે જ છે ને ? તેમ, આને પણ સારી રીતિએ ઉપયોગશીલ બનીને જાળવવું જોઈએ. ચિન્તામણિ રત્ન તો એવું છે કે-એ જેને મળ્યું હોય, તે એને સારામાં સારી રીતિએ જાળવ્યા કરે તો પણ, એ રત્ન એની સાથે પરભવમાં જાય જ નહિ; જ્યારે સમ્યક્ત્વને પામેલો જીવ જો સમ્યક્ત્વને જાળવી જાણે, તો એ એની સાથે પરભવમાં પણ જાય.

◆◆◆

ચોથે, પાંચમે અને છઠે ગુણસ્થાનકે રહેલો, એ ગુણસ્થાનકે કરવાની ક્રિયા કરવી છોડી ધ્યાનની વાતો કરે એ દંભી છે.

◆◆◆

ચોવીસે કલાક આપણે શરીરના ધર્મોની ખીલવટમાં રમતા રહીએ તો શરીરમાં રહેલા આત્માની શી હાલત થાય ?

◆◆◆

છદ્મસ્થ-જીવન ભયંકર હોવા છતાં પણ તે જો પ્રભુમાર્ગની આરાધના, રક્ષા અને પ્રભાવનાથી ઓપતું હોય છે, તો સ્વપરને માટે ભદ્રંકર બને છે.

◆◆◆

'છોકરો ગમે તેટલું ભણવા છતાં પણ, જો રૂપાદિ પાંચના આકર્ષણમાં ભૂલો ન પડે-એવી ખાતરી ન થઈ હોય, તો તેને તમે પેઢીએ બેસાડો નહિ કે એવી ખાતરી વિના તમે તમારી છોકરીને કોઈને ઘરે મોકલો નહિ, કેમ કે-

એવો છોકરો પેઢીએ બેસે તો પેઢીને બગાડે અને એવી છોકરી પારકે ઘરે જઈને એના ઘરને બગાડે !'-આવો વિશ્વાસ તમારે માટે રાખી શકાય તેમ છે? રૂપાદિના આકર્ષણમાં તણાવું એ સારૂં નથી, એટલું તો તમને લાગે છે ને ? રૂપાદિના આકર્ષણમાં તણાવામાં જે આનંદ માને, તેનો સંસાર સુધરે નહિ.

◆◆◆

છટ્ઠા ગુણસ્થાનકે રહેલા આચાર્યમહારાજ, ઉપાધ્યાય મહારાજ કે સાધુમહાત્મામાં રાગ-દ્વેષનો સર્વથા અભાવ હોય, એ બનતું જ નથી. પ્રશસ્ત રાગ-દ્વેષ હોવા, એ છટ્ઠા ગુણ સ્થાનકે રહેલા આચાર્યમહારાજના આચાર્યપણાને માટે કલંકરૂપ નથી જ અને તેજ રીતેએ ઉપાધ્યાયમહારાજના ઉપાધ્યાયપણાને માટે કે સાધુમહારાજના સાધુપણાને માટે પણ કલંકરૂપ નથી. પ્રશસ્ત રાગ-દ્વેષ હોવાના કારણે આચાર્યપણું ઉપાધ્યાયપણું કે સાધુપણું દૂષતિ થતું જ નથી. 'જેનામાં રાગ-દ્વેષ હોય તે સાધુ સાધુ નથી, ઉપાધ્યાય ઉપાધ્યાય નથી, અને આચાર્ય આચાર્ય નથી'-આવું વિવેકરહિતપણે માનનારા અને બોલનારા મિથ્યાવાદીઓ જ છે. 'સાધુઓ અપ્રશસ્ત રાગ-દ્વેષ ન આવી જાય તેને માટે કાળજીવાળા હોવા જોઈએ'-એમ કહેવું તે બરાબર છે, પણ-'સાધુઓ સર્વ પ્રકારના રાગ-દ્વેષથી રહિત જ હોવા જોઈએ'-એમ કહેવું તે ખોટું જ છે. સાધુ મોક્ષના અર્થી હોય અને સંસારના દ્વેષી હોય : એટલું જ નહિ, પણ તેવા પ્રશસ્ત રાગ-દ્વેષવાળા હોઈને, મોક્ષની પ્રાપ્તિને માટે અને સંસારના વિચ્છેદને માટે જ્ઞાનિઓની આજ્ઞા મુજબ સંવર અને નિર્જરાનાં કારણો ને સેવવામાં તેઓ ઉદ્યમશીલ પણ હોય.

◆◆◆

છોકરૂં આ મનુષ્યગતિમાં આવીને સૌથી પહેલું કયાં રહે ? કહો ને કે-માતાના પેટમાં. એ માટે તો સંતાન પેટમાં આવે ત્યારથી બાઈએ કેમ જીવવું, તેનું પણ શાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણન કરાએલું છે. ગર્ભવતી બાઈએ બહુ ઉંચેથી બોલવાનું ન હોય, ઝડપથી ચાલવાનું ન હોય, હર્ષના કે શોકના આવેશમાં આવી જવાનું ન હોય, ખરાબ વિચાર કરવાના ન હોય, ખરાબ વાતો કરવાની ન હોય, કુચેષ્ટાઓ કરવાની ન હોય-એ વગેરે ઘણી વાતો કહેવાઇ છે. કેમ ? એટલા માટે કે-હવે જોખમદારી માત્ર પોતાની નથી, પણ પેટમાં જે બીજો જીવ આવ્યો છે, તેની પણ છે. પેટમાં એક જ જીવ આવે,

એવું નિશ્ચિત નથી. બેય આવે, ત્રણેય આવે કે વધારે આવે. આ વાતને આમ નહિ માનનારાઓ પણ એવી વાત છાપામાં આવે એટલે માને. આર્ય દેશમાં તો ઉત્તમ કુળો જ ઉત્તમ શિક્ષણસંસ્થાની ગરજ સારતાં હતાં. પેટમાં સંતાન આવે, એટલે માતા સમજી જતી કે-હવે મારી જોખમદારી વધી ગઈ. એને ખબર હોય ને કે-'હું જે કાંઈ પણ બોલું, સાંભળું, વિચારૂં અને ચેષ્ટા આદિ કરૂં, તેની છાપ-તેના સંસ્કાર, ગર્ભમાં જે રહેલ છે, તેના ઉપર પડે છે.' માતા બહુ સારી હોય અને ગર્ભમાં પણ જો ઉત્તમ સંસ્કારો પાડે, તો ગર્ભમાં રહેલ પણ બાળક, જેમ ઉમરમાં વધે, તેમ તેના ગર્ભના દુઃખને એ ભૂલી જાય. જેમ તમને આ બધી વાતો સાંભળવી સારી લાગે છે અને આ સાંભળવામાં રસ આવે છે, તો ગરમીનું દુઃખ ભૂલાઈ જાય છે ને ? આવી રીતિએ, ગર્ભમાં જો બાળકને સુન્દર સંસ્કારો મળ્યા હોય, તો એ જન્મે ત્યારે કેટલો બધો તૈયાર થઈ ગયેલો હોય ? પછી એ જરા મોટો થાય ને બાપને હાથમાં લેવા જેવો થાય ત્યારે બાપ પણ સમજે કે-' જે વખતે મારા હૈયામાં ખરાબ વિચારોનો પ્રવાહ ચાલતો હોય, તે વખતે મારે આને હાથમાં નહિ લેવો જોઈએ.'શા માટે છોકરાને હાથમાં લેવાનો ? તમને ગમે, એ માટે ને ? બાળકને તમે હાથમાં લો છો, તે તમે રમવાને માટે કે એને રમાડવાને માટે? કયું બાળક તમને રમાડવું ગમે ? વજનમાં ભારે હોય તે કે હલકું હોય તે? સુંવાળું હોય તે કે ખરબચડું હોય તે ? હસતું હોય તે કે રોતું હોય તે ? સ્વચ્છ હોય તે કે મેલું હોય તે ? એમાં પણ ઘણી વાતો છે. મોટે ભાગે તો, તમે તમારા પોતાના જ આનંદ ખાતર એને રમાડો છો, એટલે એને રમાડતા નથી પણ તમે રમો છો અને એથી જ તમને હલકું, સુંવાળું, હસતું ને સ્વચ્છ છોકરૂં ગમે છે. આજે તો તમે જે રીતિએ તમારાં છોકરાંને રમાડો છો, તે રીત પણ ગજબની છે. કદાચ એમ પણ કહેવું પડે કે-જેમ તમે ખરેખર તમારા મા-બાપના નથી, તેમ તમે તમારા છોકરાનાય નથી. છોકરાને કેમ રમાડાય ? છોકરાને શા માટે રમાડવાનું ? એમાં જેમ એના શરીરને અંગેની કાળજી હોય છે, તેમ એમાં એના સંસ્કારને અંગેની કાળજી પણ હોય છે ! એ ખ્યાલ જોઈએ કે-'બાળકને જો સારા વિચારથી હાથમાં લેવાય, બાળકને હાથમાં લઈને જો સારા વિચારો કરાય અને એની પાસે સારા શબ્દો બોલાય, તો એથી એનામાં સારા સંસ્કારો પડે !' તમે બાળકને રમાડતાં શું શું વિચારો

છો અને શું શું બોલો છો ? એ બાળક બાલ્યકાળમાં મરે, એવું પણ બને કે નહિ ? તમે ખોટા સંસ્કારો નાંખ્યા હોય, એમાં તે બાલ્યકાળમાં મરે ને દુર્ગતિમાં જાય, તો એ પાપ તમારૂં ખરૂં કે નહિ ? તમે બાળકને રમાડતી વખતે, શાં શાં ગાંડાં કાઢો છો ને શાં શાં ગાંડાં કરો છો, એ બોલાય એવું છે ? ખરેખર એ વાત એવી છે કે એ મારે બોલીવી પડે નહિ, એ જ સારૂં છે !

♦♦♦

છેવટ સદ્વિચાર, સહિષ્ણુતા, સદાચાર અને ઉદારતા,- એ ચાર સદ્ગુણો ખીલવવા જોઈએ. આટલું કરો તોય હસીને સમભાવે જીવાય અને હસીને સમાધિપૂર્વક મરાય. જન્મ્યા ત્યારે બીજા હસ્યા ન તમે રડયા, હવે એવી રીતિએ જીવો અને એવી રીતિએ મરો કે-'તમે હસો ને બધા રડે !' આથી બીજાઓને રડાવવાનું સાધુ કહેતા હતા એવો અર્થ કાઢવાની બેવકૂફી નહિ કરતા ! આનો અર્થ તો એટલો જ છે કે-જીવનને વધુમાં વધુ સુન્દર બનાવવું, કે જેથી મૃત્યુ વખતે જાણનારાને લાગે કે-'એક મહાન આત્મા ગયો!' પણ આજે તો હસીને પાપ કરાય છે, એથી જીવાય છે પણ રડતાં અને મરાય છે પણ રડતાં ! માટે છેવટ એટલું તો જરૂર કરવું જોઇએ કે-

(૧) બીજા જીવોનું ભલું ન થાય તો કંઈ નહિ પણ ભૂંડું તો ન જ ઇચ્છવું:

(૨) વિપરીત સંયોગોને સહન કરવાની શક્તિ કેળવવી અને માનવું કે-આપણી આફત આપણે ઉભી કરેલી છે, માટે હસીને ભોગવીએ કે રડીને ભોગવીએ, પણ ભોગવ્યે જ છૂટકો છે :

(૩) સદ્વિચાર અને સહનશીલતા ટકાવવા માટે પણ સદાચારી બનવું જોઈએ અને દુરાચારનો ત્યાગ કરવો જોઇએ : તેમજ

(૪) ઉદારતાનો ગુણ યથાશક્તિ કેળવવો જોઇએ.

જે આત્માઓ પોતાના જીવનમાં છેવટ આ ચાર સદ્ગુણો ખીલવવા મથે છે, તે આત્માઓ પણ પોતાની મનુષ્ય તરીકેની ફરજ અદા કરી શકે છે અને મનુષ્ય છતાં પશુ જેવું તથા આર્ય છતાં અનાર્ય જેવું જીવન જીવવાથી બચી સ્વપર કલ્યાણ સાધી શકે છે. આજે ચોવીસેય કલાકની પ્રવૃત્તિમાંથી આત્મા ભૂલાયો છે, એને બદલે ચોવીસે ય કલાક આત્માની યાદ કાયમ રહે

એમ કરવું જોઈએ, અને એ રીતે સ્વપરનો વિવેક કરી યોગ્ય રીતિએ વર્તનારા આત્માઓ આ દુર્લભ માનવજીવનની પ્રાપ્તિને સારામાં સારી રીતિએ સફળ બનાવે છે : અર્થાત્ આત્માની ઉન્નતિ સુન્દર પ્રકારે સાધી શકે છે.

◆◆◆

જગતમાં તેજ પુરૂષો ગુરૂપદને લાયક છે કે જેઓ પાપથી બચવા સાથે પાપમાંથી બચવાની ચેતવણીઓ આપી રહ્યા છે.

◆◆◆

જગત્‌ની સઘળી સ્વચ્છંદતાનું મૂળ જ એ છે કે-શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સમજાણી નથી.

◆◆◆

જગતના જીવો જે જાતિના સુખને ઈચ્છે છે, તે જાતિનું એટલે કે-દુઃખથી સર્વથા રહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખ ત્યારે જ પ્રાપ્ત થાય છે, કે જ્યારે આત્મા સંપૂર્ણ સ્વભાવસ્થતાને પામે છે. આ કારણે અનન્તજ્ઞાનિઓએ એ જ માર્ગ ઉપદેશ્યો છે, કે જે માર્ગને અનુસરનારો આત્મા પરિણામે સંપૂર્ણઃ સ્વભાવસ્થતાને પ્રાપ્ત કરી શકે છે.

◆◆◆

જગતના સર્વ ઝગડાનું મૂળ અર્થ અનેકામની આસક્તિ છે.

◆◆◆

જગતને ઉપદ્રવભૂત થતા બચવું હોય, તો ત્યાગ વગર છૂટકો જ નથી. ત્યાગી માણસ જગતને ઉપદ્રવભૂત થાય નહિ. એ જીવે જ એવી રીતિએ કે-કોઈના પણ દુઃખમાં એનું જીવતર છે એમ કહેવાય નહિ. તમારૂં જીવતર કોઈનેય માટે દુઃખનું કારણ નથી, એમ કહી શકશો ? કેટકેટલા જીવોના કચ્ચરઘાણમાંથી તમારૂં સામાન્ય પણ સુખ સર્જાય છે, એ પણ એક ઝીણવટથી વિચારવા જેવી બાબત છે.

◆◆◆

જગત જ્યારે દુનિયાના મોહ માટે મરી રહ્યું છે ત્યારે ધર્મી ધર્મ માટે મરવા તૈયાર થાય તેમાં ખોટું શું છે ?

◆◆◆

જગતમાં મંગળ તે જ કહેવાય છે કે-જે આત્મસિદ્ધિને સાધવાને

સહાયક થાય. જગતમાં સાધવા લાયક સિદ્ધિ પદ શિવાય કોઇ વસ્તુ નથી. તેથી જૈનશાસનમાં મંગળ તેને જ કહેવાય છે કે-જેનાથી આ સંસારસાગરથી ઘણી સહેલાઈ પૂર્વક નિસ્તાર થાય.

◆◆◆

જગતના જીવોને જે વસ્તુ અપ્રાપ્ય હોય તે વસ્તુ પમાડવી એમાંજ મહાપુરૂષોની મોટાઇ છે. અપ્રાપ્ય એટલે અલૌકિક. લોકમાં જે ચાહે છે તેથી ઉલટું ખાવા-પીવા-પહેરવા-ઓઢવાની-પ્રવૃત્તિ નહિ પણ એથી વિપરિત આત્મગુણની પ્રાપ્તિ અને તેને માટેનો પ્રયત્ન.

◆◆◆

જગતના જીવોને શીખવા અગર શીખવવા લાયક કોઈ પણ વસ્તુ હોય, તો તે એક ધર્મ જ છે. અર્થ અને કામ તરફ તો જગત વિના ઉપદેશે પણ પ્રવૃત્તિવાળું છે. મોક્ષ અને તેના સાધનભૂત ધર્મની શ્રદ્ધા, એ જ ઉપદેશવા યોગ્ય છે. એની સામે થનારા કસાઈ કરતાં પણ વધારે ભયંકર કોટિના ધાતકી છે.

◆◆◆

જગતના જ્ઞાનીને-માત્ર દુનિયાના જ્ઞાનીને આપણે અજ્ઞાની કહેવાની હિમ્મત કરીએ છીએ, તે આ સમ્યગ્દર્શનના જ બળે. એને બરાબર અજ્ઞાની કહી શકાય અને સાબીત કરી શકાય તેમ છે : અને જો એ સજ્જન હોય તો એને એ બરાબર કબૂલ પણ કરવું પડે, કારણકે-'જ્ઞાની હોવા છતાં જ્ઞાનના ફળનો એક ટુકડોય કેમ નહિ ? તેથી તું અજ્ઞાન છે. ઉલ્ટો ભણીને તું વધુ પાપી થયો. પાપ એ વિષ તો હતું, એને તું ભણીને હુંશીયારીથી કરતો ગયો. એટલે વિષને વધારતો ગયો.'

◆◆◆

જગતમાં તો સુખી જીવો પણ હોય અને દુઃખી જીવો પણ હોય દુઃખી જીવો દુઃખી છે માટે એમના પ્રત્યે કરૂણાનો ભાવ જોઇએ. તો સુખી જીવો સુખમાં રક્ત બનીને દુઃખી થવાનો ધંધો કરી રહ્યા છે, માટે એમના પ્રત્યે કરુણાનો ભાવ જોઇએ. કર્મને પરવશ પડેલા અને કર્મનું ઉપાર્જન કરીને સંસારમાં ભટકવાનું ઉપાર્જી રહેલા જીવો કરુણાપાત્ર જ છે.

◆◆◆

જગતમાં જીવોમાં જે ફેરફાર દેખાય છે, તે કર્મોના યોગને અંગે છે. પુણ્યના યોગે જીવ સારા સ્થાને જન્મ પામે છે અને પાપના યોગે જીવ નરસા સ્થાને જન્મ પામે છે. સારા સ્થાને કે નરસા સ્થાને, સુખના સ્થાને કે દુઃખના સ્થાને, જીવ પોત પોતાના પુણ્ય-પાપાનુસાર જન્મે છે, જીવે છે અને મરે છે. આથી જ, જ્ઞાનિઓએ કોઈ પણ જીવની હિંસાથી બચતા રહેવાનું અને સર્વ જીવોના રક્ષણ માટે પ્રયત્નશીલ રહેવાનું ઉપદેશ્યું છે. એ ધર્મને અમે અમારાથી શકય એટલે અંશે જીવનમાં જીવીએ છીએ અને જે કોઈ અમારા પરિચયમાં આવી જવા પામે, તેને પણ એ જ રસ્તે ચાલવાની શકય પ્રેરણાદિ કરીએ છીએ.

◆◆◆

જડની શક્તિ એટલી જ છે કે તમારી સામે આવીને એનો ભભકો બતાવે. પણ તમે જો બહાદૂર રહો તો એ કાંઈ કરી શકે એમ નથી જ.

◆◆◆

જડ વસ્તુ પ્રત્યે જેટલો આત્માને રાગ થાય છે, તેટલું જ આત્માને દુઃખ થાય છે. જડ પદાર્થ ઉપરથી રાગ છૂટી જાય તો આત્માને દુઃખ થવાનું કારણ નથી.

◆◆◆

જન્મતાંની સાથે જ જે સદાચાર મળવો જોઈતો હતો તે ન મળ્યો, એ પૂર્વની ઉત્તમ કાર્યવાહી કરતાં રહેલી કચાશ ખરીને ? અને, એ કચાશ જો આ ભવમાં પણ રહી જાય તો ? દરેકે નક્કી કરવું જોઈએ કે-હવે એવી કચાશ રહેવા દેવી નથી. ભૂતકાળમાં ખામી રહી ગઈ એમ તો અનુભવ કહે છે, કારણ કે-જન્મતાં આ આર્યદેશ સાથે જે ઉત્તમ વાતાવરણ મળવું જોઈતું હતું તે મળ્યું નહિ; પણ હવે આ કાળમાં એ ખામી નથી રહેવા દેવી એમ આત્મા કહે છે ?

◆◆◆

જન્મ્યે કેટલાંક વર્ષો થયાં ? જેટલી ઉમર થઇ એટલાં. હવે આ જીંદગીમાં બાકી કેટલાં વર્ષો છે ? એની ખબર નથી. જીવવાનું કેટલું બાકી છે-તેની ખબર નથી અને મરવાનું નક્કી છે, તોય તમે અહીંયાં નિશ્ચિંતપણે બેઠા છો ને ? તમને કદી પણ એવો વિચાર સરખોય આવ્યો છે કે-'જે

જીવનની મહત્તાને સર્વ આસ્તિક તત્ત્વજ્ઞાનિઓએ સ્વીકારી છે, તે મનુષ્યજીવનને પામીને મારે ખરેખર શું મેળવી લેવા જેવું છે ?'

♦♦♦

જન્મ, જરા અને મરણ આદિનાં દુ:ખો આપણો આત્મા અનાદિકાળથી ભોગવી રહ્યો છે. આત્મા જ્યાં સુધી પરમાત્મા ન બને, ત્યાં સુધી એ દુ:ખોનો સર્વથા અન્ત અશકય છે.

♦♦♦

જન્મવુ અને જીવ્યા-ન જીવ્યા ત્યાં મરવું અને પાછું નવું શરીર વળગે, એ આપણને પસંદ છે ? આ જન્મમાં આપણે એનો નિર્ણય કરી લેવો જોઈએ અને આપણી જે સ્થિતિ આપણને પસંદ નથી, તેનો અન્ત કેમ આણી શકાય-તે આપણે જાણવું જોઈએ. અને જાણીને પણ, એને માટે જરૂરી ઉપાય યોજવો જોઈએ. માનવજીવનનું મહત્ત્વ જ ખાસ કરીને એ માટે છે.

♦♦♦

જમાનાના બહાને ઉત્તમ મર્યાદાને પણ ગાંડી કહેનારાઓ, ખરે જ ગાંડા છે : કારણ કે-ઉત્તમ મર્યાદાએ તો ઘણાય યોગ્ય આત્માઓને બચાવ્યા છે અને એવી મર્યાદામાં બચાવવાનો ગુણ પણ છે.

♦♦♦

જન્મભૂમિ-ગામ-નગર-દેશ-જાતિ-કુટુંબ-પરિવાર-સ્નેહી-સંબંધી-બધાંને છોડી, શક્તિમાન હોય તો બે-ચાર સ્નેહિને બગલમાં મારી, તમે અહીં દોડયા આવ્યા છો. ઓછો ત્યાગ કર્યો છે ? તમે પણ તેવા ત્યાગી તો છો જ, પણ તમારો એ ત્યાગ રાગના ઘરનો છે, ત્યાગ આત્મ લાભ નથી કરતો પણ હાનિ કરે છે. ત્યાગ કર્મના યોગ માત્રથી મુક્ત બનવા માટે જોઈએ.

♦♦♦

જળ જેમ મલિન વસ્ત્રની અત્યંત શુદ્ધિ કરે છે, તેમ મિથ્યા માન્યતાઓ આદિથી મલિન બનેલા અંતઃકરણ રૂપી રત્નની શાસ્ત્ર શુદ્ધિ કરનાર છે.

♦♦♦

વગર ક્રિયાએ જૈનપણું ટકશે ?

જરા વિચારો તો ખરા કે-આત્મા ઉપર કેટલી નોબત વાગે છે ? આત્મા ઉપર કેટલા પ્રમાણમાં કર્મસત્તા લાગુ પડેલી છે ? એ કર્મો એક

દિવસ જરા પણ શરમ રાખ્યા વિના ઉપાડી જશે. કરણી મુજબના સ્થાનમાં નાખી દેશે. તમે તમારી સગી આંખે જૂઓ છો કે-કેઇ શ્રીમંતો, કેઇ રાજા મહારાજા, એ બધા કયાં ગયા ? તેમાંયે વીસમી સદીનો ઇતિ!ાસ તો કાંઈ જેવો તેવો નથી. ચડતી-પડતી ક્ષણે ક્ષણે, આજે લાભ, કાલે કાણ. આજે ક્રોડ, કાલે કોડી. મોંઢાના વેપાર. ન લેવું-ન દેવું. ઘડીમાં પાંચસો તો ઘડીમાં સાતસો ને ત્યાંના ઉપડયા સવાસો. આદમી તરીકે, પુણ્ય પાપને માનનારી વ્યક્તિ તરીકે, પુણ્ય પાપના ફળ તરીકે સ્વર્ગ ને નર્ક માનનારી વક્તિ તરીકે આવી રીતે કેમ કહી શકે ? ઉચિત આચરણ કરવાનું કેમ ચૂકે ? કદાચ આચરણ શકય ન હોય તો તેના તરફ અરૂચિ કે અસદ્‌ભાવ તો કેમ જ બતાવી શકે ?

◆◆◆

જ્યારે મનુષ્યભવ પણ દુર્લભ હોય, તો પછી એ મનુષ્યભવની, ધર્મપ્રાપ્તિ અને ધર્મસાધનામાં સહાય અર્પે એવા આર્ય દેશમાં, આર્ય કુલમાં અને આર્ય જાતિમાં પ્રાપ્તિ થવી, તે વિશેષ મુશ્કેલ જ હોય તથા તેમાં પણ આરોગ્યાદિની પ્રાપ્તિ વિશેષ મુશ્કેલ હોય, એ તો તદ્દન સીધી અને સ્પષ્ટ જ વાત છે. દુર્લભ એવો પણ મનુષ્યભવ પ્રાપ્ત તો થાય, પણ તે સાથે અનાર્ય દેશ મળે તો ? આર્ય દેશમાં પણ અધમ જાતિ અને અધમ કુળ મળે તો ? દેશ, જાતિ અને કુળની સુન્દરતા પ્રાપ્ત થવા છતાં પણ આરોગ્યની પ્રાપ્તિ ન થાય તો ? આરોગ્ય મળે પણ બુદ્ધિની મન્દતા હોય તો ? આ વગેરે વસ્તુઓ એવી છે કે-ધર્મની પ્રાપ્તિમાં અને ધર્મની સાધનામાં તેનો પણ ફાળો રહે છે અને આના અભાવમાં, પ્રાપ્ત થયેલો મનુષ્યભવ નિરર્થક પ્રાયઃ થઈ જાય છે. મનુષ્યભવની પણ દુર્લભતા-એમ જણાવીને એ જ સૂચવે છે કે-મનુષ્યભવ ઉત્તમ સંયોગો આદિમાં પ્રાપ્ત થવો, એ વસ્તુ એથી પણ અધિક દુર્લભ છે.

◆◆◆

જ્યાં કેવળ લક્ષ્મી અને તેના ઉપભોગોની જ ગરજ હોય, ત્યાં ઈર્ષ્યા આદિ દોષો ઉત્પન્ન થવા, એ કાંઈ અસ્વાભાવિક વસ્તુ નથી : અને બીજાની પાસે લક્ષ્મી હોય તે અગર તો તે જે કાંઇ સુખ ભોગવતો હોય તે ખમાય નહિ, ત્યાં શાંતિની આશા આકાશકુસુમ જેવી જ છે.

◆◆◆

જ્યાં જ્યાં સમાનતા સંભવી શકે, ત્યાં ત્યાં અમે સમાનતાના વિરોધી નથી પણ પક્ષપાતી છીએ. સંસારમાં ઘર માંડીને બેઠેલાં યુગલો એવાં સંપીને રહે કે-બેય પોતાનું કલ્યાણ સાધે અને બન્નેનો સુન્દર વ્યવહાર લોકોને શીખવા જેવો લાગે. જ્યાં સુધી સંસારને છોડી સાચા ત્યાગી બની શકાય એવું ન હોય, ત્યાં સુધી સ્ત્રી અને પુરૂષ આવી રીતિએ વર્તે એવું યોગ્ય છે, પુરૂષ સ્ત્રીને હલકી માનીને અવગણે અથવા તો એક-બીજા હલકા-મોટાની વાતથી મારામારી કરે, તે કાંઇ પસંદ કરવા લાયક વસ્તુ નથી. શાસ્ત્રોએ પુરૂષની પ્રધાનતાની જે વાત કહી છે, તે જુદા હેતુથી કહી છે. આજે સમાનતાની વાતો કરનારા તો મોટે ભાગે ખાલી વાતો કરે છે અને કેટલીક વાર તો નિરર્થક ઝઘડે છે. સમાનતાની ખાલી વાતો કર્યા કરવા કરતાં તો, થોડું જીવી બતાવવું તે સારૂં. જે શાસ્ત્રોએ અમુક દષ્ટિએ પુરૂષની પ્રધાનતા વર્ણવી છે, તે શાસ્ત્રોએ સ્ત્રી-પુરૂષ બન્નેયને માટે કળાઓ પણ વર્ણવી છે. સ્ત્રીને કળાવિહીન રાખવાનું કહ્યું જ નથી.

♦♦♦

જ્યાં ભોજનની જરૂર છે ત્યાં તપશ્ચર્યાની જરૂર છે, જ્યાં લક્ષ્મી છે ત્યાં દાનની જરૂર છે, તેવી જ રીતે યાવત્ અપ્રશસ્ત કષાયની આત્મામાં હયાતિ છે, તાવત્ પ્રસંગે પ્રશસ્ત કષાયોનું અવલંબન આત્મા માટે જરૂરી છે.

♦♦♦

જ્યાં ત્યાં માથુ ધુણાવતાં શીખો મા. ન સમજાય ને ન જચે ત્યાં સુધી કદી પણ હા પાડો મા. સમજાય નહિ ને જચે પણ નહિ તોય જો હાએ હા કર્યા કરશો, તો તમારો નંબર વાસ્તવિક રીતિએ શ્રોતામાં નહિ ગણાય, પણ હાજિયામાં ગણાશે. વક્તાને તો એમ થવું જોઈએ કે-'આ શ્રોતા જે તે બધી વાતમાં હા પાડી દે એવો નથી. એને સમજાશે ને જચશે તો જ હા પાડશે, નહિ તો પૂછ પૂછ કર્યા કરશે.'

♦♦♦

જ્યાં મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે, ત્યાં સારૂં હોય તે પણ અવળું જ દેખાય છે.

♦♦♦

જ્યાં પોતાને જ પોતાના આત્માના હિતની ચિંતા નથી, ત્યાં જગત

માત્રના કલ્યાણની ભાવના અને જગતના પ્રાણી માત્ર પરહિતમાં રક્ત બનો, એ ભાવના આવે જ કયાંથી ?

♦♦♦

જ્યાં શ્રી વીતરાગના શાસનની છાયા નહિ, ત્યાં શ્રી વીતરાગ પરમાત્માના અનુયાયીની પ્રશંસા હોય જ નહિ ને ? સમ્યગ્દષ્ટિ આત્માઓને માટે તો, એ છાપ હોય કે-એ જેની તેની પ્રશંસા કરે નહિ તેમ જ જેમ તેમ પ્રશંસા કરે નહિ. પ્રશંસા કરવામાં પણ એ વિવેકને ચૂકે નહિ.

♦♦♦

જ્યાં સુધી આત્મા પાપથી ડરનાર ન બને, ત્યાં સુધી એના હાથે કોઈનું વાસ્તવિક ભલું થાય, એ આશા રાખવી નહિ. જેને પાપ અને અનાચારનો ભય નથી, તે સામાનું ભલું કયી રીતિએ કરી શકે ?

♦♦♦

જ્યાં સુધી આત્મા અને આત્માનો ધર્મ ન સમજાય ત્યાં સુધી સૌ પોતપોતાની ફરજ યથાસ્થિતપણે બજાવી શકે એ શકય જ નથી.

♦♦♦

જ્યાં સુધી આત્મા કર્મના યોગવાળો છે, ત્યાં સુધી તેનો સંસાર કાયમ છે એમ કહી શકાય, કારણ કે-જ્યારે આત્મા કર્મના યોગથી સર્વથા રહિત બની જાય છે, ત્યારે જ તે સિદ્ધિસુખનો ભોક્તા બની શકે છે.

♦♦♦

જ્યાં સુધી આત્મા શ્રી જિનની સાથે રહે, શ્રી જિન ઉપર જ પોતાની દષ્ટિને કેન્દ્રિત કરીને રહે, ત્યાં સુધી એ સંસારની ગમે તેવી સાહ્યબી ભોગવતે છતે પણ નિર્ભય રહી શકે છે. શ્રી જિનના સંયોગથી છટકી જવાય ત્યાં જ દુ:ખ છે. શ્રી જિનનો સંયોગ જ્યાં સુધી બરાબર બન્યો રહે, ત્યાં સુધી તો દુ:ખમાં પણ સુખ અનુભવાય છે.

♦♦♦

જ્યાં સુધી આત્મા, આત્માના ગુણો અને આત્માના ગુણોને ખીલવનારી સામગ્રી ઉપર પરમ રાગ થશે નહિ તેમજ કર્મસત્તા, કર્મસત્તાના યોગે આવેલા અજ્ઞાનાદિ દોષો અનએ દોષોને ખીલવનારી સામગ્રી ઉપર કારમો દ્વેષ ઉત્પન્ન થશે નહિ, ત્યાં સુધી વીતરાગપણું પમાશે નહિ. આ તો

એક વાત યાદ રાખી કે-રાગદ્વેષ ન થાય. તમારામાં જ્યારે રાગદ્વેષનું નામ કે નિશાન ન હોય, તે દિ' કોઈના ઉપર રાગ કે દ્વેષ કાંઈ કરશો નહિ, પણ જ્યાં સુધી રાગ-દ્વેષ છે, ત્યાં સુધી આ પ્રકારના પ્રશસ્ત રાગ-દ્વેષ તરફ જરાય સુગવાળા બનશો નહિ. પ્રશસ્ત રાગ-દ્વેષ અપ્રશસ્ત રાગ-દ્વેષને કાઢનારા છેઃ એટલું જ નહિ, પણ એ એવા તો ગુણવાન છે કે-અપ્રશસ્ત રાગદ્વેષનું મૂળ ગયા પછી પ્રશસ્ત રાગ-દ્વેષ એક ક્ષણ પણ ટકતા નથી.

◆◆◆

જવાનું છે એ નક્કી છે. જ્યાં સુખ હોય ત્યાં જવાનું મન છે-એમ તમે કહો છો અને જ્યાં જવાને હું ઈચ્છું ત્યાં જવું તે મારા હાથની વાત છે, એવો તમારો વિશ્વાસ છે ! આવો માણસ અહીં જીવે કેવી રીતિએ ? બને ત્યાં સુધી પાપને આચરવાથી અળગો રહે અને પાપને આચરવું પડે તોય મનને પાપાસકત બનવા દે નહિ, એમ તો ખરૂં જ ને ? તમે જે જે પાપોને આચરો છો તે ન છૂટકે જ આચરો છો અને એ પાપોને આચરવા છતાં પણ તમારું મન તો પાપથી પરાઙ્મુખ જ છે, એમ હું માની લઉં ને ? જે કોઈ એમ સમજે કે-મારા સારા અગર નરસા ભવિષ્યનું સર્જન કરનારો હું છું, એટલે હું ધારું તો હું મારા સારા ભવિષ્યને સર્જી શકું તેમ છું, તે પોતાની આ સમજનો થોડે-ઘણે અંશે પણ અમલ જ કરે નહિ, એ કેમ બને ? જેને તે ન કરવા જેવું માનતો હોય તેવું પણ તે કરે-એ બને, પણ જે એવું બને, એનો એને ખટકારો તો હોય ને ? અમે સમજીએ છીએ કે-અમારા સુખના કે દુઃખના સર્જક અમે છીએ-એવું પણ કહે અને અમને દુઃખ ગમતું નથી તથા સુખ ગમે છે-એવું પણ કહે; તે છતાં પણ દુઃખનાં કારણોને એસેવે. તો એના હૈયા ઉપર તો બોજો હોય ને ? નહિ કરવાનું હું કરૂં છું અને ન ગમે તેવું મારૂં ભવિષ્ય હું જ સર્જું છું, આવું તો એના હૈયામાં હોય ને ? એ વિના તો, સમજની વાતો એ બનાવટ છે, એમ કહેવું પડે ને ? સમજ વિરૂદ્ધ કામ થાય અને એની ખટકેય હોય નહિ, તો એ સમજ વસ્તુતઃ સમજ જ નથી

◆◆◆

જાતની પ્રભાવનાને ભૂલ્યા વિના તમે કદી જ શાસનની પ્રભાવના કરી શકવાના નથી !

◆◆◆

જાહેરમાં પ્રાયઃ કોઈથી એમ નહિ બોલાય કે-'મને અનાચાર ગમે છે.' એવું બોલનારા શહેરમાં ન ફરી શકે, કારણ કે-એમને છૂટા ફરવા દેવામાં સલામતી કોની ? ત્યારે અનાચારમાં રાચનારાઓ પણ-'સદાચાર અમને ગમતો નથી : અમને અનાચાર પસંદ છે.'-એમ જાહેરમાં કહી શકે તેમ નથી. સદાચાર જરૂરી છે એનું મોટું પ્રમાણપત્ર જ આ છે ! સદાચારની એ કમ વિશિષ્ટતા છે કે-અનાચારીથી પણ 'સદાચાર ખોટો કે ભૂંડો'-એમ જાહેરમાં આબરૂભેર બોલી શકાતુ નથી ?

◆◆◆

જ્યારે આત્મભાન થશે, ત્યારે જો કોઈ ખામી દર્શાવનાર મળશે, તો તેનો ઉપકાર માનવાની ભાવના થશે

◆◆◆

જ્યારે ને ત્યારે સંયમની કઠીનતાજ સંભળાવવામાં વક્તા અને બીજું બધું જ ભૂલી જઈને એ કઠીનતાને જ યાદ રાખનાર શ્રોતા, એ બંને માર્ગ બહાર કોટિના છે; કેમ કે-વસ્તુસ્થિતિ એવી નથી.

◆◆◆

જ્યારે દુનિયાની નહિ જેવી પદવીઓ માટે બાલ્યકાળથી જ અભ્યાસની જરૂર પડે છે, તો જેને ધર્મશાસનની પ્રભાવના કરવી છે, એનો પ્રચાર કરવો છે, તેના માટે બાલ્યકાળથી તે પ્રવૃત્તિ અંગીકાર કરવાને કોણ ના પાડે ?

◆◆◆

જગદેકબન્ધુ એવા ભગવાન શ્રી વર્ધમાન સ્વામિજીએ, શ્રી અષ્ટાપદગિરિજીથી આવેલા શ્રી ગૌતમસ્વામિજી નામના મહામુનિજીને ફરમાવ્યું હતું કે-

"दुल्लहे खलु माणुसे भवे,<br>
चिरकालेण वि सव्वपाणिणं ।<br>
गाढा य विवागकम्मुणो,<br>
समयं गोयमं ! मा पमायए ॥१॥"

પ્રથમ ગણધરદેવ, ચાર જ્ઞાનના સ્વામી, તદ્ભવમુક્તિગામી, દ્વાદશાંગીના પ્રણેતા અને ભગવાન શ્રી મહાવીરદેવની આજ્ઞાનું પાલન કરવામાં

જ વિનમ્રભાવે ઉદ્યત એવા પણ ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામિજી જેવાને, ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ આપેલો આ ઉપદેશ, પ્રત્યેક કલ્યાણકામી આત્માના હૃદયને હચમચાવી મૂકે એવો છે. મહા અપ્રમાદી એવા પણ મહર્ષિને ભગવાને આપેલો આ ઉપદેશ, એ શું પ્રમાદી બનેલાઓને માટે ઓછો પ્રેરક છે ? સુશ્રદ્ધાળુ આત્માઓને માટે તો આ ઉપદેશ અતિશય પ્રેરક છે, પરન્તુ પ્રમાદવશ બનેલા આત્માઓને તો આવા ઉપદેશની સહજ પણ અસર ન થાય, એય સુસંભવિત છે. પ્રમાદમગ્નતા, એ વસ્તુની કિંમતના અભાનનું અથવા તો વસ્તુની કિંમતની.....સ્મૃતિ આદિના અભાવનું પરિણામ છે. અને જ્યારે આત્માને વસ્તુની કિંમતનું અભાન થાય છે, ત્યારે કિંમતી પણ વસ્તુને વેડફી નાંખનારી અને કિંમતી પણ વસ્તુનો ઉપયોગ અહિત સાધનામાં કરાવનારી પ્રમાદ મગ્નતાને માટે, આત્માને ઘણો જ તિરસ્કાર છૂટે છે. આસક્તિના યોગે પ્રમાદી બનેલા આત્માઓ જ્યારે જ્યારે જાગૃત થાય છે, ત્યારે ત્યારે તે સમયે અને તે પછીથી પણ જાગૃત થાય છે, ત્યારે ત્યારે તે સમયે અને તે પછીથી પણ જાગૃત દશામાં તેઓએ કરેલી ભાવનાઓ અને પ્રવૃત્તિઓની અનુમોદના કર્યા વિના રહી શકતા નથી. પોતાની પૂર્વની પાપકાર્યવાહીથી ચોંકી ઉઠેલા તે આત્માઓ, પોતાના સઘળા જ સામર્થ્યનો આત્મહિતને માટે એવો તો ઉલ્લાસપૂર્વકનો ઉપયોગ કરે છે કે, જે ઉપયોગ ભયંકર પણ પાપાત્માને પરમ પાવનકારી બનાવી દે છે. સઘળા જ શ્રદ્ધાળુ આત્માઓ આવી ઉચ્ચ દશાને એકદમ પામી શકતા નથી, તો પણ પોતાની પ્રમાદાધીનતાને માટે તિરસ્કારવાળા બનેલા આત્માઓમાં, એક પ્રકારનું જાણે નવીન ચૈતન્ય જ પ્રગટયું હોય-એમ બીજાઓને લાગી જાય છે.

◆◆◆

જ્યાં જ્યાં જિનશાસન, ત્યાં ત્યાં જિનમંદિર ને ઉપાશ્રય હોય જ. એ રાખવાનું કારણ ? પેલી સામગ્રીને લઇ આત્મા આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી બચી શકતો નથી, માટે જ્યારે જ્યારે ધર્મસાધના કરવી હોય ત્યારે ગમે તેવા શ્રીમાને પણ બંગલાનાં દીવાનખાનાં છોડવાં જ જોઇએ.

◆◆◆

જ્યાં શ્રી જિનની આજ્ઞા નહિ, ત્યાં ધર્મ નહિ ! જે ક્રિયા આજ્ઞારહિત, તે ક્રિયામાં ધર્મ નહિ ! આજ્ઞાની આરાધના નહિ, તો શાસનની આરાધના

નહિ ! મુનિધર્મ આદિ સઘળીય ધર્મક્રિયાઓ અને સઘળાં પણ ધર્માનુષ્ઠાનો શ્રી જિનની આજ્ઞાની આરાધના પૂર્વકનાં હોય તો જ ધર્મ રૂપ છે : અન્યથા, દુનિયાની દૃષ્ટિમાં કોઇ ક્રિયા કે અનુષ્ઠાન ભલે ધર્મ રૂપ દેખાય, પરન્તુ વસ્તુત : એને ધર્મ રૂપ કહી શકાય નહિ ! આથી વિરાધનાથી બચીને આરાધના તરફ કાળજીવાળા બનવું જોઇએ, કે જેથી ધર્મક્રિયા આદિનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થાય !

◆◆◆

જ્યાં સુધી આત્મા પાપથી ડરનાર ન બને, ત્યાં સુધી એના હાથે કોઇનું વાસ્તવિક ભલું થાય, એ આશા રાખવાની નહિ. જેને પાપ અને અનાચારનો ભય નથી, તે સામાનું ભલું કયી રીતિએ કરી શકે ?

◆◆◆

જ્યાં સુધી આર્ય દેશના માનવીઓને પણ, આર્ય દેશના તત્ત્વજ્ઞાનિઓએ આ મનુષ્યજીવનની જે પ્રકારની કિંમત આંકી છે તે પ્રકારની આ જીવનની કિંમત ન સમજાય, ત્યાં સુધી આ માનવજીવનનો પરમ આદર્શ કયો હોઈ શકે, તે તેમને સમજાય જ નહિ.

◆◆◆

જ્યાં સુધી આત્મા કર્મથી લેપાએલો છે, ત્યાં સુધી કદી જ એ સંપૂર્ણ સાચા સુખને પામી શકતો નથી.

◆◆◆

જ્યાં સુધી જીવ સંસારના સુખ પ્રત્યે ચલચિત્તવાળો બનતો નથી અને કોઈ શાશ્વત તથા સર્વથા દુઃખરહિત સુખ હોવું જોઇએ એવી એને કલ્પના આવતી નથી, ત્યાં સુધી એ ખુદ ભગવાન શ્રી જિનેશ્વરદેવના શ્રીમુખે ઉપદેશ સાંભળે તો પણ, એનામાં આધ્યાત્મિક ભાવ પેદા થઈ શકતો નથી.

◆◆◆

જ્યાં સુધી જીવની યોગ્યતા ન પાકે, ત્યાં સુધી ખુદ શ્રી તીર્થંકરદેવ મળે તોય જીવને શ્રી જિનવાણીરૂચે નહિ. આચાર્ય ભગવાન આદિ અનેક મહાત્માઓ મળે ને દ્વાદશાંગી મળે, પણ જે જીવની યોગ્યતા પાકી ન હોય, તેને શ્રી જિને કહેલી વાત રૂચે જ નહિ. જે આત્માઓ સમક્તિને વમીને દુર્લભ બોધિ થઇ ગયા હોય, તેમનેય ભગવાને કહેલી વાત રૂચે નહિ.

♦♦♦

જ્યાં સુધી તમને આ બધા પદાર્થો મૂકવાના છે એવો નિર્ણય ન થાય, અહીંથી ગયા પછી સારી જગ્યાએ જવા માટે કોની આજ્ઞા માનવી એવી ચિંતા તમારા હૃદયમાં પેદા ન થાય, ત્યાં સુધી ધર્મ આપવો શી રીતિએ ?

♦♦♦

જ્યાં સુધી મોક્ષપ્રાપ્તિ એજ એક માત્ર ધ્યેય બને નહિ, મન-વચન-કાયાના યોગો જ્યાં ત્યાં ભટકતા રહે, મોક્ષ સાધવાની તમન્ના જાગે નહિ અને રત્નત્રયીની આરાધના માટે તજવા યોગ્ય તજાય નહિ, ત્યાં સુધી લાંબો કાળ ક્રિયા કર્યા કરવા છતાં પણ મળવું જોઈતું ફળ મળે નહિ તો એમાં કશું પણ આશ્ચર્ય પામવા જેવું નથી કે અસ્વાભાવિક નથી.

♦♦♦

જ્યાં સંખ્યા વિનાનાં અનંતાનંત રત્નો પડયાં હોય, ત્યાં બે-પાંચ રત્નો લઈને તોષ પામો, એ નિરર્થક ગયું ગણાય કે સફળ ગણાય ? તેવી જ રીતે અનંતી પુણ્યરાશિથી મળેલો અને દશ દ્રષ્ટાંતથી દુર્લભ ગણાતો મનુષ્યભવ ગુણરત્નોની પ્રાપ્તિ વિના નિરર્થક જાય છે.

♦♦♦

જ્યાં સુધી આત્માને લાગેલાં દુષ્કર્મો શમને નથી પામતાં, ત્યાં સુધી સકળ સુખો રૂપ ધાન્યોની પ્રાપ્તિને માટે બીજભૂત એવા મનુષ્યપણાને પ્રાપ્ત કરવું, એ અપાર સંસાર રૂપ અરણ્યમાં પરિભ્રમણ કરી રહેલા આત્માઓને માટે શકય જ નથી અને પ્રરૂઢ દુષ્કર્મોનો શમ થવો એ કાંઈ સહજ વસ્તુ નથી. આથી પણ સમજી શકાય તેમ છે કે-સંસારમાં ભટકતા પ્રાણિઓને માટે, મનુષ્યભવની પ્રાપ્તિ, એ ઘણી જ દુર્લભ વસ્તુ છે. ધાન્યની ઉત્પત્તિ માટે કારણભૂત બીજ પણ, જમીન ઉપર ઉગેલ ઘાસને સાફ કર્યા વિના, સારી પણ જમીનમાં જેમ નથી વવાતું તેમ પ્રરૂઢ થયેલા દુષ્કર્મના શમ વિના, સુખ રૂપ સસ્યના બીજભૂત મનુષ્યપણું પણ નથી જ મળતું

♦♦♦

જ્યાં સુધી બુદ્ધિનો દુરૂપયોગ થતો અટકાવવાની અને સદુપયોગ સાધવાની ભાવના ઉત્પન્ન નહિ થાય, ત્યાં સુધી શરીર, લક્ષ્મી કે વાણીનો સાધવાજોગો સદુપયોગ સાધી શકાવાનો નથી. શરીર, લક્ષ્મી અને વાણીના

દુરૂપયોગને અટકાવવાનો અને એ ત્રણેયના સદુપયોગને સાધવાનો માર્ગ તો એ જ છે કે-તત્ત્વવિચારક બનવાનો પ્રયત્ન કરવો. આત્મામાં તત્ત્વરૂચિ પ્રગટવી જોઈએ. જેનામાં તત્ત્વરૂચિ પ્રગટે છે તેને ભોગો ઝેર જેવા લાગે છે. વિપુલ પણ પૌદ્ગલિક સામગ્રી જોઈને, તેનેએમ નથી જ થતું કે-ખરો સુખી આ છે. દેવતાઈ સુખો પણ તેને દુ:ખ રૂપ લાગે છે. આજે પૌદ્ગલિક સામગ્રીની અધિકતાવાળાને જોઈને અંજાઈ જવાય છે, લળી પડાય છે, તે પછી નહિ બને. ઉચિતતા જળવાશે, પણ તેની સામગ્રી આકર્ષી નહિ શકે. પછી દરેક ધર્મક્રિયામાં કોઈ ઓર રસ ઉત્પન્ન થશે. દાન મોહનાશક બનશે અને વાણી સ્વપરના અનુગ્રહને કરનારી નિવડશે. ધર્મ મોહને મારવા માટે છે. મોહનો પરાજ્ય એ જ આત્માનો વિજય. મોહનો પરાજ્ય તત્ત્વરૂચિ પ્રગટયા વિના નહિ સધાય. આપણને જે કાંઈ પણ સામગ્રી મળી છે, તેનો સદુપયોગ સાધવાને માટે સૌથી પહેલાં બુદ્ધિનો સદુપયોગ કરનારા બનવાની આવશ્યકતા છે.

◆◆◆

જ્યાં જ્ઞાની જીવ સંસારના સુખ પ્રત્યે ચલચત્તિવાળો બનતો નથી અને કોઈ શાશ્વત તથા સર્વથા દુ:ખરહિત સુખ હોવું જોઈએ એવી એને કલ્પના આવતી નથી, ત્યાં સુધી એ ખુદ ભગવાન શ્રી જિનેશ્વરદેવના શ્રીમુખે ઉપદેશ સાંભળે તો પણ એનામાં આધ્યાત્મિક ભાવ પેદા થઈ શકતો નથી.

◆◆◆

જ્યાં સાંભળ્યા કે સમજ્યા વિના આક્ષેપ કરવામાં જ શ્રેય મનાયું હોય, ત્યાં ગમે તેવા સાચા બચાવની પણ અસર થતી જ નથી અને જ્યારે અશુભનો તીવ્ર ઉદય હોય, ત્યારે તો સાચો બચાવ પણ સામાના હૃદયમાં પ્રાય: વિપરીતપણે જ પરિણામ પામે છે.

◆◆◆

*ગૃહસ્થ ધર્મ :*

જ્યાં સુધી સાધુધર્મ સ્વીકારી શકાય, ત્યાં સુધી સારૂં : પણ મહાવ્રતોનું પાલન કરવું, એ વિગેરે રૂપ સંયમનું પાલન કરવાને જે આત્માઓ અશક્ત હોય, તેઓ પણ ધર્મને, મુક્તિમાર્ગને આરાધી શકે એ માટે જે કાયદા તે ગૃહસ્થધર્મ. ન નીકળી શકવાના કારણે અહીં રહ્યાં રહ્યાં ધર્મ કરી શકે એ માટે જે દર્શાવ્યું તે ગૃહસ્થધર્મ. અત્યારે એ વિષે લાંબું વર્ણન થઈ શકે તેમ

નથી, પણ એટલું બરાબર સમજી લેવું જોઇએ કે-ગૃહસ્થધર્મ કોને માટે ? જે સંસારને છોડી ન શકે તેને માટે!

◆◆◆

'જિજ્ઞાસુભાવપૂર્વકનો મધ્યસ્થભાવ' એ એક એવો ગુણ છે કે-માણસને સાચી દિશાની શોધમાં ખૂબ મદદગાર નીવડે. આ ગુણવાળો, કોઈની પણ વાતનો નિર્દોષપણે વિચાર કરી શકે અને એથી એ વાતના વાસ્તવિક મર્મને પામવામાં એ વિચારણા એને ઘણી જ સહાયક નીવડે. એક વાતમાં વિચારબદ્ધ બની જઇને જો બીજી વાતને વિચારવામાં આવે, તો એ વિચારબદ્ધતાના યોગે બીજી વાતની વિચારણા દોષિત બન્યા વિના રહે નહિ. એટલા માટે તો, ન્યાયધીશોએ જ્યાં સુધી મુકદમો ચાલે ત્યાં સુધી માત્ર મધ્યસ્થભાવે ગુણ-દોષને જોયા કરવાના હોય છે અને તે પછી જ એ ગુણ-દોષના આધારે નિર્ણય કરવાનો હોય છે. સ્વચ્છ માનસની વિચારણાનો આ પણ એક નમુનો છે.

◆◆◆

જગતના જીવોને દુઃખ મળી રહ્યું છે, એની જ્ઞાની પુરૂષોને અકળામણ નથી. પણ દયા છે. સાંસારિક દુઃખનો ડર અને સાંસારિક સુખનો લોભ એના જેવું એકેય પાપ નથી.

◆◆◆

જગતને રાજી રાખવાને જ ઇચ્છનારાઓ અને દરેક વાતમાં પોતાનીજ અનુકુળતા શોધનારાઓ ધર્મને આરાધી શકતા નથી.

◆◆◆

જગતના જીવોના હિતનું રક્ષણ કરવાની ઉંચી ઉંચી ભાવના, એનું નામ માણસાઈ.

◆◆◆

જગત્‌ને પૂજ્ય ગણાય, પણ સંસારમાં રાખવા ઇચ્છે-ખાય-પીએ અને લ્હેર ભોગવે તો સારૂં, એવી મનોભાવનાવાળા હોય એ વ્યક્તિઓ મંગળ રૂપ નથી. શ્રી મહાવીરદેવ, શ્રી ગૌતમસ્વામી અને શ્રી સ્થૂલભદ્રજી વિગેરે સંસારસાગરમાં નહિ રાખનારા છે માટે મંગળરૂપ છે.

◆◆◆

શ્રી જિનાજ્ઞાનું આરાધન જ્યારે મુક્તિ માટે થાય છે ત્યારે એ આજ્ઞાનું વિરાધન સંસારમાં ભટકાવવા માટે થાય છે.

♦♦♦

શ્રી જિનની આજ્ઞા તરફ બેદરકારી નહિ હોવી જોઈએ. સર્વથા આજ્ઞા મુજબ વર્તવાની સૌમાં તેવડ હોય, એમ કાંઈ થોડું જ બને છે ? નથી જ બનતું, તો પછી શું એવાઓએ ધર્મ નહિ કરવો અગર કરતા હોય તો છોડી દેવો એમ ? કહેવું જ પડશે કે-નહિ જ : માત્ર 'વિધિ મુજબ વર્ત્યા તોય ઠીક અને વિધિ મુજબ ન વર્ત્યા તોય ઠીક : એમ વિધિઓ જોવા બેઠે કામ કેમ ચાલે ? અમે તો ગમે તેમ પણ ઉત્તમ ક્રિયા કરીએ છીએ ને ?' -આવો મનોભાવ હોય તેમજ કોઈ ઉપકારી વિધિ તરફ લક્ષ્ય દોરે, તો આનંદ થવાને બદલે એમ કહેવાય કે-'જોયો, જોયો, હવે વિધિ. આ તો ધર્મક્રિયાને નિન્દનારા છે.' તો એ વિધિની આજ્ઞાની વિરાધના હોવાથી, આજ્ઞાભંગનો મહાદોષ લાગે.

♦♦♦

જિનાજ્ઞાનો જ એ પ્રતાપ છે કે-ચર્મચક્ષુને દીવ્ય બનાવે છે. સ્વચ્છંદપણે વિહરવાની વૃત્તિ તેને જ થાય છે કે-જેણે આ આજ્ઞાનો અનુભવજ કર્યો નથી. આજ્ઞાની આધીનતા સ્વીકારનારને જરા પણ દુઃખનો સંભવ નથી.

♦♦♦

શ્રી જિનના અણગાર પાસે તો એક એવો મહા પ્રભાવશાલી મંત્ર છે, કે જે મંત્રના પ્રભાવે તે એક સશક્ત આત્માની માફક અશક્ત આત્માને પણ જો તે યોગ્ય હોય તો બચાવી શકે છે.

♦♦♦

શ્રી જિન એવા બનેલા છે કે-એમને ઓળખીને જે કોઈ એમનું દર્શનાદિ કરે, તે સુન્દર ફળને પામ્યા વિના રહે નહિ. શ્રી જિન પ્રત્યે બહુમાનનો ભાવ પ્રગટે, એમાં જ મોટો ગુણ રહેલો છે. શ્રી જિન પ્રત્યે સાચો બહુમાનભાવ પ્રગટે, એટલે એનું દર્શન, વન્દન અને પૂજન કરવાનું મન થયા વિના રહે નહિ અને એ દર્શનાદિના યોગે સુન્દર સુન્દર ફળો પ્રાપ્ત થયા વિના પણ રહે નહિ. શ્રી જિનની સાચી ઓળખ થયા વિના આ બને નહિ.

♦♦♦

શ્રી જિનકથિત ધર્મ પામ્યો તેનેનરક અને તિર્યંચનાં દ્વારબંધ થઈ ગયાં અને સ્વર્ગ અને મોક્ષના દ્વાર ખુલી ગયાં : એમ જ્ઞાનીઓ કહે છે.

◆◆◆

શ્રી જિનશાસનના રહસ્યને પામેલો સુધી વક્તા જો વાંચનાર હોય અને શ્રોતા જો શ્રદ્ધાળુ બનીને સાંભળનાર હોય, તો શાસ્ત્રરત્નનું વાંચન અને શ્રવણ કોઈ અનુપમ પરિણામ નિપજાવ્યા વિના રહે નહિ : કારણ કે-એવા વક્તા અને એવા શ્રોતા ક્ષણે ક્ષણે થોકબંધ કર્મનિર્જરાને કરનારા પણ બની શકે છે.

◆◆◆

શ્રી જિનપૂજાદિમાં કેટલોક વ્યય કરવાની ભાવના થાય છે ? 'આમાં તો હું મારી શક્તિના પ્રમાણમાં ઉત્તમમાં ઉત્તમ દ્રવ્ય વાપરૂં.'-એમ થાય છે? તમારી માલિકીનું દ્રવ્ય શ્રી જિનપૂજાદિમાં વપરાય એમાં જ તમને પરમ આનન્દ ને ? 'ત્રણ લોકના નાથનો વિનયોપચાર કરવાને માટે હું જાઉં છું, માટે આમાં તો મારે મારી કોઈ શક્તિને ગોપવવાની હોય જ નહિ.'-આવું તમને થાય છે ખરૂં ?

◆◆◆

શ્રી જિનનું શાસન એ સાચું છે માટે અમારૂં છે, પણ અમારૂં છે માટે સાચું છે અમે નથી.

◆◆◆

શ્રી જિનદર્શનાદિના ફળમાં પણ તમારી નજર કેવળ સંસારિક સુખ તરફ છે કે આત્મિક સુખ તરફ છે ? કયારે મને સાધુપણું મળે, એવું તમારા મનના કોઈ ખૂણામાં પણ છે ખરૂં ? શ્રી વીતરાગનાં દર્શનાદિ કરતાં કયારે મને વીતરાગપણું મળશે અને સાધુના દર્શનાદિ કરતાં કયારે મને સાધુપણું મળશે, એમ તમને થાય છે ખરૂં ? આ દર્શનાદિ હું વીતરાગ બનવાના લક્ષ્યથી અને વીતરાગપણાને પમાડનારા સાધુપણાને પામવાના લક્ષ્યથી કરૂં છું, આવું જો તમે કહો અને જો એ વાત તમારા દિલની હોય તો બહુ ખૂશી થવા જેવું છે. પણ એ ન હોય, તો તમે શ્રી વીતરાગનાં અને સાધુનાં દર્શનાદિ સાચા ભાવે કરી શકો શી રીતિએ ? અને એથી વિપરિત ભાવમાં તમે રમતા હો અને એમાં તમને મઝા આવતી હોય તો  ત્યાં સુધી એ દર્શનાદિથી તમને

જે સુન્દર ફળ મળવું જોઇએ, તે સુન્દર ફળ મળે શી રીતિએ ?

◆◆◆

જીવનમાં જો એક માત્ર શ્રી જિનશાસનની જ આરાધના કરવી હોય, તો સંસારના સર્વ સંગનો ત્યાગ કરવો જોઈએ અને એમ ભગવાનની આજ્ઞા મુજબ સર્વવિરતિનો સ્વીકાર કરીને, સંયમમય અને તપોમય જીવન જીવવા માંડવું જોઈએ. આ વાત પણ, એ જીવોના અન્તઃકરણમાં સુનિશ્ચિત થઇ જાય છે. એટલે, જે જે પુણ્યાત્માઓના દિલમાં શાસનનો રસ પ્રગટે છે, તે તે પુણ્યાત્માઓ વિરાગી તો હોય જ છે અને વિરતિ કરવાની ભાવનાવાળા પણ હોય જ છે. આથી, જેઓના દિલમાં શાસનનો રસ પ્રગટયો, તે સૌને સાધુ-સાધ્વી બનવાનું મન થઈ ગયું; અને એથી, જે આત્માઓ સત્ત્વશાળી હતા અને જે આત્માઓના ચારિત્રમોહ કર્મનો સુન્દર કોટિનો ક્ષયોપશમ થવા પામ્યો હતો, તે આત્માઓમાંના પુરૂષો તે જ અવસરે સાધુ બનવાનેઅનેતે આત્માઓમાંની સ્ત્રીઓ તે જ અવસરે સાધ્વી બનવાને તૈયાર થઈ જાય છે. પણ, જે જે આત્માઓના દિલમાં શાસનનો રસ પ્રગટે, તે બધા જ આત્માઓમાં આવું સત્ત્વ હોય જ અનેતે બધાને આવા સુન્દર કોટિના ક્ષયેપશમનો યોગ મળી જ જાય, એવું બનતું નથી. એટલે, શાસનના રસવાળા આત્માઓમાં પણ જેઓથી સાધુ અગર સાધ્વી બની શકાય તેમ નહોતું, તેઓ દેશવિરતિધર શ્રાવક અગર શ્રાવિકા બનવાને તત્પર બન્યા; અને તેટલું પણ જેમનાથી શકય નહોતું તેઓ અવિરત સમ્યગ્દષ્ટિ બન્યા રહેવાને તત્પર બન્યા. પણ એ દેશવિરતિધર અને અવિરત સમ્યગ્દષ્ટિ આત્માઓની નજર તો સાધુપણા પામવા ઉપર જ કેન્દ્રિત થઈ. આ રીતિએ ભગવાને ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી. ભાવના હતી ત્યારે સૌનો ઉપકાર કરવાની ભાવના હતી, પણ ભગવાને શાસનની સ્થાપના કરતાં તો માત્ર સાધુ, સાધ્વી શ્રાવક અને શ્રાવિકાનો જ ચતુર્વિધ સંઘ સ્થાપિત કર્યો. આવો ચતુર્વિધ શ્રીસંઘ શ્રી તીર્થંકરદેવ પછી શ્રી તીર્થંકરવત્ પૂજ્ય ગણાય એમાં નવાઈ નથી, કેમ કે-આવા શ્રીસંઘનું અન્તઃકરણ શ્રી જિનાજ્ઞાને જ અનુસરવાની ભાવનાવાળું હોય. આટલા ઉપરથી સમજી શકાશે કે-જીવને આ સંસારમાં ચતુર્વિધ શ્રીસંઘનો સુયોગ ખરેખર મળવો, એ પણ અતિશય દુર્લભ જ છે.

◆◆◆

જુઠ્ઠુ બોલવાથી સજા થાય એમ જાણનાર અને જુઠ્ઠાને જુઠ્ઠા તરીકે પૂરવાર કરીને તેવું જુઠ્ઠું બોલનારને સજા કરાવનારા, જ્યાં એનો સ્વાર્થ હોય ત્યાં અસીલ વિગેરેને જુઠ્ઠું બોલવાની સલાહ આપે, એ બને ? જે માર્ગે જવાથી જેલમાં જવું પડે એમ જાણે અને જે માર્ગે જનારા કેટલાયને કેસો લડીને જેલમાં ધકેલવામાં એણે ભાગે લીધો હોય, તે જ માર્ગે સફાઈથી જવાની સલાહ એ પોતાનું પેટ ભરવાને માટે અસીલને આપે ખરો ? જે ગૂન્હાઓને માટે પોતે બીજાઓને સજાઓ કરાવી હોય, તે ગૂન્હાઓ પોતે જ ચોરી-ચૂપકીદીથી કરવા મથે, એ બને ? 'આવું નથી બનતું'-એમ તો તમારાથી કહી શકાય તેમ નથી; ત્યારે વિચારો કે-એ કયાં જ્ઞાનનો પ્રતાપ ? ભણતર ભણવા પાછળ આત્માના શ્રેયનો ઈરાદો આવ્યો નહિ અને ગમે તે રીતિએ પણ પૌદ્ગલિક સ્વાર્થની સિદ્ધિ મેળવવાનો ઈરાદો પોષાયો, માટે એવું પરિણામ આવે તેમાં નવાઈ પામવા જેવું નથી.

♦♦♦

જીવ અને અજીવનું અસ્તિત્વ જેમ અનાદિકાલથી છે, તેમ જીવ અને અજીવનું અસ્તિત્વ રહેવાનું કયાં સુધી ? કોઈ કાળ એવો નથી જ આવવાનો, કે જે કાળે અનાદિકાલથી જે જીવનું ને જે અજીવનું અસ્તિત્વ છે, તે મીટી જાય. જીવનું અસ્તિત્વ મીટી જ જતું હોય, તો એ જાય કયાં ? જો કયાંય પણ જાય-એમ માનીએ, તોય એનું અસ્તિત્વ તો રહ્યું ને ? એટલે, જીવ પણ નિત્ય છે અને અજીવ પણ નિત્ય છે. ત્યારે જીવ જન્મ-મરણને પામે છે અને અજીવ દ્રવ્ય ઉત્પન્ન થતાં તથા વિનાશ પામતાં દેખાય છે, તેનું શું ? એ, જીવનાં અને અજીવનાં અવસ્થાન્તરો છે. જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય અનાદિકાલીન છે, નિત્ય છે, પણ એનાં અવસ્થાન્તરો થયા જ કરે છે ! જીવ જન્મ્યો અહીં તે કયાંકથી મરીને આવ્યો અને અહીં જીવ મર્યો, એટલે અહીંથી રવાના થઈને તે કયાંય પણ ઉત્પન્ન થયો. જીવ વસ્તુત : જન્મતો પણ નથી અનેમરતો પણ નથી. શરીરની હેરાફેરી થાય, તેને જન્મ-મરણ કહેવાય છે. અજીવમાં પણ તમે જુઓ કે-અજીવના સમૂહથી બનેલી એક ચીજ નાશ પામે છે, પણ એનો અર્થ એટલો જ કે-એ અવસ્થામાં ગોઠવાયેલ અજીવોના અંશો વિખરાઈ ગયા. અપેક્ષાએ જીવ નિત્ય પણ છે અને અપેક્ષાએ જીવ અનિત્ય પણ છે; એ જ રીતિએ, અપેક્ષાએ અજીવ નિત્ય પણ છે અને અપેક્ષાએ

અજીવ અનિત્ય પણ છે.

◆◆◆

*જીવનો જડ સાથેનો યોગ અનાદિકાળથી*

જીવ અને જડ સિવાય, આ જગતમાં કાંઈ છે જ નહિ. જીવનું અસ્તિત્વ પણ અનાદિકાળથી અને જડનું અસ્તિત્વ પણ અનાદિકાળથી, એટલે આ જગતનું અસ્તિત્વ પણ અનાદિકાળથી. જીવનો ને જડનો જે યોગ છે તે પણ અનાદિકાળથી છે. એમાં રૂપાન્તરો થયા જ કરે છે. જીવ વસ્તુત : જન્મતો નથી, જીવ વસ્તુત : જુવાન કે ઘરડો બનતો નથી અને જીવ વસ્તુતઃ મૃત્યુને પણ પામતો નથી. એ બધી અવસ્થાઓ, જડનાં રૂપાન્તરોની જ છે. જડનું રૂપાન્તર થાય છે ને જીવને પાછળ ઘસડાવું પડે છે. આમ આપણે અનન્તો કાળ થયાં ઘસડાતા આવ્યા છીએ. આપણે જો જડથી બદ્ધ ન હોત, તો આપણે આમ ઘસડાવું પડત નહિ. જે જીવો જડથી બદ્ધ ન રહ્યા, જે જીવોએ જડના બન્ધનને સર્વથા તોડી નાખ્યું, તે જીવો પછી કદી બદ્ધ બનતા નથી અને જડથી બદ્ધ બનવાના પણ નથી. જડમાં જીવને ઘસડવાની તાકાત છે, પણ તે જડથી બદ્ધ એવા જીવને જ ઘસડવાની તાકાત છે. બદ્ધ જીવ જડથી વધારે બંધાય-તે બની શકે છે, પણ સર્વથા મુક્ત જીવ જડથી બંધાય-એ બની શકતું નથી. એટલે આપણે કર્મબદ્ધ છીએ, તે કયારના છીએ ? ત્યાં પણ આપણે કહેવું જ પડશે કે-આપણે અનાદિકાળથી કર્મબદ્ધ છીએ. જો મુક્તાત્મા પણ કર્મબદ્ધ બની શકતો હોય, તો પછી મુક્તાત્મા બનવાના પ્રયત્નનો વિશેષ અર્થ રહેતો નથી અને પછી તો આપણે એમ જ માનવું પડે કે-આપણો આ રખડપટ્ટીમાંથી કદી પણ છૂટકારો થવાનો નથી. પરન્તુ સાચી હકીકત એ છે કે-અનાદિકાળથી બદ્ધ એવા આપણે મુક્ત પણ બની શકીએ છીએ.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા આત્મહિતકર સંયમમાર્ગનો આશ્રય કરવાથી સામાન્ય રીતિએ અનંતાનંત આત્માઓને અભયદાન મળવા સાથે જેમ વિશેષ રૂપે પોતાનું હિત થાય છે, તેમ અનેક અન્ય આત્માઓનું પણ હિત થાય છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા ધર્મના પ્રકાર બે છે : તેમાં જ્યેષ્ઠ એટલે મુખ્ય શ્રમણધર્મ છે અને અનુજ્યેષ્ઠ એટલે શ્રમણધર્મથી બીજે નંબરે શ્રાવક-

ધર્મ છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં જેમ શક્તિનો અતિરેક કરવો એ દોષ છે, તેમ શક્તિને ગોપવવી એ પણ દોષ છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં તત્ત્વોનું ચિન્તન કરવું એબુદ્ધિનું ફલ છે, તો વિરતિવાળા બનવું તે જ શરીરનું ફલ હોય, તે સ્વાભાવિક છે. આપણને આ શરીર મળ્યું છે તે સાર્થક કયારે ગણાય ? વ્રતોનું ધારણ અને પાલન થાય ત્યારે ! વ્રતો કયાં ને કેટલાં ? મૂખ્યત્વે એમ કહી શકાય કે-પાંચ મહાવ્રતો છે, કે જે શ્રી જિનાજ્ઞા મુજબ સંસારનો ત્યાગ કરીને પળાય છે. ગૃહસ્થાવાસમાં રહેવા છતાંય પળાય એવાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો છે. આ બધાના સ્વરૂપને અનેભદોને સમજીને વ્રતધારણ અને વ્રતપાલન માટે તત્પર બનવું જોઈએ. તત્ત્વજ્ઞાનને મેળવવાનો પ્રયત્ન હોય, તો આ વ્રતોનું સ્વરૂપ પણ સમજાય અને સાથે સાથે વ્રતાર્થિપણું પણ પ્રગટે. દેશનો સાર વ્રત ધારણ કરવું એ છે. આ વાત યથાસ્થિતપણે ત્યારે જ સમજાય, કે જ્યારે આત્મામાં સાચી તત્ત્વરૂચિ પ્રગટે વ્રતધારણ અને વ્રતપાલન, એ આત્માને ભવભ્રમણથી મુક્ત બનાવવાને માટેનો પ્રયત્ન છે. પાપથી નિવૃત્તિ અનેશ્રી જિનકથિત આચારોમાં પ્રવૃત્તિ એ વ્રતપાલન છે. વ્રતપાલન એ સાચુ વ્રતપાલન ત્યારે જ બને છે, કે જ્યારે તે શ્રી જિનાજ્ઞા મુજબ થાય છે. શ્રી જિનાજ્ઞા મુજબ આચાર-વિચારાદિની મર્યાદાને સ્વીકારી, એ વ્રતગ્રહણ છે અને તેનુ તથાવિધ પાલન કરવું, એ વ્રતપાલન છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ચક્રવર્તી અન રંક બેય દીક્ષાના અધિકારી છે. તેમાં શરત માત્ર એટલી જ કે-ચક્રવર્તીએ ચક્રવર્તીપણું ભૂલી જવું જોઈએ : તેમ થાય એટલે તે બેય મહાત્મા !

◆◆◆

શ્રી જિનેશ્વરદેવના શાસન જેવું સર્વશ્રેષ્ઠ અને દેખાવે કઠીન છતાં સહેલું બીજું એક પણ શાસન નથી. આ શાસન મળે તો અનાદિની વાસના એક ક્ષણમાં ધોવાઈ જાય. ઘોર પાપના બંધ એક પલકમાં તૂટી જાય.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવના શાસનને જાણનારો દુનિયાદારીમાં ઉદ્યમ કરે તે પણ ઉદાસિનભાવે કરે.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તત્ત્વોના જાણ અને સ્વપર હિતપરાયણ એવા મહાપુરૂષોએ આલેખેલું ચરિત્ર હોય, સંભળાવનાર પણ શ્રી જિનશાસનના રહસ્યના જ્ઞાતા અને કેવળ પરમાર્થ દષ્ટિવાળા હોય તેમજ તેની સાથે શ્રોતા વાસ્તવિકકલ્યાણનો અર્થી હોય, તો એ કથાવાંચનથી પણ પરમ લાભ થયા વિના રહે નહિ. જ્ઞાનિઓ કહે છે કે-શ્રદ્ધાળુ શ્રોતા અને જ્ઞાની વક્તાનો યોગ દુર્લભ છે. શ્રી જૈનશાસનનાં રહસ્યોનો જાણ વક્તા જો ધારે તો કથામાં પણ તત્ત્વોની રેલમછેલ રેલાવી દે ઉપકારિઓએ ચરિત્રો દ્વારા પણ તત્ત્વોનું વર્ણન ઘણુંય કર્યું છે. શ્રી જૈનશાસનનાં ચરિત્રોનું વાંચન-શ્રવણ થાય અને આરાધનાની અભિલાષા તથા વિરાધનાની કંપારી ઉછાળો ન મારે એ બને નહિ, પણ વક્તા અને શ્રોતા બન્નેમાં લાયકાત જોઈએ.

♦♦♦

જીવ જેમ પોતાના અણુ જેવડા સકૃતને અગર તો પોતાના અણુ જેવડા પણ દુષ્કૃતને મેરૂ જેવડું બનાવી દઈ શકે છે; તેમ જ, જીવ જો ધારે અને વિવેકી બનીને પ્રયત્નશીલ બન્યો રહે, તો પોતાના મોટા પણ દુષ્કૃત્યને અણુ જેવડું બનાવી દઈને, તેને અકિંચિત્કર પણ બનાવી દઈ શકે છે અને જીવ અવિવેકી બન્યો રહીને પોતાના મોટા પણ સુકૃતને અણુ જેવડુંય બનાવી દઈ શકે છે, તેમ જ તે સુકૃતના ફલ રૂપે દુષ્કૃતો જન્મે, એવું પણ એને બનાવી દઈ શકે છે.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલા મહાત્માઓને, નવરી વાતો કરવાની ફુરસદ હોતી નથી. દુનિયાદારીની વાતો કરી, દુનિયાદારીમાં ફસેલા જીવોને વધુ ફસાવવા માટે, શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલા સાધુને, ફુરસદ હોય જ નહિ. એ દુનિયાદારીની વાત કરે, તો પણ ધ્યેય દુનિયાદારીથી દુનિયાના જીવોને છોડાવવાનું હોય : એટલે, દુનિયાદારીની કથામાં પણ એ મહાપુરૂષો એવું તત્ત્વ રેડી દે, કે જેથી સાંભળનારાઓ દુનિયાદારીના પીપાસુ

તો ન જ બને, પણ દુનિયાદારી તરફ અરૂચિવાળા બને. બાકી તો, સાધુઓએ દુનિયાની સાથે કટ્ટી કરેલી છે : અનેએ એક એવી કટ્ટી છે કે-એના સમાધાનનો સંભવ નથી.

♦♦♦

શ્રી જિનપ્રણીત દેશવિરતિ-સર્વવિરતિ રૂપ ધર્મ એ ધર્મોની અન્દર રત્નની માફક ગણાય છે અને એથી જ એ ધર્મને સૂચિત કરવાને માટે અહીં ધર્મરત્ન શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પાપથી અમુક અંશે કે સર્વાંશે વિરામ પામવો, એ જ ધર્માધિકારી બનવાનું ફળ છે-એમ કહીં શકાય. બની શકે તો પાપથી સર્વ રીતિએ નિવૃત બનવું જોઇએ અને તેટલું સામાર્થ્ય ન હોય તો પાપથી બને તેટલા વધુ અંશે નિવૃત્ત બનવું જોઈએ. શ્રી જિનેશ્વરદેવોએ જે જે રીતિએ પાપથી નિવૃત્ત બનવાનું ફરમાવ્યું છે, તે તે રીતિએ પાપથી નિવૃત્ત બનેલા આત્માઓ, તે તે પ્રમાણમાં ધર્મરત્નને પામેલા છે. ધર્માધિકારીપણાને પામીને, પાપથી વિરામ પામવાનો પ્રયત્ન કરવો, એ આવશ્યક છે અનેએ માટે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી સત્પ્રવૃત્તિઓને આચરવા આદિમાં ઉદ્યમશીલ બન્યે જ છૂટકો છે. પાપ પ્રવૃત્તિઓના ત્યાગ અને સત્પ્રવૃત્તિઓના સ્વીકાર દ્વારા, આત્મા પોતાના સ્વરૂપને પ્રગટાવી શકે છે. આ કારણે, નિવૃત્તિના અર્થિઓએ સત્પ્રવૃત્તિઓની ઉપેક્ષા કરવાની હોય જ નહિ. વિરતિધર્મની આરાધનાને વાસ્તવિક બનાવવી હોય, તો અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી સત્પ્રવૃત્તિઓની આચરણામાં અપ્રમત્ત બનવાની કાળજી રાખવી જોઇએ પાપનો ત્યાગ એ કાંઈ સહેલી વસ્તુ નથી. પાપના ત્યાગ માટે, સૌથી ઉત્તમ માર્ગ તો એ જ છે કે-અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાઓ પ્રત્યે સુસમર્પિત થઈ જવું : કારણ કે-અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાઓ પ્રત્યે સુસમર્પિત બનેલા આત્માઓ જ વાસ્તવિક કોટિની પાપનિવૃત્તિને સાધી શકે છે.

♦♦♦

જિનવાણીને તમે એવી રીતિએ એકાગ્રતાદિ પૂર્વક સાંભળો કે-એ વહી ન જાય. એનાથી હૈયા રૂપી કાળી જમીન ભીંજાય અને બીજ વવાય, ત્યારે પાક પાકે ને ? કાળી જમીન એ ફલદ્રુપ જમીન ગણાય છે. જૈન કુલમાં જન્મ્યા. સુદેવ-સુગુરૂ-સુધર્મની આરાધનાની સામગ્રીને પામ્યા. એ પુણ્યાત્માઓનું

હૈયું કાળી જમીન જેવું ગણાય ને ? એને ભીંજાતાં વાર નહિ અનેબીજ પડયું એટલે અંકુરા ફૂટતાં વાર નહિ. ફૂટશે ને અંકુરા ? અંકુરા ફૂટે એમ કરવું હોય, તો હૈયામાંથી ઘરબાર, સંસારને જરા ભૂલીને આવતા બનો. એ બધું મૂકવાના ઈરાદે સાંભળવા આવો. તો ઘણું સારૂં. એ ઈરાદે અવાય અને શ્રી જિનવાણી સંભળાય તો કમાલ કામ થાય. પછી આજે સાંભળેલું કાલે ભૂલાય કે યાદ રહે ? અહીં સાંભળેલું અહીં રહે કે પછી એની વિચારણા થાય ? રીતસર સંભળાય ને વિચારાય, તો શ્રી જિનવાણીનું અનુપમ સુખ અનુભવાય.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા માનવી એટલે અત્યાર સુધી અજ્ઞાનતાના યોગે જે માન્યું તેથી વિપરિત માનવું.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવોએ વિહીત કરેલી શુદ્ધ ક્રિયાઓનો એ પ્રતાપ છે કે- એના યોગે મિથ્યાત્વનાં આવરણો ખસી જાય. અનંતાનુબંધી કષાયોની ચોકડીને, દુનિયાની રસવાળી ક્રિયા જ્યારે મજબૂત કરનારી છે, ત્યારે આ બધી ક્રિયા તોડનારા છે : પણ કયારે ? મુક્તિના ઈરાદે થાય તો ! માનપાનાદિના ઈરાદે થાય તો નહિ ! ! શુદ્ધ ક્રિયામાં સંસારની વસ્તુની અથવા પોતાની પૂજા કે ખ્યાતિની ભાવના ન હોવી જોઈએ.

♦♦♦

શ્રી જિનેશ્વરોની ભક્તિથી થાય તે બીજાથી નજ થાય. એવો જ ઉદ્ગાર. કાયશુદ્ધિ શું ? ચાહે તેવી સ્થિતિ આવે તો પણ માથું શ્રી જિનેશ્વરોને જ નમે એટલે જિન વિના બીજે ન જ નમે.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો જીવનમાં જેટલો અમલ તેટલો પાપનો અભાવ

♦♦♦

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ઈચ્છા ઉપર અગ્નિ મૂકે છે અને દુનિયાદારીની આજ્ઞા એ ઈચ્છાઓને વધારી મૂકે છે.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો જીવનમાં પોતાની શક્તિ મુજબ અમલ

કરીને વિચરતા સાધુઓ દુનિયાના જીવોના વાસ્તવિક કોટિના કલ્યાણને ઈચ્છે છે અને એથી જ એ તારકો, જ્યાં જાય ત્યાં અને જે મળે તેને, અવસરોચિતપણે શ્રદ્ધાપૂર્વક મોક્ષમાર્ગનું આરાધન કરવાનો જ ઉપદેશ આપે છે. સદ્‌ગુરૂદ્વારા સત્શાસ્ત્રોનું શ્રવણ, એ મોક્ષમાર્ગ પ્રત્યેની સાચી શ્રદ્ધા ઉત્પન્ન થવામાં, ઉત્પન્ન થયેલી શ્રદ્ધાને ટકાવી રાખીને તેને નિર્મલ બનાવવામાં અને જીવનમાં શ્રી જિનજ્ઞાનો અમલ કરાવવામાં એક અતિ પ્રબલ કારણ છે. આમ હોવાથી, સદ્‌ગુરૂદ્વારા સત્શાસ્ત્રોનું શ્રવણ કરવાની તકને ચૂકયા વિના, કલ્યાણના અર્થિઓએ, મોક્ષમાર્ગની આરાધના શ્રદ્ધાપૂર્વક કરવાને તત્પર બનવું જોઈએ.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવ કહે છે કે-આલંબન વિના ન ચાલે. શાસ્ત્રે વિધિ બાંધી છે કે ગુરૂ અઢી કોશ દૂર હોય તો પણ શક્તિસંપન્ન શ્રાવકે આવશ્યક કરવા ત્યાં જવું જોઈએ. એકાંતની મજા ઓર છે, છતાં આમ કેમ છે ? તો કે-એકાંતે બેસવાની હજી વાર છે, જ્યાં સુધી આત્મા આલંબનના આધારે જીવી શકે છે, ત્યાં સુધી આલંબન મૂકી દેવું, એ આત્માને ખાડામાં ગબડાવવા જેવું છે. માટે વિહિત આલંબનને આગળ કરીને ચાલવું એજ ધર્મ છે.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવે કહેલા આગમોનું શ્રવણ કરવું, શ્રવણ કરીને એના ઉપર શ્રદ્ધા કેળવવી અને પછી શ્રદ્ધાનુસાર વર્તન કરવા માટે શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવો, તો આ મનુષ્ય જીવનની સફળતા થઈ શકે. ત્યારે હવે શ્રી જિનેશ્વરદેવોના આગમોનું શ્રવણ આપણને કયારે ફળે કે જ્યારે તેમના ઉપર શ્રદ્ધા થાય, અને શ્રદ્ધાને અનુસરતું વર્તન થાય. જ્યાં સુધી શ્રી જિનેશ્વરદેવ ઉપર સાચો પ્રેમ ન જાગે, જોઈતી ભક્તિ ન જાગે ત્યાં સુધી એમના આગમ ઉપર બહુમાન થાય કયાંથી ? અને બહુમાન વિના વર્તનની ભાવના ઘણી જ અશકય.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવ જેવા પરમ વીતરાગ પરમાત્માના ધર્મથી વાસિત થયેલા જૈનકુલ જેવા કુલને પામીને પણ જીવનને અર્થ-કામની ઉપાસનામાં વેડફી દેવું, એના જેવી એક પણ ભયંકર અજ્ઞાનતા નથી.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવનું જીવન તો શ્રી જિનેશ્વર જ જીવે સાગરની ઉપમા સાગર સાથે થાય તળાવડાં સાથે ન થાય. સાગર કેવો તો સાગર જેવો, ભગવાન શ્રી મહાવીરદેવ કેવા, એનો જવાબ ભગવાન શ્રી ઋષભદેવ જેવા. ભગવાન્ શ્રી ઋષભદેવ કેવા એનો જવાબ ભગવાન્ શ્રી મહાવીર જેવા અથવા કહો કે ભગવાન્ શ્રી સીમંધર સ્વામી જેવા. એનું સામર્થ્ય, એની અપ્રમત્તાવસ્થા, એનું સંયમ એ બધુંયે નિરાળું. આપણે માટે તો એની આજ્ઞા એજ આદર્શ. જો આપણી સામે એકલું જીવન ધરવામાં આવ્યું હોત તો આજે આપણે ધર્મિ જ ન હોત. આ દ્વાદશાંગીમાં ભગવાન્ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ન આપી હોત ને માત્ર શ્રી જિનેશ્વરદેવના જીવનરૂપી આરીસો ધર્યો હોત અને એમ લખ્યું હોત કે આમ વર્તે એજ મુક્તિએ જાય, તો એ જોઈને જ આપણે મુંઝાઈ ગયા હોત એનો સંયમ, એના દાન, શીલ, તપ, ભાવ કયાં ? એને અમુક અંશે તમે કરો તે મહાવીરે કર્યું તે કર્યું એમ ન કહેવાય કહ્યું કે કર્યું એમ કહેવાય.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવના ધર્મશાસનની વિશિષ્ટતા ન પરખાય, ત્યાં સુધી એ શાસન શું કહે છે. ?, દીક્ષા એ શું ચીજ છે ? અને શાથી એને ગમે તે કાળે પણ પવિત્ર માની શકાય ?, -એ વિગેરે પણ ન સમજાય.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવના ધર્મનો એ પ્રભાવ છે કે-એની સેવામાં રત બન્યા રહેનારા આત્માનો ભવિષ્ય કાળ વધુ ને વધુ સારો જ બનતો જાય છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવોએ દાનધર્મ કહ્યો છે તે કોઇ બીજાને જ સુખી કરવા માટે છે એમ નથી, પણ પોતાને ખાસ સુખી કરવા માટે છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવના વચનોને પામીને ધર્મી બનેલા આત્મા, મનુષ્યભવને ચિન્તામણિ રત્ન સમજે છે : તેથી તેને પ્રમાદમાં વિતાવી દેવો, એને મૂર્ખતા માનનારો હોય છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવો પહેલામાં પહેલી એક જ આજ્ઞા કરે છે કે-તમે

તમારી મતિ પર ચાલવાનું છોડી દો : તેમ કરીને જ તમારા આત્મધનનો તમે નાશ કરી નાંખ્યો છે : અનંતી શક્તિના ધણી છતાં તમારૂં ભટકવાપણું મટતું નથી, એનું કારણ એ જ છે. માટે હવે સ્વમતિએ ચાલવાનું બંધ રાખો અને અનંત જ્ઞાનીઓની વાત જિજ્ઞાસા બુદ્ધિએ સાંભળો, વિચારો, ચિંત્વન કરો, મનન કરો અને એકાદ જિંદગી, બે-પાંચ-પચીસ ભવ એને માટે કાઢો. એમની આજ્ઞાને સોંપો.

♦♦♦

## સાધર્મિ ભક્તિ

શ્રી જિનેશ્વરદેવના ધર્મથી રંગાયેલા ભરતમહારાજા સાધર્મિઓને ભક્તિ માટે આમંત્રણ કરતાં શું વિનવે છે તે જોઈએ-

" **कृष्यादि न विधातव्यम्,** "

અત્યાર સુધી આજીવિકા માટે નિરૂપાયે, નહિ ચાલે, કરવા પડતાં પાપ, આજથી આરંભીને, કૃષિ આદિ વ્યાપારો, આપે હવેથી જીંદગી સુધી કરવાં નહિ. શ્રાવક, શ્રાવકનો સહાયક સાધુ સાધુનો સહાયક. સાધુ સાધુ નેરત્નત્રયીની સહાય કરે. શ્રાવક, શ્રાવકને સમ્યક્ત્વ મૂળ બાર વ્રતના પાલનની સહાય કરે. માતાપિતાઓ, સંબંધીઓ, આ સંસારમાં સુલભ છે, પણ સાધર્મિ દુર્લભ છે. બધા ધર્મો એક પલ્લામાં મૂકો, અને એક પલ્લામાં સાધર્મિભક્તિ મૂકો. સાધર્મિ વાત્સલ્યનું પલ્લું નીચે નમશે. શાથી ? માતા, પિતા, બંધુ જે ભલું ન : કરી શકે તે સાધર્મિ કરે. એ સાધર્મિ કેવા ? સાત પુણ્યક્ષેત્રો પૈકીનું પુણ્યક્ષેત્ર. સાત ક્ષેત્ર : એમાં મુખ્ય ત્રણ જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ. આ ત્રણ સેવ્ય શા માટે ? સેવકને સેવ્ય બનાવવા માટે. આ ત્રણને સેવ્ય માને ને તેમની આજ્ઞાને ન માને એ ચાલે ? શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી કહે છે, આરાધેલ આજ્ઞા, તે મોક્ષ માટે થાય છે, અને વિરાધેલ આજ્ઞા ભવને માટે છે. વીતરાગની સેવા કરતાં. એની આજ્ઞા પાળવી, એ મોટી સેવા છે. વીતરાગની આજ્ઞા પાળનારો સેવા ન કરે એ બને જ નહિ. જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, આ ત્રણને માને. સેવે પૂજે તે સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. આ ત્રણનો પ્રચાર કરે તે સાધુ-સાધ્વી. નેએ ત્રણના પ્રચારમાં સહાય કરે તે શ્રાવક-શ્રાવિકા. ભરત મહારાજા કહે છે તેમ કૃષિ આદિ કામો ન કરવાં તો હવે કરવું શું ? એજ કે સ્વાધ્યાયમાં અહર્નિશ તત્પર રહી, અપૂર્વ

જ્ઞાનને ગ્રહણ કરવું.

◆◆◆

શ્રી જિનદર્શનથી દુરિતનો ધ્વંસ અનેક પ્રકારે થાય છે. અન્તરાય કર્મ તૂટે અને સામગ્રી મળે ઘણી, પણ મોહનીય કર્મ એવું દબાય કે-એ સામગ્રીના યોગમાં પણ એને રાગમાં ડૂબવા દે નહિ. વળી દુઃખ આપે એવાં દુરિતો સામે ટકવાની એવી તાકાત આવે કે-દુઃખ, દુઃખનું કારણ નહિ બનતાં સુખનું કારણ બને. એવાં દુરિતોનો એ પ્રકારે પણ ધ્વંસ થઈ જાય.

◆◆◆

શ્રી જિનદર્શન, શ્રી જિનવન્દન અને શ્રી જિનપૂજનથી મળી શકે એવાં જે જે ફળો છે અથવા તો એનું જે પરમ ફળ છે, તે તમારે ખરેખર જોઈએ છે કે નહિ અને એ ફળને મેળવવાની તમને લગની લાગી છે કે નહિ, એ વાતનો જો તમે જ વિચાર કરો તો ઘણું સારૂં થાય. ભૂલ તમે કરો અને દોષ શ્રી જિનદર્શનાદિને દો અથવા તો શ્રી જિનદર્શનાદિના ફળનું વર્ણન કરનારા જ્ઞાનિઓને તમે દોષ દો, તો એ બરાબર નથી. જે જ્ઞાનિઓએ શ્રી જિનદર્શનાદિના ફળનું વર્ણન કર્યું છે. તે જ્ઞાનિઓએ શ્રી જિનદર્શનાદિ કેવા કેવા પ્રકારે કરવું જોઈએ. એ પણ કહ્યું છે ને ? જ્ઞાનીઓએ કહેલા પ્રકારે શ્રી જિનદર્શનાદિ કરીએ નહિ ને જ્ઞાનિઓએકહેલા શ્રી જિનદર્શનાદિના ફળની પ્રાપ્તિની આશા રાખીએ અને એ ફળ આપણને ન મળે એટલે આપણે જ્ઞાનિઓએ શ્રી જિનદર્શનાદિના કહેલા ફળની વાતમાં શંકા કરીએ પણ આપણી ભૂલ તરફ નજર કરીએ નહિ, તો લાભ થવો તો દૂર રહ્યો પણ એથી આપણને મોટું નુકસાન થઈ જવા પામે, એય શકય છે.

◆◆◆

શ્રી જિનનું દર્શન આદિ મળવા છતાં પણ શ્રી જિન પિછાનેલા નહિ, એથી દર્શનાદિમાં જેવો ભાવ પ્રગટવો જોઈએ તે પ્રગટેલો નહિ અને એથી એનું જે ફળ મળવાનું જ્ઞાનિઓ કહે છે તે મળ્યું નહિ, એ વાત તમારા ખ્યાલમાં આવે ખરી ? ભૂતકાળમાં તો ભૂલ થઈ, પણ હવે એ ભૂલ નથી જ કરવી, એવું મનમાં ઉગે ખરૂં ? તમે, તમને શું મળે તો તમારા દુઃખ જાય અને તમને ખરેખરૂં સુખ મળે, એનો પરિણામદર્શી વિચાર કરનારા બનો.

◆◆◆

શ્રી જિનદર્શન, શ્રી જિનવન્દન અને શ્રી જિનપૂજનના યોગે આત્મામાં એવો શ્રદ્ધાભાવ પેદા થઈ જાય છે કે-એને દુરિતનો ધ્વંસ એ ચિન્તાનો વિષય રહેતો નથી અને દુરિતના ઉદયથી આવતા ફળથી ગભરાવાને બદલે દુરિતના ઉદયને એ એવી રીતિએ જીવી જાય છે કે-ઉદયમાં આવેલુ દુરિત પણ જાય અને ક્રમે કરીને એનું મૂળ પણ જાય. એટલું જ નહિ, પણ મને મારૂં વાંછિત મળશે કે નહિ અને મને લક્ષ્મી આવી મળશે કે નહિ, એવી એને શંકા પણ રહેતી નથી. એના મનમાં એ વાતનો દૃઢ નિશ્ચય હોય છે કે-' હું શ્રી જિનદર્શન કરૂં, શ્રી જિનવન્દન કરૂં અને શ્રી જિનપૂજન કરૂં, પછી મારા દુરિતનો ધ્વંસ થયા વિના રહે, મારૂં વાંછિત મને મળ્યા વિના રહે અથવા તો બાહ્ય અને આભ્યન્તર લક્ષ્મી મારી બન્યા વિના રહે ?

♦♦♦

શ્રી જિનદર્શન, શ્રી જિનવન્દન અન શ્રી જિનપૂજન કરનારને તો એ જ્યાં સુધી સંસારમાં હોય ત્યાં સુધીય લહેર અને અન્તે મુક્તિ તો છે જ. સંસારમાં પણ એને સુખસાહ્યબીની બહુ બહુ સામગ્રી મળે અને તે પાછી ઉત્તમ કોટિની મળે.

♦♦♦

શ્રી જિનશાસનની આરાધના કરવાની વાતમાં જે ઉમળકો આવે તે સંસારસુખની બીજી કોઈ પણ વાતમાં આવે નહિ ને ? સંસારના સુખ ઉપર પણ રાગ ખરો, પણ તે રાગ તથા તેના યોગે જન્મેલો દ્વેષ તજવા લાયક જ-એમ લાગે ?

♦♦♦

આ આર્ય દેશમાં તીર્થ શબ્દનો મહિમા ઘણો મોટો છે. 'તરવું હોય તો તીર્થે જવું જોઈએ.' અથવા તો, 'તીર્થનો સેવક તર્યા વિના રહે નહિ.'-આવી આવી તીર્થ સંબંધી અનેકવિધ માન્યતાઓ આર્ય દેશમાં પ્રવર્તી રહી છે. આ જ કારણે, જે કોઈ સ્થાનનો મહિમા વધારવો હોય, તે સ્થાનને લોકમાં તીર્થ શબ્દથી પ્રસિદ્ધ કરવાનો રિવાજ આ દેશમાં લગભગ બધાએ અંગીકાર કર્યો છે, એમ કહીએ તો ચાલે. આર્ય દેશમાં સ્વાભાવિક રીતિએ ધર્મ પ્રત્યે આદરભાવ હોવાથી અને પરલોક આદિ સંબંધી માન્યતા રૂઢ હોવાથી, તીર્થ શબ્દનુ આકર્ષણ ઘણું છે. તીર્થ શબ્દનો આ મહિમા આર્ય

દેશમાં થોડા વખતથી જ પ્રવર્ત્યો છે એમ પણ નથી : ઘણા પ્રાચીન કાળથી જ તીર્થ શબ્દનો મહિમા આર્ય દેશમાં પ્રચલિત છે; અને એથી જ જ્યાં તીર્થ માન્યું, ત્યાં આર્યદેશની પ્રજા ગમે તેટલો પરિશ્રમ વેઠીને પણ, તેની આરાધના કરવાને તૈયાર થઈ જાય છે.

♦♦♦

શ્રી જિનપૂજાદિમાં પોતાના યોગોને પ્રવર્તાવવાનો અને પોતાની સામગ્રીને વાપરવાનો રસ હોય નહિ; અથવા તો, શ્રી જિનપૂજાદિના ફલ તરીકે આજ્ઞાપાલનને પામવાની ઇચ્છાને બદલે કોરી પૌદ્‌ગલિક ઇચ્છા હોય; તો એ વસ્તુ સુકૃતને અલ્પ ફળવાળું બનાવી દે, એમાં કાંઈ નવાઈ પામવા જેવું છે ખરૂં ?

♦♦♦

શ્રી જિનને સાચા રૂપે ઓળખીને શ્રી જિને કહેલ ભાવસ્તવ પામવાને માટે શ્રી જિનભક્તિનાં સ્થાનોએ શક્તિ મુજબનો પોતાના દ્રવ્યનો વ્યય જે કરતો હોય, તે શ્રી જિનના ભક્તોની પણ અવસરોચિત યોગ્ય પ્રકારે ભક્તિ કરવામાં અને ઔચિત્ય અંગેની કરણીઓમાં પણ પોતાના દ્રવ્યનો વ્યય કરવાને ઉત્સાહિત બન્યા વિના રહે ખરો ?

♦♦♦

શ્રી જિનની પૂજા કરતાં, 'શ્રી જિન કેવા તારક અને શ્રી જિને ઉપદેશેલો માર્ગ કેવો તારક'-એ ખ્યાલ પેદા થવા પામે ને ? 'આવા અનન્ત ઉપકારી તારકનો હું આટલો વિનયોપચાર કરી શકયો અને આમાં મારી આટલી સામગ્રી વપરાઈ, એ જ લેખે છે; બાકી તો, મારા યોગોય પાપમાં ઘણા પ્રવર્તે છે અને મારી સામગ્રીય પાપોપાર્જનનું કારણ બને છે.'-આવું તમારા મનમાં ઉગે છે ખરૂં ?

♦♦♦

શ્રી જિનદર્શનથી, શ્રી જિનવન્દનથી અને શ્રી જિનપૂજનથી જે જે ફળ મળવાનું જ્ઞાનિઓએ કહ્યું છે, તે તે ફળો સાચા ભાવે શ્રી જિનદર્શનાદિ કરનારને મળ્યા વિના રહે જ નહિ-એ વાત હૈયે જચી જવી જોઈએ. અને તે સાથે એ વાત પણ હૈયે જચી જવી જોઈએ કે-શ્રી જિન પોતે થઈને તો એમાનું કાંઇ જ કરે નહિ. શ્રી જિન ઓળખાય તો આ વાત હૈયે જચતાં વાર લાગે નહિ.

♦♦♦

શ્રી જિનની જેને સારી અને સાચી ઓળખ થઈ જાય છે, તેને તો શ્રી જિનદર્શનમાં, શ્રી જિનવન્દનમાં અનેશ્રી જિનપૂજનમાં એવી શ્રદ્ધા થઇ જાય છે કે-એને, હું એ જ કર્યા કરૂં એમ થઇ જાય છે અને એ સિવાયનું જે કાંઇ પણ કરવું પડે એ એના દિલમાં ડંખ્યા વિના રહેતું નથી.

♦♦♦

શ્રી જિનનો જે સાચો સેવક બને, તેને સંસારમાં વધુમાં વધુ સુખસાહ્યબીની સામગ્રી મળી શકે અને એવુંય બની જાય કે છોડવા ઇચ્છતો હોવા છતાં એ સામગ્રીના સંગનો એ ત્યાગ કરી શકે નહિ. આમ એ સંસારની સુખસામગ્રીથી ખૂબ ખૂબ લદાયેલો હોય અને એને ભોગવી લેતો પણ હોય, છતાં પણ એ એમાં-એના રાગમાં ફસેલો ન હોય એવું બને. કર્મવશ ભોગને ભોગવવા પડતા હોય છતાં એ ભોગને રોગની પેઠે ભોગવનારા મહાન આત્માઓ પણ હોઇ શકે છે. અને એ ગુણ આત્મામાં શ્રી જિનના સેવકપણાને લઈને પ્રગટે છે.

♦♦♦

શ્રી જિનની સેવા કરવા ખાતર જેઓ પોતાનું વહાલામાં વહાલું એવું પણ ધન ખર્ચી નાંખે-ધન તમને વહાલામાં વહાલું લાગે છે એમ કહું તો તે બરાબર છે ને ? તો વહાલામાં વહાલું એવું ધન પણ જેઓ શ્રી જિનની સેવામાં ખર્ચી નાંખતા હોય, તેમનું મન ધન ઉપર કેન્દ્રિત થયેલું હોય કે શ્રી જિનની આજ્ઞા ઉપર કેન્દ્રિત થયેલું હોય ? ઈન્દ્રાદિ દેવોની ઋદ્ધિ-સિદ્ધિ કેટલી અને કેવી હોય છે, તે તમે સાંભળ્યું તો હશે. એ ઋદ્ધિ-સિદ્ધિના હિસાબે મનુષ્યોની ગમે તેવી ઋદ્ધિ-સિદ્ધિ પણ કેવી અને કેટલી ? અને તેમાંય તમારી ઋદ્ધિ-સિદ્ધિ કેટલી ? ઈન્દ્રાદિદેવોની ઋદ્ધિ-સિદ્ધિના હિસાબે મનુષ્યોની ઋદ્ધિ-સિદ્ધિ ખાસ ગણતરીમાં પણ પ્રાયઃ આવી શકે નહિ. એમ છતાં પણ, ઈન્દ્રાદિ જે દેવો શ્રી વીતરાગની આજ્ઞાના મહત્ત્વને સમજેલા હોય છે, તેમની આંખ ઇન્દ્રપણાદિની મોટી ઋદ્ધિ-સિદ્ધિ ઉપર પણ ઠરતી નથી, પણ તેમની આંખ તો શ્રી જિનની આજ્ઞાના પાલન ઉપર ઠરે છે. ઈન્દ્રાદિ દેવો શ્રી જિનની વિરતિસ્વરૂપ એવી આજ્ઞાનું પાલન કરવાને માટે પંગુ છે. ઈન્દ્રાદિ દેવો ચાહે તેટલા બળવાન હોવા છતાં પણ, જે સર્વવિરતિને મનુષ્યો આદરી શકે છે, અરે તિર્યંચો પણ જે દેશવિરતિને આદરી શકે છે, તે સર્વવિરતિને કે

દેશવિરતિને આદરવાને માટે ઈન્દ્રાદિ દેવો અશક્ત જ હોય છે. આમ છતાં પણ, સમ્યગ્દષ્ટિ એવા જે ઈન્દ્રાદિ દેવો, તેમના હૈયામાં દેશવિરતિને અને સર્વવિરતિને પામવાનો ભાવ બેઠેલો જ હોય છે. વિરતિ પામી શકાય એવી સ્થિતિ નથી એથી એ લાચારી અનુભવતા હોય છે. તમે પૂજામાં પણ બોલો છો ને કે-'વિરતિને પ્રણામ કરીને ઈન્દ્ર સભામાં બેસે.' એમનો એ પ્રણામ એમની શી ઝંખના હોય છે, એનો સૂચક છે. શા માટે એ વિરતિધરને પ્રણામ કરતા હશે ? શું એમને એમનાથી ચઢિયાતા ઈન્દ્રો, ઋદ્ધિવાળાઓ, કોઈ નમસ્કાર કરવાને નહિ મળતા હોય માટે ? ના, એમને ખરો પ્રેમ વિરતિ ઉપર છે માટે ! પોતાને દુન્યવી ઋદ્ધિ-સિદ્ધિ નહિ પણ વિરતિ જોઈએ છે માટે !

◆◆◆

શ્રી જિનશાસનની સાચી સાધુતા શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનુસારિણી નિઃસ્પૃહતામાં છે અને એ નિઃસ્પૃહતામાં જ સાચી શાસનની પ્રભાવના છે.

◆◆◆

શ્રી જિનમંદિરનો વહિવટ જેમ શાસ્ત્રનુસારી હોવો જોઈએ, તેમ અણીશુદ્ધ પ્રમાણિક હોવો જોઈએ. શ્રી જિનમન્દિરના વહિવટદારે બને તેટલી રીતિએ આશાતનાઓ ટાળવી જોઈએ. દર્શન અને પૂજન કરવા આવનારાઓની અનુકૂળતા અને ઉલ્લાસ વધે તેવો સાધન મુજબ પ્રબન્ધ કરવા જોઈએ. શ્રી જિનમન્દિરને અંગેની દરેક સૂચના ધ્યાનથી સાંભળવી જોઈએ અને વ્યાજબી સૂચનાનો યથાશક્ય અમલ કરવાને તત્પર રહેવું જોઈએ.

◆◆◆

શ્રી જિનમન્દિરનો યથાવિધિ પ્રમાણિક વહિવટ કરનાર શ્રી અરિહંતપદના આરાધક હોઈ, શ્રી તીર્થંકરનામકર્મ પણ બાંધે : કારણ કે-' એક શ્રી અરિહંતપદના આરાધક આત્માઓ પણ શ્રી તીર્થંકરનામર્કમ બાંધે છે.'-એમ શાસ્ત્રકાર પરમર્ષિઓ ફરમાવે છે. પરન્તુ શ્રી જિનમન્દિરનો વહિવટ કરનાર કયી રીતિએ વહિવટ કરે તો શ્રી તીર્થંકરનામકર્મ ઉપાર્જે ? મનસ્વી રીતિએ, શાસ્ત્રાજ્ઞાથી વિપરીતપણે, આશાતનાઓ થાય એ રીતિએ વહિવટ કરે, છતાં પણ શ્રી તીર્થંકરનામકર્મ ઉપાર્જે એમ ? આજે કેટલાક વહિવટદારોની દશા જૂઓ, તો એ બિચારાઓ પ્રત્યે દયા આવે. આશાતનાઓ થતી હોય અને કોઈ પુણ્યાત્માએ કહ્યું હોય કે-'આમ ન થાય.' તો તરત જ

કહે કે-'ઠીક, ઠીક હવે.' એટલું જ નહિ, પણ કોઇ વધુ કહે, તો કહે કે-'લ્યો ત્યારે તમે કરો.' છતાં એ વહિવટ છોડવાને જરાય ખૂશી ન હોય, હોં ! 'આમ કેમ કર્યું ?' તો કહેશે કે-'અમને એમ ફાવ્યું માટે.' 'પણ ભાઇ ! એથી તો આશાતના થાય.' તો કહેશે-'ભલે થતી.' આવા વહિવટદારો શ્રી તીર્થંકરનામકર્મ ઉપાર્જે, એમ તમને લાગે છે ?

◆◆◆

શ્રી જિનવાણી અને જિનવાણીને અનુસરતી વાણી સિવાયની વાણીને મિથ્યા નહિ માનનારા જૈન નથી : તેમજ શ્રી જિનવાણીને મિથ્યા વાણી માનનારેય જૈન નથી.

◆◆◆

શ્રી જિનમન્દિરના વહિવટદારોએ સમજવું જોઇએ કે- પરમ ભાગ્યોદયે શ્રી જિનમન્દરિનો વહિવટ કરવાનું સુકાર્ય સાંપડયું છે. એ કાર્ય સત્તા ખાતર કરવાનું નથી, પરન્તુ શ્રી જિનેશ્વરદેવની આરાધના કરવા માટે કરવાનું છે. આ વહિવટ ઉત્તમ પ્રકારે યથાવિધિ કરીએ, તો શ્રી તીર્થંકરનામકર્મ પણ બંધાય, માટે વિધિ મુજબ વર્તવાની કાળજી હોવી ઘટે.

◆◆◆

શ્રી જિનવાણીનું સુખ ચાખવું હોય, તો આપણે પણ તેના મર્મ સુધી પહોંચવાને માટે પ્રયત્નશીલ બનવું પડશે; એના રહસ્યને સમજવું પડશે; અને એ માટે, દુનિયાનું બીજું બધું ભૂલવું પડશે. જ્યાં સુધી દુનિયાની વાસના, દુનિયાના પદાર્થો પ્રત્યેનું ખેંચાણ નહિ ભૂલાય, ત્યાં સુધી એ વાણીનો જેવો જોઇએ તેવો સ્વાદ નહિ આવે. શ્રી જિનવાણીના સ્વાદને ચાખવાથી સુખને પામેલા ઉપકારિઓ ઇચ્છે છે કે-'આપણે પણ એવા સુખને પામીએ.' અને એવા સુખને આપણે પામીએ, એ માટે ઉપકારીઓએ ઘણી ઘણી મહેનત કરી છે.

◆◆◆

જીંદગીમાં જેણે એક વાર ખોટું કામ કર્યું હોય, તે સદાને માટે અયોગ્ય જ છે, એમ શ્રી જૈનશાસનન સ્વીકારતું નથી વિદ્વાન અને પંડિત બનેલા, પહેલાં અભણ અને મૂર્ખા જ હોય છે.

◆◆◆

જીવનને ધર્મથી વિમુખ બનાવનારો આત્મા, સુખનો ખર્થી હોવા છતાં પણ, આ દુઃખમય સંસારમાં દુઃખભરી અને એથી દયાજનક દશામાં જ સબડયા કરે છે.

◆◆◆

જીવનમાં જોઈતી ઉદારતાને ધરનારા આત્માઓ અવસરે ફરજનું પાલન સુંદરમાં સુંદર રીતિએ કરી શકે છે.

◆◆◆

જીવનના કારમા મોહમાં પડેલાઓને એક મરણનો ભય બતાવીને તેઓની પાસે જે કાંઈ કરાવવું હોય તે સઘળું જ કરાવી શકાય છે.

◆◆◆

જીવ માત્ર પ્રત્યેની દયાનું પાલન એ જેનો સાર છે એવો જે સાધુધર્મ, એ સાધુધર્મનું સમ્યક્ પ્રકારે આરાધન કરવું, એ શ્રી સર્વજ્ઞ પરમાત્માની ભાવસ્તવ રૂપ જે આજ્ઞા છે, તે આજ્ઞાનું આરાધન છે.

◆◆◆

જીવનના મોહમાં પડેલા આત્માઓ, મરણથી બચવા માટે અવસરે જેના ઉપર મમત્વ માંડીને બેઠા હોય છે તેવા પ્રેમાળ કુટુમ્બનો, મોહક મહેલાતોનો અને સુંદર સાહ્યબીનો પણ એક ક્ષણમાં પરિત્યાગ કરે છે.

◆◆◆

જીવનને ધર્મની જ સેવામાં સમર્પી દેવાથી, આત્મા આ દુઃખમય સંસારમાં પણ સુખનો અનુભવ કરી શકે છે અને અન્તે અનન્ત સુખનો ભોક્તા તો બને જ છે.

◆◆◆

જીવ ! તારૂં કર્યું તારે ભોગવવાનું આવ્યું છે. દુઃખ નથી જોઈતુ તોય તે આવ્યું છે અને આવવાનું છે.

◆◆◆

જીવનને શાંતિમય બનાવવાનો આ એક અમોઘ ઉપાય છે. જગતના જીવ માત્રના કલ્યાણની ભાવના હૃદયમાં વ્યાપી જવી જોઇએ. આ ભાવના સાથે જ '૧-ભૂતગણો પરહિતમાં રક્ત થાઓ, ૨-દોષો નાશ પામો અને ૩-લોક સર્વત્ર સુખી થાઓ.'-આ ત્રણ ભાવનાઓ પણ શાંતિના અર્થી આત્માના

રોમેરોમમાં વસી જવી જોઇએ. આ વિચારોથી રંગાએલો આત્મા જ, 'સાચી શાન્તિ'નો સાક્ષાત્કાર કરી શકે છે.

♦♦♦

જીવ પોતે જ પોતપોતાના કર્મનો કર્તા અને ભોક્તા છે. કોઈ જીવ, કોઇનાય કર્મનો કર્તા બની શકતો નથી, એટલે પોતાના કર્મનો જીવ પોતે જ કર્તા છે. જીવ ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મોને જે દ્વારા ગ્રહણ કરે છે, એ આશ્રવ કહેવાય છે; અને જીવ કર્મોને ગ્રહણ કરતો અટકે, એ સંવર કહેવાય છે. શુભ આશ્રવ, તે પુણ્ય કહેવાય અને અશુભ આશ્રવ, તે પાપ કહેવાય. આત્મા જે કર્મોને ગ્રહણ કરે, તે કર્મો પહેલાંનાં કર્મોની સાથે ભળે છે, એને બંધ કહેવાય છે; અને આત્માથી કર્મ વિખુટાં પડે; એ નિર્જરા કહેવાય છે.

♦♦♦

જીવનની શાન્તિ, મરણની સમાધિ, પરલોકની સુંદરતા અને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ-એ સદાચાર વિના શકય નથી, એમ સમજાઇ જવું જોઇએ. એ વિશ્વાસ કેળવાઈ જવો જોઈએ જ્યાં સુધી એવો વિશ્વાસ ન કેળવાય ત્યાંસુધી આત્મા સદાચાર તરફ જેવો ઢળવો જોઇએ તેવો ઢળે નહિ.

♦♦♦

જીવાદિ નવે તત્ત્વોની સમજુતી ન આપે તો મોક્ષનો અર્થી બને પણ કોણ ? એક મોક્ષ તત્ત્વને સમજાવવા માટે બીજાં આઠ તત્ત્વોની સમજ આપવી પડશે.

♦♦♦

જીવનની શાન્તિ, મરણની સમાધિ, આગામી ભવની સુન્દરતા અને યાવત્ સિદ્ધિપદની સાધના, સદાચારથી જ શકય છે. સદાચાર વિના, કોઈ, જીવનની સાચી શાન્તિ પામી શકયું નથી અને પામી શકશે નહિ. સદાચાર વિના, કોઈ મરણની સમાધિ મેળવી શકયું નથી અને મેળવી શકશે નહિ. સદાચાર વિના કોઇ આગામી ભવની સુન્દરતા પ્રાપ્ત કરી શકયું નથી અને પ્રાપ્ત કરી શકશે નહિ. સદાચાર વિના, સિદ્ધિપદની સાધના કોઈ સિદ્ધ કરી શકયું નથી અને કરી શકશે નહિ.

♦♦♦

જે રૂચે તે કરી લેવું એમાં ધર્મ નથી.

જીવોને એમ કહી દેવામાં આવે કે-'જે કાળે જે ભાવના, તમારા હૃદયમાં જન્મ પામે એનું જ નામ ધર્મ.'-તો પછી પરિણામ શું આવે ? વ્યવહારમાં કહે છે કે-વાંદરાની જાત એટલે કુદવાનું તો કુદરતી જ હોય. એને નીસરણી આપે અને દારૂ પાઈને નશાખોર બનાવે, પછી એને વીંછીચટકાવે તો કંઈ કમીના રહે ? અનાદિકાલથી વિષયકષાયની ધૂનમાં ઘૂમતાં, વિષયમાં લીનબનેલા અને કષાયથી ભરચક થએલા આત્માઓને એમ કહેવું કે-'જે સમયે, જે કાળે તમારા હૃદયમાં જે ઈચ્છા થાય તેનો અમલ કરવો એનું નામ ધર્મ'-એનો અર્થ તો એજ છે કે-ઈરાદાપૂર્વક આત્મનાશક ઉચ્છૃંખલતાના તેઓને પૂજારી બનાવવા અને પરિણામે થોડી ઘણી પણ જે મર્યાદા છે કે-'રખે શાસ્ત્રવિરૂદ્ધ બોલી ન જવાય'-તે પણ ન રહે. ઉપર કહ્યા મુજબની કહેવાતી વાતોના શ્રવણમાં જેટલા રસીઆ બનશો તેટલું તમારા સમ્યક્ત્વને કલંકિત કરશો. સૂત્રના રચનાર 'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અને મનઃપર્યવજ્ઞાન આ ચાર જ્ઞાનના ધણી હતા. એમના શ્રુતજ્ઞાનનો જગતમાં જોટો ન હતો. દ્વાદશાંગીના રચનાર ભગવાન્ શ્રી ગૌતમસ્વામી પચાસ હજાર કેવળજ્ઞાની શિષ્યોના ગુરૂ હતા. ભગવાન્ શ્રી ગૌતમસ્વામીએ પણ એમ ન કહ્યું કે- મને રૂચે તે ધર્મ. પરંતુ એમ કહ્યું કે- 'आणाए धम्मो' ધર્મ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં કે મતિકલ્પનામાં ? શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં ધર્મ માને તે જૈન કે મતિ કલ્પનામાં માને તે જૈન ? આજે આ બધા ઝઘડા છે, તે મતિ કલ્પનાના છે.

◆◆◆

જેઓ આત્માને ભૂલી કેળવ શરીરની જ ચિન્તામાં પડયા છે અને 'મારૂ શું ?'-એ સ્વપ્ને પણ જેઓને યાદ આવતું નથી, તેઓની ધર્મક્રિયા પણ પાપવાળી હોય તો તે સ્વાભાવિક જ છે.

◆◆◆

શ્રી જિનેશ્વરદેવના શાસનની બધી જ ક્રિયાઓ મોક્ષના હેતુપૂર્વક કર- વાની છે.

◆◆◆

જીવ, કર્મ અને એ ઉભયનો યોગ-આ ત્રણેય અનાદિ સિદ્ધ છે. જીવનો અને કર્મનો યોગ અનાદિસિદ્ધ હોઈને, જીવને શરીરનો સમ્બન્ધ પણ

અનાદિકાલથી છે એમ કહી શકાય. આ અનાદિસિદ્ધ સંસારમાં, જીવનો તૈજસ અને કાર્મણ શરીર સાથેનો સમ્બન્ધ, યાવત્ સંસાર હોય છે : એટલે કે-જ્યારે આત્મા સંપૂર્ણ સ્વસ્થતાને પ્રાપ્ત કરે છે, સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે, ત્યારે જ તૈજસ અને કાર્મણ શરીરના સમ્બન્ધથી તે મુક્ત બને છે : પણ, તે પૂર્વે કોઈ પણ અવસ્થામાં તે તૈજસ અને કાર્મણ શરીરથી તો મુક્ત હોઈ શકતો જ નથી. તૈજસ અને કાર્મણ શરીરનો સંબંધ જ્યારે જીવની સાથે આ જાતિનો છે, ત્યારે ઔદારિક અને વૈક્રિય શરીરની લે-મૂક થયા કરે છે. પણ એ વાત ધ્યાનમાં રાખવાની છે કે-જે ભવમાં જે આત્મા મુક્તાવસ્થાને પ્રાપ્ત કરે છે, તે ભવમાં તે આત્મા ઔદારિક શરીરના સમ્બન્ધવાળો અવશ્ય હોય છે; કારણ કે-જે આત્માઓ ઔદારિક શરીરના સમ્બન્ધ વિનાના હોય છે, તેઓ મુક્તિ પામી શકતા નથી.

♦♦♦

જે આત્મા, પાંચ પ્રકારના પ્રમાદો પૈકીના કોઈ એક પણ પ્રમાદને આધીન થઈ જાય છે, તે આત્મા સ્વપરનું સાધવા યોગ્ય હિત સાધી શકતો નથી.

♦♦♦

જે આત્માઓ અજ્ઞાપાલનમાં ધર્મ નહિ માનતાં પોતાની મતિકલ્પનામાં ધર્મ માને છે, તે આત્માઓ તો સાચા પૂજક પણ નથી બની શકતા, એટલે પૂજ્ય બનવા માટે તો તેઓ સર્વ પ્રકારે અયોગ્ય જ છે.

♦♦♦

જે આત્માઓ એક આત્મકલ્યાણની જ કામનાથી પરમ તારક સદ્‌ગુરૂઓ પ્રત્યે પોતાનો શુદ્ધ સદ્‌ભાવ સાચવી શકે છે અને વધારી શકે છે, તે આત્માઓ ખરેખર, પોતાના અમૂલ્ય માનવજીવનની સફલતા સાધી, પોતાના આત્માને આસન્નસિદ્ધિક બનાવે છે.

♦♦♦

જે આત્મા એક પરમાત્માની આજ્ઞા ઉપર જ નિર્ભર છે, તે તો પોતાને પણ પૌદ્‌ગલિક પ્રવૃત્તિઓથી પર રાખવા મથે છે અને જનતાને પણ પૌદ્‌ગલિક પ્રવૃત્તિઓથી પર રહેવાનો જ ઉપદેશ આપે છે.

♦♦♦

જે આત્મા ખોટી મોહ-મમતામાં ખીંચાઈ જઈ, સારાસારનો વિવેક

વિસરી જાય છે, તે આત્મા કદી જ પરમ તારક જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન કરી શકતો નથી.

◆◆◆

જે-આત્મા તત્ત્વનો જ્ઞાતા બની જાય છે, તે કદી પર વસ્તુમાં મારાપણું કલ્પી લેતો નથી.

◆◆◆

જે આત્મા કોઇ પણ કાળે નહોતો, નથી કે નહિ હશે એ શકય નથી, એવો અમર આત્મા અનન્તાનન્ત કાલથી જન્મ, મરણ આદિને પામે છે, એ પ્રતાપ આત્માની સાથેના જડ કર્મોના યોગનો છે. આપણી સઘળી જ પ્રવૃત્તિઓ આત્માને કેવળ પોતાના સ્વભાવમાં જ રમતો બનાવી દેવાની હોવી જોઈએ.

◆◆◆

જીવતાં જેને ધર્મ કરવાની ઇચ્છા છે, તે જીવવાને માટે એવું તો ન જ કરવાને ઇચ્છે ને કે જેથી ધર્મ લાજે ? પોતાના જીવનને સારી રીતિએ જીવનારને તો, ખાતરી હોય છે કે-'મારૂં ભૂંડું થાય નહિ.' મહાત્માઓ શરીર પાસેથી કામ લેવાય ત્યાં સુધી કામ લેતા; અને જ્યાં એમ લાગે કે-'શરીર હવે બહુ કામ આપે તેમ નથી.' ત્યારે નિરપવાદ અનશન પણ આદરતા. આવાં દૃષ્ટાંતો તમે સાંભળ્યાં છે કે નહિ ? આજે એવા અનશનની આજ્ઞા નથી; સાગારી અનશનની છૂટ છે; પણ વાત એ છે કે-આજેય મરણથી ડરવાનું તો હોય જ નહિ ને ? શ્રી જિનશાસનને પામેલા શ્રાવકો પણ, મરણ આવે તો મુંઝાય નહિ, કેમ કે-એમને હૈયે પણ ધર્મ હોય છે.

◆◆◆

જીવ અને કર્મનો યોગ, એ સંસાર છે અને એનો સર્વથા વિયોગ, એ મોક્ષ છે.

◆◆◆

જીવ તત્ત્વને અને અજીવ તત્ત્વને કોઈએ બનાવેલ નથી, પણ એ બન્ને તત્ત્વો છે જ. કયારથી છે ? તો કે-અનાદિકાલથી છે;કેમ કે-નહોતાં તો ઉત્પન્ન થયાં શી રીતિએ, એ સવાલ આવીને ઉભો જ રહે છે.

◆◆◆

જીવ અનન્તાનન્ત કાળથી 'દુઃખ ન જોઈએ અને સુખ જોઈએ.'-એ

લતથી મહેનત કરતો આવ્યો છે; પણ હજી દુઃખ ઉભું ને ઉભું જ છે અને સાચું સુખ જીવને સાંપડયું નથી. કારણ ? કારણ એ જ કે-જીવ સમજ્યો નહિ કે-દુઃખ ન જોઈએ અને સુખ જોઈએ તો એક માત્ર મોક્ષ જ સાધવો જોઈએ !

◆◆◆

જીવ, અજીવ જીવ-અજીવનો યોગ અને અજીવના યોગથી જીવને મુક્ત કરવાના ઉપાયો વિષેનો વાસ્તવિક ખ્યાલ, એ સમ્યક્ત્વ છે.

◆◆◆

જીવને જીવવાની ઈચ્છા સદાય જીવાય એવી છે, પણ જ્યાં સુધી જીવ સંસારમાં છે ત્યાં સુધી એનું મરણ થયા વિના રહેવાનું નહિ. મારે મરવું નથી-એવી ઇચ્છા જીવને ઘણીય હોય; મરવું પડે નહિ અને જીવી જવાય એ માટે મહેનતેય થાય તેટલી એ કરે ને ઉપાયેય મળે તેટલા એ અજમાવે; લાખ ડૉકટર-વૈદ્ય કરે કે કાયાકલ્પ પણ કરે; પણ સંસારમાં તો મરણ આવ્યા વિના રહે નહિ. આ સંસારમાં જીવ ગમે તેટલું જીવવા ઈચ્છે તોય સદા જીવી શકે નહિ અને આ સંસારમાં જેટલું જીવાય તેમાં પણ બીજી ચીજની અપેક્ષા વિના જીવાય નહિ ને બીજી ચીજની અપેક્ષા વિના સંસારનું સુખ ભોગવાય નહિ. જીવની અપેક્ષા પણ પુણ્ય હોય તો પૂરી થાય, નહિ તો દુઃખનો ને રીબામણનો પાર નહિ સદા જીવવાની અવસ્થા અને તે પણ અપેક્ષા વિના જ જીવવાની અવસ્થા જો મળતી હોય તો તે અવસ્થા આપણને જોઈએ ને ? જ્ઞાનિઓ કહે છે કે-મોક્ષ સિવાય એવી અવસ્થા મળે નહિ !

◆◆◆

જીવ અને અજીવ, એ બન્ને તત્ત્વો જેમ અનાદિકાલથી છે. તેમ જીવ અને અજીવ તત્ત્વનો, એટલે જીવ અને કર્મનો યોગ પણ કયારથી છે ? અનાદિથી જ છે. 'પહેલાં જીવ શુદ્ધ હતો અને પછી કર્મના યોગવાળો બન્યો.'-એમ માનવું હોય, તો શુદ્ધ એવો પણ જીવ, કર્મના યોગવાળો એટલે અશુદ્ધ જીવ બન્યો શાથી ? જે જીવમા રાગ-દ્વેષ કે અજ્ઞાન આદિ કાંઈ જ ન હોય અને જે જીવ તદ્દન શુદ્ધ સ્વરૂપવાળો હોય, એ જીવ કર્મના યોગવાળો બની શકે જ નહિ, કારણ કે-એમ માનવામાં, કોઈ પણ પ્રકારનો કાર્ય-કારણ ભાવ ઘટી શકતો નથી.

◆◆◆

જીવને ચતુર્વિધ શ્રીસંઘનો સુયોગ થવો, એ તો અતિશય દુર્લભ છે. ચતુર્વિધ શ્રીસંઘ સુસાધુ, સુસાધ્વી, સુશ્રાવક અને સુશ્રાવિકાથી બને છે. આ ચારેય પ્રકારના સંઘમાં પણ શ્રી આચાર્ય ભગવાન પ્રધાન. શ્રી નન્દિસૂત્રમાં શ્રીસંઘનો મહિમા વિસ્તારથી વર્ણવાયો છે. શ્રીસંઘને શ્રી તીર્થંકરદેવ પછી શ્રી તીર્થંકરવત્ પૂજનિક કહ્યો છે. શ્રી તીર્થંકરદેવની ગેરહાજરીમાં શ્રી તીર્થંકરદેવના શાસનને જીવન્ત રાખનાર શ્રીસંઘ છે, પણ શ્રીસંઘનું શાસન સ્વતંત્ર હોતું નથી; શ્રી તીર્થંકરદેવની આજ્ઞાને આધીન જ શ્રીસંઘનું શાસન હોય છે શ્રીસંઘ શ્રી તીર્થંકરદેવના શાસનને સદ્દહે છે, માને છે, યથાશક્ય પોતે આચરે છે અને બીજા પાસે આચરાવે છે; એનું રક્ષણ કરે છે, એની પ્રભાવના કરે છે, એને અનુસરવામાં જ પોતાનું કલ્યાણ માને છે અને જીવ માત્રનું કલ્યાણ પણ એને અનુસરવામાં જ છે-એવું માનીને એ માન્યતાને અનુરૂપ વર્તન કરવામાં ઉદ્યમશીલ રહે છે; અને એ માટે જ શ્રીસંઘ શ્રી તીર્થંકરદેવ પછી શ્રી તીર્થંકરવત્ પૂજનિક મનાય છે. શ્રી તીર્થંકરદેવની આજ્ઞાની અવગણના કરનારા સાધુ હોય કે સાધ્વી હોય તોપણ, એ સાધુ અને એ સાધ્વી ખરેખર તો વેષ માત્રથી સાધુ અને સાધ્વી છે, એટલે એ સાધુ કે સાધ્વી વસ્તુતઃ શ્રીસંઘમાં ગણાય નહિ. જે કોઈ સાધુ-સાધ્વી આજ્ઞાની ઉપેક્ષા કરે તેને શ્રીસંઘમાં સ્થાન હોય જ નહિ. સાધુને સાધ્વી માટે આમ હોય, તો શ્રાવક અને શ્રાવિકા માટે શું હોય ? શ્રી તિર્થંકરદેવની આજ્ઞા માત્ર પ્રત્યે પૂરો આદરભાવ હોય. ધર્મ તે જ કહેવાય કે જે ધર્મ શ્રી તીર્થંકરદેવની આજ્ઞાથી પ્રતિબદ્ધ હોય-આવો શ્રદ્ધાભાવ હોય; અને શ્રી તીર્થંકરદેવની આજ્ઞાને જ જીવનમાં જીવવાની અનેબીજાઓને જીવનમાં જીવાડવાની કામના હોય, આટલું તો શ્રાવકમાં અને શ્રાવિકામાં હોવું જોઈએ ને ? કહો કે-આટલું તો છેવટમાં છેવટ જરૂર હોવું જોઈએ ! આ વાત જેના હૈયે હોય, જેની સમજમાં હોય, તેને ચતુર્વિધ શ્રીસંઘનો સુયોગ અ કેટલો બધો દુર્લભ છે-એ વાતનો ખ્યાલ આવ્યા વિના રહે નહિ.

◆◆◆

જે બુદ્ધિ અર્થકામ માટે વપરાય છે તે પાપબુદ્ધિ છે અને જે બુદ્ધિ તત્ત્વચિંતા માટે ખર્ચાય છે તે પુણ્યબુદ્ધિ છેઃ માટે પાપબુદ્ધિની પ્રશંસા કરીને આત્માને મલીન ન બનાવવો જોઇએ.

◆◆◆

### *વિષય અને મોક્ષ*

જે ભોગમાં સુખ માને, ભોગને જીવન માટે જરૂરી અને સેવવા લાયક વિષય માને, ભોગ એ મજેનું તત્ત્વ છે એમ માને અને આનંદપૂર્વક સેવે તે આત્મા માટે ભોગનું અંતિમ ફલ નરક છે, એમાં કશી જ શંકા નથી. જેમ ધર્મથી સ્વર્ગાદિ સદ્‌ગતિ પણ મળે છતાં તેનું અંતિમ ફળ જેમ મોક્ષ છે, તેમ વિષયનું અંતિમ ફલ નરક છે અને એકાંતે જો કોઇ નિર્વિવેકપણે પશુની માફક ભોગમાં લીન બનીને રહે તો ખરેખર અહીં પણ તેની દશા નારકીના જેવી ગણાય છે. તે સુખી નહિ પણ ભયંકર દુઃખી હોય છે. વિષયાધીન કેવો ? ગંદો, વિવેક વગરનો. જે બહાર ફેંકી દેવા જેવું તેને તે અવસરે મોંમાં ઘાલનારો. આ દુનિયાના આરંભ સમારંભની જડ કયાં છે ? જો કામવાસના ખસી જાય, તો અર્થલોભ ખસી જાય. અર્થલોભ ખસે તો ધર્મ ઘુસે ને ધર્મ ઘુસે તો મોક્ષ મળે. મોક્ષ કોને મળે ? વિષયમાં લીન હોય, વિષયમાં આનંદ માને, વિષયને જરૂરી માને, એને ? કદી જ નહિ. માટે શુદ્ધ ક્રિયા વિનાનો કેવળ મુખથી જ વિષયના વિરાગ આદિની વાતો કરનારો સાચો નથી, પણ દંભી છે.

◆◆◆

જે ભણતર ભણવાથી જ્ઞાનિની તથા જ્ઞાનિપુરૂષોની આજ્ઞાની ઠેકડી કરવાનું મન થાય, તે ભણતર સાચું ભણતર જ નથી.

◆◆◆

જે મળ્યુ છે તે ધર્મના યોગે છે અને ધર્મ ગયો તો સુખમાં બેઠેલાને પણ દુઃખ અચાનક આવી પડશે ! ◆◆◆

જે મનુષ્યો બાલ્યકાલમાં માતૃમુખ બને છે, તરૂણ કાલમાં તરૂણીમુખ બને છે અને વૃદ્ધકાલમાં પુત્રમુખ બને છે, તે મનુષ્યો ખરેખર મૂર્ખ છે.

◆◆◆

જે મનુષ્યો સુખી અવસ્થામાં કામચેષ્ટાઓથી અને દુઃખી અવસ્થામાં દીનતા ભરેલા રૂદનથી પોતાનો જન્મ ગુમાવે છે, તેઓ મોહના પ્રતાપે અંધ બનેલા હોઈ મોહાંધ મનુષ્યો છે.

◆◆◆

જે માબાપ સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાની આડે આવે, તે માબાપની

આજ્ઞા માનનાર દીકરા કુલદીપક નથી પણ અંતે કુલાંગાર જેવા નીવડે છે.

◆◆◆

જે મનુષ્યો બાલ્યકાલ વિષ્ટા અને મૂત્ર આદિ સાથે ખેલવામાં જ પસાર કરે છે, યૌવનકાલ કામચેષ્ટાઓમાં વેડફી નાખે છે અને વૃદ્ધાવસ્થા શ્વાસાદિ રોગને આધિન થઈને અથવા તો ભયંકર પ્રકારની માયા મમતામાં પડીને વીતાવે છે, તે મનુષ્યો ખરેખર નિર્લજ્જ છે.

◆◆◆

જે માણસ ઈંદ્રિયોના વિષયોની સેવામાં સાચું સુખ માને છે, તે હૃદયપૂર્વક શ્રી વીતરાગ પરમાત્માની સેવા નથી કરી શકતો, કારણ કે-શ્રી વીતરાગ પરમાત્મા એટલે ઈંદ્રિયોના વિષયના વૈરી.

◆◆◆

જે માતા કે પિતા, જે સાસુ કે સસરો, જે સ્નેહી કે સંબંધી, જે વાલી કે વડિલ અશુભોદયના યોગે આવી પડેલી આફતના સમયે અકિંચિત્કર થઈ પડે છે, તે માતાને કે પિતાને, તે સાસુને કે સસરાને, તે સ્નેહિને કે સંબંધિને અને તે વાલીને કે વડિલને શુભોદયના યોગે કરાતી શુભ પ્રવૃત્તિમાં આડે આવવાનું મન પણ કેમ થાય છે અગર આડે આવતાં વિચાર સરખો પણ કેમ નથી આવતો ?

◆◆◆

જે માણસ સ્વાર્થ, રસ, લાલસા, મોજમજાહ માટે હજારોને દુ:ખ આપતાં અચકાતો નથી અને એની હિંસામાં જ જેને એક યા બીજા પ્રકારે આનંદ આવે છે તેને જ આ સાચો સાધુધર્મ અયોગ્ય લાગે.

◆◆◆

જે માણસોને ધર્મ અને ધર્મના સાધનોનો નાશ થતો નજરે દેખાયા છતાં અને શક્તિ હોવા છતાં તેનું નિવારણ કરવા જેટલી પણ ગરમી નથી આવતી, લાવવા પ્રયત્ન કરવા છતાં નથી આવતી તેને પોતાની જાતને ધર્મી તરીકે મનાવવી બંધ કરવી જોઈએ.

◆◆◆

જે તારકના ચ્યવનાદિ પાંચેય પ્રસંગો જગતના જીવોને માટે કલ્યાણકારી બન્યા વિના રહે નહિ, એ તારકની ભક્તિ કરવાની જેને તક

મળે, તે એ તારકની ભક્તિ કેવા ઉચ્ચ પ્રકારે કરે ? ભગવાનનું દર્શન કરતાં જ થાય ને કે-'આ અનેકના તારક અનેમારા પણ તારક !' આ સમજ હોય અને આ : સમજને અનુરૂપ ભાવ હોય, તો માણસ જે તારકની સેવાથી તરવું છે તેની ભક્તિ કરવામાં શાની કમીના રાખે ?

◆◆◆

જે તારક વસ્તુની આરાધનાથી અનંત સંસારથી મુક્ત થવાય, જે તારક વસ્તુની આરાધનાના યોગે અનંત કાળથી ચાલુ ભવોભવની રખડપટ્ટી ટળી જાય અને જે તારક વસ્તુની આરાધનાથી દુઃખના લેશ વિનાનું, સંપૂર્ણ અને સદા સ્થાયિ સુખ મળે, તે તારક વસ્તુ ઉપર આફત આવે ત્યારે જો આરાધકનું દીલ વલોવાઈ ન જાય, શક્તિ મુજબ એ આફતનો પ્રતિકાર કરવાની ભાવના ન જાગે અને શક્તિનો શકય ઉપયોગ કરીને એ આફત ટાળવાની પ્રવૃત્તિ ન કરાય, તો એમ જ કહેવું પડે કે-કાંતો એ વસ્તુના તારકભાવ ઉપર શ્રદ્ધા નથી, કાં તો આરાધના પોલી છે અને કાં તો જે ધ્યેયથી થવી જોઇએ તે ધ્યેયથી એ નથી થતી.

◆◆◆

જે દુઃખ મુક્તિમાં સહાયક છે તેને જ ધર્મી ઇચ્છે છે. ચોરી કરીને કેદમાં જવા ઇચ્છે એમ નહિ.

◆◆◆

જે દેશ ને જે કાળમાં, જે વસ્તુ અને જે ક્રિયા વિના ન ચાલે, એ ઉપરથી એ પાપ હોય તોયે ત્યાજ્ય ન કહેવું એ કંઈ ચાલે ? નહિ જ !

◆◆◆

જે દર્શાવ્યું તે ગૃહસ્થધર્મ ! અત્યારેએ વિષે લાંબું વર્ણન થઈ શકે તેમ નથી, પણ એટલું બરાબર સમજી લેવું જોઈએ કે-ગૃહસ્થધર્મ કોને માટે છે ? સંસારને છોડી શકવાને જે સમર્થ ન હોય, તેને માટે જ ગૃહસ્થધર્મ છે !

◆◆◆

જે દિવસે આત્મા અને આત્માનો ધર્મ શું છે તે સમજાઈ જશે, તે દિવસે જે આનંદ, સુખ અને શાંતિ અનુભવવામાં આવશે તે ઓર જ હશે.

◆◆◆

જે ધર્મ નિર્જરા કરાવી મોક્ષ આપે, તે ધર્મ જ્યાં સુધી પૂરેપૂરો થાય નહિ અને એથી એ ધર્મ દ્વારા જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થાય નહિ, ત્યાં સુધી એ ધર્મને આચરનારો જીવ સંસારમાં રહે તેમાં પણ એની ક્રમે કરીને ચઢતી જ થયા કરે, એ જોવાને માટે એ ધર્મથી પેદા થતું પુણ્યાનુબંધી પુણ્ય બંધાયેલું રહે છે.

◆◆◆

જેટજેટલા આત્માઓ સિદ્ધિને પામ્યા, વર્ત્તમાનમાં ક્ષેત્રાન્તરે સિદ્ધિને પામે છે અને ભવિષ્યમાં સિદ્ધિને પામશે, તે બધાની સિદ્ધિ એશ્રી અરિહન્તપણાનું, શ્રી અરિહન્તપણાના શરણનું ફળ છે. શ્રી અરિહન્તપણા વિના સિદ્ધપણું જન્મે નહિ. શ્રી અરિહન્તેય સિદ્ધ થાય અને શ્રી અરિહન્તના શરણને ભાવપૂર્વક સ્વીકારનાર સિદ્ધ થાય.

◆◆◆

જેટલાં ધર્મનાં અનુષ્ઠાનો છે તે ધર્મનાં અંગ છે.

◆◆◆

જેટલા સંસારમાં રાચીમાચી પડયા છે એટલા દુનિયાની દ્રષ્ટિએ વિદ્વાન હોય, ડાહ્યા હોય તોપણ જ્ઞાનીઓની દ્રષ્ટિએ મૂર્ખાજ છે.

◆◆◆

જેટલો જેટલો સ્વભાવ ઉપર વધુ વિચાર, જેટલું સ્વભાવ ઉપરનું વધુ વધુ લક્ષ્ય, તેટલો જ આપણો વહેલો ઉદય થવાનો છે.

◆◆◆

જેણે બુદ્ધિને યોગ્ય નિશ્રામાં નથી મૂકી તે તેનો સદુપયોગ કરી શકયો હોય એમ બન્યું નથી અને બને એ સંભવિત પણ નથી.

◆◆◆

જેણે ધર્મને કેવળ બહારની વસ્તુ માની લીધી છે અને કરવી પડે એમ માની લીધું છે તેની સ્થિતિ પ્રાય : સુધરવાની નથી.

◆◆◆

જેને પોતાની જાતને માટે કોઇ બોલે તો લાગી આવે છે અને જેના વડે પોતે ઉત્તમ દશા પામ્યો તેના માટે કોઈ કાંઇ બોલે ત્યાં જરાયે ગરમી ન આવે ત્યાં માની લેવું કે-એ ક્ષમા સાચી નથી પણ આડંબરી છે.

◆◆◆

*ક્રિયાની અવગણના કરનારા જ્ઞાની નથી.*

જે ધર્મના સેવનમાં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ. ગુણનો અનુરાગ અને ક્રિયામાં અપ્રમત્તપણું હોય, એજ ધર્મ મોક્ષસુખનો ઉપાય છે. વિષયમાં ચકચૂર રહેવું, કષાયમાં ફસ્યા રહેવું, સાચા ગુણો તરફ દૃષ્ટિએ નહિ કરવી, ક્રિયાની તો અવગણના જ કરવી, ને મોક્ષના અર્થિ કહેવરાવવું એ કેમ બને ? વિષયોમાં આનંદ માને, કષાયને જરૂરના સમજે, ગુણોનો વિવેક કરવાની ફુરસદ નહિ, ક્રિયાની વાત આવે ત્યાંથી જ ગભરામણ થાય, એ આત્મા મોક્ષને તથા મોક્ષના સાધનભૂત ધર્મને ઇચ્છે, એ કેમ મનાય ? મોક્ષની ઇચ્છા જન્મતાંની સાથે જ આ બધા ગુણોને ફરજ્યાત આવવું પડે છે. મોક્ષની ઇચ્છા એટલે સંસારની અનીચ્છા અને સંસારની ઇચ્છા એટલે મોક્ષની ઇચ્છાનો અભાવ. જૈન મોક્ષની ઈચ્છા રાખે કે સંસારની ? જૈનત્વ ત્યાં હોઈ શકે કે જ્યાં સ્હેજે સંસાર ઉપર અરૂચિ હોય, ને મોક્ષ ઉપર રૂચિ હોય. જ્યાં મોક્ષની રૂચિ અને સંસારની અરૂચિ નથી ત્યાં જૈનપણાની સંભાવના નકામી છે. શ્રી જિનેશ્વરદેવનો અનુયાયી, શ્રી જિનેશ્વરદેવના સ્વરૂપથી માહિતગાર, શ્રી જિનેશ્વરદેવના જીવનને જાણનાર, એને મોક્ષને બદલે સંસારની અભિલાષા રહી જાય તો શ્રી જિનેશ્વરદેવના સ્વરૂપને જાણ્યું શું ? જેના જીવનમાં જરાએ પશ્ચાત્તાપ કે હૃદયના કંપ વિના વિષયની વાસનાઓ જાગતી હોય, કષાયાગ્નિ સળગ્યા કરતો હોય, ગુણ અવગુણની દરકાર ન હોય, ગુણ કે ગુણાભાસની પરીક્ષા ન હોય, ક્રિયાની વાતથી ભાગવા માંડે. એ જૈન કહેવાય ? આજે ક્રિયા ઉપર, ક્રિયાની વાતો ઉપર, બહુ અરૂચિ થઇ છે. આજના કેટલાક લોકો વાત વાતમાં એમ બોલે છે કે-'વગર ક્રિયાએ જ્ઞાનમાત્રથી સિદ્ધિ, તો જ્ઞાનીયે ક્રિયા કહી શું કરવા ? શ્રી જિનેશ્વરદેવની પૂજા કરી તોયે શું, વ્યાખ્યાન સાંભળ્યું તોયે શું ને ન સાંભળ્યું તોયે શું, સામાયિક કર્યું તોયે શું ને ન કર્યું તોયે શું.' આ પ્રમાણે તેઓ કયા હૃદયથી બોલી શકે છે ? જે જ્ઞાનથી એ સિદ્ધિ માને છે તે જ્ઞાન પણ ક્રિયા કરતાં કરતાં થાય કે વગર કરતે થાય ? જે ક્રિયા ઉપર રાગ કરવો તે ક્રિયા કરતે કરતે આનંદ આવે કે વગર કરતે ? કોઈપણ વસ્તુ એના સ્થાનમાં ગયા વિના, એનો પરિચય કર્યા વિના, એના ઉપર રસ જાગ્યા વિના સિદ્ધિ આપતી નથી. જેમકે-એક નાના બાળકને સ્લેટ પેન હાથમાં આપી શરૂઆતમાં એકડો

ઘુંટાવવો કેટલો મુશ્કેલ છે ? એ તો માને કે મોટો પથ્થર પડયો. એને તો બોજો લાગે. શિક્ષક ભણવાનું કહે તો ગુસ્સો કરે. માબાપ ઝેર જેવાં લાગે, તો પણ એને કાર્યમાં જોડીને, અભ્યાસ કરાવી કરાવીને, એવો બનાવવામાં આવે છે કે-પછી તો માબાપ કહે કે ખાઇને જજે, ખાધા વિના ન જવાય તો બાળક કહે કે-સ્કૂલનો ટાઈમ થઈ ગયો છે. બાળક ખાધા વિના પણ જાય છે. જો પહેલેથી જ એ બાળકને એમ કહ્યું હોત કે-'કંઇ નહિ, તારો આત્મા માને ત્યારે જજે' તો એ બાળક જાત ? અને એથીજ તમે ગમે તે પ્રકારે પણ નિશાળે જવાનો રસ લેતો બનાવો છો. અહીં ધર્મમાં કહો છો કે-રૂચિ વિના શું થાય ? આમ કહો એનો અર્થ શું ? 'શ્રી જિનેશ્વરદેવની મૂર્તિને પુજવી, શ્રી જિનેશ્વરદેવની વાણીને સાંભળવી, સામાયિકાદિ ક્રિયામાં આરૂઢ થવું.'- એમાં આટલી બધી આનાકાની કેમ ? શરૂઆતમાં જ આનાકાની કરો તો પામો કેમ ?

◆◆◆

જે પુરૂષ બાલ્યકાળમાં વિષ્ટા જેવી માટીમાં રમે છે, તરૂણ અવસ્થામાં કામની ચેષ્ટાઓ કરે છે અન વૃદ્ધ અવસ્થામાં અનેક જાતિની દુર્બલતાઓથી રીબાય છે, તે પુરૂષ કોઈ પણ અવસ્થામાં પુરૂષ નથી : પણ બાલ્યાવસ્થામાં ભુંડ છે, યુવાન અવસ્થામાં રાસભ છે અને વૃદ્ધ અવસ્થામાં અતિશય ઘરડો બળદ છે.

◆◆◆

જે પ્રવૃત્તિના પરિણામે પરિગ્રહની એટલે કે-અર્થકામની લાલસા વધવાની હોય, તે પ્રવૃત્તિને સાચો મુનિ કદિ જ સાથ આપી શકે નહિ !

◆◆◆

જે પાપો અટકાવવાને માટે કાયદા કરવા પડે છે, તેની પણ અટકાયત દીક્ષાથી વિના કાયદે થઈ જાય છે.

◆◆◆

જે પુત્ર, માતાની હિતશિક્ષા ન માને તે કપુત અને પુત્રની સારી ક્રિયા જોઇને જે માતા આનંદ ન પામે, સંતોષ અને આનંદ પામવાને બદલે સંતાપ પામે તથા સારી ક્રિયામાં વિઘ્ન કરે તે માતા પણ કુમાતા.

◆◆◆

જે ભણીને આગમ ઉપર-શ્રી જિનેશ્વરદેવના માર્ગ ઉપર, અશ્રદ્ધા ઉત્પન્ન થાય-અરૂચિ ઉત્પન્ન થાય, તે ભણતર કહેવાય ? નહિ જ !

♦♦♦

જે ભણતરના યોગે અનંતજ્ઞાનિઓએ ઉપદેશેલાં ઉત્તમ અનુષ્ઠાનોની બજાર વચ્ચે છડેચોક મશ્કરી કરવાનું મન થાય, તે ભણતરને શું ભણતર કહેવાય ? નહિ જ !

♦♦♦

જે મનુષ્યપણાની અનુત્તર સુરો પણ પ્રયત્નપૂર્વક આશા કરે છે, તે પ્રાપ્ત થયેલા મનુષ્યપણાને પાપકર્મોમાં યોજવું, એ પુણ્યશાલી આત્માઓનું કામ નથી પણ પાપી આત્માઓનું જ કામ છે.

♦♦♦

જે પોતાની જાતને જૈન કહેવરાવવા છતાં તીર્થંકરોને નથી માનતા, એમના અતિશયો અને બાહ્ય સંપત્તિને નથી માનતા, એમની ત્યાગમય દ્વાદશાંગીને નથી માનતા. એવા માણસો કોઈપણ સાધુને નમે છે ત્યારે અવશ્ય માનવું જ જોઇએ કે-તેમાં એનો કોઇ દુષ્ટ જ ઈરાદો છે. સાચા સાધુને એવાના નમસ્કારથી ગભરામણ છૂટવી જોઇએ અને એવાઓની નિંદાથી આનંદ થવો જોઇએ.

♦♦♦

જેની પ્રાપ્તિમાં ઘોર આરમ્ભ અને ઘોર પરિગ્રહનો પ્રચાર બેઠો છે, તેવા રાજ્યની પ્રાપ્તિ માટે જ અહિંસા પાળવી, તે વસ્તુતઃ હિંસા જ છે.

♦♦♦

જેનામાં ધર્મશ્રવણશીલતા રૂપ ગુણ હોય છે, તે પણ દેવગતિના આયુષ્યને ઉપાર્જનારો બને છે. સ્વભાવ જ એવો કે-ધર્મનું શ્રવણ કરવાનું મન થયા કરે. જ્યાં ધર્મશ્રવણની તક હોય, ત્યાં દોડી જવાનું એવા સ્વભાવવાળાને મન થઈ જાય. એવું કયારે બને ? ધર્મનો અનુરાગ હૈયામાં પ્રગટયો હોય તો ! ધર્મનો અનુરાગ પ્રગટયા પછી ધર્મશ્રવણનો સ્વભાવ બની જાય તો ધર્મનો અનુરાગ વધી જાય. નહિ તો એ અનુરાગનો વિલય થતાં વાર લાગે નહિ. સદ્ધર્મ કોને કહેવાય અને અસદ્ધર્મ કોને કહેવાય, એનો વિવેક ન પ્રગટયો હોય, તે છતાં પણ ધર્મને સાંભળવાનો સ્વભાવ હોય, તો દેવગતિનું આયુષ્ય

બંધાય. ધર્મશ્રવણ કરવાની વૃત્તિવાળા આત્માઓમાં, પાપનો રસ જોરદાર હોઈ શકતો નથી. બદઈરાદે ધર્મશ્રવણ કરનારની વાત જુદી બાકી, ધર્મની અભિરૂચિથી ધર્મનું શ્રવણ કરવાનો સ્વભાવ, પાપ પ્રત્યે જુગુપ્સા પ્રગટયા વિના આવે નહિ. અને ધર્મશ્રવણ કરતાં હૈયું હાલે અને એથી પાપ કરતાં પણ એમ થાય કે-મારે આ નહિ કરવું જોઈએ - તમારામાં આ ગુણ તો છે ને? ધર્મનું શ્રવણ કરવાનો યોગ હોય, ત્યારે તો તમે ધર્મશ્રવણ કરવાને ચૂકો જ નહિ ? ધર્મશ્રવણ કરવાની સગવડ હોય, તો તમે બગાસાં ખાતા બેસી રહો પણ ધર્મશ્રવણ કરવા ન જાવ એવું તો બને નહિ ને ? ધર્મશ્રવણનો સ્વભાવ, વિષય અને કષાય ઉપર કાબૂ આવ્યા વગર આવે નહિ. રૂઢિ આદિથી ધર્મશ્રવણ કરવાને જનારાઓને પણ, જો તેઓ બરાબર ધર્મશ્રવણ કરે તો જરૂર લાભ થાય. પણ ઉંઘ કાઢવાનું કામ એ વખતે જ કરે તો શું થાય ? મુદ્દો એ છે કે-પાપનો રસ ઘટે અને ધર્મનો રસ પ્રગટે, તો જ સાચી ધર્મશ્રવણશીલતા આવે.

◆◆◆

જેની ઇચ્છામાં, પ્રાપ્તિમાં, ભોગવટામાં અને ભોગવટાના અંતે દુઃખ નજરે દેખાય છે તથા પરિણામે દુઃખ છે એમ જ્ઞાનીઓ કહે છે, તે વસ્તુને સુખનું સાધન માનવું, એજ અસદ્‌ગ્રહ રૂપી મહા વ્યાધિ છે.

◆◆◆

જેની ભક્તિ કરીએ તેની આશાતના ખમાય શી રીતે ? અને જેની આશાતના ખમાય છે એના આપણે ભક્ત શી રીતે ?

◆◆◆

જેનામાં કોઇ પણ પ્રકારનો રાગ નથી, રાગ-દ્વેષથી જે સર્વથા મુક્ત બન્યા છે, તેઓની વાત જૂદી છે : પણ જ્યાં સુધી રાગ બેઠો, છે, ત્યાં સુધી સાચા ગુણ પ્રત્યે કોઇ પણ ઉત્તમ આત્માને સદ્‌ભાવ ન હોય, સાચો ગુણ કોઇ પરમ ઉત્તમ આત્માને પ્રમોદ ન ઉપજાવે, એ બને જ નહિ.

◆◆◆

જેને અનર્થકારી સંસાર લાભ આપનાર લાગે છે અને લાભદાયી દીક્ષા અનર્થકારી લાગે છે એને બુદ્ધિનો ભ્રમ થયો છે. એ ભ્રમ જ્યાં સુધી ન ટળે ત્યાં સુધી ઉત્તમમાં ઉત્તમ દીક્ષા પણ એ આત્માને રૂચવી જ નથી.

◆◆◆

જેને ગુણવાન પ્રત્યે બહુમાન નથી, તેને ગુણ સાંપડે કયી રીતિએ ? આત્મગુણોના પ્રગટીકરણમાં વાસ્તવિક સુખ રહેલું છે. ગુણવાન આત્માઓ પ્રત્યે બહુમાન, એય ગુણપ્રગટીકરણનું એક વિશિષ્ટ કારણ છે.

◆◆◆

જેને ગુણનો ખપ છે એ ભૂલથી પણ ગુણ કે ગુણીનું અપમાન ન થઈ જાય એની કાળજી કેમ ન રાખે ?

◆◆◆

જેને ગમે તેવા સુખદ ગણાતા પણ પૌદ્‌ગલિક સંયોગો દુ:ખરૂપ લાગે, મુક્તિ ગમે અને મુક્તિ માટેનો જ્ઞાનિઓએ ફરમાવેલો માર્ગ રૂચે તેજ સાચો જૈન છે.

◆◆◆

જેને ચારિત્ર પ્રાપ્ત થયું છે તેને રોજના ઉત્સવ છે, જ્યારે બીજાઓને કવચિ : કવચિતજ ઉત્સવ હોય છે.

◆◆◆

જેને સ્વર્ગ અને નકરકનાં વર્ણન સાંભળવા રૂચતાં નથી એ જરૂર પાપાત્મા છે.

◆◆◆

જેને ધર્મના નાશ વખતે રૂંવાટી સરખી ન ફરકે તેને ધર્મી માની લેવા એ ઇરાદાપૂર્વક રાત્રીને દહાડો માનવા જેવું છે.

◆◆◆

જેની ભક્તિ કરવાની તેને પોતાને આધીન રાખવાની મનોવૃત્તિવાળા કદી જ ભક્તિ કરી શકતા નથી. ભક્તિ કરનાર તો જેની પોતાને ભક્તિ કરવી હોય તેનો તે સેવક બને, કિંકર બને અનેતેની સામે તે હાથ જોડીને જ ઉભો રહે.

◆◆◆

જેને પોતાની ઇચ્છા મુજબ વર્તવાની ભાવના ગઇ, એ મહાન તપસ્વી છે : કારણ કે-એમાંજ સુખનાં મૂળ છે : દેખાય તો જૂઓ.

◆◆◆

જે માર્ગાનુસારી હોય તે પણ પહેલો મા-બાપનો હોય. માર્ગાનુસારી,

કે જે ધર્મને પામેલો નથી પણ સામગ્રી મળ્યે ધર્મને પામે એવો છે, એ ધર્મને ન જાણતો હોય તોય મા-બાપના ઉપકારને જાણતો હોય. બાયડીને એ કહી દે કે-'તારે ને મારે આ મા-બાપની સેવા કરવાની !' બાયડી કહે કે-'આ કચ કચ કરે છે, વાત-વાતમાં ગુસ્સે થાય છે, જેમ-તેમ મને કહે છે.' તોય એ કહે કે-'ઉપકારી મા-બાપ છે. એ કહે તે સાંભળવાનું. એમની અવજ્ઞા કરવાની નહિ અને એમની સેવા કર્યા વિના રહેવાનું નહિ ! એમણે મને પાળ્યો-પોષ્યો તો હું મોટો થયો અને તો તું મારે ઘેર આવી !'

◆◆◆

જે માણસ સામાન્ય પ્રકારની પણ આફતોને સહવાને રાજી ન હોય તે જ માણસ જ્યારે વૈરાગ્યવાસિત અન્તઃકરણવાળો બને છે, ત્યારે તેનામાં મોટી આફતોને સહર્ષ સહવાની વૃત્તિ પ્રગટે છે; એટલું જ નહિ, પણ પહેલાં જે માણસ આફતોથી ભાગતો ફરતો હોય છે, તે જ માણસ આફતોની સામે ધસે છે. એમાં પણ જ્યારે વૈરાગ્ય ઉત્કટ કોટિનો હોય, ત્યારે તો વિરાગી આત્મા ઘોર પણ વિપત્તિઓને આમંત્રી આમંત્રીને તે તે વિપત્તિઓને સહર્ષ સહે છે; અને એમ એ આત્મા ઘોર પણ વિપત્તિઓને અકિંચિત્કર બનાવી દે છે.

◆◆◆

જે મુનિઓ બારે પ્રકારના તપનું યથાશક્તિ સેવન કરવામાં અને માર્ગમાં ટકી રહેવા માટે તથા કર્મની નિર્જરા માટે નિરંતર સહવા યોગ્ય પરિષહોને સહવામાં પોતાના સામર્થ્યનો ઉપયોગ નથી કરતા, તેઓ ખરે જ મુનિપણાના આસ્વાદથી વંચિત રહે છે.

◆◆◆

જે માનવ દેવનો પૂજક હોય, ગુરૂનો પૂજક હોય, તે પ્રાયઃ સારી ગતિમાં જવાની યોગ્યતાવાળો હોય, એમ કહી શકાય કેટલાક માણસો એવા હોય છે કે-દેવ અને ગુરૂના સ્વરૂપના વિષયમાં એમને કશી ખાસ સમજણ જેવું હોય નહિ, પણ પોતાના કુળક્રમથી જે દેવ અને જે ગુરૂ મળ્યા હોય, તેમની પૂજા-સેવા કર્યા વિના એ રહે નહિ. દેવ-ગુરૂની પૂજા-સેવામાં આપણું જે વપરાયું તે ખરૂં, બાકી સાથે શું બાંધી જવાનું છે ? -આવી વૃત્તિ કેટલાકોમાં હોય છે. કેટલાકો એવા પણ હોય છે કે-જે દેવનો અને જે ગુરૂનો યોગ થઈ જાય, તે સર્વ દેવ-ગુરૂનું દર્શનાદિ કરે. ઉંડે ઉંડે એમ કે-સેવવા લાયક તો આ

છે. એટલે જ્યારે તક મળે ત્યારે દેવ-ગુરૂની સેવામાં એ પોતાની ચીજનો પ્રેમથી ઉપયોગ કરે. તમે તો, એથી ઘણા આગળ વધેલા કહેવાઓ ને ? દેવની ભક્તિમાં, ગુરૂની ભક્તિમાં, સાધર્મિકની ભક્તિમાં, ધર્મનાં કાર્યોમાં અને અનુકંપાદિકમાં જેટલું ખર્ચ્યું તેટલું લાભમાં અને બાકીનું બધું નુકસાનમાં, આવી જ તમારી માન્યતા છે ને ? તમે તો દેવાદિની ભક્તિ જેમ ઉચ્ચ પ્રકારે કરો, તેમ ઉચ્ચ આશયથી જ કરો ને ? દેવ-ગુરૂની ભક્તિ વિના, જૈનને તો ચેન જ પડે નહિ. ◆◆◆

જેમ ખોટામાં નિર્ભય બન્યા તો નાશ, તેમ સાચામાં ભયભીત બન્યા તો પણ નાશ જ છે.

◆◆◆

જેમ કુપથ્યનું સેવન અલ્પ સમય સુખ કરનારૂં છે અને પછી ઘણો કાળ દુ:ખને દેનારૂં છે તેમ પૌદ્‌ગલીક સુખનો સંયોગ ક્ષણ માત્ર સુખ દેનારો છે પણ એ ક્ષણનું સુખ પરિણામે ભયંકર દુ:ખને દેનારૂં છે.

◆◆◆

જેમ આપણું જે ભૂંડું ઈચ્છે છે તે મહાન નથી તેમ દુનિયાના કોઈ પણ પ્રાણિનું જે ભૂંડું ઈચ્છે છે એ મહાન નથી.

◆◆◆

જેમ કોઈ ગૃહસ્થ કોઈ કારણસર એક ભાડાની કોટડીમાં પેસે છે અને કારણ ન હોય ત્યારે તેને મૂકી દે છે અને વળી બીજા કારણસર બીજી કોટડીનો સ્વીકાર કરે છે અને કારણ પડયે તે બીજીનો પણ ત્યાગ કરે છે, તેમ સંસારી આત્મા પણ નિયત કર્મોના ભોગ માટે એક યોનિમાં પ્રવેશ કરે છે અને તે યોનિને યોગ્ય એવાં કર્મોનો ઉપભોગ થઈ ગયા પછી તે યોનિને મૂકી દે છે : એ જ રીતિએ બીજી યોનિમા પ્રવેશ કરે છે અને ફરી તેને મૂકી દે છે : પરંતુ સંસારી આત્માઓને કોઈ પણ યોનિનો નિયત સ્વીકાર નથી : કારણ કે- સંસારી આત્માનો સ્વીકાર કે ત્યાગ તેને સ્વાધીન નથી, પણ તેના કર્મને આધીન છે.

◆◆◆

જે મુનિઓને તમે ક્ષમાધારી કહો છો, તે મુનિઓ પાપ અને તેના કરનારાઓ પ્રત્યે ગુસ્સાથી અને દંભથી ભરેલા હોય છે.

◆◆◆

જે મુનિપણાએ રાજા મહારાજાઓને પણ સાચા ભિક્ષુક બનાવ્યા છે, તે મુનિપણાને પામવા છતાં પણ આત્મા દીન કે પુદ્ગલાનંદી કેમ જ બને ?

◆◆◆

જેમ દર્શન વિના સમ્યગ્જ્ઞાન આવતું નથી અને સમ્યગ્જ્ઞાન કે જ્ઞાનીની નીશ્રા વિના ચારિત્રના સુખનો આસ્વાદ આવી શકતો નથી, તેમ સંયમ અને તપ વિના ચારિત્રનો ઉત્સવ ટકી શકતો નથી.

◆◆◆

જેમને સાંભળ્યા પછી શબ્દોમાં મૂકવાની આપણી શક્તિ નથી, એવાં અસંખ્ય ઉપદેશ વાકયોથી પૂ. મહારાજશ્રીનાં ભાષણો ભરપૂર હોય છે.

◆◆◆

જેમને સુસાધુઓનો પરિચય નથી અને સત્શાસ્ત્રોને સાંભળ્યાં નથી, તેવા કેટલાકની દૃષ્ટિમાં ભવને ભયંકર અને સંયમને સુખકર કહેનારા કારમા દેખાય, એમાં નવાઇ શું છે ?

◆◆◆

જેમ જેમ જ્ઞાન વધે, તેમ તેમ ઘમંડ ઘટવો જોઈએ અને વિનીતપણું વધવું જોઈએ. જ્ઞાન વધે તેમ જો ઉચ્છ્રૃંખલતા વધે, તો તે જ્ઞાન ફુટયું એમ કહેવાય.

◆◆◆

જેમાં સદાચારિઓને તથા સદાચારને સમુચિત સ્થાન ન હોય, જેમાં સદ્વિચારોનો બહિષ્કાર તથા સદ્વિચારશીલોનો તિરસ્કાર હોય, એવા નવયુગની જો નોબત ગડગડી રહી હોય, તો કહેવું જોઇએ કે-એ નવયુગને ઇચ્છનારાઓના આત્મનાશની જ નોબત ગડગડી રહી છે.

◆◆◆

જે રીતે નાશવંતી વસ્તુઓ માટે યોગ્યની સલાહ લેવા દોડી જાઓ છો, પૈસા આપીને સલાહ માગો છો, એને પ્રેમપૂર્વક-બહુમાનપૂર્વક સાંભળો છો, એની બધી આજ્ઞા સ્વીકારવાની કબૂલાત આપો છો એવી રીતિએ ધર્મની બાબતમાં યોગ્યની સલાહ લેવા યોગ્ય સ્થાને દોડી ગયાનો દાખલો છે ? નથી.

◆◆◆

જે રીતિએ પૌદ્ગલિક સ્વાર્થમાં જ અંધ બનેલાઓ એ સ્વાર્થની સાધનામાં સજ્જ હોય છે, તે જ રીતિએ આત્મિક સ્વાર્થની સાધના માટે ઉજમાળ થયેલા આત્માઓ પણ એ સ્વાર્થની સાધના માટે પૂરેપૂરા ઉદ્યમશીલ હોય છે. ફેર એટલો કે-પેલા નિર્વિવેકી હોય છે અને આ સુવિવેકી હોય છે.

♦♦♦

જે લોકો ધનની આશાથી વિહવલ બનીને પોતાના જન્મને પરની સેવાઓમાં, કૃષિકર્મમાં, અનેક આરંભોથી ભરેલા વ્યાપારોમાં અને પશુપાલનના કર્મમાં વીતાવે છે, તે લોક પોતાના જન્મને અફલપણે ખપાવી દેનારા છે.

♦♦♦

જે લોકો દુનિયાના જીવોને ધર્મથી પતિત કરનારા છે, તેઓ લૂંટારાઓ અને હિંસકો કરતાં પણ ભૂંડા છે : તેવાઓ કરતાં પણ મહા પાપી છે.

♦♦♦

જે લોકો એવો પાઠ ભણાવે છે કે સાધુઓ તો ક્ષમાધારી, એમનાથી કાંઈ બોલાય-કરાય નહિ તેઓને વસ્તુત : શાસનની દરકાર જ નથી, અપ્રશસ્ત કષાય હયાત છે ત્યાં સુધી પ્રશસ્ત કષાયોની અગત્યતા છે એ નહિ સમજાય ત્યાં સુધી આ વાત હૃદયમાં જચવાની નથી.

♦♦♦

જે લોકો અન્ય અન્ય વસ્તુને આગળ ધરીને ધર્મને પાછળ કરવા માગે છે, તે લોકો ખરે જ મોહમુગ્ધ કહેવાય : તો જે લોકો પ્રભુશાસનને પામવાનો દાવો કરે છે અને જે લોકો પ્રભુશાસનના પ્રચારકપણાનો ઈલકાબ લઈને ફરે છે, તે લોકો જો મોહમુગ્ધ લોકોની ભેળા ભળી જાય, તેઓની વાતોમાં હાજી-હા કરે અને સંસારની સુંદરતાના મોહમુગ્ધોના સુરમાં પોતાનો સુર પૂરે તો તે લોકોને કયી કોટિમાં મૂકાય ?-એ ખાસ વિચારવા જેવું છે !

♦♦♦

જે નિમિત્તે દુર્ધ્યાનની સંભાવના ગણાય, તે જ નિમિત્તે વિવેકી આત્મા, મુક્તિ પમાડનારા ધ્યાનને પામી શકે અને ઘણી ઘણી નિર્જરાને સાધી શકે. તાત્કાલિક પ્રતિકૂળતા સહાય નહિ અને અનુકૂળતા ગમી જાય-એ બનવાજોગ છે; પરન્તુ એ વખતેય જેમ બને તેમ પ્રતિકૂળતાના દ્વેષી નહિ બનતાં, કર્મના

દ્વેષી બનાય અને અનુકૂળતાના રાગી નહિ બનતાં, મુક્તિના રાગી બનાય તો ક્રમે કરીને પ્રતિકૂળતામાં તથા અનુકૂળતામાં સમભાવ બન્યો રહે-એવી સ્થિતિને પામી શકાય; અને અન્તે ધ્યાનારૂઢ આદિ બનવા દ્વારાએ મુક્તિને પણ પામી શકાય. આ વિના તો, તમારે જોઈતો હોય દેવલોક અને તમે ઘસડાઈ જાવ દુર્ગતિમાં, તો એ પણ બનવાજોગ છે.

◆◆◆

જેના હૃદયમાં પોતાના સાચા સાધર્મિક પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થતો નથી અને ભક્તિ કરવાની ભાવના જાગૃત થતી નથી, તે સ્વામિનો સાચો સેવક પણ નથી. સ્વામિના સાચા સેવકને પોતાના સ્વામિના સાચા સેવક પ્રત્યે પ્રેમ કે ભક્તિ કરવાની ભાવના ઉત્પન્ન થયા વિના રહે જ કેમ ?

◆◆◆

જેમ ધર્મ પમાડવો એના જેવો બીજો કોઈ ઉપકાર નથી; તેમ કોઈ પણ જીવને ધર્મથી ભ્રષ્ટ કરવો, ધર્મથી પરાઙ્મુખ બનાવવો, ધર્મનો નિન્દક બનાવવો, ધર્મનો દ્વેષી બનાવવો, ધર્મ-ધર્મગુરૂ-ધર્મસ્થાપક એ તારક ત્રિપુટી તરફ દુર્ભાવવાળો બનાવવો અને અધર્મમાં ચરચૂર બનાવવો, એના જેવો બીજો અપકાર પણ કોઈ નથી

◆◆◆

જેમ પ્રશસ્ત- રાગ આત્માની વીતરાગદશાને સમીપ લાવે છે, તે જ રીતિએ પ્રશસ્ત-પ્રવૃત્તિ સર્વથા નિવૃત્ત દશાને અને પ્રશસ્ત કષાયો અકષાયિપણાને નજદિક લાવનારા છે.

◆◆◆

જેમ નાટકમાં વિવિધ વર્ણક આદિના યોગે નાટકીઆઓ ભિન્ન ભિન્ન ભૂમિકાને અંગીકાર કરે છે, તેમ વિવિધ પ્રકારનાં કર્મો રૂપ ઉપાધિથી ઘેરાયેલો આત્મા વેદપારગામી હોવા છતાં ચંડાળ થાય છે, સ્વામી સેવક થાય છે અને બ્રહ્મા કૃમિ થાય છે.

◆◆◆

જેમ પાપી ઉંઘતા સારા, તેમ વિષયાધીન અજ્ઞાન સારા. એમને જ્ઞાન મળે તો સ્વપર ઉભયનું નિકંદન વાળે જે બુદ્ધિથી પાપમાર્ગે જવાય એનાથી એ બુદ્ધિ ન મળે તો સારૂં કે નહિ ?

◆◆◆

જે માતા-પિતા પોતાના સંતાન પ્રત્યેની ફરજ ચૂકે તે પોતાનું માતા-પિતાપણું ગુમાવે છે અને જે સંતાનો શિરસાવંદ્ય કરવા જેવી માતા-પિતાની આજ્ઞાને પણ ન માને, તે પોતાનું પુત્રપણું ગુમાવે છે.

♦♦♦

જેમનું હૈયું શ્રી જિનશાસનને સમર્પિત હોય છે, 'શ્રી જૈન શાસન વિના કદી પણ મારૂં કલ્યાણ થવાનું નથી.'-એવું જેમના હૈયે બેઠું છે અને 'શ્રી જિનની આજ્ઞાના પાલન વિના કદી પણ કોઈનું પણ કલ્યાણ થયું પણ નથી અને થવાનું પણ નથી.'-આવી જેમને હૈયે પ્રતીતિ છે, તેવા જીવો તો ત્યાગ, સંયમ અને તપને ઝંખ્યા કરતા હોય છે. એવા જીવો કદાચ ત્યાગ સંયમ અને તપ ન કરી શકે અને દેખીતી રીતિએ રાગમાં રગદોળાએલા પણ લાગે, તો પણ એમનું હૈયું ત્યાગ, સંયમ અને તપને ઝંખતું હોય છે.

♦♦♦

જેમને તમે તમારા મહાપુરૂષો માનો છો, તેઓ પોતાના ઘોર દુશ્મનો-અપકારિઓ પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખતાં હતા. આજે એ ભાવનાઓ નાબૂદ થતી જાય છે, એ પ્રતાપ કોનો ?

♦♦♦

જેમ બને તેમ પાપથી અળગા રહેવું જોઈએ અને જે પાપ થઈ જાય તેની શુદ્ધિ કરી લેવી જોઈએ. વર્ત્તમાન કાળમાં વળગતાં પાપો કરતાંય, આત્માને ભૂતકાળનાં પાપો ઘણાં વળગેલાં છે. ભૂતકાળનાં પાપો જો વળગેલાં ન જ હોય, તો વર્ત્તમાન કાળમાં પાપની સંભાવના જ ન હોય. સઘળાંય પાપોના નાશને માટે જ્ઞાનિઓએ તપને મહા ગુણ તરીકે વર્ણવ્યો છે. પણ મોજીલા માણસોને વળી તપ શો ? મોજીલા માણસો તપ કરી શકે ? એમને તો ઊઠે ત્યારથી તે સૂએ ત્યાં સુધી મોંઢામાં કાંઈક ને કાંઈક નાંખવાને જોઈએ. કોઈ ડૉકટર કે વૈદ્યને પૂછી તો જો જો કે-'ઉઠીએ ત્યારથી તે સૂતાં સુધી ખા-ખાને ચાવ-ચાવ કરીએ, તો તેમાં આરોગ્યને કાંઇ વાંધો આવે ખરો ?' અગાઉ તાંબુલ પણ મુખવાસમાં ગણાતું હતું. સુખી માણસો ભોજન કર્યા બાદ તાંબુલ ખાતા, પણ તે તમારી જેમ નહિ ! ભાણે જેમ ભોજનની સામગ્રી ગોઠવાતી, તેમ ભોજનને અન્તે તાંબુલ આદિ મુખવાસની સામગ્રી પણ ગોઠવાતી. મુખવાસ પણ ત્યાં જ ખવાતું અથવા બહુ બહુ તો જમ્યા બાદ

દીવાનખાનામાં બેસીને ખવાતું. થોડાક વર્ષો પૂર્વનો આચાર જોઈએ, તો પ્રાયઃ કોઈ મોઢું સાફ કર્યા વગર બહાર નીકળતું નહિ. એ કાળમાં આજની જેમ રસ્તા બગડતા નહિ. આજે રસ્તે ચાલતાં જેમનું મોઢું કાંઈ જ ન ચાવતું હોય, એવા થોડા. ઘણે ભાગે તો, રસ્તે માનવપશુઓનું દર્શન થાય. ચાવતા જતા હોય અને જ્યાં-ત્યાં થુંકતા જતા હોય. રસ્તાઓને એવા બનાવી દે છે કે-જો કોઈ જોયા વિના ચાલે, તો કદાચ એ લપસે અને પગ ભાંગે. છેવટે પગ બગડે તો ખરો જ. ઉપરાઉપરી પાન ખાયા કરે અને કેટલાકોને તો એક નહિ પણ બે પાન એકી સાથે જોઈએ છે. સૂએ ત્યાં સુધી પાન ચાવ્યા કરે અને બીડી ફુંકયા કરે. પછી ઉઠે ત્યારે મોં ગંધાતું હોય, એમાં નવાઈ છે ? આજના મોજીલા લોકોએ તો, આરોગ્યશાસ્ત્રના નિયમોને પણ ચાવી ખાધા છે. એ તો થોડુંક પુણ્ય મદદમાં છે તે માંદગી ઓછી આવે છે. બાકી આજની ખાનપાનની સ્વચ્છન્દતા આરોગ્યને હાનિ પમાડે એવી જ છે. આ જમાનામાં તપ થાય ? આ જમાનામાંય તપ કરનારાઓ તો છે, પણ તે થોડા અને આજે જે કુટેવો પડી રહી છે, તે એવી છે કે-તપ કરવાનું મન થાય તોય તપ કરવામાં બીજી ઘણી મુશ્કેલીઓ નડે. માત્ર ભૂખને સહન કરી લેવાની શક્તિ આવે, એટલે પણ અનશન રૂપ થઈ શકે, પણ આજે તો ભૂખને સહન કરી લેવાની શક્તિ હોય તોય બીજી ત્રીજી કુટુવોની મુશ્કેલીઓ ઘણી નડે ને ?

◆◆◆

જેમને પુણ્યયોગે સુભગતા મળી હોય, તેમણે સુશીલ બનવું જોઈએ અને તો જ સુભગતા મળી એ સફળ ગણાય.

◆◆◆

જેઓ સાધુ બની શકે તેમ ન હોય, તેઓ પણ સાધુપણા તરફ લક્ષ્ય રાખીને જીવનારા બને, તો તેમનામાં પણ વિશ્વધર્મનો વિકાસ જરૂર થાય ધ્યેય સર્વોત્તમ ઉપાયને આચરવાનું રાખવું અને આચરણ શક્તિ મુજબ કરવું આ માટે આપણે યોગ્ય બનવું પડે ને ? આપણામાં યોગ્યતા ન હોય, તો ઈશ્વર પણ શું કરે? એટલે, ઈશ્વર ઉપર એવો આધાર રાખવો નહિ કે-આપણી પુરૂષાર્થની ભાવના નાશ પામી જાય. ઈશ્વરે બતાવેલો માર્ગ અને એ માર્ગે ચાલવાનો પુરૂષાર્થ કરવાનો આપણે એ બેનો યોગ થાય, તો મોક્ષ આપણાથી આઘો રહી શકે નહિ.

◆◆◆

જેઓ સત્ય સંવાદને તજીને કુયુક્તિઓનો આશ્રય લેવા માંડે છે, તેઓની દશા દયાજનક બની જાય છે તેવા આત્માઓ પહેલાં સત્યના આગ્રહી હોવા છતાં, પાછળથી અસત્યના એવા તો દુરાગ્રહી બની જાય છે કે-તે બીચારાઓ પોતે કરેલા સફેદા ઉપર જ પોતાના હાથે કાળો કુચડો ફેરવી, દુર્ગતિના ભાજન રૂપ બની જાય છે : માટે જેમ પ્રતિવાદ કરવો જરૂરી છે, તેમ પ્રતિવાદ કરતાં કરતાં પણ અસત્ય સંવાદનો કે કુયુક્તિનો આશ્રય ન લેવાઈ જાય તેમજ દુરાગ્રહ ન આવી જાય, એથી પણ ચેતતા રહેવાની અતિશય જરૂર છે.

◆◆◆

જેઓ વિષયોને આધીન બનીને, ખોટા અભ્યાસ અનેઅયોગ્ય વાતાવરણમાં પડીને, ભયંકર સ્થિતિમાં મૂકાઈ જેલોમાં સડે છે, બીમારીઓ ભોગવે છે, દવાખાનાઓમાં સીદાય છે, તેઓની દયા ખાવાની હોય કે જે મહાનુભાવો વિષયોથી પરાડમુખ બની, એ સર્વ અનિષ્ટોથી દૂર થઈ, નિર્ભયપણાના માર્ગે ગમન કરે છે તેઓની દયા ખાવાની હોય ?

◆◆◆

જેઓએ યુવાવસ્થાનો આખો ય સમય ઈંદ્રિયોનો કસ કાઢવામાં ગુમાવ્યો હોય-આંખથી જેટલું જોવાય તેટલું જોઈ લેવું, શરીરથી ભોગવાય તેટલું ભોગવી લેવું, ખાઈ-પીઇને મોજ કરી લેવી,-એ જ ધ્યેયથી, જેણે જીવન ગાળ્યુ હોય, તેઓ વૃદ્ધાવસ્થામાં શું સાધી શકે ?

◆◆◆

જે કોઇ એમ કહે કે-'હું જ્ઞાની છું માટે કોઇની નિશ્રા સ્વીકારતો જ નથી'-તો તેને આપણે પણ કહી દેવું કે-'હું પણ તારી નિશ્રા સ્વીકારતો નથી.

◆◆◆

જેઓએ શ્રી જિનાજ્ઞા મુજબ નિર્ગન્થતા ધારણ કરી છે, જેઓની બીજા જીવોને પણ ધર્મ પમાડવાની હિતકામના છે અને જેઓ શ્રી જિનેશ્વરદેવોએ પ્રણીત કરેલા શુદ્ધ ધર્મની અધિકાર મુજબ દેશના દે છે, તે જ સાચા ધર્મગુરૂઓ છે અને તેઓ જ જગતમાં સાચા આશિર્વાદ સમાન છે.

◆◆◆

જે કુલોમાં પિતા પિતાપણાની ફરજને નથી સમજતા અને પુત્રો

પુત્રપણાની ફરજને નથી સમજતા, તે કુલોની કેવી દુર્દશા થાય છે, એ આજે અપ્રત્યક્ષ નથી.

♦◆♦

જે કોઇ આત્માઓ શ્રી જિન થઇ ગયા છે, અન્ય ક્ષેત્રે થાય છે અને ભાવિકાળમાં થશે, તે સર્વે આત્માઓ કેવા ઉત્તમ હોય છે અને કેવા ઉત્તમ બને છે એ જાણવું જોઇએ. એ આત્માઓની એ ઉત્તમતાને પિછાનીને, એ આત્માઓ પ્રત્યે એ ઉત્તમતાને કારણે બહુમાનભાવ પેદા થવો જોઈએ. એમ થવું જોઈએ કે-'કયારે હું પણ એવી ઉત્તમ દશાને પામું ?' એવી ઉત્તમ દશાને પામવાને માટે શ્રી જિનદર્શનાદિમાં પ્રવૃત્ત થવું જોઈએ. આવા દર્શનાદિના પ્રતાપે જીવને સુન્દર ફળ મળ્યા વિના રહે, એ શકય જ નથી.

♦◆♦

'જે ક્રિયામાં મન, વચન અને કાયા-ત્રણે એકમેક થઈ જાય, તે કાર્યની સિદ્ધિ થવી જ જોઇએ.'-એ સિદ્ધાંત ખોટો નથી : પરન્તુ ખ્યાલ એ રાખવાનો છે કે-મન, વચન અને કાયા, એ ત્રણેય એકમેક થવા છતાં કાર્યની સિદ્ધિ તો ત્યારે જ થાય છે, કે જ્યારે તે એકમેકપણું કાર્યસાધક દિશામાં થયું હોય.

♦◆♦

જે કમનશિબ આત્માઓમાં પરમ આરાધ્ય સાધુપદ પ્રત્યે પૂજ્યભાવ નથી અને પ્રભુશાસનનાં પવિત્ર ફરમાનો ઉપર શ્રદ્ધા નથી, તેવાઓને જ સુસાધુઓ ઉપર સત્તા ચલાવવાનું મન થાય છે અને એમની એ પાપી મનોવૃત્તિનો અમલ થવામાં આડે આવતા સુવિહિત સાધુઓને તેઓ અછતા દોષોથી વગોવે છે.

♦◆♦

જે કાળે વિજ્ઞાનના નામે જડવાદ ચાલે તે કાળે જડવાદ ચાર ગણો વધી જાય છે. અધર્મ જે કાળે ધર્મ તરીકે પૂજાય તે કાળે સામાન્ય કોટિના ધર્મી પણ ધર્મહીન થઇ જાય છે. એમાં કશું જ આશ્ચર્ય નથી,

♦◆♦

જે ચીજ સ્વાધીન નથી, જે કેવળ પુણ્યને જ આધીન છે, ત્યાં એકાકાર થઈને રાચીમાચીને ઉદ્યમ કરવો, એ કેવળ ગાંડપણ છે.

♦◆♦

જે જે ક્રિયાથી, પ્રવૃત્તિ અને ભાવનાથી આત્માનો સ્વભાવ દબાયો છે, તેનાથી વિપરીત ક્રિયા, પ્રવૃત્તિ અને ભાવના એનું નામ સાધનધર્મ છે.

◆◆◆

જે જડસેવકો દુ:ખને સંપ્રાપ્ત થયેલા સ્વામીની ઉપેક્ષા કરે છે, તે સેવકો હોવા છતાં પણ દુશ્મનો કરતાં ય ઘણા ભયંકર છે, એ વાત નિશ્ચિત છે.

◆◆◆

જે જીવો આર્ય ક્ષેત્રમાં મનુષ્યપણાને પામ્યા છે, તેઓ તેટલી સુંદર ભવિતવ્યતાવાળા છે, અમુક પ્રકારની લઘુકર્મિતાને ધરનારા છે અને અમુક જાતિના પુણ્યને પણ ધરનારા છે, એ વાત તો શંકા વિનાની જ છે.

◆◆◆

જે જીવોનો સંસારકાલ અર્ધ પુદ્‌ગલાવર્ત્ત જેટલો અગર તો એથી અધિક બાકી હોય છે, તે જીવો પોતાના સમ્યગ્દર્શન ગુણને પ્રગટાવી શકતા જ નથી; એવા જીવો ચરમાવર્ત્તમાં આવ્યા હોય અને તેમનામાં મોક્ષનો આશય પ્રગટયો હોય તેમ જ કાલાદિની અનુકૂળતા હોય તો સમ્યગ્દર્શનાદિને અવશ્ય પમાડે એવી ધર્મસામગ્રી એ જીવોને મળી હોય, તો પણ !

◆◆◆

જે જીવો મોક્ષમાં જાય છે, સદ્‌ગતિમાં જાય છે અગર તો દુર્ગતિમાં જાય છે, તે જીવો ઉદ્યમ કરી કરીને જ મોક્ષમાં, સદ્‌ગતિ કે દુર્ગતિમા જાય છે ને ? માનસિક, વાચિક ને કાયિક-એ ત્રણે પ્રકારનો અથવા તો એમાંના કોઈ પણ પ્રકારનો ઉદ્યમ કર્યા વિના જ કાંઈ થઈ જાય, એવું બને છે ? મોક્ષ સધાય ઉદ્યમથી, સદ્‌ગતિ મળે પણ ઉદ્યમથી અને દુર્ગતિમા જવાય છે તે પણ પોતાના ઉદ્યમથી જ ને ? તમે ને અમે, કાંઈક ને કાંઈક તો ઉદ્યમ કરીએ જ છીએ. તમારો ઉદ્યમ તો ચાલુ છે ને ? ઉદ્યમ તો ચાલુ છે જ, પણ કેવું ફળ આપે એવો ઉદ્યમ ચાલુ છે-એજ મહત્ત્વનો વિચાર છે. આપણી દુ:ખના નાશની અનેકેવળ સુખને જ ભોગવ્યા કરવાની ઇચ્છા સફળ નીવડે, એવો જ ઉદ્યમ ચાલુ છે ખરો ?

◆◆◆

જે જે વસ્તુઓ વિના જીવનમાં ચાલે તેવું નથી, તે તે સિવાયની કોઈ પણ વસ્તુમાં ધનનો વ્યય ન થાય, તેની કાળજી રાખનારા કેટલા ? જીવનને

જીવવાને માટે બીનજરૂરી એવી એક પણ વસ્તુમાં તમારો પૈસો ન ખર્ચાય, તે માટે તમે સાવધ છો, એમ કહી શકશો ? આ થાય, તો પછી 'સ્થાને વ્યય' કરવાની જે વાત છે, તે સુલભ બની જાય. ધનવાનો જો અસદ્ વ્યયને તજી દે અને સ્થાને વ્યય કરનારા બની જાય, તો તેમના ઉપર લોકોનો આશીર્વાદ વરસે ને ? આજે કેટલાકોને ધનવાનોને નિન્દવાની કુટેવ જે પડી ગઈ છે, તે પણ ઘણે ભાગે મટી જાય. સામાન્ય સ્થિતિના માણસો પણ જો અસદ્ વ્યયને તજી દે, તો તેઓ શક્તિ મુજબ પણ સહેલાઈથી સ્થાને વ્યય કરી શકે.

◆◆◆

જે જાતિનું પરોક્ષ વસ્તુઓ પ્રત્યે આસ્તિકય જે છે તે આજના કહેવાતા ઉપકારીઓમાં નહિ હોવાથી, પરિણામે જે દુઃખનાં સાધનો છે તે મેળવી આપવામાં તેઓએ ધર્મ માન્યો છે. જ્ઞાનીઓએ કહેલી પરલોકાદિ વસ્તુઓ પ્રત્યે એકવાર આસ્તિકય આવી જાય તો દયા, અહિંસા એ શું છે, એ આપોઆપ માલૂમ પડી જાય. પરંતુ સાચા કે ખોટા કોઇ ધર્મને તે પામ્યા જ નથી. મિથ્યા ધર્મ પામેલાને સમ્યગ્ધર્મ પમાડવો રહેલો છે, કેમકે-ધર્મ તો એને ગમે છે : માત્ર મિથ્યાદૃષ્ટિ પ્રવર્તકોએ પાપને પુણ્ય સમજાવ્યુ છે અને પુણ્યને પાપ સમજાવ્યું છે, પણ સ્વર્ગ-નર્કાદિને તો માને છે. આજના એ કહેવાતા ઉપકારીઓને તો સાચો કે ખોટો ધર્મ જ મળ્યો નથી મ્હોંઢે બધું બોલે છે, પણ વસ્તુત : એમના હૈયામાં ધર્મે પ્રવેશ કર્યો નથી : એથી જ સઘળા સુખી થાઓ, એ ભાવનાના બદલે સઘળા સ્વતંત્ર થાઓ અને સ્વેચ્છાએ મહાલો, એ ભાવના આવી અને પરિણામે સ્વછંદતા આવી.

◆◆◆

જે છોકરા-છોકરી ૭૨ કે ૬૪ કળાઓને શીખી આવે, તેમનાં મા-બાપ તેમને કહેતાં કે-'આ તો શીખ્યાં, પણ જો ધર્મકળા ન હોય તો આ બધુંય નકામું છે.' આ આર્ય દેશની પ્રથા હતી. આજે ધર્મકળાની દરકાર છે ? વેપારી છોકરાને પેઢી ઉપર કયારે બેસાડે ? પરલોકને સમજતો થાય, પરલોકને માનતો થાય અને પૈસા ખાતર અનીતિ કરવી ભૂંડી એવી પ્રતીતિ થાય, તે પછી જને ? પેઢી કાંઈ એવા નાદાનને સોંપાય, કે જે જે આવે તેને રેંશે અન નીતિનું ધોરણ જાળવે નહિ ? તમે તમારી પેઢી કોને સોંપો ? જે તમારા કરતાં પણ સવાયો ઉઠાઉગીર હોય, તેને સોંપવી ગમે ને ? આજે

આવી વૃત્તિ આવી હોય, તો પણ એ આર્ય દેશની પ્રથા નથી. તમારા છોકારાઓ અને છોકરીઓ, કોઈ કળા જ ન શીખે-એવું કહેવાય નહિ. ગૃહસ્થોએ અજ્ઞાન રહેવું જોઈએ, એવું અમે માનતા નથી. અમે તો માનીએ છીએ કે-બધાએ સમજદાર બનવું જોઈએ. ગૃહસ્થ તરીકેના જીવનમાં જે જે જોઈએ, તે બધું સ્ત્રી-પુરૂષને આવડે, તેનું નામ જ સ્ત્રીઓએ ૬૪ અને પુરૂષોએ ૭૨ કળાઓ શીખી કહેવાય ને ? જે કાળે જેનો નિર્ણય કરવાની જરૂર પડે, તેનો નિર્ણય પણ વિવેકપૂર્વક કરી શકે અને તેનો અમલ પણ વિવેકપૂર્વક કરી શકે, તે કળાના શિક્ષણનો પરમાર્થ છે.

◆◆◆

જેનાથી આત્મકલ્યાણની રક્ષા થાય છે તે દેખીતા પાપને પણ ધર્મ તરીકે માનેલ છે ક્રોધ, માન, માયા, લોભ એ ચારે પાપરૂપ છે પણ તેજ જો સંયમની રક્ષા માટે વપરાય તો ધર્મરૂપ બને છે.

◆◆◆

જેનાથી ધર્મ દોડયો આવે, એ કેળવણી અને એ શિક્ષણ !

◆◆◆

જેનાથી સાધુપણું ન બની શકે એ પણ બીચારા ધર્મથી વંચિત રહી ન જાય, એટલા જ માટે બીજા ધર્મનું એટલે ગૃહસ્થધર્મનું પ્રતિપાદન કરેલું છે.

◆◆◆

જેનાથી ભવસાગરને તરાય, તે જ તીર્થ કહેવાય; અને ભવસાગરને તરવાના, હેતુથી જ તીર્થે જવાનું હોય. તીર્થે જવું. પૈસા ખર્ચી પ્રભુને પુષ્પહાર પહેરાવવા, આંગી વગેરે કરવી,- એ બધું શા માટે ? ધન ઉપરની મૂર્ચ્છા ઉતારી નિષ્પરિગ્રહી બનવા માટે ! નિષ્પરિગ્રહી બની, એ જ પ્રભુએ ફરમાવ્યા મુજબના સંયમી બની, કેવળજ્ઞાન મેળવી, મુક્તિ મેળવવી, એ જ એક હેતુ આ ભાવના વગરની ભક્તિ વસ્તુત : ફળે કયી રીતિએ ? ભગવાનને હીરાના હારની જરૂર છે? પહેરાવો કે ન પહેરાવો, એ રાજી કે નારાજ થવાના નથી; પણ લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારી અંતિમ ધ્યેયે ત્યાગી બની, મુક્તિપદે પહોંચવા માટે ગૃહસ્થોએ શક્તિ આદિને અનુસરીને એ કરવું પણ જરૂરી છે, માટે કરવાનું છે. માનપાન, શેઠાઈ અને વિષય-કષાયની ખોટી ગુલામીની જે ભાવના હૈયામાં જામી જવા પામી છે, તે ભાવના જો ખરાબ લાગશે અને જશે, તો

જ ધર્મ થશે. ઘીની બોલી બોલતાં 'હું કોણ ?' એમ 'હું' કારવાળા નહિ બનવું જોઈએ, પણ 'પરિગ્રહ રૂપ બેડીમાંથી મુક્ત કયારે થવાય ?'-આવા આવા વિચારવાળા બનવું જોઈએ. શ્રી જિનેશ્વરદેવની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવળજ્ઞાનભૂમિ, નિર્વાણભૂમિ, વિહારભૂમિ, આ બધી જ તીર્થભૂમિઓ ગણાય. અરે, છદ્મસ્થકાળમાં ભગવાન જ્યાં ભિક્ષા લેતા, ત્યાં પણ કેટલીક વાર શ્રાવકો દહેરી બાંધી સ્મરણ રાખતા અને પગલાં પૂજતા. વિહારભૂમિને પણ પૂજતા. અહીંથી ભગવાન વિહાર કરી ગયા છે, એનું સ્મરણ બન્યું રહે એ માટે, તેવા સ્થળે એવી નિશાની ઊભી કરી દેતા, કે જેથી તે તીર્થભૂમિ છે એમ જણાઈ આવે.

◆◆◆

જેના ઉપર કોઈનો પણ અમલ ન ચાલે એજ વાસ્તવિક રીતિએ સ્વતંત્ર છે.

◆◆◆

જેના ત્યાગની રાજ્યે પણ છૂટ આપી અને જેની રક્ષા માટે પરવાના માગવાની ફરજ પાડી, તે વસ્તુ સારી માટે કે ખોટી માટે ?

◆◆◆

જેનાથી હિત સધાવાની સંભાવના હોય-આવી જે કોઈ વસ્તુ લાગે, તે કિંમતી લાગે છે. જે વસ્તુમાં સાચેસાચ હિતસાધકતાની શક્તિ હોય, તે જ વસ્તુ કિંમતી લાગે અને જે વસ્તુમાં સાચેસાચ હિતસાં-ધકતાની શક્તિ ન હોય અગર તો અહિતસાધકતાની શક્તિ હોય, તે વસ્તુ અકિંમતી જ લાગે, આવો નિયમ નથી. એકની એક વસ્તુ એક માણસને હિતસાધક લાગે છે અને બીજા માણસને અહિતસાધક લાગે છે. એટલે, અધ્યાત્મ એ એક પરમ હિતસાધક વસ્તુ હોવા છતાં પણ, જે માણસોને એની હિતસાધકતાનો ખ્યાલ આવ્યો નથી, તેઓને અધ્યાત્મ કિંમતી લાગે નહિ, તો તેમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. તમને જો અધ્યાત્મનો ખપ લાગે તો અધ્યાત્મ કિમતી લાગે પણ અધ્યાત્મનો ખપ તમને કયારે લાગે ? જ્યારે તમને લાગે કે-' આના યોગે મારૂં હિત સધાશે.' ત્યારે જ તમને અધ્યાત્મ કિંમતી લાગેને ? આમ, જ્યાં સુધી આધ્યાત્મ એ કિંમતી વસ્તુ છે-એમ લાગ્યું ન હોય, ત્યાં સુધી આર્ય દેશની મહત્તા મહાપુરૂષોએ ગમે તેટલી વર્ણવી હોય, તો પણ અ

મહત્તા તમારા હૈયાને સ્પર્શે જ શી રિતિએ ? જે કારણસર મહાપુરૂષોએ આર્ય દેશની મહત્તા વર્ણવી છે, તે કારણનો આપણા હૈયામાં જેટલો વધારે રસ પેદા થાય, તેટલો જ વધારે આનન્દ, આપણે, આર્ય દેશમાં આપણને આપણા પુણ્યોદયના યોગે જે મનુષ્યજન્મ મળ્યો છે, તેથી અનુભવી શકીએ. બાકી તો મહાપુરૂષો ભલે કહે કે-'આપણે મહા ભાગ્યશાલી છીએ.' પણ આપણને પોતાને તો કદી પણ એમ લાગે જ નહિ કે-'આપણે ખરેખર મહા ભાગ્યશાળી છીએ !'

♦♦♦

જેનામાં કંચન-કામીનીના સંગનું વૈરીપણું ન આવે એ મુનિ જ નથી. મુનિ તો કંચન-કામીનીના સંગનાં વૈરી છે, વિષયકષાયરૂપ સંસારના શત્રુ છે. સંસારમાં રહેલા પ્રાણીઓના મિત્ર, પણ પ્રાણી માત્રમાં રહેલો જે સંસાર એના તો એ શત્રુ અને એ જ આપણા મુનિ, એ ગોખી રાખો. કંચનનો સદુપયોગ કરાવવો હોય, કામીનીઓને પણ વિરાગીણીઓ બનાવવી હોય, તો ચૂકે નહિ, પણ જે એને ઇચ્છતા હોય એને તો સ્વપ્ને પણ સારા માને નહિ જ : આવી જ્યાં મજેની પ્રણાલિકા છે, ત્યાં ભૂલ થવાનો ભય કયાં છે ? એ ઉત્સૂત્રભાષણ કયાંથી કરે ?

♦♦♦

જેનામાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્ર, સમ્યક્તપ અને સમ્યક્ સંયમ,-એ પાંચે આવી જાય, એના જેવો જગત્માં બીજો કોણ સુખી છે ?

♦♦♦

જેના જ્ઞાનનું પરિણામ સમ્યગ્ ત્યાગ નથી, જ્ઞાનિને પૌદ્ગલિક રાગ જ વરેલો છે, તેવા જ્ઞાની અજ્ઞાની કરતાં ભયંકર છે.

♦♦♦

જે આત્મા વિષયોનો વિરાગી બને અને અપ્રશસ્ત કષાયોનો ત્યાગી બને, તે આત્મા પરિણામે મુક્ત બની શકે. બધા આત્માઓ વિષય અને કષાયથી મુક્ત બનો, એવી કૃપાભાવના હોવી જોઇએ અને એ ભાવનાને સફલીભૂત બનાવવાનો શકય પ્રયત્ન પણ કરવો જોઇએ.

♦♦♦

જે આત્માઓ વિષયને આધીન બને છે, તેઓના પાપની પરંપરા જ

પ્રાયઃ વધી જાય છે.

♦♦♦

જે આત્માઓ દૂષણને દૂષણ રૂપે સમજ્યા છે, તેઓને તેમનું દૂષણ કાઢવાની કોઈ મહેનત ન કરે, તોય દુઃખ થાય.

♦♦♦

જે આત્માને ચારિત્રરત્નની પ્રાપ્તી થઇ જાય, એના આનંદને બાધ પહોંચવાનો સંભવ ઘણો ઓછો છે,-જો દર્શનને ટક્કર ન લાગે તો !

♦♦♦

જે આત્મામાં સમ્યગ્દર્શનનો આવિર્ભાવ થયો છે, તે આત્મા પોતાની ગમે તેવી સ્થિતિમાં પણ પોતાને શ્રી જિનેશ્વરદેવનો, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામુજબ વિચરતા મુનિવરોનો અને શ્રી જિનેશ્વરદેવના શાસનનો એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર દાસ જેવો જ માને છે. તેવા આત્માના હૃદયમાં શ્રી જિનેશ્વરદેવો પ્રત્યે, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામા વિચરતા મુનિવરો પ્રત્યે અને પ્રભુના પરમ તારક શાસન પ્રત્યે ભક્તિરસના પ્રવાહો અસ્ખલિતપણે વહેતા જ હોય છે.

♦♦♦

જે આહારક શરીર, તે તો ચૌદ પૂર્વધર મહાત્માઓ જ કોઇ કારણ-પ્રસંગે કરી શકે છે.

♦♦♦

જે આત્માઓને પોતાની નામના જ પ્યારી લાગે છે, તે આત્માઓ પોતાનામાં સત્ય સિદ્ધાન્તનો પ્યાર હોય તો પણ તેને ગુમાવી બેસે છે. નામનાના મોહમાં સત્ય સિદ્ધાન્તને ભૂલી જાય છે.

♦♦♦

'જે આત્માને શ્રી જિનેશ્વર દેવની સેવા તરફ બેદરકારી છે, તે આત્માને પોતાના કલ્યાણની જ બેદરકારી છે'-એમ કહેવું એમાં કશી જ અતિશયોક્તિ નથી.

♦♦♦

જે આત્માઓ, ગુણની વૃદ્ધિનો ખ્યાલ રાખ્યા વિના પ્રશંસા કરે છે, તેઓ વસ્તુતઃ પ્રશંસા નથી કરતા, પણ ભાટાઈ કરે છે. એવી ભાટાઈ કરનારાઓ, જેમ પોતાના આત્માને ડુબાવે છે, તેમ બીજાઓના આત્માને પણ ડુબાવનારા બને છે. પોતાની જાતને સારા કહેવડાવવાના ઈરાદે, ગમે તેની

ગમે તેવી પ્રશંસા કરનારાઓ, સ્વપરના હિતને હણનારાઓ છે. પ્રશંસાનો હેતુ એ જ હોઈ શકે કે-ગુણો પામવા, ગુણો પમાડવા અને ખોવાયેલા ગુણોને ખીલવવા. આજે ગુણની પ્રશસાના નામે પણ જગતમાં કારમો અનર્થ મચી રહ્યો છે. ગુણ કોને કહેવાય અને અવગુણ કોને કહેવાય, એના વાસતવિક ભાન વિનાના આત્માઓ, આજે, ગુણી આત્માઓની પ્રશંસાથી વિમુખ બની ગયા છે. અને ગુણભાસોની પ્રશંસામાં ગુલતાન બની ગયા છે. જે આત્માઓ વિવેકપૂર્વક આત્માના હિતની દષ્ટિએ વિચાર કરે, તેઓને જ આ સ્થિતિનો સાચો ખ્યાલ આવે તેમ છે અને તો જ તેઓ એવી સ્વપરહિતઘાતક પ્રવૃત્તિથી બચી શકે તેમ છે.

♦♦♦

જે આત્માઓ ભોગસક્ત બનીને અર્થના ઉડાઉ અને ધર્મના ઘાતક બને છે, તે આત્માઓ સભ્ય દુનિયામાં પણ ફીટકારને પાત્ર બને છે.

♦♦♦

જે આત્માઓને મુનિપણાનો આસ્વાદ લેવાની ભાવના હોય, તે આત્માઓએ તો ગુરૂનિશ્રામાં રહી પરિષહો આવે ત્યારે એને ખૂબ સમતાપૂર્વક સહન કરવાની શક્તિ કેળવી લઇને, એ પરિષહોને અને બારે પ્રકારના તપને પોતાના સાથી જ બનાવી લેવા જોઇએ.

♦♦♦

જે આત્માઓને મુક્તિની અભિલાષા હોય, સાચા સુખની અભિલાષા હોય, તે આત્માઓએ સમજવું જોઇએ કે-શ્રી જિનેશ્વરદેવોએ કહેલાં વચનો જ સાંભળવા યોગ્ય છે અનેતે આત્માઓએ એના શ્રવણને ચૂકવું જોઈએ નહિ.

♦♦♦

જેઓને શ્રી જિનાગમ વિગેરે ન ગમે, તેઓને અમે ગમીએ કે અમારાં વચનો ગમે, તેમાં અમારી કિંમત કે પ્રતિષ્ઠા પણ શી બળી છે ? અમારાં વચનોથી કે અમારાથી તેઓને પ્રભુશાસન પ્રત્યે પ્રેમ થાય તો જ અમારી કે અમારાં વચનોની કિંમત ખરી, બાકી તો અમારી કે અમારાં વચનોની એક ફૂટી કોડીનીય કિંમત નહિ.

♦♦♦

*મનઃકામના !*

જેઓ બહારથી કેવલ ધર્મીની નામના જ મેળવવા આરાધનાની ક્રિયા

કરવા છતાં પણ માર્ગને કારમી રીતે બેવફા નિવડે છે, તદ્દન ઉલ્ટી ભાવનાવાળા બને છે અને યથેચ્છપણે મન ફાવે તેમ વર્તે છે, તેઓ ઘોર વિરાધકો છે. આરાધના ઓછી થાય તો પણ વિરાધનાની સાવચેતી ખૂબ રાખો. આ પાંચે પદ ઉપર રહેલાને વિપરિત હેતુથી માનવા, એ પણ વિરાધના છે. આમની સેવાથી બીજું મગાય નહિ માગનારા એ ન મળે તો નિન્દા કરે : શ્રી કેસરીયાજીના કેટલાય ભક્તો પોતાના પાપે પ્રભુને નિન્દે છે : પાપના યોગે ન મળે ને લાલ આંખ ત્યાં કરે : સાધુઓએ દુનિયાની વાતોથી પર રહેલું જોઈએ : દુનિયાની વાતો ન કરીએ તો લોક ઉભગી જાય, એ ભયે તો આજે મ્હોંકાણ વાળી છે. એવી પાપ વાતો કરનારાઓએ સાધુ-સાધ્વીની કિંમત ઘટાડી છે : સંસારની વાતોમાં સાધુનો હાજીયો ભણાવનારા ધર્મથી પરવારી બેઠા છે : આથી આજે સમજાવ્યું કે-પાંચેને તમારે કયા હેતુથી માનવાના અને આચાર્ય આદિએ શું કરવાનું ? એ મુજબ વર્તી સૌ પોતાનું કલ્યાણ સાધો અને આરાધનાને વિશુદ્ધ બનાવી સફળ કરો, એજ એક મનઃકામના.

◆◆◆

જેઓ અવસરે જાણવા છતાં પણ ભવિષ્યના અનિષ્ટ પરિણામને નથી કહેતા, તેઓ સાચા સ્નેહી નથી.

◆◆◆

જેઓ આત્માને ભૂલી કેવળ શરીરની જ ચિતામાં પડયા છે અને 'મારૂં શુ ?'-એ સ્વપ્ને પણ જેઓને યાદ આવતું નથી, તેઓની ધર્મક્રિયા પણ પાપબુદ્ધિવાળી હોય તો તે સ્વાભાવિક જ છે.

◆◆◆

જેઓ આજે પોતાની જાતને સર્વમાન્ય બનાવવાના મોહમાં પડીને શાસ્ત્રદ્રષ્ટિએ જેઓનું મુખ જોવું કે નામ દેવું એ પણ પાપ રૂપ છે, તેવાઓને વાત-વાતમાં આગળ લાવવા મથે છે અગર તેવાઓનો પણ ખોટો બચાવ કરવામાં ડહાપણ અને હોંશીયારી સમજે છે તથા તેવાઓને શાસનના હિત ખાતર તેમના સ્વરૂપમાં ખૂલ્લા પાડનાર પુણ્યપુરૂષોને કજીયાખોર અગર તો અશાંતિપ્રિય કે અશાંતિના ઉત્પાદક તરીકે ઓળખાવવામાં મગરૂરી સમજે છે, તેઓ પોતાની જાતને પ્રભુશાસનમાં સર્વમાન્ય તો નથી જ કરી શકતા, પણ

ઉલ્ટી પ્રભુશાસનથી બહાર જ કરી દે છે.

◆◆◆

જેઓ આજે જાતિ અનેકુલવટનો ઇન્કાર કરી શંભુમેળો કરવાની દુષ્ટ ભાવનાઓ સેવી રહ્યા છે, તેઓ પોતાના અનેપરના હિતનો સંહાર જ કરી રહ્યા છે.

◆◆◆

જેઓ શ્રી જિનાજ્ઞાના આરાધક છે, તેઓ સઘળા જ આરાધ્યોના આરાધક છે; અને જેઓ શ્રી જિનાજ્ઞાના વિરાધક છે, તેઓ બાહ્ય દષ્ટિએ, આરાધ્યોના આરાધક તરીકે દેખાતા હોય તો પણ, વસ્તુત : આરાધ્યોના આરાધક નથી પણ વિરાધક છે.

◆◆◆

જેઓ પોતાના માનપાન ખાતર સત્યનું કે ગુરૂની આજ્ઞાનું બલિદાન કરે છે, તેઓ ખરે જ પોતાની જાતને કુલાંગારની જ કોટિમાં મૂકે છે અને એવાઓનું જીવન આ જગતમાં કેવલ ભારભૂત જ ગણાય છે.

◆◆◆

જેઓ નાસ્તિક બનેલા છે, કોઇપણ પાપથી ડરવાવાળા નથી, તેઓ પ્રાયઃ વાચાળ હોય છે કેમ કે તેમને કોઇપણ જાતનું બંધન નથી.

◆◆◆

જેઓ પોતાના પાપને માટે પોતાના આત્માને નિન્દતાં શીખે છે, તેઓ ક્રમે ક્રમે પાપથી પાછા હઠતા જાય છે.

◆◆◆

જેઓ પોતાના જન્મને ધર્મકર્મોદ્વારા પસાર કરવાને બદલે, સુખીપણામાં કામલલિતો દ્વારા અને દુઃખીપણામાં દીનતાભર્યા રૂદનો દ્વારા પસાર કરે છે, તેઓ મોહથી અંધ બનેલા છે.

◆◆◆

જેઓ પ્રભુશાસનને પામવાનો દાવો કરનારા હોવા છતાં પણ, સંસારની સાધનામાં જ આનંદ માનતા હોય, તેઓ સમ્યગ્દ્રષ્ટિ નથી પણ મિથ્યાદ્રષ્ટિ છે.

◆◆◆

જેઓ સ્વેચ્છાચારિતાના ત્યાગપૂર્વક જ્ઞાનિઓની નિશ્રામાં રહેવાને તૈયાર નથી, તેઓ કોઇ પણ કાળે પોતાનું આત્મશ્રેય સાધી શકે એ શકય નથી.

◆◆◆

જેઓએ સાધન ધર્મને તજી દીધો છે, ધર્મની સાધનામાં કાંઇ લાભજ નથી એમ જેઓ માને છે, તેઓને સ્વભાવ ધર્મની ઝાંખી થતી નથી.

◆◆◆

જેની પાસે દર્શન છે, તેનું જ જ્ઞાન સદ્ગતિના માર્ગને પ્રકાશિત કરનારૂં છે અને જેની પાસે દર્શન છે તેનું જ ચારિત્ર સદ્ગતિનું પ્રાપક છે.

◆◆◆

જે સમભાવ પામ્યો છે એમ કહે અને ખોટાને ખોટું ન કહે અને અવસર આવે પણ સાચી વાત પ્રગટ ન કરે એ સમભાવને પામ્યો જ નથી.

◆◆◆

જે શ્રોતા વક્તાએ કહેલી વાત સમજાય નહિ, તોય હાએ હા કર્યા કરે, એ સાચો શ્રોતા ગણાય ? નહિ; ત્યારે, જે શ્રોતા વક્તાએ કહેલી વાત સમજાય તોય તેની ઉપેક્ષા કરે, અ સાચો શ્રોતા ગણાય ? નહિ ને ? શ્રોતા એનું નામ કે જેને સંભળાવતા વક્તા નિયમસર ચાલે અને નિયમસર બોલે. એવા શ્રોતા પાસે વક્તા નહિ બોલવા જેવું બોલે નહિ અને વક્તા એવું બોલે તો શ્રોતા ઝટ એવો પ્રશ્ન પૂછે કે જે પ્રશ્નને સાંભળીને વક્તા પોતાની ભૂલ સમજી જાય અને એથી વક્તાને જે બોલવા જેવું હોય તે જ બોલવું પડે. વક્તા કદાચ વાંકાબોલો થઈ જાય, પણ શ્રોતા જો સારો હોય તો એ વક્તાને સીધા માર્ગે લાવી શકે.

◆◆◆

જે સમયમાં ધર્મગુરુઓ પણ પોતાની ફરજને માન આદિના કારણે ભૂલે, તે સમયમાં બીજાઓ, પોતાની ફરજ ભૂલે, એમાં આશ્ચર્ય શું છે ?

◆◆◆

જેનું મનુષ્યપણું ખીલ્યું એને વિષયો વિષ જેવા લાગે છે અને જેનું મનુષ્યપણું ખીલ્યું નથી એનેજ એ વિષયોમાં સુંદરતા જણાય છે.

◆◆◆

જેનું જેનું ભૂંડું ઇચ્છયું હોય, જેનું જુનું ભૂંડું કર્યું હોય, તેમની માફી

માગજો તેટલી તેવડ ન હોય તોય પશ્ચાત્તાપ તો જરૂર કરજો.

◆◆◆

જે વહિવટદારોનો વહિવટ શુદ્ધ ન હોય, વહિવટ કરવામાં સત્તાની તુમાખી હોય, આશાતનાઓની પરવા ન હોય, દેવદ્રવ્યાદિના રક્ષણની કાળજી ન હોય, તેવા વહિવટદારો પાસે શ્રી જિનમન્દિરનો વહિવટ ઇરાદાપૂર્વક રહેવા દેવો અને છતી શક્તિએ બીજા ધર્માત્માઓએ એની ઉપેક્ષા કરવી એ કોઈ પણ રિતિએ યોગ્ય નથી.

◆◆◆

આપણે ! પછી એમના શાસનમાં રહેનારને એમ કેમ થાય કે-આ બધું કહેલું તે આ કાળમાં લાભ આપે કે નહિ ? જો તેવું થાય તો, એનો અર્થ સર્વજ્ઞ પર શ્રદ્ધાની ખામી છે, એવો જ થાય; અને જો એ બરાબર હોય તો પછી એવા અશ્રદ્ધાળુ હૃદયમાં સમ્યક્ત્વ છે, એમ શી રીતે કહેવાય કે મનાય ? માટે જ્ઞાનીના વચનમાં મજબૂત વિશ્વાસને કેળવો.

◆◆◆

*મજબૂત વિશ્વાસ કેળવો*

જેને શ્રી સર્વજ્ઞદેવ પર વિશ્વાસ નહિ, શ્રી મહાવીર ભગવાનના વચન પર તે પ્રકારની પ્રતીતિ નહિ, એ આત્માઓ ધર્મ કરે તો પણ શું અનેન કરે તો પણ શું ? અભવી સાડાનવ પૂર્વ સુધી ભણે, સંયમ પણ અજબ પાળે, દેશના એવી દે કે-સાંભળનારા પામી જાય, પણ એને, મૂળ વસ્તુની રૂચિ નહિ માટે એનાં જ્ઞાન, સંયમ અને દેશના, એ બધાં નકામાં, કારણ કે-અભવીને હૃદયમાં તેવા પ્રકારની આસ્થા હોતી જ નથી. કોઈ પૂછે કે-'અભવી દેવલોકને માને છે તો એને સમ્યક્ત્વ ખરૂં કે નહિ ?' પણ નહિ, નવે તત્ત્વ માને એને જ સમ્યક્ત્વ હોય. નવમાંથી આઠ માને તો પણ સમ્યક્ત્વ નહિ. જે નવે તત્ત્વ માને તેને સાચી શ્રદ્ધા જાગે. એક પણ તત્ત્વ ઓછું માને, અરે તત્ત્વના એક અંશને પણ ન માને તો પણ મિથ્યાત્વ જીવતું ને જાગતું જ રહે છે. આખો વ્યવહાર શ્રુતના આધારે છે. એક સમયમાં, જેટલો ભૂતકાલ ગયો એ બધો, વર્ત્તમાન તો છે જ, ભવિષ્યકાલ આવવાનો છે એ બધો એકી સાથે, સઘળાં દ્રવ્યો, સઘળા પર્યાયો એકી સાથે જાણે એવા શ્રી સર્વજ્ઞની આજ્ઞા એ છેવટની આજ્ઞા છે. જેવું ભગવાન્ શ્રી મહાવીરદેવ જાણે, એવું

ભગવાન્ શ્રી ઋષભદેવ જાણે, જેવું ભગવાન્ શ્રી ઋષભદેવે કહ્યું, તેવું ભગવાન્ શ્રી મહાવીરદેવે કહ્યું. અનંતા તીર્થંકરોએ કહ્યું તે ચોવીસે કહ્યું અને તેજ અનંતા કહેવાના. આટલી બધી માન્યતાવાલા.

◆◆◆

*સુખપ્રજ્ઞાપનીયપણું :*

જેની ગેરસમજને સહેલાઈથી દૂર કરી શકાય, એ સુખપ્રજ્ઞાપનીય છે-એમ કહેવાય. કોઈ વાર માણસ ગેરસમજમાં હોય, પણ જો કોઈ તેને સમજાવવાને ઈચ્છે, તો જેને સમજાવવામાં તેનો કોઈ દુર્ગણ આડે આવે નહિ, એ સુખપ્રજ્ઞાપનીય કહેવાય. પોતાની જે માન્યતા હોય, તેથી વિરૂદ્ધની વાત કોઈ કહે, તો તે વિરૂદ્ધની વાત પણ, પોતાની માન્યતાની આડે આવે છે એટલા માટે જ નહિ સાંભળવી કે નહિ વિચારવી-એવું એને હોય નહિ. સારી વાત કોઈની પણ માનવી, આવી એનામાં વૃત્તિ હોય; એટલે, એને કોઈ ભૂલ સમજાવે, તો પણ તે વાત ઝટ એને ગળે ઉતરી જાય 'તમારૂં કહેવું ખરૂં છે'-એમ બોલે, છતાં પણ પોતે એ વાતને માનવામાં 'ઉં હું'-કરે એવા કેટલા હોય છે ? 'પંચ કહે તે પરમેશ્વર, પણ મારી ખીલી ખસે નહિ.'-એવા સ્વભાવના માણસો પણ હોય છે ને ! જે સુખપ્રજ્ઞાપનીય હોય, તે એવા ન હોય. એને સમજાવતાં ઝાઝં કષ્ટ ન પડે, કેમ કે-એ જે કાંઈ પણ માનતો કે કરતો હોય, તેમાં તેને એવો આગ્રહ ન હોય કે-હું આ માનું છું અગર તો હું આ કરૂં છું, માટે આ સાચું છે ! એને કોઇ પણ વાત સમજાઈ જાય, એટલે એને પોતાની પહેલાંની ગેરસમજણનો આગ્રહ ન રહે. બીજાની વાત કદાચ ન સમજાય, પણ એ વાત સમજવા જેવી છે-એમ પણ જો લાગે, તો એ એને સમજવાનો પ્રયત્ન કરે. વાતને એ એવી રીતિએ સાંભળે અને સમજવાને પ્રયત્ન કરે કે-સમજાવનારને એ વાત એને સમજાવવાનો પ્રયત્ન કરવાનું, વધુ ને વધુ મન થાય! એમ થાય કે-આને આ વાત મહેનત કરીને પણ સમજાવું ! જ્યારે કેટલાકની જોડે વાત કરતાં, સમજુ માણસને એમ થાય કે-આની સાથે માથાકૂટ નકામી કરી ! કેમ કે-એને પોતાની જાતનો, એ વાત પોતે માનેલી છે-એટલા પૂરતો જ આગ્રહ હોય! પોતે માનેલું પણ ખોટું લાગે તો તે મૂકી દેવું અને દુશ્મનનું પણ સાચું લાગે તો તે સ્વીકારી લેવું એવી વૃત્તિ, એ બહુ ઉચો ગુણ છે.

સ. શાસ્ત્રની વાતનો આગ્રહ ન હોય ?

શાસ્ત્રની વાતનો આગ્રહ પણ કેવો હોય ? શાસ્ત્રને સમજ્યા વિના, શાસ્ત્રને નામે આગ્રહ કરે ? આમ કહે કે-'શાસ્ત્રની વાતનો મને આગ્રહ છે.' અને કોઈ એને 'શાસ્ત્રની વાત આમ નથી'- એવું કહે, તો એની વાતને એ સાંભળે કે વિચારે પણ નહિ ? સાંભળે સૌનું, વિચારે બધું અને કરે શાસ્ત્રની આજ્ઞા મુજબ -એ બરાબર છે; પણ શાસ્ત્રને નામે પોતે ખોટું માની લીધું હોય અને સામો શાસ્ત્રની જ વાતોથી ખોટાને ખોટું કહેતો હોય, તોય તેનું ન સાંભળવું, એ શાસ્ત્રની વાતનો આગ્રહ નથી, પણ ખરી રીતિએ તો એ પોતાની વાતનો જ આગ્રહ છે. પોતે શાસ્ત્રને સમજતો ન હોય અને શાસ્ત્રને સમજી શકવા જેટલી પોતામાં બુદ્ધિ પણ ન હોય, તો એ શાસ્ત્રના જ્ઞાતાના આશ્રયે રહે-એ વસ્તુ જુદી છે; બાકી, માણસે સારી અને સાચી વાતને સમજવાને માટે સદા તૈયાર રહેવાની વૃત્તિને તો અવશ્ય કેળવવી જોઈએ.

♦♦♦

જે વસ્તુ ત્યાજ્ય છે.-તજવા યોગ્ય છે, એને કોઈ તજે, તજવાનું કહે, એ કાંઈ દુનિયાનો ગુન્હેગાર નથી.

♦♦♦

જેવું સાધન હોય તેવું સાધ્ય સધાય ને ? સાધન ઊંધું હોય અને સાધ્ય સીધું સધાય, એ બને જ નહિ.

♦♦♦

જેને સાચું સાંભળતાં પણ ગુસ્સો આવે છે તે જૂઠાના પૂજારી છે એમ નક્કી થાય છે, અને જેમને ત્યાગની વાત સાંભળતાં ગુસ્સો આવે છે તે રાગના પૂજારી છે, એમ પણ નિશ્ચિત થાય છે.

♦♦♦

જે વિવેકી બને છે તે ધર્મ કરી શકે છે, પછી તે સુખી હોય કે દુઃખી હોય.

♦♦♦

જેને મરણ ન ગમતું હોય તેણે મરણ ન આવે એવો પ્રયત્ન કરવો જોઈએ. જે જન્મે તે મરે જ એ નિયમ, માટે જન્મ ન થાય એમ કરવું જોઈએ.

♦♦♦

જે સમયે ભગવાનનું શરીર ઘુંટણ સુધી જમીનમાં ખૂંપી જવા પામ્યું હતું, તે વખતે પણ ભગવાનને તો સંગમને માટે એવો જ વિચાર આવ્યો કે- 'સારાય વિશ્વને સંસારથી તારવાની ભાવનાવાળા અમે, આ બિચારાને માટે સંસારનું કારણ થયા !' ભગવાન સારાય વિશ્વના જીવોને સંસારથી તારવાની ભાવનાવાળા હતા ? અને, ભગવાન કોઈનાય સંસારનું કારણ બનવાની ભાવનાવાળા તો નહિ જ હતા ને ? એટલું જ નહિ, પણ ભગવાનને કોઈ પોતાના સંસારનું કારણ બનાવી દે, તોય તે ભગવાનને ગમે નહિ, એવા હતા ને એ તારક ? હા, તો આવું સમજનારો કોઈ, ભગવાનને અગર તો ભગવાને બતાવેલા માર્ગને, સંસારનું કારણ બનાવવાને ઈચ્છે ખરો ? ભગવાનને અગર ભગવાને બતાવેલા માર્ગને જે સેવે, તે સંસારનું કારણ બને એવી ભાવનાથી સેવે ખરો ! એ ભગવાનને સેવે અને ભગવાને બતાવેલા માર્ગને સેવે, તે કેવળ સંસારથી તરવાને માટે જ સેવે ને ? ભગવાનને સેવવામાં અને ભગવાને બતાવેલા માર્ગને સેવવામાં સંસારથી તરવાના આશય સિવાયનો કોઈ આશય નહિ ને ? સંસારથી તરવાના આશયથી વિપરિત પ્રકારનો આશય તો, ભગવાનને સેવવામાં અને ભગવાને કહેલા માર્ગને સેવવામાં નહિ જ ને ? છેવટ, ભગવાનને સેવવામાં અને ભગવાને કહેલા માર્ગને સેવવામાં, સંસારથી તરવાના આશયથી વિપરિત પ્રકારનો જે આશય, એટલે કે સંસારનો જે આશય, તેનો આગ્રહ તો નહિ જ ને ?

◆◆◆

જેને સમતા જોઈતી હોય, તેણે શું કરવું જોઈએ ? કયા ગુણો કેળવવા જોઈએ ? આત્માને માટે હિતકારી પ્રવૃત્તિમાં અપ્રમાદી બની જવું જોઈએ અને જે પ્રવૃત્તિ આત્માને માટે અહિતકારી હોય, તેને સાંભળવાને માટે બહેરા, તેવી વસ્તુઓને જોવાને માટે આંધળા અનેતેવી વાતો કરવાને માટે મૂંગા બની જવું જોઈએ, એમ જ્ઞાનિઓ ફરમાવે છે. એ બહેરાપણું, એ અંધાપો અને એ મૂંગાપણું, આત્માને ડૂબાડનાર નથી : પણ એની સાથે આત્માની હિતકારી પ્રવૃત્તિમાં અપ્રમાદિપણું કેળવાય, તો તે આત્માને તાર્યા વિના રહે જ નહિ.

◆◆◆

જે વસ્તુ આપણી છે, આપણી પાસે રહેવાની છે, આપણે મૂકીએ તોપણ જવાની નથી, તેને મૂકવાનું જ્ઞાનીઓ કદી કહેતા નથી.

◆◆◆

જેનો આત્મા ભક્તિથી રંગાયેલો હોય, તે પોતાની શક્તિ છતાં આશાતના કરનારને આશાતના કરતાં અટકાવવાનો પ્રયાસ ન કરે, એ વાત બનવાજોગ નથી.

◆◆◆

જે વર્ગ દેવ, ગુરૂ અને ધર્મની શાસ્ત્રનિર્દિષ્ટ આરાધનામાં માનનારો નથી, તે વર્ગ તો આજે એટલી બધી અધમ દશામાં ઉતરી પડેલો છે કે- આરાધ્ય તત્ત્વત્રયી, તેની આરાધના અને તેના આરાધક-એ ત્રણેની થાય તેટલી નિંદા કરવામાં, કરાવવામાં અનેકરતા હોય તેઓને ઉત્તેજન આપવામાં જ પોતાના આ દુર્લભ ગણાતા માનવજીવનની ઈતિકર્ત્તવ્યતા સમજે છે !

◆◆◆

જે વસ્તુ પાપક્ષય માટે જરૂરી હોય છે અને સાધનરૂપ હોય છે, તે માનના ભૂખ્યા અને દુનિયાની વાહવાહમાં પડી પોતાપણાને વિસરી જનારા આત્માઓને પાપ વધારવાના જ કારણરૂપ બની રહે છે. એ આત્માઓ એમની દુર્ભાવનાથી એ સદ્વસ્તુને પણ અસદ્ બનાવી મૂકે છે.

◆◆◆

જે વસ્તુ લેવા જેવી ન ભાસે, એની અનુમોદના કરનારા એ અનુમોદના નથી કરતા પણ એ વસ્તુની મશ્કરી કરે છે.

◆◆◆

જે વસ્તુની ઇચ્છા કરીએ અને હૈયું બળે, તે વસ્તુને ઇચ્છવી એ જ પાપ છે.

◆◆◆

જે સાધુઓ પોતાની જ પ્રભાવનામાં પડી જાય છે. અને જે ગૃહસ્થો ઘરબાર સાચવવામાં પડી જાય છે તે સાધુઓ માત્ર વેષધારી છે અને ગૃહસ્થો કેવળ નામનાજ શ્રાવકો છે.

◆◆◆

જે વીતરાગ નહિ, તે અમારા દેવતત્ત્વમાં નહિ જ, આવો તમારો નિશ્ચય છે કે નહિ ? જૈન માત્રનો તો આ નિશ્ચય અવશ્ય હોય. જૈન માત્ર સાચો ઉપાસક શ્રી વીતરાગ પરમાત્માનો જ હોય. જૈનને ગુરુ પણ કેવા જોઈએ ? ભક્તિથી રીઝવા માગે એવા કે ભક્તિથી જે રીઝવા ન માગતા

હોય એવા ? દેવ રીઝતા જ નથી અને શ્રી જૈન શાસનના ગુરુ રીઝવ્યા રીઝવા માગતા નથી, ગુરુ કેમ રીઝવ્યા રીઝવા માગતા નથી ? એ માટે કે-એમને દેવપદે પહોંચવું છે. ગુરુનો સઘળોય પુરુષાર્થ દેવપદે પહોંચવાને માટે હોય. અને જૈનને ધર્મ પણ કેવો જોઈએ ? જે ધર્મના આલંબને વીતરાગપણાને પામી શકાય એવો જ ને ?

◆◆◆

જેને બેકારી ખટકતી હોય એને નિયમ કરી લેવો જોઈએ કે ઘરની બહાર નીકળ્યા પછી કોઈ ચીજ ખાવી નહિ, અર્થાત્ મોજશોખની વસ્તુઓનો ત્યાગ કરી દેવો જોઈએ.

◆◆◆

જે વસ્તુને નિશ્ચયપૂર્વક છોડીને જવાનું છે, રાખવા માગે તો પણ જે નથી રહેવાની, તેની જ સેવામાં પોતાની સારીય જીંદગી વ્યતીત કરી નાખે, તેને બુદ્ધિમાન કેમ કહેવાય ?

◆◆◆

જે સાધન આત્મસ્વભાવને ખીલવવામાં નિષ્ફળ નીવડે એવું હોય તેને સાધન ધર્મ માનવા તૈયાર થવું જોઈએ નહિ.

◆◆◆

જે સદ્ગુરૂની આજ્ઞામાં રહી શકે તે યોગ્ય છે અને એટલા માટે ઉપાધ્યાયજી કહે છે કે-પૂર્વ જન્મના શુભ સંસ્કારવાળો બાળક, એ સૌથી પહેલા યોગ્ય છે.

◆◆◆

જે સાધુઓ ગૃહસ્થોના ગૃહવાસની પંચાતમાં પડી, ગૃહસ્થોના ગૃહવાસની કરણીઓની પ્રશંસા તથા પુષ્ટિ કરી રહ્યા છે અને ગૃહસ્થોના ગૃહવાસની કરણીઓ કરવાનો ઉપદેશ કરી રહ્યા છે, તેઓ ભરબજારમાં પોતાના સાધુપણાનું લીલામ જ કરી રહ્યા છે : કારણ કે-શ્રી જિનેશ્વરદેવના સાધુઓને જેમ બહુ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઈ છે, તેમ અલ્પ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઈ જ છે.

◆◆◆

જે સુખ મેળવતાં હિંસાદિ પાપો થાય, જે સુખ ભોગવતાં હિંસાદિ

પાપો થાય અને જે સુખને જાળવી રાખવાને માટે પણ હિંસાદિ પાપો કર્યા વિના ચાલે નહિ, એવા સુખનું અર્થિપણું પણ દુઃખનું જ કારણ બને તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?

♦♦♦

જે સુખ પરિણામે દુઃખદાયી છે, તે પ્રત્યક્ષમાં સુખ દેખાતું હોય તો પણ તેને સુખ નહિ માનવું, તેનું જ નામ આસ્તિકતા છે.

♦♦♦

જે સુપાત્રને આપીએ છીએ એ સુપાત્રમાં જે ગુણો તેને લેવાની ઇચ્છાને બદલે તેમણે તજ્યું છે તે લેવાની ઇચ્છા થાય, તો એ દાનથી લાભ નથી થતો પણ ઉલટી કોઈ વાર હાનિ થાય છે.

♦♦♦

જે સ્ત્રીઓ આજે ઇચ્છા મુજબ વર્તવાની એટલે કે-મરજીમાં આવે તેના પરિચયમાં આવવાની અને ગમે ત્યારે ગમે ત્યાં જવા વિગેરેની જે સ્વતંત્રતા, એની વાતો કરે છે, તેઓ ખરે જ, ભયંકર જાતિના અનાચારને જ આમંત્રણ કરવાની ગરજ સારે છે.

♦♦♦

જે શરીરને દુનિયાના વિષયાસક્તોએ ભોગનું સાધન બનાવ્યું છે, તેજ શરીરને વિષયથી વિરાગી બનેલાઓએ મુક્તિનું સાધન બનાવ્યું છે. સારા આત્માઓને એની એજ વસ્તુ સારામાં નિમિત્ત રૂપ થઇ જાય છે અને ખોટાને ખોટામાં.

♦♦♦

જે શાસ્ત્રમાં સંયમની કઠિનતા વર્ણવી છે એજ શાસ્ત્રમાં આરંભ પરિગ્રહની કઠિનતા વર્ણવી છે કે નહિ ? એક યાદ રહી ગઇ અને બીજી ભૂલાઇ કેમ ગઇ ? કહો કે-સંસારના રસે એ ભૂલાવી દીધી.

♦♦♦

જે સંસ્કૃતિને જીવનમાં જીવવાથી આત્મા પરમાત્મા બની શકે છે, એ સંસ્કૃતિને જીવનમાં જીવનારા આત્માઓનું વર્ણન પણ ધર્મગ્રન્થોમાં કરાયેલું છે.

♦♦♦

જે શાસનમાં વીતરાગતા એ જ સાધ્ય હોય, તે શાસનનમાં વૈરાગ્ય

વાતે વાતે હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ છે જ નહિ.

◆◆◆

જે જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી રાગાદિ શત્રુઓનો ગણ વૃદ્ધિ પામતો જાય, એને જ્ઞાન કહ્યું કોણે ? એ તો અજ્ઞાન જ છે.

◆◆◆

જે શાસનના યોગે ઉંચું સ્થાન મેળવ્યું હોય, તે જ શાસનના દ્રોહિઓને, એ દ્રોહિઓ તરફથી પોતાની જાતને જ માનપાન આદિ મળે એ કારણે, પંપાળવા કે પોષવા, એ પણ પ્રભુશાસનનો ભયંકરમાં ભયંકર દ્રોહ કરવા જેવું છે !

◆◆◆

જે હેતુ માટે માનવજીવન છે એ હેતુને આખો ને આખો ખાવા પીવામાં ઉડાવી દીધો. કોઈ પૂછે કે-શું જોઇએ ? તો શેઠાઇ જોઇએ, રાજપાટ જોઇએ એમ કહ્યું પણ મોક્ષ જોઇએ એમ કહેતા નથી.

◆◆◆

જે જ્ઞાનથી સંસારની વાસનાઓ વધે તે અજ્ઞાન, જે જ્ઞાનથી અપ્રશસ્ત રાગાદિ શત્રુઓ વધે તે અજ્ઞાન, જે જ્ઞાનથી દુનિયાના પદાર્થોમાં મારાપણું મજબૂત થાય એ અજ્ઞાન અને જેના વડે એનાથી ઉલટું થાય એ જ્ઞાન. અસમ્યગ્ અને સમ્યગ્જ્ઞાનનો એટલો ભેદ છે.

◆◆◆

જેની ભક્તિ કરવાની તેને પોતાને આધીન રાખવાની મનોવૃત્તિવાળા કદી જ ભક્તિ કરી શકતા નથી. ભક્તિ કરનાર તો જેની પોતાને ભક્તિ કરવી હોય તેનો તે સેવક બને, કિંકર બને અને તેની સામે તે હાથ જોડીને જ ઉભો રહે.

◆◆◆

'જૈન અને શ્રી જિનેશ્વરદેવની પૂજા પ્રત્યે બેદરકારી'-આ બે વાતોને જરા પણ મેળ નથી.

◆◆◆

જૈનશાસ્ત્રોમાં ત્યાગ સિવાય બીજી ભાવનાને પોષી જ નથી.

◆◆◆

જૈન કુળમાં જન્મેલાં શ્રાવક અને શ્રાવિકા તેમ જ દીક્ષિત બનેલાં સાધુ અને સાધ્વી ભલે ઓઘથી સંઘમાં ગણાય, પણ શ્રી તીર્થંકરદેવે જેને શ્રી તીર્થંકરવત્ પૂજનિક શ્રીસંઘ કહ્યો છે, તેમાં કેવાં સાધુ-સાધ્વીની અને કેવા શ્રાવક-શ્રાવિકાની સાચી રીતિએ ગણના થઈ શકે ? સાધુવેષ માત્રથી અને અમુક અમુક ત્યાગના આચરણ માત્રથી પણ સાધુ અને સાધ્વી જેમ એવા શ્રીસંઘમાં સ્થાન પામી શકતાં નથી, પણ શ્રી તીર્થંકરદેવની આજ્ઞાને અનુસારે જ નિગ્રન્થ જીવન જીવવાને જેઓ સદા ઉજમાલ રહે છે એવાં સાધુ અને સાધ્વી જ શ્રી તીર્થંકરવત્ પૂજનિક શ્રીસંઘમાં સ્થાન પામી શકે છે, તેમ શ્રાવક કુળમાં જન્મવા માત્રથી જ શ્રાવક અને શ્રાવિકા એવા શ્રીસંઘમાં સ્થાન પામી શકતાં નથી, પણ શ્રી તીર્થંકરદેવની આજ્ઞા માત્ર પ્રત્યે સાચો આદરભાવ અને સાચો શ્રદ્ધાભાવ હૈયે ધરીને ગૃહસ્થપણે જીવવા છતાં પણ જેઓ તીર્થંકરદેવની આજ્ઞાને અનુસારે જ જીવવાને ઝંખે છે અને શ્રી તીર્થંકરદેવની આજ્ઞાને યથાશકય જીવનમાં જીવવાને મથે છે-એવાં શ્રાવક અને શ્રાવિકા જ શ્રી તીર્થંકરવત્ પૂજનિક એવા સંઘમાં સ્થાન પામી શકે છે. ખુદ શ્રી તીર્થંકર ભગવાને જ એમ કહ્યું છે કે-સાધુવેષમાં જેમ સુસાધુ અને સુસાધ્વી હોય છે, તેમ કુસાધુ અને કુસાધ્વી પણ હોઈ શકે છે; તો પછી, જૈન કુળમાં જન્મેલાં બધાં સુશ્રાવક કે સુશ્રાવિકા જ ગણાય, એમ કહી શકાય ? શ્રીસંઘની કિંમત, શ્રી તીર્થંકરદેવની આજ્ઞાની આધીનતાને જ આભારી છે.

♦♦♦

જૈન ગણાતાં કુળોના ઘણા સદાચારો ઘસાઈ જવા પામ્યા છે. અને જૈન ગણાતાં કુળોમાં પણ અનાચારોનો ઘણે ખરે અંશે પગપેસારો થઈ જવા પામ્યો છે અને દિવસે દિવસે અનાચાર તરફનો ઢાળ વધી રહ્યો છે. આમ છતાં પણ, જૈન ગણાતાં કુળોમાં જે કેટલાક આચાર ઘસાતે ઘસાતે પણ જળવાઈ રહ્યા છે, તેની પણ એ બલિહારી છે કે-અવસરે અવસરે શાસનની ઉજ્વળતા દેખાઈ આવે છે. તમે જે કુળમાં જન્મ્યા તે કુળમાં કેવી સ્થિતિ હતી-એનો અત્યારે બહુ વિચાર કરવા જેવો નથી, પણ તમે જો સમજી જાવ તો તમે તમારા કુળને સુકુળ બનાવી દેવાનો પ્રયત્ન જરૂર કરી શકો; અને જો એમ થાય તો તમારાં સંતાનો તો જરૂર એમ કહી શકે કે-'આવા સુકુળમાં અમને જન્મ મળી ગયો એ પણ અમારી એક પરમ ભાગ્યશાલિતા છે !'

અને, તમને પણ જો ખરેખર સુકુળમાં જન્મ મળી ગયો હોય અને તમને સુકુળના સંસ્કાર મળ્યા હોય, તો તમે પણ તમારા એ સદ્‌ભાગ્યની અનુમોદના કરો !

♦♦♦

જૈનધર્મમાં પ્રરૂપાએલા અહિંસા, સંયમ અન તપરૂપ ધર્મનું જ્યાં સ્થાન નથી અને ભોળા લોકોને જ્યાં ધર્મના એ શબ્દોના નામે ધર્મથી વંચિત બનાવાય છે, ત્યાં એમ માનવું કે-'જૈનધર્મનો એથી ઉદય થઈ રહ્યો છે.'- એ નરી અજ્ઞાનતા સિવાય બીજું કશું જ નથી.

♦♦♦

જૈનોની આગળ સંયમની જરૂરીયાત બતાવવી પડે, અર્થકામ પાછળ દોડધામ કરવી એ પાપ છે એમ સમજાવવું પડે, એ ત્રાસદાયક છે : કેમ કે- જૈનકુળના તો એ આચાર અને વિચાર જ છે.

♦♦♦

જૈનપણાના ઝભ્ભા નીચે નાસ્તિકોનો સમાજ વધ્યે જાય અને જૈનદર્શનનો ઉદય થાય, એ કોઇ પણ કાળે બનવાજોગ નથી. આજે આસ્તિકોના વેષમાં નાસ્તિકો છુપાયેલા છે એજ મોટું દુઃખ છે.

♦♦♦

જૈનમુનિનો ધર્મ સ્વયં વૈરાગ્યરસમાં ઝીલવાનો છે અને બને તો બીજા યોગ્ય આત્માઓને વૈરાગ્યરસમાં ઝીલતા બનાવવાનો છે. જૈનમુનિ એટલે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા મોક્ષમાર્ગને યથાશક્તિ આજ્ઞા મુજબ સેવનારા અને એનો જ શક્તિસામગ્રી મુજબ પ્રચાર કરનારા. મોક્ષમાર્ગ એટલે શું ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સાધુ એટલે આ રત્નત્રયીના પાલક અને શક્તિ હોય તો સદ્‌ગુરૂ તરફથી અધિકાર મળ્યા બાદ પ્રચારક પણ. આમાં કયાંય સંસારની વાત છે ? દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણમાંથી કોઈમાંય સંસારના રાગને વધારવાની વાત છે ? નહિ જ. સમ્યગ્દર્શનના લક્ષણો આદિ જાણો છો ? જાણતા હોય તો ખબર પડે કે સમ્યગ્દર્શનમાં પણ વૈરાગ્યની વાત છે. સમ્યગ્દષ્ટિમાં ત્યાગ ન હોય એ બને, પણ વિરાગ તો હોય જ. સંસારમાં રહે પણ રમે નહિ, એમ કેમ કહ્યું ? 'રમે નહિ'-એ કયારે બને ? વૈરાગ્ય વિના ? વૈરાગ્ય વિના સંસારમાં રહેવું પડે તો પણ રમવું નહિ

જ એ બને નહિ ! વૈરાગ્યવાળો સંસારી ન જ હોય એમ નહિ, પણ વૈરાગ્યવાળો સંસારત્યાગ કરવા માટે પ્રયત્નશીલ જરૂર હોય. મુનિ એમાં પ્રેરણાદિ દ્વારા મદદ કરે.

♦♦♦

જૈન સમાજ પોતાના પ્રાચીન આચાર-વિચારો, કે જે અનંત ઉપકારી પરમર્ષિઓએ·દર્શાવેલા છે, તેનાથી જેટલે જેટલે અંશે દૂર હઠશે, તેટલે તેટલે અંશે તેનો અધઃપાત જ થવાનો છે. છતાં આજે કેટલાકો આ સર્વનાશના માર્ગને ઉન્નતિના માર્ગ તરીકે ઓળખાવી રહ્યા છે.

♦♦♦

જૈનશાસનમાં ઇચ્છા મુજબ ધર્મક્રિયા કરવાની પણ મના છે. જે કરવાનું છે તે ગુર્વાદિકની આજ્ઞા મુજબ જ કરવાનું છે.

♦♦♦

જૈનશાસન કહે છે કે-'કેવળ બુદ્ધિથી ધર્મ થતો જ નથી.' જો બુદ્ધિથી ધર્મ થતો હોય, તો શ્રી જિનેશ્વરદેવોને ધર્મશાસન સ્થાપવા માટે કેવળજ્ઞાન થતાં સુધી રાહ જોવી ન પડત.

♦♦♦

જૈનાચાર્યોની કોઈ પણ વાત, માત્ર જૈનોના જ હિતને અનુલક્ષીને હોય છે, એવું કદી પણ હોતું નથી. જૈનાચાર્યોની અમુક અમુક વાતો માત્ર જૈનોને ઉદ્દશીને જ કહેવાયલી હોય અગર તો કહેવાતી હોય એ બને, પરન્તુ એ વાતોય માત્ર જૈનોના જ હિતને અનુલક્ષીને હોતી જ નથી. જૈનાચાર્યો દ્વારા કહેવાતી પ્રત્યેક વાત પાછળ, માત્ર જૈનોના જ નહિ, પરન્તુ જગત આખાના-જીવ માત્રના હિતની દૃષ્ટિ રહેલી હોય છે. જેના હૈયામાં જગતના જીવ માત્રના ભલાની ભાવનાને સ્થાન નથી. તે નથી તો જૈનાચાર્ય ને નથી તો જૈનાચાર્ય બનવાને લાયક. જૈનાચાર્ય જે કાંઇ વાત કરે, તે શ્રી જૈન શાસનને અનુસરતી જ વાત કરે, પરન્તુ શ્રી જૈન શાસનની એક પણ વાત એવી છે જ નહિ અગર હોઈ શકે પણ નહિ, કે જે વાતમાં પ્રત્યક્ષ રીતિએ કે ગર્ભિત રીતિએ પણ જગતના જીવ માત્રના ભલાનો હેતુ હોય નહિ, માત્ર અમુક જ જીવોના ભલાનો હેતુ, તે વાત શ્રી જૈન શાસનની છે-એવું જો કોઇ કહે, તો એમ કહીએ કે-એને શ્રી જૈન શાસનના વાસ્તવિક સ્વરૂપનું ભાન જ

નથી. જીવ માત્રનું ભલું, એ જ શ્રી જૈન શાસનનું મૂળ છે અને શ્રી જૈન શાસન તો સૌને જગતના જીવ માત્રના ભલાની ભાવનાવાળા બનાવવાની જ ખ્વાહેશ ધરાવે છે એટલે જૈનાચાર્યો દ્વારા કહેવાતી વાતો, માત્ર જૈનોના જ હિતની દૃષ્ટિવાળી કદી પણ હોતી નથી, પરંતુ જૈનાચાર્યો દ્વારા કહેવાતી વાતો, સદાને માટે જગતના સઘળાય જીવોના હિતની દૃષ્ટિવાળી જ હોય છે.

◆◆◆

જૈનકુલના નાયક બનેલા વૃદ્ધો જૈનકુલની ઉત્તમતાના હેતુઓ આદિને ન સમજે, ન વિચારે કે ન પ્રચારે, ત્યાં ઉત્તમ આશા રાખવી એ વ્યર્થ છે.

◆◆◆

જૈનકુલ ધારે તો પોતાના આશ્રયમાં ઉત્પન્ન થયેલા આત્માઓને દુનિયાના સાચા આદર્શો બનાવી શકે, પણ શરત એટલી કે-એ કુલો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી ઓતપ્રોત હોવાં જોઈએ.

◆◆◆

શ્રી જૈનકુલમાં જન્મેલ આત્માનો એજ એક નિશ્ચય હોય છે કે-આ અતિશય દુર્લભ એવા માનવજન્મરૂપી દેહની પ્રાપ્તિનું સુંદરમાં સુંદર ફલ એજ છે કે-'પ્રાપ્ત અગર તો અપ્રાપ્ત એવાં ભોગસુખોને લાત મારીને જે અનંતા શ્રી જિનેશ્વરદેવોએ અને તે તારકોની આજ્ઞામાં વિચરતા પરમર્ષિઓએ સેવેલી અને ઉપદેશેલી ભાગવતી દીક્ષાનો સ્વીકાર કરવો.'

◆◆◆

જૈનકુળને પામ્યા છતાં જેઓ સત્યને સમજવાની દરકાર કર્યા વિના યથેચ્છપણે લખી-બોલી રહ્યા છે. તે ભયંકર કમનશીબીના જ ભોગ બનેલ છે, એમાં એક રતિભર શંકા નથી.

◆◆◆

જૈનકુળમાં જન્મેલાને બાલ્યકાલમાં સંયમ મળે તો આનંદ માને અને તેમ ન બને તો તે અવસરે સંયમધર થવાને ચૂકે નહિ : કારણ કે-સંયમ, એ તો શ્રી જિનશાસનને પામેલાનો શણગાર છે.

◆◆◆

જૈનકુળમાં જન્મ્યા છતાં જેણે અનંતજ્ઞાનીઓને નથી માન્યાં. અનંતજ્ઞાનીઓનાં આગમોને નથી માન્યાં, જેઓ નિગ્રંથ ગુરૂઓને

નથી માનતા; એ અસવર આવ્યે સગા બાપને પણ માનવાના નથી : એ સો એ સો ટકા ખાત્રીની વાત છે.

♦♦♦

શ્રી જૈન શાસનનાં જે જે ટ્રસ્ટો છે, તે સર્વ શ્રી જિનમૂર્તિ, શ્રી જિનમન્દિર, શ્રી જિનાગમ, સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા તથા અનુકંપા અને જીવદયા પૈકીના સંબંધવાળાં છે. એમાં શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનમંદિરનું દ્રવ્ય શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનમન્દિર સિવાયના કોઇ પણ ક્ષેત્રમાં વાપરી શકાય જ નહિ. શ્રી જિનાગમનું એટલે કે જ્ઞાનખાતાનું દ્રવ્ય, શ્રીજિનાગમાદિ ધર્મશાસ્ત્રોના રક્ષણ આદિમાં અને પૂ. સાધુ-સાધ્વીના પઠન-પાઠનમાં જ ઉપયોગમાં લઇ શકાય. પૂ. સાધુ-સાધ્વી ક્ષેત્રનું દ્રવ્ય પૂ. સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ આદિમાં વપરાય. શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રનું દ્રવ્ય પણ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર માટે વપરાય. એમાં એટલો અપવાદ જરૂર છે કે-નીચલાં ક્ષેત્રોનું દ્રવ્ય ઉપલા ક્ષેત્રો ખાતે વાપરી શકાય, પણ ઉપલાં ક્ષેત્રોનું દ્રવ્ય નીચલાં ક્ષેત્રોમાં વાપરી શકાય નહિ. અનુકમ્પાનું દ્રવ્ય તો સાત ક્ષેત્ર પૈકીના એકેય માટે વાપરી શકાય નહિ અને અનુકમ્પાના કામમાં જ વપરાય. એ જ રીતિએ જીવદયા નિમિત્તક દ્રવ્ય પણ જીવદયાના કાર્યમાં જ વપરાય, પણ સાત ક્ષેત્રમાં કે અનુકમ્પામાં પણ વપરાય નહિ. સાધારણ દ્રવ્ય એટલે સાત ક્ષેત્રો પૈકી જે ક્ષેત્ર સીદાતું હોય તેમાં વાપરી શકાય એવું દ્રવ્ય ! એ દ્રવ્ય પણ જેના-તેનાથી જેમ-તેમ વાપરી શકાતું નથી; પરંતુ સંઘને સાત ક્ષેત્રો પૈકી જેમાં તે દ્રવ્ય વાપરવું જરૂરી લાગે. તેમાં તે દ્રવ્ય વાપરી શકાય છે. આપણે ત્યાં આવી શાસ્ત્રીય વ્યવસ્થા છે.

♦♦♦

શ્રી જૈનદર્શનમાં જેવી રીતિએ સ્વર્ગ એ સાધ્ય નથી, તેવી જ રીતિએ અર્થ અને કામ એ ઉપાદેય પણ નથી : કિંતુ મુક્તિ એ જ સાધ્ય છે અને ધર્મ જ એક ઉપાદેય છે : તથા અર્થ-કામ તો ઉલ્ટા ધર્મની સાધના માટે વિઘ્ન કરનાર છે.

♦♦♦

*દયાનું પાલન*

શ્રી જૈનશાસન કહે છે કે-શક્તિ પ્રમાણે દુ:ખ દૂર કરવાના પ્રયત્નો

કરે, ન થાય તો મારી ન નંખાય, પણ કર્મના વિપાકને ચિંતવતાં ઉદાસીનપણે રહેવાય. દયાના પાલન માટે ઘણું જ સાવધ રહેવાનું છે. બને ત્યાં સુધી હિંસક લતાઓમાં પણ જવાની મના છે. કોઇ આદમી કસાઇખાને પહેલીવાર જાય, તો ચક્કર આવે, માથું ફરે, ઉલટી થાય, બધુંએ થાય. પછી બીજી વાર જાય ત્યારે એથી ઓછું થાય, ત્રીજે દિવસે એથી ઓછું, એમ ક્રમસર ઓછ થતાં પછી ટેવાઇ જાય ને કશું ન થાય, કારણ કે-આદમી ફરી ગયો એવી જ રીતે થોડા સ્વાર્થની ખાતર એક જીવ ઉપર છરી ચલાવે, તે વખતે પહેલીવાર હાથ કંપે, બીજી વાર ઓછો કંપે અને પછી કાંઇ જ નહિ. આવી હિંસક ક્રિયાઓ મનુષ્યને હેવાન બનાવે છે, અને મનુષ્યજીવનની કોમલતાનું નિકંદન વાળે છે. થોડા લાભ ખાતર થતી એ ક્રિયામાં પલટાયા પછી, મનુષ્યજીવનના ઉદ્ધારની બારી પ્રાય : રહેતી નથી. એક પાપમાંથી સો પાપ જન્મે છે. ચીકણી જગ્યામાં ચાલો શી રીતે ? જોઇને, પગ દાબીને. પગ ખસ્યો કે આખું શરીર ખસે, માથું, હાથ, પગ, છાતી બધુંએ ભાંગે એવી જ રીતે પાપનો ગુણ પણ એ છે કે-શરૂઆતમાં નજીવું, કિંમત વગરનું લાગે, પણ પરિણામે ભયંકર બને છે.

◆◆◆

શ્રી જૈન શાસનમાં શ્રી નવપદ એ પરમ સાર રૂપ ગણાય છે. કારણ કે-શ્રી અરિહન્ત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ એ પાંચ પરમેષ્ઠી ભગવન્તોનો અને એ પરમ તારક પરમેષ્ઠિપણાને પમાડનારા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપનો એમાં સમાવેશ થાય છે. પરમેષ્ઠિઓ અને પરમેષ્ઠિપણાને પમાડનારા સમ્યગ્દર્શનાદિ ચાર ગુણો, એ શ્રી નવ પદની આરાધના પરમેષ્ઠિપણું પામવા માટે કરવાની છે. અને એ આસધક અવશ્ય પરમેષ્ઠી બને છે.

◆◆◆

જૈનશાસનમાં કેવળજ્ઞાન પામ્યા પછી પણ આયુષ્ય બાકી હોય તો મુનિલિંગ સ્વીકારવું પડે છે.

◆◆◆

જૈનશાસનમાં મહાપુરૂષોનાં દષ્ટાંતો એ આલંબન છે. પ્રભુશાસનની સીડી ઉપર ચઢવા માટેની એ સાંકળ છે.

◆◆◆

શ્રી જૈનશાસનમાં, રાજ્ય માટે પણ પુત્ર થાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ, એવી આજ્ઞા નથી.

◆◆◆

શ્રી જૈનશાસનમાં સંસારના રસીયા એ સુપાત્ર નથી. સુપાત્ર તે કે જેણે સંસારનો સર્વ ત્યાગ કર્યો છે. અથવા દેશથી ત્યાગ કર્યો છે અથવા આજ્ઞા-રૂચિવાળો હોઇને તજવાની ઈચ્છાવાળો છે. આ શિવાય બધા અપાત્ર કે કુપાત્ર છે.

◆◆◆

શ્રી જૈન શાસનના સ્થાપકે તો શાસનને પોતાનો સમુદાય વધારવા માટે કે મોટા સમુદાયના માલિક થવા માટે સ્થાપ્યું નથી, તેમજ ઈરાદાપૂર્વક કે કોઈપણ પ્રકારની ઇચ્છાથી એની સ્થાપના થઇ નથી, પણ વસ્તુને તેના સ્વરૂપે પ્રગટ કરવી એનું નામ શ્રી જૈનશાસન છે. એટલે કે-જે જેવું છે તેને તેવું કહેનારૂં શ્રી જૈનશાસન છે. કારણ કે-રાગાદિ શત્રુના વિજેતા, એ એના સ્થાપક છે : એટલે એમાં તે તારકની પવિત્ર ભાવનાનું જ પ્રતિબિંબ માત્ર છે. ભાવના કયી ? જગતને સુખી કરવાની. એ કેમ ? તો કે-સારૂંય જગત સુખ ઈચ્છે છે એથી ! એના માટે વિવાદ કે મતભેદ નથી. એ સુખની પ્રભાવના કે લહાણી નથી થતી તેમ જ તે પોટલે બાંધીને અપાતું નથી. જો તેમ અપાતું હોત તો જ્ઞાનિઓ તેમ કરવાનું પણ ચૂકત નહિ, કેમ કે-એ તારકો બહુ જ ઉદાર હતા. પણ સાથે એ વાતને એ તારકો સારી રીતિને જાણતા હતા કે-'દુઃખને ટાળવાને માટે દુઃખનું નિદાન કાપવું જોઇએ.'

◆◆◆

શ્રી જૈન શાસનની વિશિષ્ટતા, એટલે એ એક ચોખ્ખો અને સાફ આરીસો. મારી, તમારી કે હરકોઈની ભૂલ બતાવનારો. એટલે એક પણ મેલો આદમી અહીં ચાલે નહિ. જેને ઓછા ચોખ્ખા બનવું હોય, એને મેલો અરીસો ચાલે. મજુરો, કે જેને આખો દિ' ધૂળ સાથે જ કામ કરવું છે, તેને અરીસો ન હોય તોયે ચાલે, પણ જેને સારા જ રહેવું છે એને સ્વચ્છ અરીસો જ જોઇએ. શ્રી જૈન શાસનમાં કોઇ પણ વાત કલ્પિત, કૃત્રિમ, બનાવટી હોય તેવી, અગર હોય તેથી ડબલ-ત્રબલ બતાવવામાં આવી નથીઃ કિન્તુ સ્વાભાવિક, જેવી છે તેવી જ વસ્તુ બતાવવામાં આવી છે. દેવ માનતી વખતે,

ગુરૂ માનતી વખતે, અહિંસા પાળતી વખતે એ અરીસામાં જોવું એટલે એ જેવું હશે તેવું બતાવશે !

♦♦♦

જૈનશાસનનો જ્ઞાની જિનધર્મ વિરૂદ્ધ મતિ મુજબ ચાલી શકતો નથી અને એવી મતિ મુજબ ચાલે એ જૈનશાસનનો જ્ઞાની નથી, જૈન નથી.

♦♦♦

જેને નાના જંતુ ઉપર દયા નથી આવતી તેને મોટા જીવો ઉપર પ્રાયઃ સાચી દયા આવવાની જ નથી. કારણ કે-અધિક દુઃખીને જોઈને જેને દયા નથી આવતી તેને થોડા દુઃખીને જોઈને દયા આવશે એ બનવું જ અશકય છે.

♦♦♦

જો અનાચાર ન ગમતો હોત, જો સ્વચ્છંદ ન ગમતો હોત, જો સદાચાર ગમતો હોત અને જો જગત્‌માંથી દુરાચાર દૂર થઈ સદાચાર વધે એવી નેમ હોત, તો તો પુરૂષોની ભૂલો હોય તે સુધારવાની વાત થાત, પરન્તુ સુધારાને નામે પુરૂષોની માફક સ્ત્રીઓમાં પણ સડો ઘાલવાની વાત ન થાત !

♦♦♦

શ્રી જૈન શાસનની વિશિષ્ટતા એટલે જગતે જે ન જોયું હોય તે એ દેખાડે. દાન-શીલ-તપ-ભાવ, અહિંસા-સંયમ-તપ વગેરેને સારી દુનિયા માને છે. હિંસા કરવી, જૂઠ બોલવું, ચોરી કરવી, કામભોગ કરવા, ધનધાન્યાદિ પરિગ્રહ રાખવા અને એમાં મહાલવું, એવું કોણ કહે છે ? દાન નહિ દેવું, શીલ નહિ પાળવું, તપ નહિ કરવો, સારી ભાવના નહિ કરવી, એમ કોણ કહે છે ? કોઈ જ નહિ, અને એની એ વસ્તુ આ શાસન કહે છે : પણ કહેવામાં એટલે કે-દાન, શીલ, તપ અને ભાવનું તેમ જ અહિંસા, સંયમ અને તપનું સ્વરૂપ દર્શાવવામાં ભેદ છે. દેવ, ગુરૂ અને ધર્મને નહિ માનવા, સારાં અને પુણ્યનાં કામ નહિ કરવાં તથા પાપાચરણ સેવવાં, એવું એક નાસ્તિક દર્શનને છોડીને બીજું કોણ કહે છે ? કોઈ જ નહિ. જે વસ્તુ સ્વયંસિદ્ધ છે, પ્રાય : સહુએ માનેલ છે, સદાય સ્વીકારવા યોગ્ય જ છે, એને સ્વીકારવી જ જોઈએ શ્રી જૈન શાસન કહે છે-કે-દેવ તથા ગુરૂને જરૂર માનવા, પણ જેને તેને દેવ-ગુરૂ મનાય નહિ ! 'આયે દેવ-ગુરૂ' અને 'આયે દેવ-ગુરૂ' એમ

નહિ, પણ અમુક યોગ્યતા હોય તે જ ! દાન પણ દાનધર્મ ક્યારે ? અનિત્ય અને અસાર એવી લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવા માટે હોય ત્યારે જ ! પણ પાંચ દઈને પાંચસો મેળવવાની ભાવના હોય તો તે દાન એ દાનધર્મ નહિ ! શરીર સુધારવા માટે પાળેલું શીલ, એ વાસ્તવિક રીતિએ શીલધર્મ નહિ. શીલ એ આત્મગુણ છે. આત્માનું ભવભ્રમણ અટકાવવા માટે શીલ પાળનારો જ, સાચું અને કાયમ માટે શીલ પાળી શકશે. બીજે દિવસે વધુ અને સારૂં ખાવાની ભાવનાએ કરેલો તપ એ તપ નહિ, પણ ઇચ્છાના નિરોધ માટે જ કરાયેલો તપ એ ધર્મ છે. તપની વ્યાખ્યા પણ એજ ફરમાવી કે-'ઇચ્છાનિરોધ એ તપ !' આટલો ભેદ શ્રી જૈન દર્શન પાડે છે. એટલા જ માટે શ્રી જૈન શાસન એ વિશિષ્ટ છે. નાહીધોઈ કપડાં સજ્યાં, પણ બહાર નીકળતી વખતે સારો માણસ અરીસા સામે મોઢું જોઈને જ જાય છે ને ? કેમ કે-અરીસો એ રહી ગયેલો ડાઘ બતાવનાર છે : તેમ, શ્રી જૈન શાસન એ પણ ઉંચી કોટિનો અરીસો છે : એટલે દાન દે છે એ સારી વાત, પણ અરીસામાં જોવાનું કે-એ દાનમાં કાંઈ ડાઘ છે ? એ અરીસો જ બતાવશે કે-તારી ક્રિયા શુદ્ધ છે અગર તો એમાં અમુક અમુક ખામી છે.

◆◆◆

જો અજ્ઞાનિઓના અજ્ઞાન ઉધમાતથી પુણ્યાત્માઓ શુદ્ધ પ્રતિજ્ઞાના પાલનમાં પામર બને, તો સમજી જ લેવું જોઈએ કે-વિશ્વમાં સત્ય જીવી જ શકે નહિ : પણ એ કોઈ કાળે જેમ બન્યું નથી તેમ બનતુંએ નથી અને બનશે પણ નહિ.

◆◆◆

જો એક મુક્તિના જ ઇરાદે નિર્મલ ચિત્તે શ્રી અરિહંતદેવોના ગુણોનું ગાન થઈ જાય, તો આ વિશ્વમાં કોઈ એવી વસ્તુ નથી, કે જે તે પુણ્યાત્માની સેવામાં હાજર ન થાય.

◆◆◆

જો કે-પંચેન્દ્રિયપણું પણ વિના પુણ્યે તો નથી જ મળતું, પરન્તુ પંચેન્દ્રિયપણું પામ્યા પછીથી પણ મનુષ્યપણું પામવાને માટે, વિશેષ પુણ્યની આવશ્યકતા રહે છે : અને એથી જ અનંત ઉપકારી આચાર્ય ભગવાન ફરમાવે છે કે-'પુણ્યવિહીન આત્મા આર્યક્ષેત્રમાં મનુષ્યપણાને પામતો નથી.'

◆◆◆

જૈન હોય તે પાપ કરે જ નહિ, એમ કહેવાય નહિ; પણ જે જૈન હોય તેને પાપ કરવાનું ગમે નહિ અને પાપથી છૂટવાનું એનું દિલ હોય, એવું જરૂર કહી શકાય. જેટલા જૈન એટલા સાધુ જ અથવા સાધુ હોય તે જ જૈન, એવું નથી; પણ જેને હૈયે સાધુપણાની ઈચ્છા નથી, તે સાચો જૈન નહિ ! પાપ કરવા છતાં પણ, જૈનને પાપથી વિરામ પામવાની ઈચ્છા હોય, કેમ કે- પાપ કરવું પડે એવાં કર્મોને બાંધીને આવ્યો હોય તો પાપથી વિરામ પામવાના પરિણામ પ્રગટે નહિ એ બને, પણ જૈનપણાને પામ્યો હોય તો એ પાપને પાપ માને જ અને પાપથી છૂટવાના ધ્યેયવાળો પણ એ જરૂર હોય જ. સાધુપણું શું છે ? પાપ માત્રથી વિરામ પામવું એ, ધર્મને આચરવો તે ! ધર્મને આચરવો હશે, તો પાપથી વિરામ પામવાની ભાવનાને કેળવવી જ પડશે ને એ ભાવના હશે તો પાપકરણી પણ દુર્ગતિમાં ઘસડી જવાને સમર્થ નહિ બને.

♦♦♦

શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલા મુનિની ધર્મદેશના વૈરાગ્યને પેદા કરનારી ન હોય, વૈરાગ્યને પુષ્ટ બનાવનારી ન હોય, તો શું સંસારના રાગને વધારનારી હોય ? સંસારના રાગને વધારનારી દેશના, એ ધર્મદેશના નથી પણ પાપદેશના છે. સંસારનો રાગ ભૂંડો છે, સંસાર દુઃખમય હોવાથી છોડવા જેવો છે, એ વિગેરેનો ખ્યાલ આપવાને માટે ધર્મદેશના છે. ધર્મદેશના સંસારની આસક્તિને વખોડે અને સંસારત્યાગને વખાણે ધર્મદેશના, સાંભળનારા યોગ્યના હૃદયમાં સંસાર પ્રત્યે વિરાગભાવ પેદા થાય અને મોક્ષ માટે ઉદ્યમશીલ બનવાનો તેનામાં ઉલ્લાસ ઉત્પન્ન થાય એવી હોય. ધર્મદેશનામાં સંસારથી મૂકાવાના માર્ગોનું નિરૂપણ હોય ધર્મદેશનામાં ક્યાંય સંસારનાં વખાણ ન હોય : સંસારની પુષ્ટિ ન હોય. તો ધર્મદેશના વૈરાગ્યરસથી ભરપૂર હોય. વૈરાગ્ય એટલે શું ? સંસાર પ્રત્યે વિરાગભાવ તેનું નામ વૈરાગ્ય. સંસાર હેય લાગે તેનું નામ વૈરાગ્ય. મુનિ, એ વૈરાગ્યભાવ યોગ્ય સાંભળનારાઓના હૃદયમાં જન્મે અગર હોય તો તે પુષ્ટ બને એવો ઉપદેશ આપે.

♦♦♦

શ્રી જૈન શાસન, એ તો પતિતપાવની ગંગા છે. શ્રી જૈનશાસન પતિતને પણ પાવન કરી શકે છે.

♦♦♦

શ્રી જૈનશાસન, ધર્મ સિવાય જગતમાં બીજી કોઈ પણ વસ્તુ ઉપાદેય છે-એમ માનતું નથી.

♦♦♦

શ્રી જૈનશાસનના મુનિઓ તો જીવનનૌકાને સુખપૂર્વક સંસારસાગરના કિનારે પહોંચાડનારા સાચા કર્ણધારો છે, તેવા તારકો સામે ઉલ્ટા વિચારો કરવા, એ વિના કારણ આવી અમૂલ્ય માનવજીંદગી બરબાદ કરવા જેવું છે.

♦♦♦

*જૈન કોણ ?*

જૈનશાસન કહે છે કે-'**ज्ञानक्रियाभ्यां मोक्षः**'-એકલા જ્ઞાનથી મુક્તિ જૈનશાસને માની નથી. કયું જ્ઞાન, કયી ક્રિયા હોય તો જૈન કહેવાઓ ? સાધુ કયારે કહેવાય ? સંસારને અસાર જાણે, જાણે એટલું જ નહિ પણ જાણીને તજે તે. શ્રાવક કોણ ? આખાએ સંસારને અસાર માને, તજવાની ભાવના રાખે, એકદમ સર્વથા ન તજાય તો થોડું થોડું તજવાનો પ્રયત્ન કરે તે. સમ્યગ્દષ્ટિ કોણ ? સંસારને અસાર માને ને તજવા માટે તલસ્યા કરે. ત્રીજી વાત પણ ન હોય તે જૈન ! જૈન કહેવરાવવું ને એક પણ ક્રિયા કરવી નહિ ને એક પણ ભાવના હૃદયમાં રાખવી નહિ, આ કેમ ચાલે ? હવે તો જૈનોના આચારનો નાશ થતો જાય છે. જૈનકુલથી જૈનોના આચાર વિચારો નાસવા માંડયા છે. પૂર્વના પુરૂષોના આત્માની ભાવના કયી જાતિની હતી? આચારો કયા હતા ? જૈન જાતિનો પહેલો ગુણ એ હોવો જોઈએ કે-આત્મા સિવાયની બધી વસ્તુને પર માને.

♦♦♦

જૈન શાસનની પ્રાપ્તિ એટલે જ મોક્ષનું અર્થીપણું એટલે કે અર્થકામના અર્થીપણાનો અભાવ.

♦♦♦

શ્રી જૈનશાસને જે જેવું નહોતું તે તેવું કહ્યું નથી : વસ્તુને વસ્તુના સ્વરૂપે કહી છે માટે જ જૈનશાસન સૌને માનવા યોગ્ય છે.

♦♦♦

શ્રી જૈનશાસનને પામેલો ત્યાગ અને વૈરાગ્યનો વૈરી ન હોય પણ રાગી જ હોય : પછી તે સાધુ હોય કે શ્રાવક હોય !

♦♦♦

જો કોઇ પક્ષ એમ કહેવા આવે કે-'સિદ્ધાંતિક સત્ય કબૂલ કરવા તૈયાર થાવ.' તો એને હાથ જોડીને હા કહેજો ! કહેજો કે-અમારી જે કોઇ ભૂલ હોય તે બતાવો, તો અમે પ્રાયશ્ચિત લઈને જાહેર કરીએ ! ખુલ્લં ખૂલ્લા ભૂલ માટે માફી માગીએ !! ખોટાને ખોટું કહેતાં તથા માનતાં અચકાય, એ ધર્મહીન છે : પણ જાણી જોઇને ખોટાને સારૂં અને સારાને ખોટું કહેવું, છતાં શાંતિની અને એકતાની વાતો કરવી, એ લૂચ્ચાઇ છે, દંભ છે, શેતાનિયત છે. સિદ્ધાંતના રક્ષણને માટે જેટલો ભોગ દેવો પડે તેટલો ભોગ દેવો જોઇએ, પણ એકતાને નામે, શાંતિને નામે, સંપને નામે સિદ્ધાંતનો ભોગ એક તસુભર પણ દેવાય નહિ !

◆◆◆

'જો તું દોષવંત ઉપર ક્ષમા નહિ કરે, તો ક્ષમાનો અવકાશ તારા માટે કદી આવવાનો જ નથી. દોષવંતોને તું ખમશે, તો જ તારા માટે ક્ષમાનો અવકાશ છે અને દોષવંતોને નહિ ખમે, તો તો હંમેશને માટે તારે અક્ષમાનો જ અવકાશ છે.' ક્ષમાના ઉપાસક માટે શું આ વિચાર ઓછો જરૂરી છે ? કહેવું જ પડશે કે-આવિચાર પણ ક્ષમાના અભ્યાસી માટે અતિશય જરૂરી છે. ક્ષમાની આવશ્યકતાનો પ્રસંગ ત્યારે જ આવે છે, કે જ્યારે કોઈ આપણો અપરાધ કરે. 'કોઈ અપરાધ કરે એ સમયે તો ગુસ્સો આવે જ અને આવવો જ જોઇએ.'-એવું માનનારો ક્ષમાની ઉપાસના કયારે કરવાનો ? કહેવું જ પડે કે-એ બિચારાને ક્ષમા કરવાનો પ્રસંગ મળવાનો નથી અને ગુસ્સાના પ્રસંગો એને વખતોવખત મળવાના છે. 'હું તો કોઇ મારો અપરાધ કરે ત્યારે જ ગુસ્સે થાઉં છું અને તે અતિ જરૂરી છે.'-આ પ્રમાણે કહેનારને કહેવું કે-'ભાઇ ! તારા માટે ક્ષમાની ઉપાસનાનો કોઇ અવસર જ નથી. ક્ષમાની ઉપાસનાના પ્રસંગને તો તું ગુસ્સો કરવા માટેનો જરૂરી પ્રસંગ માને છે, એટલે તારે ક્ષમાની ઉપાસના કરવાની રહી જ કયાં ?'

◆◆◆

જો કે રમા અને રામા ઈચ્છાય, એ વ્યાજબી નથી પણ જ્ઞાનીઓ એમ કહે છે કે-એવા અર્થીને પણ ધર્મની આરાધના વિના એ વસ્તુ મળવી નથી.

◆◆◆

જો દેવ, ગુરૂ અને ધર્મ-એ જ એક માત્ર તારક છે, આવી દૃઢ માન્યતા થઈ જાય અનેએ સિવાયની દુનિયાની બધી જ વસ્તુઓ આત્માને ડૂબાવનાર છે એમ સમજાઈ જાય, તો દુનિયાની સઘળીય વસ્તુઓના ભોગે પણ દેવ-ગુરુ-ધર્મની રક્ષા કરવી જોઈએ, એમ લાગ્યા વિના રહે ખરૂં ? નહિ જ.

♦♦♦

જો તમારો પુરુષાર્થ દેહના બંધનથી સર્વથા મુક્ત બનવાના માર્ગે હોય, તો તે સાચે જ પ્રશંસનીય છે.

♦♦♦

જો તમે આત્મકલ્યાણની સાધનાની સામે થતા મોહાંધોના ઉત્પાતોથી ટેવાઈ જાઓ, તો આજે કહેવાતા દીક્ષાના ઉધમાતોની તમારા હૃદય ઉપર જેવી નિરર્થક અને કવચિત્ત નુકશાનકારક પણ અસર થાય છે, તેવી ભડક ઉત્પન્ન કરનારી કશી જ અસર નહિ થાય.

♦♦♦

જો કે-'મેં મારી બાલવય રમતમાં ગુમાવી અને યુવાવસ્થા ભોગોમાં ગુમાવી એ ખોટું કર્યું, મને મળેલી સામગ્રીનો મેં દુરૂપયોગ કર્યો, ધર્મ સાધવાજોગી વયે પાપમાં લીનતા કેળવી, હવે મારૂં શું થશે ?'-આ જાતિનો શોક પણ આત્મકલ્યાણકારી છે : પરન્તુ એવો શોક કરવાનો વખત ન આવે, એ માટે બાલ્યાવસ્થામાં બને તો એ જ અવસ્થામાં અને એ અવસ્થામાં ન બને તો યુવાવસ્થામાં ધર્મસાધનામાં ઉદ્યત બનવું, એ વધારે કલ્યાણકારી છે. ' પછી શોક કરી કલ્યાણ, સાધીશુ; અત્યારે તો ભોગો ભોગવી લ્યો'-એવો વિચાર કરનારાઓમાં તો વસ્તુતઃ સાચી કલ્યાણબુદ્ધિ જ નથી. વળી જેણે પોતાની યુવાવસ્થાને ધર્મની આરાધનામાં જ ગાળી હોય, તે વૃદ્ધાવસ્થામાં પણ ભોગના કીડાઓના જેવો શિથિલ નથી બનતો, પરન્તુ આત્મસાધના ઘણી સારી રીતિએ કરી શકે છે. તેમજ વૃદ્ધાવસ્થાના સ્વાભાવિક દુઃખોમાં પણ સુન્દર પ્રકારે સમાધિમય દશામાં સ્થિત રહી શકે છે.

♦♦♦

જો માનવીને માનવી બનાવવા હોય, તો કાળા માથાને ગૌણ કરો ! માનવીપણું હશે તો માથાને નમાવશે માનવીપણું ગયું એટલે માથાં ભટકાવશે.

♦♦♦

જો મનુષ્યો પણ બહારના રંગરાગમાં જ આબાદી અને વર્ત્તમાન મોજશોખમાં જ આનંદ કલ્પી લે-એમાં જ સ્વર્ગ અને મોક્ષ કલ્પી લે, તો તેવા આદમીને ગમે તેવાં ધર્મશાસ્ત્રો પણ કેવળ બોજા રૂપ લાગે !

♦♦♦

જો વસ્તુનું અર્થિપણું બરાબર આવી જાય અને ધ્યેયની સાધનામાં જ મન-વચન-કાયા જોડાઈ જાય, તો ભયંકર કષ્ટો પણ કષ્ટ રૂપ લાગતાં નથી.

♦♦♦

જો વિષય અને કષાય ઉપર કાબુ આવી જાય, વિષય અને કષાયને આધીન થવાને બદલે તેને આધીન કરી લેવાય, તો સંસાર પણ હાથવેંતમાં છે. વિષય અને કષાય જીતાયા, એટલે સંસારને તો જીતાએલો જ સમજો !

♦♦♦

જો ધર્મને દૂષિત કરનારને નિરૂત્તર કરવાથી જ અશાંતિ ઉત્પન્ન થતી હોય તો, અશાંતિ ઉત્પન્ન કરવાનો ઈરાદો નહિ હોવા છતાં પણ, થયેલી તે અશાંતિને સહન કરી લેવી એ જ ડહાપણભર્યું છે. એવી અશાંતિથી ગભરાવાનું હોય જ નહિ.

♦♦♦

જેને મન લોકની વાહ-વાહ બળવાન બને છે, તેના હૃદયથી જ્ઞાનિઓએ કહેલી સુંદર ભાવના ઉડી જવી, એ અસંભવિત નથી.

♦♦♦

તપમાં અ તાકાત છે કે-તપના આચરણમાં રકત રહેનારો દેવગતિના આયુષ્યને ઉપાર્જે. કેટલાકો, તપમાં બહુ ટેવાઈ ગયેલા હોય છે. વાત વાતમાં ઉપવાસ, છટ્ઠ, અઠ્ઠમ, આદિ તપ કરનારાઓ છે. તપની જોડે જેમને એવો મેળ થઈ ગયો હોય છે, તેઓ ઝટ દેવલોકમાં જાય છે. તપ કાંઈ તકલીફ વેઠયા વિના થઈ શકતો નથી. સાચો તપ તો એ છે કે-જે શરીરને તપાવવાની સાથે, કર્મને પણ તપાવે. તપ, એ નિર્જરાનું પરમ કારણ છે. પોતાના મન-વચન-કાયાના યોગોને તપમાં યોજનારને, જો તેનામાં વિવેક હોય, તો મુક્તિય મુશ્કેલ નથી, તો દેવલોકનું પૂછવું જ શું ? જેઓ તપ કરતા નથી અને સૂતેલા તપસ્વિને જોઈને તેની ટીકા કરવામાં આનંદ માને છે, તેઓ તપના ભાવને પણ કયાંથી પામવાના ? તપ નહિ કરી શકનારાના હૈયામાં પણ, તપની

કિંમત જોઇએ. પોતે તપ નથી કરતો અને પોતાની એ નબળાઈને છૂપાવવાને માટે તપસ્વિઓની ટીકા કરે છે એ તો બેવડું પાપ બાંધે છે. તપસ્વિને શું થતું હશે, તે સમજવું હોય તો તપ કરી જુઓ ! અનુભવ થાય તો ઝટ સમજાય. અણસમજથી નિન્દા કરનારાઓ પણ અનુભવે સુધરી ગયા છે. એક ઠેકાણે ઉપધાન હતાં. ત્યાં એક ભાઈ એવા હતા કે-બહાર બેસીને રોજ ઉપધાન તપ કરનારાઓની કુથલી કર્યા કરે ! જ્યારે તક મળે, ત્યારે એ કહે કે-'બધા માલમલીદા ઉડાવવાને ભેગા થયા છે ! ઉપધાનની રસોઇ તો જુઓ ! સત્તર જાતની મીઠાઇ ! પછી કહે છે કે-અમે તપ કરીએ છીએ.' એમાં બન્યું એવું કે-એમના કોઇ સગાએ શ્રી ઉપાધન તપમાં પ્રવેશ કરેલો અને એથી એમના તરફથી એક ટોળી રખાએલી. લોકવ્યવહારથી એમણે પણ ટોળીમાં ભાગ રાખેલો, એટલે એ પીરસવાને માટે અંદર આવ્યા. એમણે જોયું કે-આટલી બધી ચીજો છે, પણ આ તપસ્વિઓ તો માંડ માંડ થોડું ખાઇ શકે છે ! ૪૮ કલાકે ખાવાનું મળે, તે શું ખવાય ? પછી તો, પોતે જાતે આગ્રહ કરી કરીને પીરસવા લાગ્યા, સારામાં સારી મીઠાઇ એમણે પીરસવા માંડી, પણ તપસ્વિઓથી ખાઇ શકાય તેમ હોય તો લે ને ? એ વખતે, એમને થઇ ગયું કે-આટલી પણ ચીજો ઓછી ગણાય, કેમ કે-૪૮ કલાકે એક વાર ખાવાનું, તે કાંઈક પણ ભાવે તો થોડુંક ખાઈ શકે ને ? આટલા અનુભવથી એમના વિચારો ફરી ગયા. પછી તો, એમણે મારી પાસે આવીને, પહેલાં તપસ્વિઓની જે નિન્દા કરેલી, તે માટે રડતે રડતે માફી માગી ! તેમ, જેને એમ લાગતું હોય કે-તપસ્વી સૂએ કેમ ? તે એક વાર તપ કરી જુએ તો ખબર પડે. જ્ઞાની તો એમ પણ કહેશે કે-આમ તપ ન થાય ! તપ કરો, પણ તે શક્તિને સમજીને કરો ! તપ એવી રીતિએ કરો કે-બીજી જરૂરી ક્રિયાઓ સીદાય નહિ ! પણ તમારે તપ કરવો નહિ અને ટીકા કર્યા કરવી, એ છાજે નહિ. તમે ટીકા કરશો તો દુર્ગતિમાં જશો અનેઆ સૂતે સૂતે તપ કરનારો પણ સદ્ગતિમાં જશે. તપ કરવાનું મન થયા કરે, તપ કરવાના કોડ થયા કરે, તો પણ એથી ઘણો લાભ થાય. અજ્ઞાન તપ ન ફળે-એ વાત જુદી, પણ એનો અર્થ એ છે કે-એ તપથી જે સુન્દર ફલ મળવું જોઇએ તે ન મળે, પણ દેવલોકાદિ ન મળે એમ નહિ ! તપસ્વિને ઊલટી થાય, આડા પડે, પણ ખાય નહિ એ ઓછી વાત નથી. જે પચ્ચખ્ખાણ લીધું, તે યેન કેન પણ પુરૂં કરવું, તે સહેલી વાત

નથી. એ વખતે, મનના પરિણામ બગડે નહિ અને તપના પરિણામ ટકયા રહે-એની કાળજી જરૂર રાખવી જોઈએ. બાકી, તપનો અભ્યાસ પાડવાને માટે સૂઈને તપ પૂરો કરે, તોય લાભ થાય. એને ખ્યાલ જોઈએ કે-તપ કરવા છતાં પણ મારી સંયમની સર્વ ક્રિયાઓ નિરાબાધ રહે, એવી શક્તિ મારે પેદા કરવી છે ! બહાર પચ્ચખ્ખાણ ને અંદર પોલ, એવાય નાદાનો હોય છે. એવાને તપનો અભ્યાસ નહિ પડે અને તપની અવગણના આદિનું પાપ લાગશે. તપમાં તો બહુ ગુણ છે. બહુ સમજતો ન હોય, પણ ભગવાને કહેલો આ તપ છે, માટે મારે આ તપ કરવો જોઈએ, પજ્જુસણ આવ્યાં. માટે અઠ્ઠાઈ કરૂં, અટ્ઠમ કરું-એમ થાય અને શરીર નરમ હોય તોય તપ કરવાનું મન થાય, એ એક પ્રકારનો આરાધકભાવ છે. એવાઓ દેવલોકનું આયુષ્ય બાંધે, એમાં કાંઈ નવાઈ જેવું નથી. બાલ તપ કરનાર અજ્ઞાન હોવા છતાંય, એના તપના પ્રભાવે એ દેવલોકમાં જાય, એ બને. બાલ તપસ્વિઓ કષ્ટો કેટલાં વેઠે છે ? ગમે તેવી ટાઢ વેઠે, ગમે તેવો તડકો વેઠે, ઠંડીમાં પાણીમાં ઉઘાડા શરીરે રહે અને ગરમી વખતે આજુબાજુ અગ્ની સળગાવીને બેસે, તપેલી રેતીમાં પડયા રહે. આ બધું અજ્ઞાન કષ્ટ છે, પણ કષ્ટનું સહન તો છે ને ? ખાવું તે સ્વર્ગનું કારણ છે-એમ નથી લખ્યું અને અજ્ઞાન પણ તપ એ સ્વર્ગનું કારણ છે એમ લખ્યું છે. તપ કરનારાઓમાં અજ્ઞાન હોય, અણસમજુ હોય, પણ તપના સ્વભાવવાળા અને ઉલ્લાસથી તપનું પચ્ચખ્ખાણ કરીને ગમે તેટલું વેઠવું પડે તોય તેનો ભંગ નહિ કરનારને હાથ જ જોડવા. અવિવેકની અનુમોદના કરવાની કે એને ઉત્તેજન આપવાની આ વાત નથી, પણ તપ પ્રત્યે અનાદરભાવ આવી જવા પામે નહિ-તેને અંગે કાળજી રાખવાની આ વાત છે. તપના સાચા ફલને પામવું હોય, તો શું કરવું જોઈએ-એ વાત જુદી છે, પણ તપનો અભ્યાસ કરવાને માટે જ થોડી અવિધિ સેવતા હોય, અને હૈયામાં વિધિ બહુમાનવાળા હોય, તો તે અવગણવાને યોગ્ય નથી, એ પૂરતી જ આ વાત છે.

◆◆◆

તત્ત્વ ચમત્કારમાં નથી પણ શ્રી જિનેશ્વરદેવે કહેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં છે. એને આરાધે તે તરે, ન આરાધે તે ડૂબે.

◆◆◆

શ્રી તત્ત્વાર્થ સૂત્રને ભણેલા અને ભણાવનારા છતાં પણ પ્રાયોગિક જ્ઞાનમાં રાચનારા પંડિત ગણાતાઓ પણ, આ સૂત્ર દ્વારા જે પામવું જોઇએ તે પામવાથી વંચિત રહી ગયેલા જોવામાં આવે છે.

♦♦♦

તકલીફ વિના શાંતિ નહિ, દુઃખ વિના સુખ આવે નહિ, દુઃખ ભોગવો તો સુખ મળશે એમ દુનિયા માટે કહેવાય છે, તો ધર્મની બાબતમાં જ્યાં અનંત સુખ મેળવવું છે, ત્યાં તકલીફ કે વિઘ્ન આવેજ નહિ એ બનવાજોગ છે ?

♦♦♦

તપ સેવવો હશે એને શરીર અને માનાદિકની વાસનાઓ મૂકવી પડશે. ત્રણે પ્રકારનાં ગૌરવ,-રસગૌરવ, ઋદ્ધિગૌરવ અને શાતાગૌરવ, એ ત્રણે ઉપર ટક્કર વાગે તો સારી રીતે તપને સેવી શકાય.

♦♦♦

તપ. કર્મરૂપ મલને સાફ કરનાર છે અને નિઃસંગતા ગુણને પ્રગટ કરનાર છે.

♦♦♦

તપનો રસીયો શરીર પાસે હોવા છતાં પણ શરીરને ભૂલી જાય છે.

♦♦♦

તપ એક પ્રકારનો નથી, બાર પ્રકારનો છે.

તપ ત્યારે થઈ શકે છે, કેજ્યારે ચારિત્ર લેનાર જે વસ્તુને સાથે લઇને આવ્યો છે, તેના ઉપર ઘા થાય છે !

♦♦♦

દરજ્જાના નામેપણ અસદ્ વ્યવ કરવો, એ તો અનાચાર જ છે. આજે તો, દરજ્જાની વાતે પણ ઘર ઘાલ્યું છે.'આપણા દરજ્જા મુજબ મારેતો આ જોઈએ ને તે જોઈએ.'-એમ કહીને બચ્ચાં પણ જીવ ખાય છે-એમ કહે છે. માત્ર બચ્ચાં જ શું કરવાને ? સ્ત્રીઓ પણ દરજ્જા મુજબ માગતી થઈ ગઈ છે ને? સ્ત્રીઓ દરજ્જાના નામે જેમ ફાવે તેમ માગ્યે જ જાય, એ માટે શું કહું ? અને, જેમણે અક્કલ વેચી છે-એવા પુરુષો એને ગમે ત્યાંથી ને ગમે તેમ કરીને લાવીને દીધે જ જાય, એ માટેય શું કહેવું ? આ વિષમ કાળમાં તો, કયો વ્યય કરવો અને કયો વ્યય ન કરવો, કયો વ્યય કેટલો કરવો અને

કયો વ્યય કેટલો કરવો નહિ, એ વગેરે બાબતો બહુ સાવચેતી માગે છે. પણ તમે ઘરમાં એમ નહિ કહેવાના કે-' તમે બધું માગો તો છો, પણ તમે જાણો છો કે-કેટલા પાપે આ પૈસો આવે છે ? આમ પાપથી આવેલા પૈસાનો ઉપયોગ ગમે તેમ કરવો છે ? આપણી પાસે શું પૈસાનો સદ્વ્યય કરવાની જગ્યા નથી, કે જેથી આપણે અસદ્ વ્યય કરીએ ?' આવું તમે કહી શકો ખરા ? તમે તમારા અસદ્ વ્યયને તજી દઈને, જો આ વાત ઘરમાં કરો અને ઘરમાં બાઈઓ વગેરે પણ જો અસદ્ વ્યયના પરિત્યાગ રૂપ સદાચારના લક્ષવાળી બની જાય, તો આ આર્ય દેશમાં કોઈ ભયંકર ઉપાધિ જેવું કાંઈ રહે નહિ. આટલા માત્રથી જ, તમે તમારાં ઘણાં દુઃખોથી મુક્ત બની જાવ.

◆◆◆

દાન કરવું, એ સકૃત છે ને ? તમે જ્યારે જ્યારે દાન કરો છો, ત્યારે ત્યારે તમે દાનના રસથી જ દાન કરો છો ? દાનનો રસ હોય નહિ ને દાન કરતા હો, એવું પણ બને છે ને ? કયાંથી આવો સંયોગ આવી પડયો, એવો અણગમો પણ કેટલીક વાર ઉદ્ભવે છે ને ? અને, દીધા પછી પણ કોઈ કોઈ વાર 'આજે અમુક ઠેકાણે હું ન ગયો હોત તો ઠીક થાત.'- એ વગેરે ભાવો પણ મનમાં આવી જવા પામે છે ને ? આ બધું શું છે ? સુકૃતને અલ્પ ફળવાળું બનાવવાનો જ ધંધો છે કે બીજું કાંઈ છે ? સુકૃતને આચરતાં સુકૃતનો જ રસ હોય નહિ અને એથી વિપરીત કોટિનો રસ હોય, એવું પણ બને છે ને ? દેવું દાન ને ઈચ્છા રાખવી લક્ષ્મી મેળવવાની, એ પણ શું છે ?

◆◆◆

દીક્ષા પવિત્ર છે એનો હેતુ એક તો પવિત્ર સિદ્ધાંત અને એની સાથે દુનિયાના પાપાચારોથી એ રહિત છે.

◆◆◆

દીક્ષાને જ ન માને, તે વાસ્તવિક રીતિએ જૈન જ નહિ : કારણ કે-શ્રી જૈનશાસનના પાંચેય પરમેષ્ઠિઓ પૈકીના એક પણ સમ્યક્ચારિત્રથી વંચિત નથી. દીક્ષા ન રહે તો પાંચ પણ ન રહે.

◆◆◆

દીક્ષાની યોગ્યતા-અયોગ્યતા એ શાસ્ત્રના આધારે જોવાશે; પણ કેવળ મતિ કલ્પનાથી નહિ જોવાય.

◆◆◆

દીક્ષામાં તકલીફ છે એવો આક્ષેપ મૂકાય છે, એની સામે શાસ્ત્રકારોનું એ કહેવું છે કે-જ્યારે કર્માધીન થઈને અસહ્ય પીડાઓ સહવી પડે તો ઇચ્છાપૂર્વક, પીડાના કારણભૂત કર્મનો નાશ કરવા, સહ્ય પીડાઓ કેમ ન સહવી ?

♦♦♦

દીક્ષા એ ચીજ એવી છે કે એને સમજીને જો એનો ઉપદેશ દેવામાં આવે, તો જગતમાં કોઇ એવી સારી ચીજ નથી કે જેનો ઉપદેશ એમાં આવી જતો ન હોય.

♦♦♦

દીન ને અનાથની જેટલી દયા ખાવાની છે, એના કરતાં જૈનશાસન કહે છે કે-દુનિયાના સુખી ગણાતા આત્માઓની વધુ દયા ખાવાની છે, કારણ કે-એનું બધું જ સુખ એક કાળે ભયંકર દુઃખમાં પરિણામ પામવાનું છે.

♦♦♦

દીક્ષા લેતાં કુટુંબે રૂએ તો મર્યા પછી નહિ રૂએ ? પૂંઠે રાજીયા ગવડાવવા કરતાં જય જય નંદા ગવડાવો કે જેને સાંભળીને સેંકડો આત્માઓ ધર્મ તો પામે!

♦♦♦

દીક્ષા કેમ અયોગ્ય છે-એ બતાવવા માટે 'આ પડયા'-આ પડયા'-એમ કહેવાથી તો એ અયોગ્ય નથી ઠરતી ઉલ્ટી કિંમતી ઠરે છે : કેમ કે-સારા આત્માઓ શિવાય કોઇ ત્યાં ટકી શકે એમ જ નથી એમ સાબીત થાય છે. એવે સ્થાનેથી કોઇ પડે તેથી જેઓ દીક્ષા પાળી રહ્યા છે, તેઓના ઉપર તો ઉલ્ટું બહુમાન વધવું જોઇએ તથા ખોટું વાતાવરણ ફેલાતું બંધ કરવું જોઇએ.

♦♦♦

દીક્ષા તરફ અરૂચિ ધરનારાઓ અને સંયમ વિના પણ મુક્તિ સાધી શકાય છે એમ માનનારાઓ, કોઇ પણ કાળે આ સંસારસાગરને તરી જઇ મુક્તિપદે પહોંચી શકતા જ નથી.

♦♦♦

દીક્ષા, એ દુષ્કર વસ્તુ છે, એ વાત સાચી, પણ તે નામર્દ માણસો

માટે દુષ્કર છે, પણ પરલોકના એટલે આત્મકલ્યાણના અર્થી એવા ધીર પુરૂષો માટે તે દુષ્કર નથી જ.

◆◆◆

દરિદ્રાવસ્થા કે બીમારીમાં ધર્મિએ એમ ઇચ્છવું જોઇએ કે-જેટલાં દુઃખ આવવાનાં હોય તેટલાં આવી જાઓ. સાચો શાહુકાર શ્રીમંતાઇ વખતે લેણદારોને કહે છે કે આવી લઇ જાઓ. ધર્મી અવસ્થા એ કર્મ રાજાનું દેવું ચૂકવવાની સુંદરમાં સુંદર અવસ્થા છે.

◆◆◆

દર્શનનો એ પ્રભાવ છે કે-નાટકડીને આધીન બની ગયેલો, નિર્લજ થઇને સંયમ મૂકી દેવાને તૈયાર થયેલો, સંયમ છોડીને જવા માટે આકુળવ્યાકુળ થયેલો, એવો પણ આષાઢાભૂતિ જતાં જતાં ગુરૂને કહે છે કે-આપના જેવા જગત્માં ઉપકારી મળવાના નથી અને એ વખતે પણ ગુરૂની શીખામણ એને કડવી લાગતી નથી.

◆◆◆

દર્શન વિનાનું કહેવાતું જ્ઞાન અને ચારિત્ર દુર્ગતિને રૂંધે એ નિશ્ચિત નહિ, પણ દર્શન તો દુર્ગતિને અવશ્ય રૂંધે જ એ નિશ્ચય.

◆◆◆

દર્શનનો અર્થ શ્રદ્ધા છે અથવા તત્ત્વની રૂચિ એ દર્શન છે, શ્રદ્ધા કરતાં પહેલાં અગર શ્રદ્ધા થયા પછી એ સમ્યગ્ છે કે અસમ્યક્ એની પરીક્ષા દરેકે કરવી જોઇએ.

◆◆◆

દર્શન વિનાનું જ્ઞાન જ્યારે પાપ પેદા કરવાની બુદ્ધિને પેદા કરે છે, ત્યારે દર્શનવાળું જ્ઞાન પાપથી બચાવનારી બુદ્ધિ પેદા કરે છે : અને એ જ કારણ છે કે-' જ્ઞાન વધે તેમ તેમ પાપથી પાછું હઠવું જ જોઇએ.'-આવી શ્રી જૈનશાસનની અવિચળ માન્યતા છે.

◆◆◆

દરેકને પોતપોતાના કર્મનું જ ફલ ભોગવવાનું હોય છે. આપણા પાપ વિના આપણને દુઃખ આવે નહિ. આપણા પાપ વિના કોઇ આપણને દુઃખ આપી શકે નહિ. હમણાં પણ તું પાપ કર્યે રાખે છે, તો તને ભવિષ્યમાં

પણ દુઃખ આવવાનું જ છે. તારે ખરેખર જ દુઃખ ન જોઇતું હોય, તો પાપ કરવાનું છોડ ને મોક્ષને પામવાનો ઉદ્યમ કર.

◆◆◆

દાન સારૂં, કલ્યાણ કરનાર એ સાચું, પણ એ દાન માટે કોઈના ઘરમાં લૂંટ કોઈ પાડે તો એની શી દશા થાય ?

◆◆◆

દાન, શીલ, તપ અને ભાવ એ ચારે ય ધર્મોને તેજ સેવી શકે છે કે જે હિંસાત્મક દુન્યવી સુખથી ગભરાય છે અને નિર્દોષ આત્મસુખ મેળવવાને જે ઉત્સુક બને છે.

◆◆◆

દર્શન એ મૂડી છે. ઉત્તમ આત્માઓને બાદ કરતાં આજના જ્ઞાની અને ચારિત્રી એ મૂડી વિનાના વહેપારી છે. જેટલા દિવસ નાદારી ન નોંધાવે તેટલા દિવસ એના ભાગ્યના ! મૂડી વિનાના માણસ સાથે વહેપાર કોઇ દિ હોય ? ત્રીજોરીમાં દોઢીયું નહિ અને હજારોના સોદા કરે, એની પાસેથી આશા શી રાખવી? બુદ્ધિ કે પ્રતિભા ઘણીયે હોય, પણ એનો સીધો ઉપયોગ (સદુપયોગ) કરાવનાર દર્શનરૂપી મૂડી જોઇએ ને ? પાનાનાં પાનાં ફેરવી જનાર અને ક્રિયાના માર્ગ માનવા પોતે તૈયાર નથી. તારકોની આજ્ઞા નહિ માનનાર આજ્ઞાભ્રષ્ટોની આજ્ઞા માને પણ કોણ ? આજ્ઞા મનાવવાનો ચડસ વધ્યો હોય, તો જિનાજ્ઞાને માનતાં પણ શીખો.

◆◆◆

દાન લક્ષ્મી વિના ન થાય તોય દાનનું કારણ લક્ષ્મી કે તેની મૂર્ચ્છાનો અભાવ ? દાનનું સાધન દુનિયાના પદાર્થો ભલે હોય, પણ દાન દેવા તરીકેની ઉદારતા આવે તો જ દાન દઇ શકાય છે.

◆◆◆

દાન દેવાની વિધિ છે તે લક્ષ્મીની પોતાની મૂર્ચ્છા ઉતારવા માટે છે : બીજાને સુખી કરી દેવાની ઇચ્છાએ આપતા હો તો તે ભ્રમણા છે; તમારા દાનથી દુનિયા જીવે છે એમ ન માનતાઃ મૂર્ચ્છા ઘટાડવા માટે જ શ્રી જિનેશ્વરદેવોએ દાનધર્મ પ્રરૂપ્યો છે.

◆◆◆

દાનને સટ્ટા જેવું ન બનાવો કે કીર્ત્તિ આદિનું સાધન ન બનાવો. દાનથી તમને ઘણી લક્ષ્મી અને ઘણી કીર્તિ મળવામાં વાંધો નથી, પણ તમે દાન એ માટે દો કે-લક્ષ્મીની મૂર્ચ્છા ટળે અને મુક્તિ મળે.

♦♦♦

દાન, શીલ, તપ અને ભાવ,-એ ચારમાં બધા ધર્મ આવી જાય છે: એ ધર્મો ધર્મનાજ ઈરાદે થાય તોજ ધર્મ, પરંતુ બીજા કોઈ હેતુએ થતા હોય તો ધર્મનો ગુણ આત્મામાં કયાંથી દાખલ થાય ?

♦♦♦

દાન, શીલ, તપ અને ભાવ રૂપ ધર્મ જો ધર્મ રૂપે સેવવામાં આવે, તો વિષયો તરફ વિરાગભાવ પ્રગટયા વિના રહે નહિ; કષાયો નબળા પડી ગયા વિના રહે નહિ; શરીર સહનશીલ બન્યા વિના રહે નહિ; અને, આત્મા ઉદયમાં આવેલાં કર્મોને સારી રીતિએ વેઠવાનું તેમજ નવાં કર્મોને આવતાં અટકાવીને પૂર્વસંચિત કર્મોની નિર્જરા સાધવાનું સામર્થ્ય પામ્યા વિના પણ રહે નહિ ! આપણે આપણું કલ્યાણ સાધવું હશે, તો ગમે ત્યારે પણ આ કર્યા વિના આપણો છૂટકો થવાનો છે ? અને, ગમે ત્યારે આ કરવું જ પડશે એમ જો લાગતું હોય, તો ડાહ્યાએ આ તક ગુમાવી દેવા જેવી છે ખરી ? અહીંથી સંસારમાં ભટકવાને નીકળી પડયા, તો ફરીથી આવી તક મળશે કયારે, એનો વિચાર તો કરો !

♦♦♦

દુનિયામાં કહેવાય છે કે-'જેની જુવાની એળે ગઈ, તેનું જીવતર એળે ગયું !' તમારે પણ તમારી જુવાનીને એળે જવા દઈને જીવતરને એળે જવા દેવું છે, એમ તો નથી ને ? અહીં બેઠેલા ઘણાઓ તો જુવાનીને વટાવી ચૂકેલા નથી. જુવાનીને વટાવી ચૂકેલા થોડા છે. મોટો ભાગ તો જુવાનીમાં મહાલનારા અને જુવાનીના અન્તે પહોંચવા આવેલાઓનો છે. આ બધાએ-'પોતાની બાકીની જીંદગી એળે ન જાય.'- એવો નિશ્ચય કરી લેવો જોઈએ અને એટલું થાય તો ય આ જીવન અને સામગ્રી પામ્યાની સાર્થકતા ગણાય. જુવાનીને વટાવી ચૂકેલા અને જરા અવસ્થાને આધીન બની ગયેલા તો હવે બને તો થોડું-ઘણું કરે : બાકી તો તેમને શોક કરવાનો રહે છે કે-'અમે બાલવય રમત-ગમતમાં કાઢી તથા દુનિયાનું અજ્ઞાન રૂપ શિક્ષણ મેળવવામાં

કાઢી : યુવાનવય અર્થ અને કામની સાધનામાં અને તેના ભોગવટામાં કાઢી : આ રીતિએ ધર્મ કરવાની ઉત્તમમાં ઉત્તમ તક ગુમાવી દીધી, એટલે અમારી જુવાની એળે ગઈ અને જીવતરેય એળે ગયું !' આવો શોક પણ સાચા હૃદયથી થાય અને જરા અવસ્થામાંય શકય ધર્મ કરવાને ચૂકાય નહિ, તો છેલ્લે છેલ્લે પણ જીવતરને કાંઈક ઉજાળ્યું ગણાય. જરાઅવસ્થામાં પણ આટલું થઈ જાય, તો એથી આત્માને ઘણો લાભ થાય. જીન્દગીમાં કરેલાં પાપોને સંભારી-સંભારીને પશ્ચાત્તાપ કરાય અને જીન્દગીમાં ધર્મની આરાધનાથી વંચિત રહ્યા-તેનો સાચો શોક કરવા સાથે બનતી આરાધના કરી લેવાય, તોય માનજો કે-તમને મળેલી ઉત્તમ સામગ્રીનો અમુક લાભ મળી જ ગયો ! ડૂબતાં ડૂબતાં બચી જવાયું, એમ માનજો ! પણ હજુ જે લોકો જુવાનીમાંથી પસાર થઈ રહ્યા છે અને જેમની જુવાની જવા બેઠી છે અથવા કહો કે-જેમની જુવાની જવાની તૈયારીમાં છે, તેઓએ ચેતવા જેવું છે. વિચાર કરો, વિવેકી બનો અને આ જુવાનીને એળે જતી અટકાવો !' જેની જુવાની સુધરી, તેનું જીવતર સુધર્યું'-એમ સમજો અને બુઢ્ઢા બનો તે પહેલાં એવા બની જાવ કે-વૃદ્ધત્વની બિમારી આદિમાં પણ આત્મા સમાધિપૂર્વક જીવી શકે !

◆◆◆

તમે એ વિચારો કે-વર્ષો પહેલાં આપણી પાસે સુખ હતું કેટલું ? તે પછી સુખ મેળવ્યું કેટલું ? એમાંથી સુખ ભોગવ્યું કેટલું ? અને, એ સુખ સાચવવા, મેળવવા, ભોગવવા ખાતર આપણે આટલાં વર્ષોમાં કર્યું શું શું ? પછી, આટલા વર્ષોમાં તમે જે કાંઇ ખરાબ કર્યું હોય તેની સજા તમે નક્કી કરો અને એ નક્કી કરીને તપાસો કે-જે સુખ મેળવ્યું, સાચવ્યું અન ભોગવ્યું; એના કરતાં હવે પછી આપણે વધારે દુઃખ ભોગવવું પડશે કે નહિ ? તમે જે કાંઈ કર્યું અને કરો છો, તેનું ફળ તો તમારે જ ભોગવવાનું છે ને ? તમે આવો વિચાર કરો તોય તમને સંસાર ભૂંડો લાગે. 'સુખ મળે થોડું, ભોગવાય થોડું, રહે થોડું, તેય છોડવાનું અને એને લીધે દુઃખ આવવાનું ઘણું અને દુઃખ ભોગવવાનું ઘણું ! આવા સુખમાં શું જોઇને હું લુબ્ધ બન્યો ? '-એમ થાય છે ?

◆◆◆

તમે કયા ભાવમાં રમો છો એની તમે તપાસ કરો. શ્રી વીતરાગ રીઝે એવા નથી અને આજુબાજુના પાગિયા રીઝે એવા છે, માટે જે રીઝે

એવા છે એમની ઉપાસના સારી રીતિએ-કરવી, એમ ઉગ્યું છે ને તમારા મનમાં ? એ રીઝીને જો તમને બોલાવે, તો તમે ત્યાંથી જ પતાવી લો કે શ્રી વીતરાગ પાસે જાવ ? આજે શ્રી જિનમન્દિરમાં પણ યક્ષ-યક્ષિણી આદિની પૂજા અને ઉપાસના કેવી કેવી રીતિએ થાય છે ? સારૂં છે કે-એ બોલાવતાં નથી, પણ એ જો રીઝીને તમને બોલાવે તો શું થાય ? તમને શ્રી વીતરાગની પાસે પહોંચતાં પહેલાં જ બોલાવે અને પૂછે કે-'આવો, તમારે શું જોઈએ છે ?' તો તમે ત્યાંથી જ કામ પતાવીને પાછા ફરો કે શ્રી વીતરાગ પાસે જાવ ? પછી તમારે શ્રી વીતરાગનો ખપ શો ? તમારામાંના બધા આવા નથી એ હું જાણું છું, પણ આજે આવું બધું બહુ વધી રહ્યું છે. પછી શ્રી વીતરાગનું દર્શન આદિ જેવા ફળને આપનારૂં બનવું જોઈએ તેવા ફળને આપનારૂં બને નહિ, તો તેમાં નાવઇ પામવા જેવું શું છે ?

♦♦♦

તમે ઘણાંને રોવરાવીને આવ્યા છો : તમારી ખાતર અનંતા રોયા છે : એમનાં આંસુ જો ભેગાં કરો તો કેટલાં બધાં થાય ? આવી રીતનાં દુન્યવી સ્વાર્થ માટે તો ધૂનન ઘણાં કર્યા : જ્ઞાનિઓ કહે છે કે-એકવાર અમારા કહેવાથી કર્મધૂનન માટે કરી જૂઓ.

♦♦♦

તમે વિષયાધીનતાના યોગે શું કરો છો અને શું નથી કરતા, એનો વિચાર કર્યો ? જે નથી કરતા તે પાપથી ડરીને નથી કરતા કે નથી કરી શકતા માટે નથી કરતા ? કરી શકો તેવી સામગ્રી હોય તો અત્યારે તમે જે પાપ કરો છો, એથી ય વધારે પાપ કરવાને માટે તમે તૈયાર છો ખરા કે નહિ ?

♦♦♦

તમે તમારા આત્માનો, આ જગતની વ્યવસ્થાનો, જન્મ-મરણાદિના કારણનો જો વિવેકપૂર્વક વિચાર કરો, તો આ જીવનમાં ધર્મ કેટલો બધો જરૂરી છે, એનો ખ્યાલ આવ્યા વિના રહે નહિ. તમે કોઇ પણ એક ગતિમાંથી આ ભવમાં આવ્યા છો અને અહીંથી ફેર કોઈ ગતિમાં જવાના છો, એ નિશ્ચિત છે. આપણો આત્મા આ રીતિએ અનન્તાનન્ત કાળથી ભવોમાં ભ્રમણ કરી રહ્યો છે. ભવભ્રમણ એ એક એવી આફત છે, કે જે આફતમાં સઘળી જ આફતોનો સમાવેશ થઈ જાય છે. ભવભ્રમણની આફત નથી, તો આ

જીવને કોઈ આફત જ નથી અને જો આ જીવને ભવભ્રમણની આફત છે તો સઘળી જ આફતો છે. તમારી બુદ્ધિનો આ વસ્તુને સમજવામાં ઉપયોગ કરો. પછી ધર્મની જરૂરીઆત આપોઆપ સમજાશે : કારણ કે-ભવભ્રમણની આફત ધર્મના આરાધન વિના ટળવાની નથી. ધર્મ પણ તેજ આરાધનીય છે, કે જે ધર્મ તેના આચરનારાની ભવભ્રમણની આફતને ટાળવાને સમર્થ હોય. આ જાતિના વિચારો પણ તમે જો આ ભવમાં નહિ કરો, તો કયારે કરશો ? પશુઓની દશા જૂઓ.તે જીવોને ધર્મ પામવાની મુશ્કેલી કેટલી ? તત્ત્વરૂચિને પામેલા દેવતાઓ પણ વિરતિને પામવાને સમર્થ નથી. એક આ ભવ જ એવો છે, કે જેમાં આત્માને તત્ત્વવિચારની સુન્દર સામગ્રી મળવા ઉપરાન્ત વિરતિધર પણ બનવાની સામગ્રી પ્રાપ્ત થઈ શકે છે. ભવભ્રમણની આફતને ટાળવાને માટે, આ ભવ એ જ સઘળા ભવોમાં પ્રધાનભવ છે. આ વાતને સમજીને આ જીવનનો અન્ત આવે તે પહેલાં ભવભ્રમણને ટાળવાનો પ્રયત્ન કરી લેવો જોઇએ, કે જેથી બાકી રહેલો પ્રયત્ન કરવાની આત્માને ભવિષ્યમાં પણ જલ્દીથી જોગવાઈ મળે અને એથી અનન્તાનન્ત કાળની આફતને અલ્પ કાળમાં જ ટાળી શકાય.

♦♦♦

તમે વર્ષો સુધી પુસ્તકો ઘણાં વાંચ્યાં, લાંબી, ચોડી, ડાહી ડાહી વાતો કરી, છતાંયે આત્મા, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં સ્થિર ન થાય તો મહેનત નિષ્ફળ. આડાં અવળાં ફાંફાં મારવાનું રહેવા દઈ, જ્યાં ત્યાં સબમેં હમ, એ દેખાડવાનું કાઢી નાખો. 'અમે પણ કાંક' એ ભૂલી જાઓ. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા આગળ મસ્તક નમાવતાં શરમ કેમ થાય છે ? વર્તાય એટલું વર્તો, ન વર્તાય તો વર્તે એને હાથ જોડો, અને ભવિષ્યમાં વર્તવાની ઉમેદ રાખો. તોએ આ જીવનમાં ઘણું પામ્યા એમ મનાય.

♦♦♦

તમે સુખ માનો છો ત્યાં સુખ કયાં છે ? જેમાં સુખ કલ્પ્યું છે તે વસ્તુત : દુ:ખ છે, પણ તમારી મતિના વિભ્રમના યોગે એમાં સુખ લાગે છે.

♦♦♦

તમે જો શ્રી મહાવીરદેવના સાચા દીકરા બનવા માગતા હો તો કબૂલાત કરો કે-આજથી એમની આજ્ઞા પ્રમાણ અમારી બુદ્ધિમાં ન ઉતરે તો

એ એ તો સત્ય જ.

◆◆◆

તમને દુઃખ નથી જોઈતું, પણ તે દુઃખ શાથી આવે એ જાણવાની ઈચ્છાય ખરી ? દુરિત વિના દુઃખ આવે નહિ એમ તમે સાંભળ્યું છે, પણ એ સાંભળતાં દુરિત કરવું પડે નહિ એવો હું કયારે બનું, એમ થયું છે ? એવું મનમાં ઉગે તો તો વીતરાગપણાની ને સાધુપણાની ઈચ્છાને આવતાં વાર લાગે નહિ.

◆◆◆

તમે વિચાર કરો કે-તમારી ઈચ્છાઓ કેટલી છે ? કોઈ પણ માણસ, પોતાની ઈચ્છાઓને ગણાવી શકે તેમ છે ? નહિ જ, કારણ કે-ઈચ્છાઓને કોઈ માપ જ નથી. જેમ ઈચ્છાઓને કોઈ માપ નથી, તેમ ઈચ્છાઓની કોઈ એકધારી સ્થિતિ પણ નથી. સમય, સ્થાન અને સંયોગ આદિ બદલાતાં, ઈચ્છાઓમાં પણ પલટો આવે છે. બાળપણમાં ધૂળનાં ઘર બનાવવાની ઈચ્છા થયેલી આજે એવી ઈચ્છા થાય ખરી ? આજે આપણને એવી ઈચ્છામાં મૂર્ખતા લાગે, પણ તે સમયે તો એમાં આનન્દનો અનુભવ થતો હતો. આમ, આપણે જીવનમાં કેટકેટલી ઈચ્છાઓની અથડામણો અનુભવી છે. હવે તમને લાગતું હશે કે-'અમે ડાહ્યા થઈ ગયા છીએ. અમે જ્ઞાનથી ને અનુભવથી ઘડાઈ ગયા છીએ.' તો તમારેએ વાત કહેવી પડશે કે-'અત્યારે તમારી જે કોઈ ઈચ્છાઓ છે, તે ઈચ્છાઓમાં તમારી મૂર્ખતા છે એવું તમને ભવિષ્યમાં લાગે તેમ નથી' તમે આવી વાત કહી શકશો ખરા ? તમે ગમે તેટલા ડાહ્યા હો, તમે ગમે તેટલા અનુભવથી ઘડાયેલા હો, પરન્તુ તમે આ વાત નહિ જ કહી શકો, કારણ કે-ઈચ્છાઓ સમય, સ્થાન અને સંયોગ આદિને આધીન છે. આજે કોઈ માણસ તુષ્ટ થઈ જાય અને તમને કહે કે-'માગીલે, તારે જે ચીજોની જરૂર હોય તે.' તો તમે માગી માગીને કેટલુંક માગો ? અને ગમે તેટલું માગો તોય કાંઈ ને કાંઈ બાકી રહી જ જાય. આપણી આટલી બધી ઈચ્છાઓ શું સૂચવે છે ? આપણી પરવશતાનો એ સ્પષ્ટ ચીતાર છે. કોઈ પણ ઈચ્છા શાથી ઉદ્‌ભવે છે ? આપણને જરૂર લાગે છે, આપણા હૈયે જરૂરિયાત ઉભી થાય છે. જેમ અમુક ચીજને મેળવવાની ઈચ્છા થાય છે, તેમ અમુક ચીજને કાઢવાની પણ ઈચ્છા થાય છે. ગમે તેના સંયોગની ઈચ્છા

અને જે ન ગમે તેના વિયોગની ઈચ્છા. ઈચ્છાના ઉદ્‌ભવ અને તેના ટકાવ આદિમાં, આમ રાગ અને દ્વેષ કામ કરે છે. હવે જો આપણે જરૂરિયાત વગરના જીવનવાળા બની જઈએ તો ? તો કોઈ પણ વસ્તુની ઈચ્છાને અવકાશ જ રહે નહિ. ઈચ્છા, એ કાંઈ સુખનું કારણ નથી. ઈચ્છા માત્ર દુઃખનું કારણ છે. ઈચ્છા પોતે જ દુઃખ રૂપ છે. ઈચ્છા થઈ એટલે જે વસ્તુની ઈચ્છા, તેનેમાટે પરિશ્રમ કરવાની સ્થિતિ ઉભી થાય. ઈચ્છાનું દુઃખ, પછી પરિશ્રમનું દુઃખ અને એટલું દુઃખ વેઠવા છતાં પણ ઈચ્છા ફળે નહિ તો વળી દુઃખનો પાર નહિ. એટલે, જો આપણે એવા જીવનને પામી શકતા હોઈએ, કે જે જીવનમાં ઈચ્છાને પેદા થવાને કોઈ કારણ જ ન હોય, તો આપણે એવા જીવનને પામવાને માટે પ્રયત્નશીલ બનવું જોઈએ ને ? એ માટે જ, સર્વથા બન્ધનરહિત, એકાન્તે મુક્ત એવા જીવનની આપણે વાત કરી રહ્યા છીએ.' આપણું જીવન આજે તો પરતન્ત્ર છે, માટે આપણને ઈચ્છાની, ઈચ્છાને પૂરી કરવાના હેતુથી થતા પરિશ્રમની અને એ પરિશ્રમ નિષ્ફળ નીવડે તો તેની પણ પીડાને ભોગવવી પડે છે. જો આપણું જીવન સર્વથા સ્વતન્ત્ર હોય, કોઈ પણ વસ્તુનો ખપ જ પડે નહિ-એવું આપણું જીવન હોય, તો આપણે કોઈ જ પીડા ભોગવવી પડે નહિ. સાચું આઝાદ જીવન જ આ છે. 'અમને સ્વતન્ત્રતા ગમે છે અને પરતન્ત્રતા ગમતી નથી.'-એવું તમે બોલો છો તો ખરા, પરન્તુ તમે તમારા જીવનની પ્રત્યેક ક્ષણે પરતન્ત્રતાનો જે અનુભવ કરી રહ્યા છો, તેનો તો તમને ખ્યાલ જ આવતો નથી.

◆◆◆

તમે તમારા સંતાનને ભણાવ્યા પછી, તે પાપનો ભીરૂ બન્યો છે કે નહિ-એ જુઓછો ખરા ? તમારો છોકરો ભણીને તૈયાર થઈ ગયો હોય, તે વખતે તમે એને બોલાવીને એમ પૂછો ને કે-'બોલો, અત્યાર સુધી અમે તમને ભણાવ્યા; તમને ભણાવવા પાછળ ઘણા પૈસા ખર્ચ્યા; અમે અમારી મુશ્કેલીઓને ગણકારી નહિ અને તમને ભણાવવાને માટે જરૂરી સગવડો કરી આપી; પણ આ ભણતર ભણ્યા પછી તમે નિર્ણય શો કર્યો છે ? અમે જે કાંઈ તમારે માટે કર્યુ છે, તેનો અમારે કશોય બદલો જોઈતો નથી, પણ એ તો કહો કે-અમેતમને જે ભણાવ્યું, તેના પરિણામે તમે કેવું જીવન જીવવાનો નિર્ણય કર્યો છે ?' આવું કાંઈ તમે તમારાં સંતાનોને પૂછયું છે ખરૂં ? તમને

તમારાં સંતાનોના કલ્યાણની આટલી પણ કાળજી ન હોય, તો એના કરતાં તો તમે વાંઝિયા રહ્યા હોત તો સારૂં થાત, આવો ઠપકો કોઇ આપવા ધારે, તો તે આપી શકે ને ? તમે તો, વાત વાતમાં કહો છો કે-'અમે અમારાં છોકરાંને ભણાવ્યાં.' પણ શું ભણાવ્યું ? તમે તો પ્રાયઃ એવું ભણાવ્યું છે, કે જેથી તમને તમારાં સંતાનોને માટેય વિશ્વાસ નથી રહેતો. નહિ તો, ભણાવવા પાછળ ઘણું ખર્ચ્યા પછી, એનો બાપ સુખે ન સૂએ ? એને ખાતરી ન હોય કે-'મારાં દીકરા-દીકરીની ખરાબ વાત કોઈ કરે, એવું મારાં દીકરા-દીકરી કરે જ નહિ ? એ રૂપ પાછળ ગુલામ બને અને અયોગ્ય વર્તન કરે, એવું તોત્રણેય કાળમાં ન બને.' મા-બાપ તો ખાતરીથી કહી શકે -'અમે એમને ભણાવ્યાં છે. એમને ભણાવવાને માટે લોહીનું પાણી કર્યું છે. પસીનાના પૈસા ખર્ચ્યા છે અને તકલીફ અમે વેઠી છે પણ એમને વેઠવા દીધી નથી, માટે અમારાં દીકરા-દીકરી કદી પણ કાંઈ અજુગતું કરે નહિ.' તમે શક્તિ અને સામગ્રી મજબ તમારા દીકરા-દીકરીને બીજી બધી કળાઓ શીખવો છો. પણ એક ધર્મકળા શીખવવાનું જ લક્ષ્ય નથી હોતું ને ? આર્ય દેશમાં આ લાંછન રૂપ છે, પણ 'ધર્મકળા વિના બધી કળાઓ નકામી, નુકસાન કરનારી.'-એવું તમને લાગ્યું હોય તો ને ?

◆◆◆

મોટા સામ્રાજ્યના સ્વામિપદે હોવા છતાં પણ, એમની સેવામાં ભારે ભોગસામગ્રીઓ સદાને માટે રહેતી હોવા છતાં પણ, એમાં એ એટલા બધા નિર્લેપભાવે રહેતા હતા કે-શ્રી વીતરાગ પરમાત્માની, એતારકોની આજ્ઞાને જ સમર્પિત થઇ જઇને કેવલ આજ્ઞામય જીવનને જીવતા સુસાધુઓની અને એમના કહેલા ધર્મની, પોતાનાથી શકય એવી સેવાથી, તેઓ કદી પણ વંચિત રહેતા નહિ. જેઓ આ પ્રકારના જીવનને જીવતાહોય છે, તેઓને અવસરે, સંસાર, કે જે કારમો ગણાય છે, તેનો ત્યાગ બહુ જ સુલભ બની જાય છે. વિષયોની આસક્તિને છોડવી, એ જગતના જીવોને ખૂબ જ મુશ્કેલ લાગે છે અને કષાયોથી તો કેમ જ બચી શકાય-એવું જગતના જીવોને લાગે છે; પણ આવા પ્રકારે સંસારમાં જીવનારો આત્મા, અવસરે, એ સ્થિતિનેપોતાના જીવનમાં ઘણી જ સહેલાઈથી લાવી શકે છે.

◆◆◆

તમને જે ન જચે એની હા ન પાડો. તમારી 'હા' પાડવાની ટેવે તો કૈંકને આગમથી ભૂલાવ્યા. તમે સાચી 'હા' પાડતાં શીખ્યા હોત તો કૈંક મક્કમ બનત. એક જ વચન વિપરિત બોલનાર માટે પૂર્વના શ્રાવકોએ કેવા પ્રયત્નો કર્યા છે અને એક કદમ પણ ખસવા દીધા નથી તે વિચારો.

♦♦♦

તમે દિવસભરમાં જેટલી ક્રિયાઓ મનથી, વચનથી ને કાયાથી કરો છો, તેમાં અમુક ક્રિયાઓ હું પરલોકને માટે કરૂં છું અને અમુક ક્રિયાઓ હું આ લોકને માટે કરૂં છું, એવું તમારા મનમાં તો છે ને ? પણ, મોટે ભાગે તો 'મરી જવાનું છે.'-એ વિચાર જ નથી. જ્યાં સુધી જીવવાનો યોગ હોય, જીવવાનાં સારાં સાધનોનો યોગ હોય, ત્યાં સુધી કયો બેવકૂફ હોય તે મરવાનો વિચાર કરે ?, એમ જ છે ને ? કોઈ ને મરવું ગમતું નથી, પણ આજે જ મરણ આવે એવું પણ બને ને ? કદાચ આજે મરણ આવે, તો પણ એ માટેની તૈયારી છે ને ? આ તો તૈયારીની વાત છે, પણ કેટલાકને તો વળી મરણની વાતેય ગમે નહિ. કેટલાકમાં તો એટલી હિમ્મત પણ હોતી નથી કે-અમુક વખતે મરણ થશે, એ વાતને ધીરજથી સાંભળી શકે ! કોઈ જોષી જો 'થોડા વખતમાં મરણ થશે.'-એમ કહી દે અને તેના ઉપર વિશ્વાસ હોય, તો મરણને આવવાની બીકથી સન્નિપાત જેવું થઈ જાય. આપણે કાંઇ એવા મૂર્ખ થોડા જ છીએ ? જન્મેલો કોઇ મર્યો નહિ-એવું જાણ્યું નથી. જન્મે તે મરે જ, એમાં શંકા નથી. આપણે પણ મરવાનું જ છે, એ નક્કી છે. મરણ કયાં આવે અને કયારે આવે ?, એ નક્કી જાણતા નથી. હાલતાં ચાલતાં, બેઠાં બેઠાં, ચ્હા પીતાં પીતાં પણ મરી જવાય. આવું આપણે જાણીએ છીએ એટલે આપણે તો સદાને માટે મરવાને તૈયાર જ રહીએ છીએ એટલે કે-ગમે ત્યારે અને ગમે ત્યાં મરણ આવે, તો પણ એથી આપણને મુંઝવણ થાય નહિ ને ? કેમ કે-આપણે તો તૈયારી કરી રાખી હોય. આપણને ખાતરી જ હોય કે-' જન્મ્યો છું એટલે મરવાનો છું જ અને કર્મનો યોગ છે એટલે કયાંક ઉત્પન્ન પણ થવાનો જ છું, પણ મેં મારૂં જીવન એવી રીતિએ વ્યતીત કર્યું છે કે-અહીંથી મરીને હું જ્યાં ઉત્પન્ન થઈશ, તે સ્થાન, આ સ્થાન કરતાં સારૂં હશે !'

♦♦♦

તમે 'દુઃખ ન જોઈએ, દુઃખ ન જોઈએ.'-એમ બોલ્યા કરો, એથી

દુઃખ આવતું અટકી જાય એ બને ? અને, 'સુખ જોઈએ, સુખ જોઈએ.'-એમ ઈચ્છયા કરો, એટલા માત્રથી તમને સુખ મળી જાય ? એક મોક્ષ જ એવો છે કે-એ ઈચ્છીએ અને એ જ જોઈએ એવી લત જો લગાડીએ તો એ મળી જાય.

◆◆◆

તમે તમારા સુકૃતને અલ્પ ફળવાળું બનાવી દો છો કે નહિ ? તમે જે કાંઇ સુકૃતને આચરો છો, તે સુકૃતને તમે એ સુકૃતને સુકૃત તરીકે આચરવાના રસથી જ આચરો છો ? સુકૃતને આચરતા હો, છતાં હૈયામાં સુકૃતનો રસ હોય નહિ, એવું બને છે ખરૂં ? સુકૃતમાં જેમ બને તેમ ઓછો વ્યય કરવાનું મન રહ્યા કરે છે કે સુકૃતના રસથી સુકૃતને આચારવામાં કોઈ પણ પ્રકારની મારી શક્તિને ગોપવવી નહિ, એવું તમારા મનમાં રહ્યા કરે છે ?

◆◆◆

તમે એમ કહી શકશો કે-શક્તિ જ નથી ? કોઈ એવી શક્તિવાળો છે જ નહિ ? શક્તિ નથી જ એવું નથી, તો શું નથી ? ઊંડે ઊંડે જે ભાવ જોઇએ તે ભાવ હજુ પ્રગટયો નથી. એ ભાવ લાવે કોણ ? સમ્યક્ત્વ અગર સમ્યક્ત્વને પામવાની ઇચ્છા. એ ન હોય તો ચરવળો અગર આ ઓઘો પણ હાથમાં હોય તોય ભગવાનની ભક્તિનો જે ભાવ આવવો જોઇએ તે આવે નહિં. એ ભાવ લાવવા માટે સંસારથી ઉદ્વેગ આવવો જોઇએ. સંસારના સુખનો ઉદ્વેગ પ્રગટે, તો સારા ભાવ જન્મ્યા વિના રહે નહિ.

◆◆◆

તમે ધારો તો તમે જ્યાં સુખ હોય ત્યાં જઇ શકો, એવી ખાતરી છે ને ? દુઃખને સહવાની શક્તિ નથી અને અનુકૂળતા હોય તો જ ધર્મ કરી શકું, એવો નબળો છુ; તેમ જ દુર્ગતિમાં ધર્મની સામગ્રી દુર્લભ છે ને સદ્ગતિમાં ધર્મસામગ્રી સુલભ છે, આવુ તમે માનો છો, માટે તમે જ્યાં સુખ હોય ત્યાં જવાને ઇચ્છો છો ને ? સંસારના સુખમાં બહુ રાજીપો નથી, જોઇએ છે તો મોક્ષ જ, પણ જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી મોક્ષની સાધના થઇ શકે અને દુઃખમાં મોક્ષની સાધના કરી શકું એવું વીર્ય ન ધૈર્ય નથી, માટે જ સુખવાળા સ્થાનને ઈચ્છો છો ને? સુખને ભોગવવાને માટે સુખનું સ્થાન જોઇતું નથી, પણ સુખે ધર્મની સાધના કરવાને માટે સુખનું સ્થાન જોઇએ છે ને ? તમે સુખને ઇચ્છો તોય તમે કેમ પાપથી બચી શકો, એ માટેની આ

વાત છે. આ વાતનો દરેકે પોતે જ નિર્ણય કરી લેવાનો છે. 'સુખ જોઈએ છે, પણ મારે જેવું સુખ જોઈએ છે તેવું સુખ તો મોક્ષ વિના મળે તેમ નથી; મોક્ષની પ્રાપ્તિ મોક્ષના ઉપાય રૂપ ધર્મનું સેવન પ્રતિકૂળ સંયોગોની વચ્ચે કરી શકાય, એવું મારામાં સત્ત્વ નથી; માટે હું સુખના સ્થાને ઉત્પન્ન થવાને ઈચ્છ છ.'-આવો એકરાર તમે પ્રમાણિકપણે કરી શકો, એવી તમારી સ્થિતિ છે ને ?

♦♦♦

તમે ભલે અત્યારે કદાચ યોગની પહેલી ભૂમિકાએ પહોંચી શકો તેમ ન હો, પણ તમને એટલુંય થાય કે-'મારે મારા આત્માને યોગની બીજી ભૂમિકાએ અથવા તો છેવટ યોગની ત્રીજી ભૂમિકાએ પણ સ્થાપવો જોઈએ.' તો એ પણ વર્તમાન સંયોગો જોતાં ઘણું છે. તમને એમ લાગી જવું જોઈએ કે-'જો આ મનુષ્યજન્મમાં આપણે આટલું પણ પામી શકયા નહિ અને કેવળ રૂપાદિની પાછળ જ લાગ્યા રહ્યા, તો આપણને જે આ મનુષ્યજન્મ મળ્યો છે, તે બીજા જન્મોના કરતાં ગોઠવી ગોઠવીને ઠીક ઠીક રીતિએ આપણે પાપ કરી શકીએ, એ માટે મળ્યો છે-એવું થશે અને એના પરિણામે અહીંથી મરીને આપણે દુર્ગતિમાં ચાલ્યા જવું પડશે, કે જ્યાં આપણો ડૂચો નીકળી જશે.'

♦♦♦

તમે અમૂકના મિત્ર હો તો પણ તે કયાં સુધી ? તમારા સ્નેહિના પણ સ્નેહી કયાં સુધી ? અમૂકનુ ભલું કરનાર પણ કયાં સુધી ? તમારૂં એ બગાડે નહિ ત્યાં સુધી ! જ્યાં સામેથી માત્ર બગાડવાનું જ થાય, અરે, સામા પ્રત્યે પોતાનુંબગાડશે એવો વહેમ જ આવી જાય, એટલે આજનાઓ મોટે ભાગે બાપના બેટા નહિ, માના દીકરા નહિ, ભાઈના ભાઈ નહિ અને સ્ત્રીના પતિ નહિ, એ દશા છે.

♦♦♦

તમે ગમે તેટલા દરિદ્ર હો અગર ગમે તેટલા દરિદ્ર બની જાવ, તો પણ દીન કદિ પણ બનશો નહિ. દરિદ્રતા એ કલંક નથી; દીનતા એ કલંક છે. દરિદ્રતા પરાધીન છે; અદીનતા સ્વાધીન છે.

♦♦♦

તમે દુર્ગતિમાં ઘસડાઈ જાવ તેની જેને દરકાર ન હોય, તેને જ તમારા પુદ્‌ગલાનન્દીપણાની દશા જોઈને આનંદ આવે.

♦♦♦

## પૂજ્ય પન્યાસશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૦-૦૦ |
| ૨. | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩. | નવતત્વ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૬-૦૦ |
| ૪. | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫. | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬. | કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૩-૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪. | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી(બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ-૧ તથા ૨ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૮. | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૬ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦. | કર્મગ્રંથ-૬ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧. | કર્મગ્રંથ-૬ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂા. પૈસા |
|---|---|---|
| ૫. | શ્રી જ્ઞાનાચાર | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | ૭-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ | ૧૪-૦૦ |
| ૧૧. | ધર્મને ભજો આશાતના તજો | ૭-૦૦ |
| ૧૨. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | ૩૮-૦૦ |

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમ રોડ, અમદાવાદ